# કબીર સાહેબનું બીજક.

શબ્દ વિભાગ.

૨૪૫

શ્રી સયાજી–સાહિત્યમાલા

P. P. Ac. Gunratnasuri M.S.

Jin Gun Aaradhak Trust

श्री સયાજી સાહિત્યમાળા: પુષ્પ ૨૪૫ મું.

# કબીર સાહેબનું બીજક.

## શબ્દ-વિભાગ.

મૂલ, શબ્દાર્થ, વ્યાખ્યા અને ભાવાર્થ સાથે.

卐


લેખક અને પ્રકાશક,

**પ્રાણલાલ પ્રભાશંકર બક્ષી.**

બી. એસસી. ( રૉચેસ્ટર ન્યુ. યૉર્ક ) ઍફ. ટી એસ.

" ગર્ભવિદ્યા " " બીજક ભા. ૧. " ના કર્તા.


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સને ૧૯૩૬.
સંવત ૧૯૯૨.
આવૃત્તિ પહેલી.
પ્રત ૧૦૦૦
કિંમત. રૂ. ૧–૬–૦

નીચેનાં બે પુસ્તકો પ્રકાશક
રા. પ્રાણલાલ પ્રભાશંકર બક્ષી. હનુમાનપોળ–બાજવાડા,
વડોદરા. એ શીરનામે લખવાથી મળી શકશે.

કબીર સાહેબનું બીજક : રમૈની વિભાગ.
શ્રી સયાજી સાહિત્યમાળા અંક ૨૧૯. કિં. ૧–૧૨–૦
શબ્દ વિભાગ. શ્રી સ. સા. માળા અંક ૨૪૫. કિં. ૧–૬–૦
બન્ને ભાગ સાથે લેનારને રૂા. ૩–૦–૦ માં મળશે.

મુદ્રક :
છોટાલાલ લાલભાઇ પટેલ.
લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રેસ–ભાઉકાલેની ગલી
વડોદરા.
તા. ૧–૮–૩૬.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

મુનિરાજ શ્રી લલિતાંગ વિજયજી
પુસ્તક સંગ્રહ.

# વિજ્ઞાપન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી પતિતપાવન શ્રીમંત સરકાર મહારાજાસાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ, સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આઇ., જી. આઇ. ઇ., એલએલ. ડી. એઓ-શ્રીએ કૃપાવંત થઇને બે લાખ રૂપિયાની જે રકમ અનામત મૂકેલી છે તેના વ્યાજમાંથી "સાહિત્યમાળા" રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરવામાં આવે છે.

તદનુસાર "**કબીર સાહેબનું બીજક: (૨) શબ્દ-વિભાગ**" એ નામનું પુસ્તક રા. **પ્રાણલાલ પ્રભાશંકર બક્ષી** બી. એસસીએ. તૈયાર કરેલું તેને ઉક્ત માળામાં ૨૪૫ મા પુષ્પ રૂપે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ભાષાંતર શાખા,
પ્રાચ્ય વિદ્યામંદિર
**વડોદરા.**
તા. ૧-૮-૩૬

**મં. ર. મજમુદાર**
ભાષાંતર મદદનીશ.

**ભા. કા. ભાટે**
વિદ્યાધિકારી,
વડોદરા રાજ્ય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સા. મા. નં. ૨૪૫

# અનુક્રમણિકા.


| અનુક્રમ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના. | ૧–૬ |
| ૨. | શબ્દઃ— | |
| ૧. | સદ્‌ગુરૂ ભક્તિ. | ૧–૬ |
| ૨. | ઉદ્દ્‌બોધ મહિમા. | ૬–૧૨ |
| ૩. | ઘરનો ઝગડો. | ૧૨–૧૪ |
| ૪. | ભ્રમભૂત વિચાર | ૧૪–૧૭ |
| ૫. | માયાની પ્રબલતાનું વર્ણન. | ૧૭–૧૮ |
| ૬. | માયાની લીલા વિહાર. | ૧૮–૨૧ |
| ૭. | ચેતનની સત્તા, વ્યાપકતા તથા પ્રકાશતાનું વર્ણન. | ૨૧–૨૩ |
| ૮. | માયિક અવતારોનું વર્ણન. | ૨૩–૨૭ |
| ૯. | કઠિન સમસ્યા. | ૨૭–૨૮ |
| ૧૦. | હિન્દુ અને મુસલમાનોના મતોની આલોચના. | ૨૮–૨૯ |
| ૧૧. | પુરોહિતોની સમાલોચના. | ૩૦–૩૧ |
| ૧૨. | પ્રેમની ભઠ્ઠી અને આત્મ–તુષ્ટિ. | ૩૧–૩૨ |
| ૧૩. | માયાની પ્રબલતા અને તેનાથી છૂટવાનો ઉપાય. | ૩૩–૩૪ |
| ૧૪. | અધ્યાસ ફાંસ. | ૩૪–૩૫ |
| ૧૫. | માયાની રચના. | ૩૬–૩૮ |
| ૧૬. | અનહદ ઉપાસના. | ૩૯–૪૧ |
| ૧૭. | હિંસારત પ્રતિગ્રહ–પરાયણ બ્રાહ્મણોની દશા. | ૪૧–૪૩ |
| ૧૮. | અવતાર મીમાંસા. | ૪૩–૪૪ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯. નિજરૂપ ( રામ ) ને જાણુવાનું સાધન. ... ૪૪–૪૭
૨૦. રામ રસનું પાન. ... ... ... ૪૭–૪૯
૨૧. ભ્રમ અને આડંબર. ... ... ... ૪૯–૫૦
૨૨. સત્ય–પદ પ્રદર્શન. ... ... ... ૫૦–૫૧
૨૩. પ્રકૃતિ વૈચિત્ર્ય (હરીની કુદરત વિચાર.) ... ૫૨–૫૪
૨૪. વિહંગમમાર્ગ અને મીનમાર્ગ સમીક્ષા. ... ૫૪–૫૫
૨૫. હઠ યોગ સમીક્ષા. ... ... ... ૫૬–૫૯
૨૬. ભકિત વિચાર. ... ... ... ... ૫૯–૬૧
૨૭. વિશ્વાત્મ–દર્શન, જ્ઞાન લક્ષણા ભક્તિ. ... ૬૧–૬૨
૨૮. વાણી વિસ્તાર. ... ... ... ૬૨–૬૭
૨૯. બ્રહ્મજ્યોતિ આદિક અનાત્મ ઉપાસકોને ઉપદેશ.... ૬૭–૬૮
૩૦. રામ અને રહીમની એકતા. ... ... ૬૮–૭૦
૩૧. પ્રપંચી ગુરૂઓની સંગતિનું ફલ. ... ... ૭૦–૭૩
૩૨. શિક્ષા અને કેબ્દોધન. ... ... ... ૭૪–૭૫
૩૩. શરીર વિયોગ (અન્તિમ દશ્ય.) ... ... ૭૫–૭૬
૩૪. નિજભકતોનાં લક્ષણ તથા હંસ સ્થિતિ. ... ૭૬–૭૭
૩૫. નામ ઉપાસકોની ધારણા. ... ... ... ૭૭–૭૮
૩૬. મોહ જાલ. ... ... ... ... ૭૮–૭૯
૩૭. પ્રાણ–વિયોગ. ... ... ... ... ૭૯–૮૦
૩૮. ગુરૂ–પદ. ... ... ... ... ૮૦–૮૨
૩૯. આત્મ વિમુખતા. ... ... ... ૮૨–૮૪
૪૦. અંધ વિશ્વાસ. ... ... ... ... ૮૪–૮૫
૪૧. આભડછેટ ( છુત્રા છૂત ) વિચાર. ... ... ૮૬–૮૭
૪૨. જ્ઞાનિઓની સ્થિતિ. ... ... ... ૮૭–૮૯
૪૩. સ્વરૂપ સ્થિતિ તેમજ તત્ત્વ વિચાર. ... ... ૮૯–૯૧
૪૪. અનોખી નારી. ... ... ... ... ૯૧–૯૪
૪૫. મૃત્યુ વિચાર. ... ... ... ... ૯૪–૯૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪૬. માંસાહારી બ્રાહ્મણોને પ્રશ્ન. ... ... ... ૯૫-૯૬
૪૭. જલ-વિચાર. ... ... ... ... ૯૭-૯૯
૪૮. આત્મ વિચાર. ... ... ... ... ૯૯-૧૦૦
૪૯. આત્માની જ્ઞાનરૂપતાનું વર્ણન ... ... ૧૦૧-૧૦૨
૫૦. વિશ્વ વૃક્ષ. ... ... ... ... ૧૦૨-૧૦૫
૫૧. મનની લીલા. ... ... ... ... ૧૦૫-૧૦૯
૫૨. અન-અધિકાર ચર્ચા. ... ... ... ૧૦૯-૧૧૩
૫૩. સંસાર તરૂ. ... ... ... ... ૧૧૩-૧૧૫
૫૪. અંધ પરમ્પરા. ... ... ... ... ૧૧૬-૧૨૧
૫૫. મિથ્યા વિવાહ. ... ... ... ... ૧૨૧-૧૨૫
૫૬. સુરતિ ( વૃત્તિ ) ના નિરોધની આવશ્યકતા. ... ૧૨૫-૧૨૮
૫૭. વાચકજ્ઞાની અને હઠ યોગિઓની દશા. ... ૧૨૮-૧૩૧
૫૮. કામના-અગ્નિ વિચાર. ... ... ... ૧૩૧-૧૩૨
૫૯. માયા વિચાર. ... ... ... ... ૧૩૩-૧૩૪
૬૦. અહિંસા-વિચાર. ... ... ... ૧૩૪-૧૩૬
૬૧. અન્ત દશા વિચાર. ... ... ... ૧૩૬-૧૩૭
૬૨. સહજ-ભાવના વિચાર. ... ... ... ૧૩૭-૧૩૯
૬૩. કલ્પના-વિચાર.... ... ... ... ૧૩૯-૧૪૦
૬૪. નામ સ્મરણનો ઉપદેશ. ... ... ... ૧૪૧-૧૪૪
૬૫. હઠ યોગિઓની ગતિ. ... ... ... ૧૪૪-૧૪૭
૬૬. અમૃતવલ્લી. ... ... ... ... ૧૪૮-૧૫૦
૬૭. બીજેશ્વર વાદિઓના મતની આલોચના. ... ૧૫૦-૧૫૧
૬૮. મનની કલ્પના. ... ... ... ... ૧૫૧-૧૫૫
૬૯. શબ્દ અને શબ્દી વિચાર. ... ... ... ૧૫૫-૧૫૭
૭૦. માંસ ભક્ષણ વિચાર. ... ... ... ૧૫૭-૧૫૯
૭૧. ચેતનની વ્યાપકતાનો વિચાર. ... ... ૧૫૯-૧૬૧
૭૨. શરીરની અસારતા અને વિનાશિપણાનું વર્ણન.... ૧૬૧-૧૬૩


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૭૩. ભારી ભ્રમ. ... ... ... ... ૧૬૩–૧૬૫
૭૪. જીવાત્માના સ્વરૂપનો પરિચય. ... ... ૧૬૫–૧૬૭
૭૫. એક જાતિ ( મનુષ્ય જાતિ ) વાદ. ... ... ૧૬૭–૧૬૯
૭૬. નિજ–ભ્રમ–વિચાર. ... ... ... ૧૬૯–૧૭૦
૭૭. સ્વાવલંબન–વિચાર. ... ... ... ૧૭૦–૧૭૧
૭૮. જ્ઞાનોદય દશાનું વર્ણન. ... ... ... ૧૭૨–૧૭૩
૭૯. શૂન્યવાદ નિરાશ તથા આત્મોન્મુખતા. ... ૧૭૩–૧૭૪
૮૦. જીવિત–મુક્તિ–વિચાર. ... ... ... ૧૭૪
૮૧. સુગમ ભક્તિ ( રામનામ ઉપાસના ) નો વિચાર. ૧૭૫–૧૭૬
૮૨. ષટ્ચક્ર વિચાર. ... ... ... .. ૧૭૭–૧૮૧
૮૩. હિંસા અને અભક્ષ્ય–ભક્ષણ વિચાર. ... ... ૧૮૨–૧૮૩
૮૪. હિન્દૂ જાતિ અને તુરક જાતિનો વિચાર. ... ૧૮૩–૧૮૬
૮૫. ધન અને ધામની મમતાનો વિચાર. ... ... ૧૮૬–૧૮૭
૮૬. વાસના વિચાર અને સ્વરૂપ સ્થિતિ. ... ... ૧૮૭–૧૯૧
૮૭. મનરૂપી શિકારી અને હઠ યોગિઓનું વર્ણન. ... ૧૯૧–૧૯૩
૮૮. મન માયારૂપ મૃગમાંસના આસકતનું વર્ણન. ... ૧૯૩–૧૯૫
૮૯. ચેતવણી. ... ... ... ... ૧૯૫–૧૯૬
૯૦. સ્મરણીય વસ્તુ 'તત્ત્વ'. ... ... ... ૧૯૬–૧૯૮
૯૧. દુ:ખમય જગત્. ... ... ... ૧૯૮–૧૯૯
૯૨. મનોવિજ્ઞાન. ... ... ... ... ૨૦૦–૨૦૧
૯૩. સંસાર–વ્યવહાર. ... ... ... ૨૦૧–૨૦૩
૯૪. બ્રહ્મજ્યોતિના ઉપાસકોને પ્રશ્ન. ... ... ૨૦૩–૨૦૪
૯૫. કલિયુગના ગુરૂ. ... ... ... ... ૨૦૪–૨૦૭
૯૬. કાલની પ્રબલતાનો વિચાર. ... ... ૨૦૭–૨૦૮
૯૭. રામ અને રહીમની એકતા તથા પાખંડ વિચાર. ૨૦૮–૨૧૦
૯૮. નામ ચર્ચા અને આદિ કથા. ... ... ૨૧૧–૨૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૯૯, અન્તિમ અવસ્થાનો વિચાર. ... ... ૨૧૩–૨૧૪
૧૦૦. આત્મ સંબંધી વિચાર. ... ... ... ૨૧૪–૨૧૭
૧૦૧. સુરતિયોગ ( વિહંગમ માર્ગ. ) ... ... ૨૧૭–૨૨૨
૧૦૨. પ્રેમ ઉપાલંભ અને દયાપૂર્વક ઉપદેશ. ... ૨૨૨–૨૨૩
૧૦૩. સંવાદ. ... ... ... ... ૨૨૩–૨૨૬
૧૦૪. સંવાદ કે ઉપદેશ. ... ... ... ૨૨૬–૨૩૧
૧૦૫. ભ્રમભૂત વિચાર. ... ... ... ૨૩૧–૨૩૨
૧૦૬. અનાત્મ ઉપાસકોનો અન્તિમ પશ્ચાતાપ. ... ૨૩૨–૨૩૩
૧૦૭. કર્મ અને કામનાઓનો વિચાર. ... ... ૨૩૪–૨૩૫
૧૦૮. કાશી-કાયા–વિયોગ (ઉપાસકોની અન્તિમ અવસ્થા.)૨૩૫–૨૩૭
૧૦૯. અવતાર ઉપાસનાનો વિચાર. ... ... ૨૩૭–૨૩૯
૧૧૦. પ્રારબ્ધ–ફલ–વિચાર. ... ... ... ૨૩૯–૨૪૧
૧૧૧. જીવ ઉપર મનના સૈન્યનું આક્રમણ. ... ... ૨૪૨–૨૪૪
૧૧૨. આત્મ દર્શન, તથા આત્મ પરિચય. ... ... ૨૪૪–૨૪૬
૧૧૩. મનનું સામ્રાજ્ય. ... ... ... ૨૪૬–૨૪૮
૧૧૪. તત્ત્વોપદેશ. ... ... ... ... ૨૪૮–૨૫૦
૧૧૫. સ્વરૂપ વિસ્મૃતિનું વર્ણન. ... ... ... ૨૫૧–૨૫૨


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના

કબીર સાહેબના બીજકનો પ્રથમ રમૈની વિભાગ તો પ્રસિદ્ધ થઈ ગયો. આ બીજો " શબ્દ વિભાગ ", જે આત્મજ્ઞાનના ભંડાર રૂપ છે, તે મુમુક્ષુ જનોના હિતાર્થે પ્રસિદ્ધ કરતાં અમોને આનંદ થાય છે. સંમગ્ર બીજક ગ્રંથની સમાલોચના રૂપ ભૂમિકા રમૈની વિભાગમાં લખવામાં આવેલી છે, એટલે આ શબ્દ વિભાગમાં તેનું પુનરાવર્ત્તન કરવાની ભાગ્યે જ જરૂર રહે છે.

મનુષ્યોનાં અંધશ્રદ્ધા અને ભ્રમની જડ ઉખેડવાને કબીર સાહેબે સાચી શિક્ષા—આધ્યાત્મિક ભાવો અને આંતરિક રહસ્યોને ખોલીને શબ્દ અને સાખી દ્વારા વ્યકત કરેલાં છે. તેમના શબ્દ અને સાખીઓ સંખ્યા બંધ છે, તેને માટે અલગ અલગ શબ્દાવલી અને સાખી ગ્રંથો પ્રગટ થયેલા છે, પરંતુ બીજકના શબ્દ વિભાગ માટે ૧૧૫ શબ્દોની સંખ્યા નમુદ કરવામાં આવેલી છે. અને તેવી જ રીતે સાખી વિભાગ માટે ૩૫૭ સાખીઓની સંખ્યા મુકરર કરેલી છે.

જગતની અંદર પ્રત્યેક વસ્તુનાં નામ હોય છે, તેને શબ્દ અથવા ધ્વનિ દ્વારા વ્યકત કરી શકાય છે. વળી પ્રત્યેક વસ્તુ દેશ કાલ પરિચ્છિન્ન હોવાથી તેનો આદિ, મધ્ય અને અંત હોય છે, અને એ રીતે વિકાસ ક્રમમાં આવે છે. શબ્દ શું છે ? તેને માટે કબીર સાહેબ કહે છે કેઃ—

" શબ્દ હમારા હમ શબ્દ કે, શબ્દ બ્રહ્મ કા રૂપ;
જો ચાહે દીદાર કો, પરખ શબ્દ કા રૂપ. "

શબ્દ દ્વારા વસ્તુનાં ગુણ, ધર્મ લક્ષણ વગેરેનું જ્ઞાન થાય છે. શબ્દથી સુર્તભાન ઉત્પન્ન થાય છે. સ્થુલ જગતમાં જેટલા શબ્દો અને ધ્વનિઓ સંભળાય છે, તે દરેકનાં મૂળ સૂક્ષ્મ જગતમાં હોય છે. અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં તે રંગ બેરંગી પ્રકાશનાં આંદોલનો ( મોજાઓ ) રૂપે જણાય છે. દરેક પ્રાણી માત્રને તેમજ વસ્તુને પોત પોતાનું આંતરિક નામ, અથવા પોત પોતાનો આંતરિકનાદ યા ધ્વનિ હોય છે. આ આંતર-ધ્વનિ ને અનાહતનાદ-Voice of the silence-કહેવામાં આવે છે. એટલે એ Word શબ્દમાં સુર્ત-ભાન ( conscionsness ) ને જમાવવાથી સમગ્ર વિશ્વના જીવનની સાથે એકયતા સાધવાની બારી ખુલે છે.

શબ્દની અંદર એવી શક્તિ રહેલી છે. કે, તે કહેતાંની સાથે કેટલાક મરી ગયા છે, અને કેટલાક તરી ગયા છે. કેવલ શબ્દરૂપી ચોટ લાગવાથી મોટા મોટા રાજાઓએ રાજપાટ છોડી દીધાનાં ઉદાહરણો જગતમાં મોજૂદ છે. જેઓ શબ્દનાં યથાર્થ સ્વરૂપ, નિર્ણય, રહસ્ય, ભેદ વગેરેને સમજ્યા છે, તેમનું આત્મ પરિચયનું કાર્ય ઘણું સરલ થઇ ગયું છે. તારક શબ્દ ગુરૂની પાસેથી મળી શકે છે, પરંતુ એટલું ખાસ યાદ રાખવું જોઇએ કે હાલમાં ઘણા ખરા ગુરૂઓ પરમાર્થના બહાનાં નીચે સ્વાર્થ, ઠગબાજી, અને લબાડીના અખાડા જમાવી બેઠા છે. એટલે પોતપોતાના સ્વાર્થની ખાતર ધોળે દિવસે લૂંટ ચલાવી રહ્યા છે. માટે ગુરૂ કરવા હોય તો બહુ સાવધાન રહીને કરવા જોઇએ. આજ કાલ જોઇએ તો લોકો જ્યાં ઢોંગ, આડંબર, વાચાળપણું વગેરે પોપજાળ પથરાયેલી હોય છે, તે તરફ વિશેષ આકર્ષાય છે. સાચાં જૂઠાંનો નિર્ણય કરી શકતા નથી. વંચક ગુરૂઓના સપાટે ચડી જવાથી કેવળ તાર્કિક જ્ઞાન મેળવી શકે છે. નિજપદ અથવા આત્મ-સ્વરૂપનો પરિચય તો કયાંથી જ થઇ શકે ! કારણ કે વંચક ગુરૂઓને પોતાને જ તેનો સ્વાનુભવ કે પરિચય હોતો નથી. એટલે જેમ પિંજારો ઢોરે ( ટેકરે ) ચડી પિંજણ માંડતો હોય અને તેનું પિંજેલુ રૂ જેમ ચારે તરફ ઉડી જઇ નતો પોતાના કામનું રહે કે, ન કોઇ બીજાના કામનું. તેવો જ પ્રકાર વંચક ગુરૂઓની વાણીનો બને છે. જેમ કોઇ પાગલ મનુષ્ય સૂર્યના આચ્છાદિત થઇ ગયેલા પ્રકાશને વાળી ચોળી એકત્રીત કરવાનો પ્રયાસ કરતો હોય અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમાં જેમ નિષ્ફળ નિવડે છે, તેમજ જે આત્મિક પ્રકાશ ઉત્તરોત્તર અનુક્રમે બુદ્ધિ, મન, લાગણીઓ અને ઇન્દ્રિયો મારફતે બહાર વહન કરી રહ્યો છે, તેને એકત્રિત-કેન્દ્રિત કરાવવામાં વંચક ગુરૂઓની વાણી નિષ્ફળ નિવડે છે. સૂર્યના ફેલાયેલા પ્રકાશને કેન્દ્રિત કરી એક પ્રબલ કિર્ણના આકારમાં ગોઠવવો હોય તો તેને માટે ચોક્કસ રીતે તૈયાર કરેલા કાચની યોજના કરવી પડે છે. તેવી જ રીતે આત્મિક પ્રકાશ એકત્રિત કરી ઝિલવાને માટે ઇન્દ્રિઓ, લાગણીઓ, અને મનને કેટલાં વિશેષ પ્રમાણમાં સ્વચ્છ અને શુદ્ધ બનાવવાની આવશ્યતા છે, તે સહજ સમજી શકાય તેમ છે. આત્મ-પ્રકાશ, જે જીવન પ્રવાહ રૂપે પરિણિત થાય છે, તે મન, લાગણીઓ અને ઇન્દ્રિયોના દ્વારોથી બહાર વહી જાય છે, તેથી વંચીત ગુરૂ અને તેના શિષ્યનું કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. એટલા માટે વ્યર્થપણે બહાર વહન થઇ જતા જીવન પ્રવાહને પૂર્ણ સાવધાન પણાંથી કેન્દ્રિત કરવાની જરૂર છે. મનુષ્ય શરીરમાં વહેતું એ જીવન જ્યોતિનું નાનું ઝરણું સંસારરૂપ મરૂભૂમિમાં વહી છેવટે સૂકાઇ જાય છે.

સૃષ્ટિની ઉત્પત્તિ ૐકારથી થયેલી છે. " एकोऽहं वहुस्याम " ની શરૂઆત પ્રણવથી થાય છે. ૐકારને શબ્દબ્રહ્મ પણ કહે છે. એ પ્રકારે સૃજન કાર્યની સર્વ રચના શબ્દ ઉપર થયેલી છે. જીવન-જ્યોતિરસનો પ્રવાહ સારા બ્રહ્માંડમાં તેમજ પિંડમાં અસ્ખલીત દિવ્ય સંગીતની ધારા સાથે વહન કરે છે.

બાઇબલમાં કહ્યું છે કે, " In the beginning was the Word; the Word was with God; and the word was God. " અર્થાત સૃષ્ટિની શરૂઆતમાં શબ્દ હતો; શબ્દ ઇશ્વરની સાથે હતો; અને શબ્દ એજ ઇશ્વર હતો. એ પ્રમાણે જગતના બીજા પણ મહાન ધર્મગ્રંથોમાં શબ્દને માટે વિવેચન કરવામાં આવેલું છે. પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વયં કબીર સાહબે પ્રશ્નોત્તર રૂપમાં શબ્દને માટે વિવરણ કરેલું છે, તે જાણવા લાયક છેઃ—

**પ્રશ્નઃ**—" શબ્દ કહાં તે ઉઠત હે, કહં કો જાય સમાય ?
હાથ પાંવ તાકે નહિં, કૈસે પકડે જાય " ?

**ઉત્તરઃ**—નાભિ કમલ તે ઉઠત હૈ, સુન્ન મેં જાય સમાય ?
હાથ પાંવ વાકે નહીં, સુરતસે પકડા જાય.

**પ્રશ્નઃ**—શબ્દ કહાંસે આઈયા ? કહાં શબ્દકા ભાવ ?
કહાં શબ્દ કા શીસ હે ? કહાં શબ્દકા પાંવ ?

**ઉત્તરઃ**—શબ્દ બ્રહ્મંડ તે આઇયા, મધ્ય શબ્દ કા ભાવ.
જ્ઞાન શબ્દકા શીસ હૈ, અજ્ઞાન શબ્દ કા પાંવ.

**પ્રશ્નઃ**—" કૌન શબ્દકી નાવરી ? કોન શબ્દ અસવાર ?
કૌન શબ્દકી ડોર હૈ, કૌન ઉતારે પાર ?

**ઉત્તરઃ**—સત્ય શબ્દકી નાવરી, અકહ શબ્દ અસવાર;
સુરત શબ્દકી ડોર હૈ, ગુરૂ ઉતારે પાર. "

વળી પણ શબ્દને માટે કેટલું રહસ્યપુર્ણ ભાષામાં અને સંક્ષિપ્તમાં કહેવામાં આવેલું છે, તે જોઈએ.

" શબ્દ શબ્દ બહુ અંતરા, શબ્દ સારકા સીર;
શબ્દ શબ્દકા ખોજના, શબ્દ શબ્દકી પીર.
શબ્દ ભેદ તબ જાનિયે, રહૈ શબ્દકે માંહ;
શબ્દે શબ્દ પ્રગટ ભયા, દૂજા દેખે નાંહ.
ખોજી હુઆ શબ્દકા, ધન્ય સંત જન સોય;
કહેં કબીર ગહ શબ્દ કો, કબ હું ન જાય બિગોય.
શબ્દ ગુરૂકા શબ્દ હૈ, કાયા કા ગુરૂ કાય;
ભક્તિ કરૈ નિત શબ્દકી, સતગુરૂ યૌં સમઝાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાર શબ્દકો ખોજીયે, સોઇ શબ્દ સુખ રૂપ;
અનસમઝાતો કુછ નહીં, વહતો દુખ કા રૂપ. ”

સર્વ શબ્દોનો સિદ્ધાંત સારશબ્દમાં સમાયેલો છે. અને સારશબ્દ શું છે ? તે સંબંધે કબીર સાહેબે પોતે જ ખુલાસો કરેલો છે કેઃ—

“ સારશબ્દ નિરનયકો નામા, જાતે હોય જીવકો કામા. ”

અર્થાત્ નિર્ણાયક-વચન ( તત્ત્વોપદેશ ) ને સાર શબ્દ કહેવામાં આવે છે.

એ રીતે “ શબ્દ વિભાગ ” નિર્ણાયક વાણીથી ભરપુર છે. અને જીજ્ઞાસુ વાંચકને તેમાંથી ઘણું ઘણું મળી શકે તેમ છે. કબીર સાહેબની વાણી એટલી તો મુદ્દાસરની સચોટ અને રહસ્ય તેમજ ભાવનાપૂર્ણ છે કે, તેને માટે જેટલું કરીયે કે લખીએ તેટલું થોડું છે. તેમણે એક સ્થળે સાર શબ્દના સંબંધમાં કહ્યું છે કેઃ—

“ શબ્દ શબ્દ બહુ અંતરા, સાર શબ્દ ચિત દે;
જા શબ્દે સાહિબ મિલે, સોઇ શબ્દ ગહ લે.
નિઝર ઝરૈ અનહદ બજૈ, તબ ઉપજૈ બ્રહ્મજ્ઞાન;
અવિગત અંતર પ્રગટ હોય, લગા પ્રેમ નિજ ધ્યાન.
સુન્ન મંડલમેં ઘર કિયા, બાજૈ શબ્દ રસાલ;
રોમ રોમ દિપક ભયા, પ્રગટે દિન દયાલ.
કબીર શબ્દ શરીરમેં, બિન ગુન બાજે તાંત;
બાહર ભિતર રમ રહા, તાતેં છુટી ભ્રાંત.
શબ્દ શબ્દ સબ કોઇ કહે, વહતો શબ્દ વિદેહ;
જીભ્યા પર આવે નહીં, નિરખ પરખ કર લેહ,
શબ્દમાંહિ સુર્ત રાખીયે, તબ પહુંચે દરબાર;
કહે કબીર તહાં દેખિયે, બેઠા પુર્ષ હમાર.
ઔષધ તો સબ કોઇ કરે, વહ સુભાવકી નાંહ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જો ઔષધ સતગુરૂ દઇ, વહી શબ્દ કે માંહ.**
રૈન સમાની ભાનુ મેં, ભાનુ અકાસે માંહ;
આકાસ સમાના શબ્દમેં, શબ્દ પરે કછુ નાંહ."

છેલ્લે કબીર સાહેબે એકજ સાખીમાં શબ્દની અપૂર્વ ઘટના બતાવી આપી છે. તેઓ કહે છે કેઃ—

એક શબ્દ ગુરૂદેવકા, તાકા અનંત બિચાર;
પંડિત થાકે મુનિજના, વેદ ન પાવે પાર."

બીજકનો રમૈનિવિભાગ પ્રસિદ્ધ થયાને લગભગ એકએક વર્ષ થવા આવ્યાં, તે દરમિયાન ગુજરાત કાઠિઆવાડ અને મુંબઇમાં તેનો સારો પ્રચાર થયેલો છે. તે સંબંધે જાણિતાં માસિકો, વર્તમાન પત્રો, જાણિતા વિદ્વાનો અને સાક્ષરો તેમજ ખુદ કબીર સંપ્રદાયના મહંત સાહેબોના જે ઉત્તમ અભિપ્રાયો થયેલા છે, તેજ પુસ્તકની ઉપયોગીતા કેટલી છે તે બતાવી આપે છે. આ બીજો "શબ્દ વિભાગ" પણ તેટલોજ બલ્કે તેથી વિશેષ આદરણિય થાય એવી આશા રાખવામાં આવે છે. ત્રીજો સાખી વિભાગ પણ લગભગ તૈયાર હોવાથી થોડા સમયમાં પ્રસિદ્ધ થશે, એવી ધારણા છે.

કબીર સાહેબનું પુષ્કળ સાહિત્ય હિંદી ભાષામાં હોવાથી અત્યાર સુધી ગુજરાતી જનતાને તે બહુ પરિચિત નહોતું. હવે થોડા સમયમાંજ તેમનું સાહિત્ય ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થવાથી લોકોના આદરને પાત્ર બનતું જાય છે, એ પરિસ્થિતિ આવકારદાયક છે.

જિજ્ઞાસુજનો આ "શબ્દ વિભાગ" માં આપેલી સામગ્રીથી સંપૂર્ણ લાભ ઉઠાવે એવી પ્રાર્થના સાથે પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું.

વડોદરા. તા. ૧ જુલાઇ ૧૯૩૫.

**પ્રાણલાલ પ્ર. બક્ષી.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# કબીર સાહેબનું બીજક.

## શબ્દ વિભાગ.

### શબ્દ ૧ [ સદ્ગુરૂ ભક્તિ. ]

મૂલ—

સંતો ! ભક્તિ સતગુરૂ આની. ૧
નારી એક પુરૂષ દુઈ જાયા, બૂઝહુ પંડિત જ્ઞાની. ૨
પાહન ફોરિ ગંગ એક નિકરી, ચહું દિશ પાની પાની. ૩
તેહિ પાની દુઇ પર્વત બૂડે, દરિયા લહર સમાની. ૪
ઉડિ માંખી તરવર કો લાગી, બોલૈ એકૈ બાની. ૫
વહિ માંખી કો માંખા નાહીં, ગર્ભ રહા બિનુ પાની. ૬
નારી સકલ પુરૂષ વહિ ખાયે, તાતે રહે અકેલા. ૭
કહહિં કબીર જો અબકી બૂઝૈ, સોઈ ગુરૂ હમ ચેલા. ૮

શબ્દાર્થ:—

(૧) કબીર સાહેબ કહે છે, કે હે જિજ્ઞાસુઓ ! આપ આત્મજ્ઞાની સદ્ગુરૂની ભક્તિ ( અનુરાગ ) હૃદયમાં લાવો, કે જેથી માયાની જાલમાંથી બચી શકાય. (૨) હવે માયાની પ્રબલતા બતાવે છે. એક નારી ( માયા ) એ બે પુરૂષોને ( જીવ તથા ઇશ્વરને ) પ્રગટ કર્યા છે. આ વાતને હે જ્ઞાનિઓ ! અને પંડિતો ! આપ યથાર્થ રીતે સમજો. શ્રુતિએ પણ સ્પષ્ટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહ્યું છે કે, " जीवेशा वाभासेन करोति मायाचाविद्याचेति " । તથા मायाख्याया कामधेनोर्वत्सौ जीवेश्वरावुभौ " । અર્થાત્ માયારૂપ કામધેનુના જીવ અને ઇશ્વર એ બન્ને વાછરડા છે. ( ૩ ) આ માયાનો આવિર્ભાવ તથા તિરોભાવ ચેતનમાંજ થાય છે. જેવી રીતે ગંગાજી હિમાલયથી પ્રગટ થઇ હતી, તેવી રીતે પાષાણ તુલ્ય સિંધવ ઘન ચેતનમાંથી શુદ્ધ સત્ત્વ પ્રધાન માયારૂપ ગંગાનો આવિર્ભાવ થયો છે. જેનું પાણી ( પ્રપંચ ) ચારે તરફ ફેલાઇ રહ્યું છે. ( ૪ ) ત્યાર પછી માયારૂપ ગંગામાં સર્વથી મોટા બે પર્વત ( જીવ અને ઇશ્વર ) ડૂબી ગયા. અર્થાત્ માયાએ બન્નેને ઉપહિત બનાવી દીધા. એ પ્રકારે આ ભયંકર નદી, સઘળા સંસારને તરબોળ કરતી સમસ્ત વિશ્વને એક ખુણામાં રાખી લેવાવાળા ચેતન સમુદ્રમાં જઇને એક તુચ્છ લહરી સમાન સમાઇ જાય છે. ભાવ એવો છે કે, આ વિશ્વ-વિમોહિની માયા જ્ઞાનીઓની આગળ મંત્રમુગ્ધ થઇને ' કિં કર્તવ્ય વિમૂઢા ' થઇ જાય છે. ( ૫ ) હવે સાધન સમ્પત્તિ રહિત વાચક બ્રહ્મજ્ઞાનીઓ ( અર્થાત્ વન્ધ્ય જ્ઞાનીઓ ) ની દશા કેવી હોય છે, તે બતાવવામાં આવે છે. જ્ઞાનાભિમાનિઓની વૃત્તિરૂપ માખી ઉડીને સંસારરૂપ વૃક્ષ પર બેઠેલી છે. અર્થાત્ મિથ્યા જ્ઞાનીઓ પૂર્ણ રીતે પ્રપંચરૂપ કાદવમાં ફસેલા છે. અને તે એકજ વાણી ' અહમ્ બ્રહ્માસ્મિ ' ( હું બ્રહ્મ છું. ) એમ બોલે છે. પરંતુ વસ્તુતાએ એ વૃત્તિરૂપ માખીનો, માયારૂપ બ્રહ્મની સાથે સંબંધ થયો નથી. ( અર્થાત્ આ પ્રપંચપરાયણ વંચક જ્ઞાનીઓની વૃત્તિ બ્રહ્માકાર થયેલી નથી. કેમકે કદી એવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રહ્માકાર વૃત્તિ થાય તો પછી પ્રપંચને ઓકારીમાં કાઢેલા અન્નની માફક દૂરથીજ ત્યાગી દે. કેમકેઃ—

" જો વિભૂતિ સાધુન તજી, તિહિ વિભૂતિ લપટાય;
જ્યોં શ્વાન વમનહિં કરે, ઉલટિ અશન પુનિ ખાય."

તે ઉપરાંત પણ જોઇએ તો, એ કેવી આશ્ચર્યની વાત છે કે, તેઓની વૃત્તિરૂપ માખીને વિના પાણી અથાત વીર્યના સંયોગ વિના મિથ્યા ગર્ભ રહી ગયો છે. એટલે ભાવાર્થ એવો છે કે, સત્ત્વશુદ્ધિવિના બ્રહ્મજ્ઞાન થઇ શકતું નથી. ઉપર કહેલા જ્ઞાનાભિમાની ભ્રમવશ લોકો પોતાને બ્રહ્મજ્ઞાની માનીને મિથ્યા અહંકાર–સમુદ્રમાં ડુબેલા રહે છે, પરંતુ આત્મસાક્ષાત્કાર વિના કેવલ " અહં બ્રહ્માસ્મિ " કહેવાથી કદાપિ મુક્તિ મળી શકતી નથી. આ પ્રસંગને બંધ બેસતું કેવું ઉત્તમ વચન છે કે, " न गच्छति विना पानं, व्याधिरौषधशब्दतः । विनाऽपरोक्षानुभवं ब्रह्म शब्दै र्न मुच्यते ॥ "

( ૬ ) હવે માયાથી છુટવાનો ઉપાય બતાવે છે. માયારૂપ નારીએ પોતાના સર્વ સ્વામીઓને ખાઇ નાખ્યા. " કારે મૂંડ કો એક હું ન છાંડી, અજહું આદિ કુમારી. " એટલા માટે જેઓ માયા–નારીથી બચવા ચાહતા હોય, તેઓને ઉચિત છે કે તેઓ એકલા ( અસંગ ) રહે. સંગ એજ બંધનનું કારણ છે ( ૭ ) કબીર સાહેબ કહે છે કે, જેઓ નર તન ( અબકી ) પ્રાપ્ત કરીને આત્મપરિચય કરે છે, તેઓ ગુરૂ અથાત્ શ્રેષ્ઠ છે. અને હું તો જ્ઞાની મહાત્માઓનો દાસ છું. ' હમ ચેલા ' એ વચન નમ્રતાનો પરિચય કરાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવાર્થ:—

" માયાકે બસ જગ પરા, કનક કામિની લાગી;
કહંહિં કબીર કસ બાંચિ હૈ, રૂહ લપેટી આગિ.

વ્યાખ્યા:—

'સંતો !' એ શબ્દ જીવોને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. સંતો શાંતિસ્વરૂપ હોય છે. વળી શ્રોતાઓને પણ સંતો તરીકે કહેવામાં આવે છે, જેઓ વિવેકવિચારદ્વારા નિજ-સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે. ભાવનાને ભક્તિ કહેવામાં આવે છે. વળી વાણીનું નામ પણ ભક્તિ છે. ભક્તિ સ્ત્રીરૂપ છે, જેનાથી કામના ઉત્પન્ન થાય છે. સતગુરૂ બ્રહ્માને ઉદ્દેશીને કહેવામાં આવેલ છે, કે જે વેદને જાણે છે. વળી ગુરૂવા લોકોને પણ સતગુરૂ કહેવામાં આવેલા છે, કે જેઓએ જગતમાં અનેક પ્રકારની ભ્રમણાઓ ફેલાવી દીધી છે. અનેક પ્રકારની વાણીને નારી કહેવામાં આવેલ છે, જેનાથી સર્વ જગત્ ભ્રમિત થઇ રહ્યું છે, વળી સ્ત્રીને પણ નારી કહેવામાં આવેલ છે. જે સકલ જગતને મોહવશ બનાવી ખાય છે. ઉપર શબ્દાર્થમાં માયારૂપ કામધેનુના જીવ અને ઇશ્વર એવા બે વાછરડા કહેવામાં આવેલ છે. તેજ અલંકારને બીજી રીતે ઘટાવવામાં આવે તો હિંદુ અને મુસલમાન એવા બે પુરૂષો વાણીરૂપ સ્ત્રી ( નારી ) એ ઉત્પન્ન કર્યા એમ કહી શકાય ! (પરંતુ બે જ પુરૂષો કેમ ? દુનિયામાં બીજી પણ ઘણી જાતિઓ છે, જેવી કે બૌદ્ધધર્મી, ક્રિશ્ચિયન લોકો, યાહુદીઓ વગેરે. માત્ર ઉદાહરણ તરિકે અત્રે બેજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મના લોકોની ગણના કરેલી છે, તેનું કારણ એમ જણાય છે કે જે સમયે કબીર સાહેબ પ્રગટ થયા તે સમયે મુખ્યત્વે આ બન્ને જાતિઓમા વમનસ્ય ઘણું હતું. ) પંડિત એટલે બ્રહ્મા, અને જ્ઞાની એટલે શિવને કહેવામાં આવેલા છે. આ પ્રમાણે કહેવાનો તાત્પર્ય એવો છે કે જે સત્ વસ્તુ છે તે બ્રહ્માદિક પણ સમજી શકતા નથી. મનરૂપ પવર્તને ફોડીને પ્રેમરૂપ ગંગા નીકળી: તેની વાણીરૂપ પાણીથી હિંદુ અને મુસલમાન કોમરૂપ બન્ને પર્વતો ડુબી ગયા અને તે પાણીની લહર બ્રહ્મરૂપ સમુદ્રમાં સમાઇ ગઇ. વળી જીવને લહર અને વાણીને માખી કહેવામાં આવી. તે માખી, તરવર કહેતાં શરીર પર આવીને બેઠી. માખો એટલે બ્રહ્મ. એ માખીને અર્થાત્ વૃત્તિને ઇશ્વર બ્રહ્મના અનુમાનરૂપી ગર્ભ રહ્યો. વાણીરૂપ સ્ત્રી પુરૂષરૂપ સર્વ જીવોને ખાય છે. એનાથી ગુરૂપદ ભિન્ન છે. તેનો પ્રત્યક્ષ નિર્ણય થઇ ગયો. કબીર સાહેબ કહે છે કે, જેઓ આત્મ પરિચય કરે છે, તેઓ ગુરૂ ( શ્રેષ્ઠ ) પદને લાયક છે. અને અમે તો જ્ઞાની મહાત્માઓના દાસ છીયે.

**સૂચના:—**

આ શબ્દ ‘ સાર ’ છંદમાં છે. ૧૬ અને ૧૨ માત્રાઓના વિશ્રામની આમાં ૨૮ માત્રાઓ હોય છે, તથા અંતમાં “ કર્ણા ” એટલે બે ગુરૂ હોય છે.

લક્ષણ—“ સોરહ રવિકલ અન્તે કર્ણા સાર છંદ રચનીકો ” ( છંદ: પ્રભાકર. ) વળી આને નરેન્દ્ર, લલિતપદ, અને “દોવે”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ કહે છે. આ લયમાં પ્રભાતી રાગ ગાવામાં આવે છે. જેમકે "પ્રાત સમય રઘુવીર જગાવે, કૌશલ્યા મહતારી"

"શબ્દ"

એવી સંજ્ઞા જે પદોને આપવામાં આવેલી છે. તે બહુધા ગાવામાં આવે છે, તેને "ભજન" પદ, અને હરિય (જ)શ પણ કહેવામાં આવે છે. સંત મતમાં "શબ્દ" પદ પારિભાષિક છે.

---

## શબ્દ ૨ [ ઉદ્‌બોધ મહિમા. ]

મૂલ—

સંતો જાગત નીંદ ન કીજૈ;

કાલ ન ખાય કલ્પ નહિ વ્યાપૈ, દેહ જરા નહિં છીજૈ. ૧

ઉલટી ગંગ સમુદ્રહિં સોખૈ, શશિ ઔ સૂરહિં ગ્રાસૈ;

નવ-ગ્રહ મારિ રોગિયા બૈઠે, જલમેં બિંબ પ્રકાશૈ. ૨

બિનુ ચરનન કો દહું દિશિ ધાવૈ, બિનુ લોચન જગ સૂઝૈ;

સસૈ ઉલટિ સિંઘ કો ગ્રાસૈ, ઈ અચરજ કોઇ બૂઝૈ. ૩

ઔંધે ઘડા નહીં જલ બૂડૈ, સૂધે સોં જલ ભરિયા;

જેહિ કારન નર ભિન્ન ભિન્ન કરે, સો ગુરૂપ્રસાદે તરિયા. ૪

પૈઠિ ગુફામેં સબ જગ દેખૈ, બાહર કિછુઉ ન સૂઝૈ;

ઉલટા બાન પારધિ હિં લાગૈ, સૂર હોય સો બૂઝૈ. ૫

ગાયન કહૈ કબહુ નહિં ગાવૈ, અનબોલા નિત ગાવૈ;

નટ-વટ બાજા પેખનિ પેખૈ, અનહદ હેત બઢાવૈ. ૬

કથની બદની નિજુકે જોવૈ, ઈ સબ અકથ કહાની;

ધરતી ઉલટિ અકાશહિં બેધૈ, ઈ પુરૂષનકી બાની. ૭

બિના પિયાલા અમૃત અંચવૈ, નદી નીર ભરિ રાખૈ;

કહેં કબીર સો યુગ યુગ જીવૈ, (સો રામ સુધારસ ચાખૈ. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, હે જિજ્ઞાસુઓ ! તમે નાના પ્રકારની કલ્પનારૂપ નિદ્રાના વશમાં કેમ પડી ગયા ? જેઓ કલ્પનાસમુદ્રમાં પડતા નથી, તેઓ કાલના ચક્રમાં આવી શકતા નથી, એટલે કે પ્રલયકાલમાં પણ અવિક્રિય ( જેવાના તેવા ) રહી જાય છે અને તેમના દેહ ( સ્વરૂપ ) કદી જરાવસ્થાથી આક્રાંત ( ક્ષીણ ) થતા નથી. ભાવ એવો છે કે તત્ત્વજ્ઞાની સવ દ્વંદ્વોથી મુક્ત થઇ જાય છે.

( ૨ ) કલ્પનાસમુદ્રમાં પડેલા યોગીઓના મતોનું દિગ્દર્શન કરાવે છે:—

હઠયોગી કહે છે કે, પ્રાણાયામદ્વારા બ્રહ્માડમાં ચઢાઇ થવાથી સ્વાસારૂપ ગંગા, નાના પ્રકારના શોકસંતાપરૂપ સમુદ્રને સુકાવી દે છે. અર્થાત્ સમાધિકાલમાં બાહ્ય પ્રપંચ ભાસતા નથી. અને તે ઉલટી ગંગા ચંદ્ર ( ઇડા ) તથા સૂર્ય ( પિંગલા ) ને પણ ગ્રસી લે છે. અર્થાત્ યોગી લોકો સુષુમ્ણા-કાલમાં ધ્યાન લગાવે છે, એટલે સુષુમ્ણા નાડીના ચાલવાથી ઉક્ત સૂર્ય અને ચંદ્રનો લય થઇ જાય છે. એ અભિપ્રાયથી ( ગરાસે ) શબ્દ યોજવામાં આવેલો છે. ત્યાર પછી નવ દ્વારોને બંધ કરીને યોગી ( રોગિયા ) નિશ્ચલ થઇ જાય છે. એ પ્રકારે સ્થિર ચિત્ત થવાથી જલમાં ( બ્રહ્માંડમાં ) બિમ્બનો પ્રકાશ થાય છે, અર્થાત્ બ્રહ્મ-જ્યોતિનું દર્શન થાય છે. વસ્તુતઃ આ જ્યોતિ તત્ત્વોનોજ પ્રકાશ છે. અહીં એવું રહસ્ય છે કે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણવાયુ પ્રકાશશીલ છે, એટલે બ્રહ્માંડમાં પ્રાણોના ગમનથી તે કેન્દ્રિત થઇ જ્યોતિરૂપે ભાસવા લાગે છે. યોગી લોકો ઉક્ત જ્યોતિને આત્મરૂપ સમજીને બ્રહ્મ જ્યોતિ રૂપથી તેની ઉપાસના કરે છે. એ સર્વ મનની કલ્પનાઓ છે.

( ૩ ) સદ્ગુરૂ કહે છે કે, હે સંતો ! આ યોગીઓના મનરૂપી પાદડાં-વાસનાઓ-નાના પ્રકારના પ્રલોભનમાં પડીને ચરણો વિના દશે દિશાઓમાં દોડતાં રહે છે. અને વળી મોટા આશ્ચર્યની વાત તો એ છે કે, આ યોગીઓને લોચન ( વિવેક ) વિના અર્થાત કલ્પના માત્રથી આ સર્વ જગત્ (પ્રપંચ) દેખાઇ રહ્યો છે. વળી જરા આ તમાસો તો જોઇએ ! કે સસલું ( મન ) ઝપટ કરીને સિંહ ( જીવાત્મા ) ને દબાવી રહ્યું છે. આ મહાન આશ્ચર્યને વિવેકી હશે તે જ સમજી શકશે. તાત્પર્ય એવું છે કે, યોગીઓને સ્વપ્નવત્ કલ્પિત નાનાં પ્રકારનાં કૌતુક બ્રહ્માંડમાં ભાસ્યા કરે છે. એટલે એ રીતે ઉકત શેવાલજાલમાં ફસાઇને તેઓ સંસારસાગરમાં જ પડયા રહે છે.

( ૪ ) સંસારસમુદ્રને તરવાનો ઉપાય બતાવે છે:— જેવી રીતે ઊંધો ઘડો જલમાં બૂડી શકતો નથી, અર્થાત્ સીધો થવાથીજ તેમાં જલ ભરી શકાય છે, એવી રીતે બહિરંગ વૃત્તિમાં ચિત્પ્રતિબિમ્બ પડી શકતું નથી, પરંતુ અન્તરંગ વૃત્તિમાંજ પડી શકે છે. તેથી મુમુક્ષુઓને ઉચિત છે કે, તેઓ ઉકત અનાત્મ પ્રપંચોને છોડીને, તથા આત્મનિષ્ઠ મહાત્માની શરણમાં જઇને મુકિતના સાધનરૂપ આત્મજ્ઞાનને પ્રાપ્ત કરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લે. જેથી અનાયાસે ભવસાગરથી પાર થઇ જાય. શ્રુતિમાં પણ કહેવામાં આવેલું છે કે, " तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् । " અર્થાત્ આત્મજ્ઞાનને માટે સદ્‌ગુરૂનીજ શરણમાં જવું જોઇએ.

( ૫ ) હઠયોગી ફરી કહે છે કે, ગગનગુફામાં પ્રવેશ કરવાથી વિશ્વદર્શન થઈ જાય છે, અર્થાત્ પ્રાણનિરોધથી બ્રહ્માંડની સર્વ લીલાઓ દેખવામાં આવે છે, અને બાહર તો ચર્મચક્ષુઓથી તેના જેવું કંઇજ દેખાતું નથી. અને ઉલટું થયેલું બાણ ( સ્વાસા ) પારધી=વીર ( મન ) ને વેધી નાંખે છે. આ વાતને શૂર=વીર ( યોગી ) જ જાણી શકે છે. તાત્પર્ય એવું છે કે, મન અને પવન ( પ્રાણ ) નો અત્યંત નિકટ સંબંધ છે, તે એટલે સુધી કે બન્નેની ગતિ પરસ્પર સાપેક્ષ છે. એ વાત યોગગ્રંથોમાં સ્પષ્ટ છે. કે–

" चले वाते चलं चित्तं, निश्चले निश्चलं भवेत् ।
योगी स्थाणुत्वमाप्नोति, ततो वायु निरोधयेत् ॥ "

( હઠયોગ પ્રદીપિકા–ઉપદેશ. ૨ )

એટલા માટે વ્યુત્થાન કાલમાં પારધી ( મન ) બહુ તેજીથી શ્વાસારૂપ બાણોને ચલાવે રાખે છે; પરંતુ જ્યારે બ્રહ્માંડમાં પ્રાણોનો નિરોધ કરવામાં આવે છે, ત્યારે એ જ બાણો ઉલટાં થઇને આ મન–પારધીને વેધી નાંખે છે; અર્થાત મનના બાહ્ય પ્રપંચ મટી જાય છે. એટલે તે મૂર્છિત સર્પની માફક સમાધિ-દશામાં પડયું રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S.                    Jin Gun Aaradhak Trust

( ૬ ) ત્યાર પછી યોગીઓને એ પણ ઉચિત છે કે, તેઓ વૈખરી વાણીનો સંયમ કરે, અર્થાત્ જ્ઞાન–મૂક થઇ જાય, તથા અનબોલા એટલે અનાહત શબ્દનો સદૈવ અભ્યાસ કરતા રહે. અને પેખની એટલે બાહ્ય દૃષ્યોને નટનાં વાજાંની માફક સમજીને અનહદ ( અનાહત ) શબ્દથી હેત ( પ્રેમ ) વધારે. ભાવાર્થ એવો છે કે, વૈખરી વાણીના સંયમથી દિવ્ય અનાહત સાંભળવામાં આવે છે, એ વાત યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

( ૭ ) યોગીઓને એ પણ આવશ્યક છે કે, પૂર્ણ વિવેક અને સંયમથી સઘળાં કાર્યોને સિદ્ધ કરે, કેમકે એ સર્વ વાતો અતિ કઠિન છે. ત્યારબાદ દૃઢ અભ્યાસ થવાથી ધરતી (પિંડાંડ) ને ઉલટાવીને આકાશ ( બ્રહ્માંડ ) માં લઇ જાય, અર્થાત્ પિંડ અને બ્રહ્માંડની એકતા કરે, એવું યોગી પુરૂષોનું કથન છે.

હવે કબીર સાહેબ કહે છે કે,

**" ઐ મરજીવા અમૃત પીવા, કા ધસિ મરસિ પતાલ;**
**ગુરૂકી દયા, સાધુકી સંગતિ, નિકરિ આવ યેહિ દ્વાર "**

અર્થાત્ હઠયોગી કલ્પિત પ્રપંચોમાં પડીને ઘોરાતિઘોર કષ્ટ ઉઠાવતાં અંતમાં ભવસાગરમાં ડુબી જાય છે. કેમકે આત્મ સાક્ષાત્કાર થયા વિના માત્ર સિદ્ધિઓના ભૂખ્યા યોગીઓની મુક્તિ કદાપિ થઇ શકતી નથી.

( ૮ ) મુક્તિપદ તો એવા લોકો પ્રાપ્ત કરી શકે છે કે " જેઓ નદીના નીર ( આત્માકાર વૃતિ ) ને ભરી રાખે, અર્થાત્

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થિર રાખે, એટલે વિના પિયાલે અર્થાત્ સ્વતઃ અમૃત (નિજાનન્દામૃત) ને " અચવૈં " એટલે પીયે છે. અતિ ઉત્તમ વાત છે. નિર્મલ તથા શીતલ જલવાળી વહેતી નદી મળી આવે તો દોરી લોટો કે પ્યાલાની આવશ્યકતા રહેતી નથી. આ પ્રસંગને ઉચિત કબીર સાહેબે કેવું સરસ વચન કહ્યું છે કે,

" જાકો સદ્‌ગુરૂ ના મિલા, વ્યાકુલ દહું દિસિ ધાય;
આંખિન સૂઝે બાવરા, ઘર જરે ઘૂર બુઝાય. "

કબીર સાહેબ કહે છે કે, જેઓ રામ સુધારસ ( આત્માનંદામૃત ) નું પાન કરી લે છે, તેઓ યુગ યુગ અર્થાત્ સદૈવ અમર રહે છે. થોડા સમયને માટે તો ઇન્દ્રાદિક દેવતાઓ પણ અમર બની જાય છે, એટલા માટે અત્રે " યુગ યુગ " શબ્દ કહેવામાં આવેલો છે.

અહિં એ વાત જાણી લેવી અત્યંત આવશ્યક છે કે,

" હૃદયા બસે તેહિ રામ ન જાના
× × × ×
કોઇ રામ રસિક રસ પીયહુગે પીયહુગે જુગ જીયહુગે
× × × ×
રામ ન રમસિ કવન દંડ લાગા"

ઇત્યાદિ અનેક સ્થલો પર જ્યાં જ્યાં 'રામ' શબ્દને યોજવામાં આવેલો છે, ત્યાં તેનો અર્થ 'દશરથસુત' રામ એવો સમજવાનો નથી, પરંતુ આત્મારામોના આશ્રયભૂત શુદ્ધ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચેતન ( નિજપદ ) અનાદિ રામ છે એવો અર્થ સમજવો જોઇએ. એ વાત અનેક સ્થળોએ કબીર સાહેબે સ્પષ્ટ કરેલી છે.

આ વિષયમાં એવી શંકા થઇ શકે છે, કે કબીર સાહેબે "રામ નામકા સેવહુ બીરા" તથા "રામ નામ ભજુ રામ નામ ભજુ;" ઇત્યાદિ વચનોથી રામ નામ ભજવાનો ઉપદેશ કેમ આપ્યો ? કેમકે નામ અને રૂપ તો મિથ્યાજ છે. એનો ઉત્તર એવો છે કે, નામ અને નામીની અભેદ વિવક્ષાથી ઉક્ત સ્થળોમાં નામને બદલે નામીજ કહેવામાં આવેલ છે. કેવલ નામનું ભજન વિવક્ષિત નહીં. કેમકે જ્ઞાન વિના કેવલ રામનામ રટવાથી મુક્તિ મળી શકતી નથી. એ વાર્તા "પંડિત બાદ બદે સો ઝુઠા: રામ કે કહે જગત્ ગતિ પાવૈ, ખાંડ કહે મુખ મીઠા;" ઇત્યાદિ શબ્દોથી સ્પષ્ટ છે.

ભાવાર્થ:—

હે જીવ ! તું જાગ્રદાદિ ત્રણે અવસ્થાને જાણવાવાળો હોવા છતાં, અચેત થઇ અજ્ઞાન નિદ્રામાં પડયો છે, તેમાંથી હવે જાગ્રત થવું જોઇએ. તારી સકળ કલ્પનાને છોડી પારખ પદ પર સ્થિત રહેવું જોઇએ. એ સદ્દગુરૂનું નિર્ણય વાકય છે.

---

શબ્દ. ૩. [ ઘરનો ઝગડો. ]

મૂલ:—

સંતો ઘરમેં ઝગરા ભારી;
રાતિ દિવસ મિલિ ઉઠિ ઉઠિ લાગૈ, પાંચ ઢોટા એક નારી. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન્યારો ન્યારો ભોજન ચાહૈં, પાંચો અધિક સવાદી;
કોઇ કાહુકા હટા ન માને, આપુહિ આપ મુરાદી. ૨
દુર્મતિ કેરિ દુહાગિનિ મેટૈં, ઢોટોહિં ચાપ ચપેરૈં;
કહંહિં કબીર સોઈ જન મેરા, (જો) ઘરકી રારિ નિબેરૈં. ૩

શબ્દાર્થ:—

(૧) કબીર સાહેબ કહે છે કે, હે સજ્જનો ! આ શરીરમાં ઘણો મોટો ઝગડો મચી રહ્યો છે. (૨) પાંચ ઢોટા એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયરૂપી બાલક, અને કુમતિરૂપી નારી આ જીવને રાત્રિદિવસ બેચેન કરી રાખે છે. (૩) પાંચ ઇન્દ્રિયો અને કુમતિ એ સવ નાના પ્રકારનાં અલગ અલગ ભોજન (ભોગ) માગે છે. સ ' ન્દ્રિયો સ્વાદને જાણવાવાળી છે. કોઇ ઇન્દ્રિય કોઇના રોકવાથી રોકી શકાતી નથી, સર્વ પોતપોતાના સ્વાર્થમાં લાગી પડી છે. (૪) હવે ઝગડો મટાડવાનો ઉપાય બતાવે છે, કે દુર્મતિરૂપી કલહ કરનારી સ્ત્રીને અણમાનીતી તરીકે ત્યાગી દે, અને જે પાંચ ઇન્દ્રિયોરૂપી બાલકો છે, તેને બરાબર દાબ (કાબૂ) માં રાખ, અર્થાત્ ઇન્દ્રિયોનું દમન કર. કબીર સાહેબ કહે છે, કે જે જન આ ઘરનો ઝગડો મટાડે છે, તે જન મને (કબીર સાહેબને) પ્રિય છે.

પાંચ જ્ઞાનેન્દ્રિયો:— આંખ, કાન, નાક, ત્વચા અને રસના.
તેનાં ભોજનરૂપ વિષયો:—રૂપ, શબ્દ, ગંધ, સ્પર્શ, અને રસ.

આ પદ્યમાં પ્રસ્તુત ઇન્દ્રિયાદિકના અસંયત—વ્યવહાર (ઝગડા) થી અપ્રસ્તુત કોટુમ્બિક—કલહની પ્રતીતિ થાય છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ કારણથી સમાસોક્તિ અલંકાર છે. લક્ષણ—" समासोक्तिः परिस्फूर्तिः प्रस्तुतेऽप्रस्तुतस्य चेत् । "

જીવની પાસે પાંચ તત્ત્વો અને વાણી જુદાં જુદાં ભોજનરૂપ વિષયોની સદૈવ માગણી કર્યા કરે છે. પરંતુ જીવ પોતે મુખત્યાર છે માટે તે ઝગડાની અંદર નહીં ફસાતાં તેને પરખીને ન્યારૂં થવું જોઇએ.

ભાવાર્થઃ—

કુમતિને છોડયા વિના અને ઇન્દ્રિયોનું દમન કર્યા વિના જીવ સુખી થઇ શકતો નથી.

---

શબ્દ ૪. [ ભ્રમ ભૂત વિચાર. ]

મૂલઃ—

**સંતો દેખત જગ બૌરાના;**
**સાંચ કહૌં તો મારન ધાવૈ, ઝૂઠે જગ પતિયાના ૧**
**નેમી દેખા ધર્મી દેખા, પ્રાત કરૈ અસ્નાના**
**આતમ મારિ પષાનહિં પૂજૈં, ઉનમેં કિછઉ ન જ્ઞાના ૨**
**બહુતક દેખા પીર ઔલિયા, પઢૈ કિતેબ કુરાના;**
**કૈ મુરીદ તદબીર બતાવૈં, ઉનમેં ઉહૈ જો જ્ઞાના. ૩**
**આસન મારિ ડિંભ ધરિ બૈઠે, મનમેં બહુત ગુમાના;**
**પીતર પાથર પૂજન લાગે, તીરથ ગરબ ભુલાના. ૪**
**માલા પહિરેં ટોપી પહિરેં, છાપ તિલક અનુમાના;**
**સાખી શબ્દૈ ગાવત ભૂલે, આતમ ખબરિ ન જાના. ૫**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિન્દૂ કહૈં મોહિ રામ પિયારા, તુરૂક કહૈં રહિમાના;
આપુસ મહં દોઉ લરિ લરિ મૂયે, મરમ કાહુ નહિં જાના. ૬
ઘર ઘર મંત્ર દેત ફિરતુ હૈં, મહિમા કે અભિમાના;
ગુરૂ સહિત શિષ્ય સબ બૂડે, અંતકાલ પછિતાના. ૭
કહહિં કબીર સુનો હો સંતો. ઈ સબ ભરમ ભુલાના.
કેતિક કહૌં કહા નહિં માનૈં, સહજે સહજ સમાના. ૮

શબ્દાર્થ—

( ૧ ) ગુરૂ કહે છે કે, હે સંતો ! જોઇએ છીએ કે સર્વ કલ્પના મનુષ્યરૂપથી ઉઠી, અને તે કલ્પનાની ખોજ કરતાં કરતાં સર્વ ચાલ્યા ગયા. હવે તેમની આવી વાતો સાંભળી સાંભળીને જગત્ પાગલ થઇ ગયું. જો સાચી વાત કહેવામાં આવે છે તો મારવાને ધાય છે. કેવળ જૂઠા ભ્રમમાં વિશ્વાસ કરે છે. ( ૨ ) નિયમ પાળવાવાળા અને ધર્મ કરવાવાળા પ્રાતઃ સ્નાન કરે છે, અને આત્માને કષ્ટ આપે છે. ( કોઇ ટીકાકારોએ “ આતમ મારી ” નો અર્થ મરઘાં, બકરાંની હિંસા કરે છે એવો પણ લીધેલો છે. ) વળી પાષાણની પૂજા કરે છે, તેમાં કશું જ્ઞાન નથી, કેવળ અજ્ઞાન છે. ( ૩ ) ઘણાક પીર અને ઓલિઆઓને જોયા, જેઓ કિતાબ કુરાન પઢે છે અને તેમના ચેલાઓ ( મુરીદ ) ને પોતાનામાં જે જાતનું જ્ઞાન અને સમજણ હોય તે પ્રમાણે ઉપાય બતાવે છે, ( ૪ ) કેટલાક આસન મારી ઢોંગ કરીને બેઠા રહે છે, અને મનમાં ઘણું જ અભિમાન ધરાવે છે. વળી કેટલાક પિતૃઓના અને પથ્થરના પૂજન પાછળ લાગ્યા છે, અને તીર્થાટન કરી તેના ગર્વમાં નિજરૂપને ભૂલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયા છે. ( ૫ ) માલા પહેરે છે, ટોપી પહેરે છે, અને પોતપોતાના સંપ્રદાયને અનુસાર તિલક, છાપ વગેરે કરે છે. સાખી અને શબ્દ ગાવા છતાં ભૂલી ગયા, આત્મ તત્ત્વની કોઇને સમજ પડી નહીં. ( ૬ ) હિન્દુઓ કહે છે કે, અમોને રામ પ્યારા છે, અને મુસલમાનો રહિમાન પ્યારા ગણે છે. આ પ્રમાણે કેવળ નામના ફરકથી એક બીજા અરસ્પરસમાં લડી લડીને મૂઆ, પરંતુ તેનો મર્મ કોઇએ જાણ્યો નહીં. ( ૭ ) પોતાનો મહિમા વધારવાના અભિમાનમાં બ્રાહ્મણો ઘેર ઘેર મંત્ર દેતા ફરે છે. એ રીતે ગુરૂસહિત સર્વ શિષ્યો સંસારસાગરમાં ડુબી ગયા, અને અંત કાલે પસ્તાવાનો સમય આવ્યો. ( ૮ ) કબીર ( સાહેબ ) કહે છે કે, હે ! સંત જનો સાંભળો, એ પ્રમાણે સર્વ કોઇ ભ્રમ—અજ્ઞાનમાં ભૂલી ગયા. કેટલું કહું, કોઇએ કહ્યું માન્યું નહીં. અને ધીરે ધીરે સર્વ ચોરાસીના ફેરામાં ચાલ્યા ગયા.

ભાવાર્થ:—

અજ્ઞાનતાના કારણથી વિપરીત બુદ્ધિવાળા લોકો ચેતનાત્માનો તિરસ્કાર કરે છે, અને જડ પદાર્થોનો સત્કાર કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ ૫. [ માયાની પ્રબલતાનું વર્ણન. ]

મૂલઃ—

સંતો અચરજ એક ભૌ ભારી, કહેૌ તો કે પતિયાઈ. ૧
એકે પુરૂષ એક હૈ નારી, તાકર કરહુ બિચારા;
એકે અંડ સકલ ચૌરાસી, ભરમ ભુલા સંસારા. ૨
એકહિ નારી જાલ પસારા, જગમેં ભયા અંદેશા;
ખોજત ખોજત અંત ન પાયા, બ્રહ્મા વિષ્ણુ મહેશા. ૩
નાગ ફાંસ લીયે ઘટ ભીતર, મૂસિન્હિ સબ જગ ઝારી;
જ્ઞાન ખરગ બિનુ સબ જગ જૂઝૈ, પકરિ કાહુ નહિં પાઈ. ૪
આપૈ મૂલ ફૂલ ફુલવારી, આપુહિ ચુનિ ચુનિ ખાઈ;
કહંહિં કબીર તેઈ જન ઉબરે, જિહિ ગુરૂ લિયા જગાઈ. ૫

શબ્દાર્થઃ—

( ૧ ) માયાની પ્રબલતાના સંબંધમાં કહું છું કે, એક મોટા આશ્ચર્યની વાત છે કે જે કહીશ તો કોઇ વિશ્વાસ પૂર્વક માનશે નહીં. ( ૨ ) એકજ પુરૂષ ( ચેતન–પુરૂષ ) છે, અને એકજ સ્ત્રી ( પ્રકૃતિ–માયા ) છે, તેનો વિચાર કરો. સર્વ ચોરાસી લાખ પ્રકારના જીવોથી બનેલું એકજ બ્રહ્માંડરૂપ ઇંડુ છે, તેમાં સકલ સંસારના જીવો ભ્રમથી ભૂલા પડેલા ફરે છે. ( ૩ ) એકજ નારી અર્થાત્ માયાએ સર્વ જાલ બિછાવી છે, તેથી જગત્‌માં ભય ઉત્પન્ન થયો. તેની ખોજ કરતાં કરતાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવાને પણ અંત મળ્યો નહીં. ( ૪ ) માયાએ જગત્‌માં ત્રિગુણાત્મક ફાંસી લગાવેલી છે,



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેથી તેનો મનુષ્યોના અંતરમાં પ્રવેશ થઇ, સર્વ સદ્‌ગુણોરૂપી જે ધન હતું, તે પુરતી રીતે ચોરી લીધું. તેવા જ્ઞાનથી તલવાર વિના સર્વ જગત્ માર્યું ગયું, પરંતુ એવી વાણીના અનુમાનને કોઇ પકડી શક્યું નહીં. ( ૫ ) પોતે બ્રહ્મ (મૂલ) બન્યા અને ફુલવાડી રૂપે ફૂલી જગત્ ઉત્પન્ન કર્યું. ફરી પોતેજ વિણી વિણી ખાવા લાગ્યા. ગુરૂ કહે છે કે, જેને પારખ ( વિવેકી ) ગુરૂએ ભ્રમ ભૂલની કસર પરખાવી એટલે કે આત્મ બોધ આપ્યો, તે જીવોજ તેમાંથી બચે છે. અર્થાત્ તે જીવોની સ્થિતિ પારખ પદ પર નિયત થઇ શકે છે.

ભાવાર્થ:—

જીવને પારખ જ્ઞાન થયા વિના માયાના ફંદમાંથી કદાપિ છૂટી શકાતું નથી.

---

## શબ્દ ૬. [ માયાનો લીલા વિહાર. ]

મૂલ—

સંતો અચરજ એક ભૌ ભારી, પુત્ર ધઇલિ મહતારી ૧
પિતાકે સંગ ભઈ હૈ બાવરી, કન્યા રહલિ કુમારી;
ખસમહિં છાડિ સસુર સંગ ગવની, સો કિન લેહુ વિચારી. ૨
ભાઈકે સંગે સાસુર ગવની, સાસુહિં સાવત દીન્હા;
નનંદ ભૌજિ પ્રપંચ રચો હૈ, મોર નામ કહિ લીન્હા. ૩
સમધી કે સંગ નાહીં આઈ, સહજ ભઈ ઘરબારી;
કહહિં કબીર સુનો હો સંતો, પુરૂષ જન્મ ભૌ નારી. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ—

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, હે સન્તો ! આપ સાંભળો. એક મોટા આશ્ચર્યની વાત બની છે, તે એવી કે, માતા ( મહતારી=માયા ) એ પુત્ર ( જીવાત્મા ) ની સાથે સંબંધ કરી લીધો છે. ( ૨ ) એટલુંજ નહીં પણ એ કુંવારી કન્યા ( માયા ) એવી તો બ્હાવરી બની ગઇ છે કે, તેણે પોતાના પિતા ( બ્રહ્મ–ઇશ્વર ) ની સાથે પણ સંબંધ (સ્ત્રી–પુરૂષ તરીકે) કરી લીધો છે. ત્યારપછી ખસમ ( બ્રહ્મ–ઇશ્વર ) ને છોડીને એ માયાંએ સસરા ( અજ્ઞાન ) ની પાછળ પાછળ ચાલવાનો આરંભ કર્યો છે, એ વાતનો આપ કેમ વિચાર કરતા નથી ? ( ૩ ) ત્યારબાદ એ માયા પોતાના ભાઇ ( અવિવેક ) ની સાથે સાસરાં ( સંસાર ) માં ચાલી આવી, અને અહીં આવીને સાસુ ( વંચક લોકોની વાણી ) ને પોતાની સોક બનાવી રાખી છે, આ સર્વ પ્રપંચ નણંદ ( કુમતિ ) અને ભોજાઇ ( અવિદ્યા ) એ મળીને રચ્યો છે. તેમાં જીવને મિથ્યા કલંક આપવામાં આવે છે. ( ૪ ) માયા સમધી ( સન્તો ) ની પાસે આવતી નથી, કારણ કે તેતો સ્વભાવથીજ પ્રપંચની સાથે સંબંધ રાખે છે. કબીર સાહેબ કહે છે કે, પુરૂષ ( જીવ ) થી નારી ( ઇચ્છા ) નો જન્મ થયો છે.

વ્યાખ્યાઃ—

સદ્‌ગુરૂ કહે છે કે, હે સંતો ! એતો મહાન આશ્ચર્યની વાત છે કે, જે સ્ત્રીથી પુરૂષ પેદા થયો તે સ્ત્રીનોજ ફરી સંગ કર્યો. તેને એટલો પણ વિચાર નહીં આવ્યો કે, જે સ્ત્રીથી પોતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પેદા થયો તે તેની માતા કહેવાય, હવે તે કોની સાથે સંગ કરી રહ્યો છે ! પિતા એટલે સાંઇં. સાંઇં એટલે જ્યાંથી સર્વની ઉત્પત્તિ થઇ એ સાંઇં આત્મા. એ સાંઇ બ્રહ્મ. કન્યા એટલે જીવ. એ જીવે બીજા ધણીનું અનુમાન કર્યું, અને તેની સાથે દિવાનો થયો. દિવાનો એટલે ભક્ત. જે ભક્તિ ભાવમાં નારી રૂપે; બીજો કોઇ પુરૂષ છે એવું અનુમાન કરી ભક્તિ કરવા લાગ્યો. એ પ્રકારે ઘણી ભક્તિ કરી ખોળતાં ખોળતાં અંત આવ્યો નહીં, ત્યારે કહ્યું કે બ્રહ્મ અનંત છે. તેથી કન્યા પતિ વિનાની રહી ગઇ. અનંત છે કહીને પતિને છોડી દીધો, અને ગુરૂવા લોકોના સંગમાં જઇ ફરી જ્ઞાન વિચાર કરવા લાગ્યો. આ જીવને જ્યારે કયાંઇ અંત મળ્યો નહીં, ત્યારે ઘણો ભય લાગ્યો કે હવે મારી શું ગતિ થશે ? આવા ભયમાં જ્યારે તે ગુરૂવા લોકો પાસે ગયો ત્યારે તેમણે તેને બોધ આપ્યો. જે બોધનો અનુભવ કરીને જીવેં ભમાયેલા ચેલા તરીકે ગુરૂવાઓ સાથે સ્નેહ જોડયો. ફરી અનુમાન કરીને બોલ્યો કે મારૂં નામ ? નામ એટલે કલ્પના. સંબંધી એટલે બ્રહ્મજ્ઞાની. જ્યારે જીવ મગ્ન થયો ત્યારે નાના પ્રકારનાં અનુમાન કરીને બ્રહ્મપદને ઠેરાવવા લાગ્યો. પણ એ પદ કયાં છે ? હે જીવ એ તો તારા મનની કલ્પના છે ! હે સંતો ! સાંભળો, જીવ જે પુરૂષરૂપ છે, તેણે સ્ત્રી બની બીજા પુરૂષની કલ્પના અર્થાત્ અનુમાન કર્યું.

<u>ભાવાર્થ:—</u>

આ જીવાત્મા અજ્ઞાન વશ થઇ પોતાની કામના ( ઇચ્છા ) થી પોતેજ બંધનમાં પડી ગયો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ ૯. [ ચેતનની સત્તા, વ્યાપકતા તથા પ્રકાશતાનું વર્ણન ]

મૂલઃ—

સંતો કહૌં તો કો પતિયાઈ, ઝુઠ કહત સાંચ બનિ આઇ; ૧
લોકે રતન અબેધ અમોલિક, નહિં ગાહક નહિં સાંઇ. ૨
ચિમિક ચિમિક ચિમકૈ દૃગ દહુ દિશ, અર્બ રહા છિરિયાઈ; ૩
આપૈ ગુરૂ કૃપા કછુ કીન્હા, નિર્ગુણ અલખ લખાઇ; ૪
સહજ-સમાધી ઉનમુનિ જાગૈ, સહજ મિલેં રઘુરાઇ; ૫
જહાં જહાં દેખૌ તહાં તહાં સોઇ, મન માનિક બેધો હીરા; ૬
પરમતત્ત્વ યહ ગુરૂતે પાવૈ, કહૈં ઉપદેશ કબીરા. ૭

શબ્દાર્થઃ—

( ૧ ) કબીર સાહેબ ( ગુરૂ ) કહે છે કે, હે સંતો ! આ વાર્તા કહેવામાં જૂઠી જણાય છે, અને અનુભવથી સત્ય માલૂમ પડે છે. ( ૨ ) અખંડ ( અબેધ ) અને અમુલ્ય આત્મ-રત્ન ચમકે છે. પણ તેનો કોઇ ગ્રાહક કે માલિક મળતો નથી. ( ૩ ) દશે દિશાઓમાં વારંવાર ચમકયા કરે છે. અને તેનું તેજ ચારે તરફ ફેલાઇ રહ્યું છે ( ૪ ) જ્યારે ગુરૂએ કૃપા કરી ત્યારે નિર્ગુણ અને અલખ એવી વસ્તુને ઓળખાવી. ( ૫ ) ઉન્મુનિ અવસ્થા જ્યારે ઉદય થાય, ત્યારે સહજ સમાધી પ્રાપ્ત થાય છે, અને ત્યારે સહજ રીતે આત્મ સ્વરૂપ ( રઘુરાઇ ) નો અનુભવ થાય છે. ( ૬ ) જ્યાં જ્યાં જુઓ, ત્યાં ત્યાં તેનાં દર્શન થાય છે. જેનું મન રૂપી મોતી આત્મ-તત્વ-રૂપ હીરાથી વેધાઇ ગયું છે, તેને એવો અનુભવ થાય છે. ( ૭ )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પરમ તત્ત્વ ગુરૂથી પ્રાપ્ત થાય છે, એવો ઉપદેશ ઉપાસક જનો કરે છે.

શબ્દાર્થ:—

મહાત્મા પુરણદાસજીની ટીકા પ્રમાણે:— (૧-૨) સદ્‌ગુરૂ કહે છે કે હે સંતો ! ગુરૂઆ લોકોએ જે જુઠાં અનુમાન બતાવ્યાં તે જીવે સાચાં માન્યાં અને તેમાં પ્રતિતી કરી, અને સાચી પારખ બતાવી તો તેમાં કોઇએ વિશ્વાસ ધર્યો નહીં. (૩-૪) જેવી રીતે કોઇએ પોતાના મનમાં એક કલ્પિત હીરો બનાવ્યો. અને પછી તે હીરાને પોતાની બુદ્ધિથી નિશ્ચય કરીને કહે છે કે હીરો અવેધ છે, તેમજ અમુલ્ય છે એમ કહીને ખુશી થાય છે, પરંતુ મનના કલ્પિત લાડુથી કંઇ ભૂખ ભાંગતી નથી. તેમ મનના રત્નથી કંઇ માળા બને છે ? હે સંતો ! જેણે મનથી અનુમાન ગ્રહણ કર્યું તે જુઠું, અને અનુમાન પણ જુઠું, (૫-૬) જ્યારે જીવ ગુરૂવાલોકોના શરણમાં ગયો, ત્યારે તેઓએ એક અલક્ષ મુદ્રા બતાવી, ત્યારે એ જીવ આંખની પલક ન લાગે એવી પૂર્ણ સમદૃષ્ટિથી જોવા લાગ્યો. એટલે નેત્રો પર પિત્ત ચઢયું, અને તેથી નાના પ્રકારનાં પ્રકાશિત રંગ બેરંગી દગ 'દશ્ય થવા લાગ્યાં. અને છેવટે નેત્રોમાં અંધકાર છવાઇ મૂર્છા જેવી અવસ્થા પ્રાપ્ત થઇ એ તેમની સમાધિ, જ્યારે એ સમાધિ છુટી ત્યારે જીવ સ્તુતિ કરવા લાગ્યો કે, આપ ગુરૂએ જ્યારે કૃપા કરી ત્યારે નિર્ગુણ, અલખ વસ્તુનો અનુભવ થયો, અને સહજ સમાધિ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉન્મનીમાં જાગ્રત કર્યો જેથી સહજ આનંદ પ્રાપ્ત થયો અને આત્મા પરમાત્માની એકતા થઇ. એ માયામુખ અર્થ ગુરૂએ દર્શાવ્યો. હવે સદ્ગુરૂ પોતાનો અભિપ્રાય દર્શાવે છે કે, જ્યાં જ્યાં જુઓ ત્યાં ત્યાં એજ ભ્રમ છાઇ રહ્યો છે. જે મનથી માન્યું તે અનુમાનમાં જીવ બંધાયો, અને અચેત થઇ રહ્યો. એ ગુરૂવા લોકો કહે છે કે, પરમાત્માની પ્રાપ્તિ વેદાંતના અનુભવથી થાય છે.

ઉપરના બન્ને પ્રકારના શબ્દાર્થથી વાંચકે પોતે કયો બંધ બેસતો અર્થ છે, તેનો નિર્ણય કરી લેવો. લોકો એકજ શબ્દના–પોતપોતાની માનંદી (માન્યતા) પ્રમાણે–અર્થ કરવાને દુરાગ્રહ કરે છે. માટે તેવો દુરાગ્રહ અત્રે કરવામાં આવતો નથી. વાંચક ગમે તે પ્રકારે સદ્બોધ ગ્રહણ કરે એજ ઉદ્દેશ છે.

ભાવાર્થ:—

શુદ્ધ હૃદય થવાથી નિજસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

---

## શબ્દ ૮. [ માયિક અવતારોનું વર્ણન. ]

મૂલ—

સંતો આવે જાયસો માયા;

હૈ પ્રતિપાલ કાલ નહિં વાકે, ના કહું ગયા ન આયા. ૧
ક્યા મકસૂદ મચ્છ કચ્છ હોના, શંખાસુર ન સંઘારા;
હૈ દયાલ દ્રોહ નહિં વાકે, કહહુ કૌન કો મારા. ૨
વૈ કર્તા નહિં બરાહ કહાયે, ધરણિ ધર્યો ન ભારા;
ઈ સબ કામ સાહેબ કે નાહીં, ઝૂઠ કહૈ સંસારા. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખંભ ફોર જો બાહર હોઇ, તાહિ પતીજે સબ કોઇ;
હિરનાકસ નખ વોદ્ર બિદારા, સો કર્તા નહિં હોઇ. ૪
વામનરૂપ ન બલિકો યાચૈ, જો યાચૈ સો માયા;
બિના વિવેક સકલ જગ ભરમે, માયા જગ ભરમાયા. ૫
પરશુરામ ક્ષત્રી નહિં મારે, ઇ છલ માયા કીન્હા;
સતગુરૂ ભેદ ભક્તિ નહિં જાનૈ, જીવહિ મિથ્યા દીન્હા. ૬
સિરજનહાર ન વ્યાહી સીતા, જલ પષાણ નહિ બંધા;
વૈ રઘુનાથ એક કે સુમિરૈ, જો સુમિરે સો અંધા. ૭
ગોપી ગ્વાલ ન ગોકુલ આયા, કર્તે કંસ ન મારા;
હૈ મેહરબાન સબહિન કો સાહેબ, નહિં જીતા નહિ હારા ૮
વૈ કર્તા નહિં બૌદ્ધ કહાવૈ, નહીં અસુર સંહારા;
જ્ઞાન હીન કર્તા કે ભરમેં, માયા જગ ભરમાયા. ૯
વૈ કર્તા નહિં ભયે નિકલંકી, નહીં કલિંગહિં મારા;
ઈ છલ બલ સબ માયા કીન્હા, યતી સતી સબ ટારા. ૧૦
દશ અવતાર ઇશ્વરી માયા, કર્તા કૈ જિન પુજા;
કહહિં કબીર સુનો હો સન્તો; ઉપજૈ ખપૈ સો દૂજા. ૧૧

શબ્દાર્થ:—

હે સંતો ! જે આવે જાય અર્થાત્ જેમાં હમેશાં ફેરફાર થાય, તે માયા છે; અને જે સર્વનું પાલન કરવા વાળો છે, તેને કાલ અથવા મૃત્યુ અસર કરતું નથી, અર્થાત્ કાલથી તે પર છે. તે કયાંઇ જતો નથી અને આવતો પણ નથી, અર્થાત્ તેમાં કોઇ પ્રકારનો ફેરફાર કે વિકૃતિ થતાં નથી, તે સર્વદા જેવોને તેવોજ રહે છે. (૧) તેને મચ્છ અને કચ્છ અવતાર ધારણ કરવાનું શું પ્રયોજન છે? તેણે શંખાસુર નામના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૈત્યનો સંહાર પણ કર્યો નથી; તે તો સંપૂર્ણ દયાળુ છે, તેણે કોઇના માટે દ્રોહ નથી. તો પછી કહો કે કોને માર્યો? ( ૨ ) જે કર્તા છે, તે વરાહ રૂપ ધારણ કરી આવ્યા નથી. અને પોતાની દાઢ ઉપર પૃથ્વીનો ભાર ધારણ કરી લાવ્યા નથી; એ સર્વ કામ કર્તા ( સાહેબ )નાં નથી; સંસારનાં લોકો જે વાત કહે છે, તે સર્વ જુઠી છે. ( ૩ ) નૃસિંહ રૂપ સ્થંભ ફાડીને જે બહાર આવ્યા તે કર્તા છે, એમ સર્વ કોઇ માને છે; હિરણ્યકશ્યપુનું નખ વતી પેટ ચીરી નાખ્યું, તે કર્તા હોય નહીં. ( ૪ ) વામનરૂપે બલિને ત્યાં યાચના કરી નથી; જે યાચના કરે છે, તે માયા છે; વિવેક વિના સર્વ જગત્ ભ્રમમાં પડ્યું છે, અને માયાએ જગત્‌ને ભ્રમમાં નાખેલ છે. ( ૫ ) પરશુરામ થઇને ક્ષત્રિઓને માર્યા નથી, એ છલ માયાએ કરેલું છે; સત્‌ગુરૂનો ભેદ અને ભક્તિ જાણતા નથી અને જીવન મિથ્યા વ્યતિત કર્યું. ( ૬ ) જે સૃજન કરવાવાળો (રામ) છે, તેણે સીતાની સાથે વિવાહ કર્યો નહોતો, તેમજ જલ ઉપર પાષાણ તરાવીને પાજ બાંધી નહોતી. જે કર્તા રામ (રઘુનાથ) એક છે, તેના સ્મરણ વિના અન્યનું સ્મરણ કરે છે તે સર્વ આંધળા ( અજ્ઞાન ) છે. ( ૭ ) તે ગોપ ગોપીકાઓના મધ્યમાં કૃષ્ણ થઇને ગોકુલમાં આવ્યા નથી. તેમ કર્તાએ કંસને માર્યો નથી; તેતો સર્વનું પાલન કરવા વાળો અને મહાન દયાળુ છે, તે જીત્યો પણ નથી અને હાર્યો પણ નથી. ( ૮ ) એ કર્ત્તા બૌદ્ધ ( અવતાર ) તરીકે કહેવાતા નથી, અને તેણે અસુરનો પણ સંહાર કર્યો નથી; જ્ઞાનહીન લોકોએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માયાના અવતારોમાં કર્ત્તાની ભ્રમણા ઉત્પન્ન કરી. અને એ રીતે સર્વ જગત્‌ને માયાએ ભ્રમમાં નાંખ્યું. ( ૯ ) એ કર્ત્તા કલ્કિરૂપ થયા નથી, અને કલિંગ નામના રાક્ષસને માર્યો નથી. એ સર્વ છલબલ માયાએ કર્યું, અને યતી સતી સર્વને ભટકાવ્યાં. ( ૧૦ ) દશ અવતાર છે, એ ઇશ્વરી માયા છે જેણે કર્ત્તાને પૂજ્યા. કબીર ( સાહેબ ) કહે છે કે, હે સંતો સાંભળો. જે ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે, તે બીજું ( માયા ) છે. અર્થાત્ નિર્વિકાર નહીં ( ૧૧ )

વ્યાખ્યા:—

શબ્દાર્થ સ્પષ્ટ છે, એટલે વિશેષ વ્યાખ્યા કરવાની આવશ્યક્તા રહેતી નથી. પરંતુ જે બાબાત ખાસ જાણવાની જરૂર છે, તે કહેવામાં આવે છે. સર્વ સંસાર અસત્ ( જુઠાં ) ની સાથે વ્યવહાર કરતાં કરતાં અસત્‌નેજ સત્ રૂપ જાણે છે, પરંતુ તે પરમ તત્ત્વ પોતાના અસલ પ્રકાશ ( સ્વયંપ્રકાશ ) ની સાથે દરેક સ્થળે ચમકી રહ્યું છે. એ પ્રકાશના અખંડ પ્રવાહની ઝડી લાગી રહી છે. પરમ પ્રકાશની વર્ષા વર્ષી રહી છે. પરંતુ આ સર્વ વાતનો સાક્ષાત્કાર અથવા સ્વાનુભવ જેનાપર સદ્‌ગુરૂની દયા થાય છે તેનેજ માત્ર પ્રાપ્ત થાય છે. જેની સહજ વૃત્તિ જાગ્રત થઇને ઉન્મૂનીની સહજ સમાધિમાં જાય છે, તેઓ તેને સુગમતાથી પ્રાપ્ત કરે છે. જેનું મન મોતી રૂપ થયું છે. અર્થાત્ એકાગ્ર થયું છે, તેને પરમ તત્ત્વનો હીરો વેધી નાખે છે, અન્યને નહીં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ભાવાર્થઃ—**

શુદ્ધ ચેતન માયાથી પર છે.

---

## શબ્દ ૯. [ કઠિન સમસ્યા. ]

**મૂલઃ—**

સંતો બોલે તે જગ મારૈ;

અન બોલે તે કૈસેક બનિહૈ, શબ્દહિં કોઈ ન વિચારૈ. ૧.
પહિલે જન્મ પુત્રકા ભયેઊ, બાપ જન્મિયા પાછે;
બાપ પુતકી એકૈ નારી, ઈ અચરજ કોઈ કાછે? ૨.
દુંદુર રાજા ટીકા બૈઠે, વિષહર કરૈ ખવાસી;
શ્વાન બાપુરા ધરનિ ઢાંકનો, બિલ્લી ઘરમે દાસી. ૩.
કાગદકાર કારકુડ આગે, બૈલ કરૈ પટવારી;
કહહિં કબીર સુનો હો સંતો, ભૈસે ન્યાવ નિવેરી. ૪.

**શબ્દાર્થઃ—**

(૧) (કબીર સાહેબ કહે છે કે) સંન્તો! શું કહું! કદિ બોલુ છું, તો દુનિયાં મારવા ધાય છે, અને બોલ્યા વિના કામ બનતું નથી. શબ્દનો કોઇ વિચાર કરતા નથી. (૨) પ્રથમ પુત્રનો જન્મ થયો, અને બાપનો જન્મ પછી થયો. બાપ અને બેટાની એકજ સ્ત્રી (નારી=માયા) છે. આ આશ્ચર્યને કોણ જુએ છે. (૩) ઉંદર (મન) તિલક લગાવીને રાજગાદી પર બેઠો છે. અને સર્પ (અહંકાર) તેની સેવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( દાસત્વ=ખવાસી ) માં છે. બિચારો કુતરો (ચિત્ત) પૃથ્વીનો માલિક બન્યો છે. અને બિલાડી ( બુદ્ધિ ) ઘરમાં ગુલામડી ( દાસી ) તરિકે છે. ( ૪ ) કાળા કાળા લખેલા કાગળ ( વેદ ) આગળ રાખીને બળદ-બેલ ( કર્મકાંડી પુરોહિત ) પટવારીનું કામ કરે છે. કબીર સાહેબ કહે છે કે—હે સંતો ! પાડા ( દીક્ષા દેવાવાળા ગુરૂ ) ન્યાયાસન પર બેસીને ન્યાય કરે છે.

ભાવાર્થ:—

અજ્ઞાન વશ જીવ અહિતને હિત સમજી લે છે, તેથી કરી સત્ય ઉપદેશ વિના સત્યમાર્ગ કદિ પણ મળી શકતો નથા.

---

શબ્દ ૧૦. [ હિંદુ અને મુસલમાનોના મતોની આલોચના. ]

મૂલઃ—

સંતો રાહ દુનો હમ દીઠા.

હિંદુ તુરૂક હટા નહિં માનૈ, સ્વાદ સબનકો મીઠા ૧
હિંન્દુ વ્રત એકાદશિ સાધેં, દૂધ સિંઘારા સેતી;
અન્નકો ત્યાગે મન નહિં હટકૈં, પારન કરૈં સગોતી. ૨
તુરૂક રોજા નિમાજ ગુજારૈં, બિસમિલ્લ બાંગ પુકારૈં;
ઈનકી બિહિસ્ત કહાં તે હોવૈ, સાંઝે મુરગી મારૈ. ૩
હિન્દુ કિ દયા મેહર તુરૂકન કી, દોનૌં ઘટસે ત્યાગી;
યે હલાલ વે ઝટકા મારૈં, આગ દુનોં ઘર લાગી. ૪
હિંદુ તુરક કી એક રાહ હૈ. સતગુરૂ સોઈ લખાઈ;
કહહિં કબીર સુનો હો સંતો, રામ ન કહૂં ખુદાઈ. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**શબ્દાર્થ:—**

( ૧ ) ગુરૂ કહે છે, કે હે સંતો ! મેં બન્ને મત ( રાહ ) જોયા છે. હિંદુ અને મુસલમાનો સમજાવ્યા છતાં કહ્યું માનતા નથી. કારણ પોતપોતાનો સ્વાદ સર્વને મીઠો લાગ્યો ( ૨ ) હિન્દૂ લોકો એકાદશી વ્રત સાધે છે, દુધ સિંગોડાંનો અહાર કરે છે, અન્નનો ત્યાગ કરે છે પરંતુ મનને સ્થિર કરતા નથી. અર્થાત્ એકાદશીથી મનનો નિગ્રહ કરતા નથી. બીજે દીવસ માંસાહારનાં પારણાં કરે છે. ( ૩ ) મુસલમાન લોકો રોઝાં અને નિમાઝ કરે છે, અને "બિસ્મિલ્લાહ" ની બાંગ મારે છે, સાંજે મુરગી મારે છે તો ( કહો કે ) તેમને સ્વર્ગ કયાંથી પ્રાપ્ત થાય. અર્થાત્ દયાથી મોક્ષ કે સ્વર્ગ પ્રાપ્તિ થાય છે. ( ૪ ) હિન્દૂઓએ દયા છોડી અને મુસલમાનોએ મેહર ત્યાગી. એક જીવતા જીવ ઉપર છરી ચલાવી હલાલ કરે છે, અને બીજા તલવારથી ગળાં કાપે છે એવી રીતે બન્ને ઘરમાં ( ક્રુર-ઘાતકીપણાંની ) આગ લાગી છે. ( ૫ ) હિન્દૂ અને મુસલમાનોની એકજ રાહ છે, એવી રીતે સતગુરૂએ સમજાવ્યું છે. કબીર સાહેબ કહે છે કે, હે સન્તો તમો સાંભળો ! જીવોનો વધ કરવાનું ન તો રામે કહ્યું છે, કે ન તો ખુદાયે. જો હિંસાત્મક અત્યાચારોને છોદ્દી દે તો હિન્દૂ અને મુસલમાન એકજ માર્ગ પર આવી જાય.

**ભાવાર્થ:—**

હિન્દૂ અને મુસલમાન બન્ને નિર્દય અને ભૂલ ભ્રમમાં ફસાયા પડયા છે. "મતિ ભુલાન દોઇ દીન બખાના" (બીજક)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૧૧ [ પુરોહિતોની સમાલોચના. ]

મૂલઃ—

સંતો પાંડે નિપુણ[૧] કસાઈ;[૨]

બકરા મારિ ભૈંસા પર ધાવેં,[૩] દિલ મેં દર્દ ન આઈ. ૧
કરિ અસ્નાન તિલક દૈ બૈઠે, બિધિસોં[૪] દેવિ પુજાઈ;
આતમરામ પલકમેં બિનસૈં,[૫] રૂધિર કી નદી બહાઈ. ૨
અતિ પુનીત ઉંચે કુલ કહિયે, સભામાંહિં અધિકાઈ;
ઈન્હતે દીક્ષા સબ કોઈ માંગૈ, હંસિ આવે મોહિ ભાઈ. ૩
પાપ કટનકી કથા સુનાવૈં, કર્મ કરાવૈં નીચા;
હમતો દોનો પરસ્પર દેખા, યમ લાયે હૈં ધોખા. ૪
ગાય બધૈ તેહિ તુરૂક કહિયે, ઈન્હતે વૈ કયા છોટે;
કહહિં કબીર સુનો હો સંતો, કલિ મહં બ્રાહ્મણ ખોટે. ૫

શબ્દાર્થઃ—

(૧) હે સન્તો! પુરોહિત લોકો નિપુણ (ચાલાક) કસાઇ છે. બકરાંનું બલિદાન આપી (મારીને) પાડા ઉપર ધાય છે. તેમના હૃદયમાં જરાપણ વેદના કે દયા ઉત્પન્ન થતાં નથી. (૨) સ્નાન કરી તીલક લગાવીને બેઠા. અને વિધિ વિધાન સહ દેવીની પૂજા કરાવી; બિચારાં નિર્દોષ પશુનું જીવન ક્ષણમાં નાશ કરી દીધું, અને લોહીની નદી વહેવડાવી. (૩) બહુ પવિત્ર અને ઉંચા કુલના (બ્રાહ્મણ) કહેવાય અને સભામાં જેમને માન અને મોટાઇ મળતાં હોય, તેનાથી સર્વ કોઇ ગુરૂમંત્ર લેવાને ચ્હાય છે. હે ભાઇ! આ પુરોહિતનાં

(૧) ચાલાક. (૨) કસાઇ, ખાટકી. (૩) દોડે. (૪) વિધાનસહ.
(૫) મારી નાખ્યો, નાશ કર્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વ કૌતુક જોઇને ( કબીર સાહેબ કહે છે કે, ) મને હસવું આવે છે. ( ૪ ) પાપ અને હિંસા કરવાની કથા સંભળાવે છે, અને જીવહિંસાદિક નીચ કર્મ કરાવે છે. અમે તો પરસ્પર બન્નેને ડૂબતા અને યમરાજે ખેંચતા દેખ્યા. ( ૫ ) ગાયનો વધ કરે છે તે મુસમાન કહેવાય છે, પણ તેનાથી આ શું ઓછા છે ? બન્ને બરાબર છે. કબીર સાહેબ કહે છે કે, હે સન્તો સાંભળો ! કલિયુગના બ્રાહ્મણો ખોટા છે ( જુઠા છે. )

---

## શબ્દ ૧૨ [ પ્રેમની ભઠ્ઠી અને આત્મ તુષ્ટિ. ]

મૂલઃ—

સંતો મતે માતુ[1] જન રંગી;

પિયત પિયાલા પ્રેમ સુધારસ, મતવાલે સતસંગી. ૧
અર્ધે ઉર્ધે ભાઠી રોપિન્હિ, લે કસાવ રસ ગારી;
મૂંદે મદન કાટિ કર્મ કસ્મલ, સંતત ચુવત અગારી. ૨
ગોરખ દત્ત વશિષ્ઠ વ્યાસ કપિ, નારદ શુક મુનિ જોરી
સભા બૈઠિ શંભુ સનકાદિક, તહાં ફિરૈ અધર કટોરી. ૩
અંબરીષ ઔ યાજ્ઞ જનક જડ, શેષ સહસ્ત્ર મુખ ફાના;
કહુંલૌ ગનૌ અનંત કોટિ લૌ, અમહલ મહલ દિવાના.
ધ્રુવ પ્રહલાદ બિભીષન માતે, માતી શેવરી[1] નારી;
નિર્ગુન-બ્રહ્મ માતે બ્રિંદાબન, અજહૂં લાગુ ખુમારી. ૫
સુર નર મુનિ મતિ પીર ઔલિયા, જિન્હિરે પિયા તિન્હિ જાન;
કહૈં કબીર ગુંગેકી શક્કર, કયોં કર કરૈ બખાના.

---

૧. શેવરી=શબરી. કોઇ કોઇ સ્થલે શેવરીને બદલે શીવકી નારી એવો પણ પાઠ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

(૧) હે સન્તો ! ભક્ત લોકો જે પ્રેમ ભક્તિના રંગમાં રંગાયેલા છે, તે અનુરાગી લોકો પ્રેમની ખુમારીમાં મસ્ત છે; પ્રેમ અમૃતરસનો પ્યાલો પીતાંની સાથે સત્સંગી પણ મતવાલા બની જાય છે. (૨) અર્ધ અને ઉર્ધમાં અર્થાત્ પિંડ અને બ્રહ્માંડની ભઠ્ઠી બનાવવામાં આવી છે. અને તેના દ્વારા રસ ગાળવાની યોજના કરવામાં આવી છે. કામનું નિયન્ત્રણ (પુટપાક) કરીને પાપ કર્મોને કાપી રહેલ છે. ઉકત વિધિ વિધાનથી પ્રેમ રસ બરાબર ચૂતો રહે છે. (૩) ગોરક્ષનાથ, દત્તાત્રેય, વશિષ્ઠ, વ્યાસજી, હનુમાન, નારદજી અને શુકદેવજી એ પ્રેમ રસને એકઠો કરી રહેલ છે. સભામાં શિવ, સનક, સનન્દન, સનત્કુમાર આદિ બેઠેલા છે, તેમના મધ્યમાં અધર (પ્રેમના) પ્યાલા ઘુમી રહ્યા છે. (૪) ભક્તરાજ અંબરીષ, આત્મદર્શી યાજ્ઞવલ્કય, જનકવિદેહી, જડ ભરત, અને હજાર મુખવાળા શેષનાગ તેને આનંદથી પી રહ્યા છે. કોને કોને ગણાવું ! અગણિત મનુષ્યો ઠેર ઠેર તે રસને પી પી ને દીવાના થઇ ગયા છે. (૫) ધ્રુવ પ્રલ્હાદ અને વિભીષણ એ રસ મસ્તીમાં માતા છે. શબરી[૧] નારી પણ એ રસમાં મસ્ત છે. નિર્ગુણ બ્રહ્મ વૃન્દાવન (સંસાર) માં એવા મતવાલા થયા કે હજી સુધી તેની ખુમારી (નશાની રસ મસ્તી) ગઇ નહીં. (૬) સુર, નર, મુની, યતી, પીર અને ઓલિયા પૈકી જેણે જેણે આ રસનું પાન કર્યું તેણે તેણે જાણ્યું. કબીર સાહેબ કહે છે કે, "આતો મૂંગાની સાકર છે, કોઇ તેના રસાસ્વાદને કેવી રીતે વર્ણવી શકે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ ૧૩. [માયાની પ્રબલતા અને તેનાથી છુટવાનો ઉપાય.]

મૂલઃ—

રામ તેરી માયા દુંદ મચાવૈ;

ગતિ મતિ વાકી સમુઝિ પરૈ નહિં, સુર નર મુનિ હિં નચાવૈ. ૧
કયા સેમર કે શાખા બઢયે, ફુલ અનૂપમ બાની;
કેતિક ચાતક લાગિ રહે હૈં, દેખત રૂવા ઉડાની. ૨
કહા ખજૂર બડાઈ તેરી, ફલ કોઈ નહિં પાવૈ;
ગ્રીષમ ઋતુ જબ આય તુલાની, છાયા કામ ન આવૈ. ૩
આપ ન ચતુર ઔરકો સિખવૈં, કનક કામિની સયાની;
કહંહિં કબીર સુનો હો સંતો, રામ ચરન રતિમાની. ૪

શબ્દાર્થઃ—

(૧) એ રામ ! તારી માયાએ દ્વન્દ્વ ( સુખ, દુખ, જન્મ, મરણ, હર્ષ-શોકાદિક ) ઝગડો મચાવી રાખ્યો છે. તેની ગતિ મતિ કોઇની સમજમાં આવતી નથી. દેવતા, નર, રૂષિ, મુનિ સર્વને નાચ નચાવે છે. (૨) શેમળનું વૃક્ષ, ડાળીઓ અને લીલાં પાનથી ઘટાદાર છવાયેલું છે, તેમાં સારાં વિચિત્ર ફુલો લાગેલાં છે, અને ફળો લાગેલાં છે, પરંતુ તેથી થયું શું ? કેટલાંક પક્ષીઓ બીચારાં છેતરાઇ ગયાં. ફળો ઉપર ચાંચ મારી કે તેની અંદરનાં રૂવાંથી ચાંચ ભરાઇ ગઇ, અને કંઇ ફળ મળ્યું નહીં. (૩) ખજુર ! તારી લાંબી ઉંચાઇ થી શું થયું ? ફળ ઉંચે લાગે છે, કોઇને મળતાં પણ નથી;



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે ગરમીના દિવસો આવે છે, ત્યારે કોઇને તારી છાયાથી લાભ પણ નથી થતો. ( ૪ ) ( આ માયા ) પોતે તો ચતુર છે અને પોતાની ચતુરાઇ બીજાને પણ શીખવે છે, અને ( જીવોને ફસાવવાને માટે ) કનક અને કામિનીના રૂપમાં ચતુર (શાણી) બની રહી છે. કબીર સાહેબ કહે છે કે, “ હે સન્તો ! રામના ચરણોની ભક્તિ કરો. ( એજ માયાથી છુટવાનો ઉપાય છે.) ”

---

## શબ્દ. ૧૪. (અભ્યાસ-ફાંસ. )

મૂલઃ—

રામુરા સંશય ગાંઠિ ન છુટૈ, તાતે પકરિ પકરિ યમ લુટૈ. ૧
હો કુલીન મિસ્કીન કહાવૈ, તુમ યોગી સંન્યાસી;
જ્ઞાની ગુણી, શુર, કવિ દાતા, ઈ મતિ કિનહુ ન નાસી. ૨
સ્મૃતિ વેદ પુરાણ પઢે સબ, અનુભવ ભાવ ન દરસૈ;
લોહ હિરણ્ય હોય ધૌં કૈસે, જો નહિં પારસ પરસૈ. ૩
જિયત ન તરેહુ મુયે કા તરિહૌ, જિયતહિં જો ન તરે;
ગહિ પરતીત કીન્હ જિન્હ જાસો, સોઇ તહાં અમરે. ૪
જો કછુ કિયેઉ જ્ઞાન અજ્ઞાના, સોઈ સમુઝ સયાના;
કહંહિં કબીર તાસોં કયા કહિયે, દેખત દૃષ્ટિ ભુલાના. ૫

શબ્દાર્થ:—

એ રામથી વિમુખ લોકો ! તમારા સંશયની ગાંઠ ખુલશે નહીં, અર્થાત્ ખુલવાની નથી, તેનું પરિણામ એ આવશે કે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યમરાજ તમને પકડી લઇ લૂંટતો રહેશે. ( ૨ ) હે યોગીઓ અને સંન્યાસિઓ ! તમે ગરીબ અને નમ્ર બનો છો અને સાથે સાથે કુલીન હોવાનો પણ અહંભાવ રાખો છો; જેટલા જ્ઞાની, ગુણવાળા, શૂરવીર, પંડિત, કવિ અને દાની લોકો છે, તેમણે પોતે પોતાનાં જ્ઞાન, ગુણ, વીરતા, પંડિતાઇ અને દાનની સમજ, અર્થાત્ તેનાથી થતા અહંભાવને દૂર કરેલ નથી. ( એ સર્વ ગળાંની ફાંસી છે, અને સર્વ કોઇ તેના અભિમાનમાં માર્યા પડયા છે. ) ( ૩ ) સર્વ વેદ, શાસ્ત્ર અને પુરાણ વાંચે છે, પરંતુ તેનો અનુભવ કોઇને પણ થતો નથી. ( અર્થાત્ અનુભવ* વિનાની વાણીજાળ ફેલાવવામાં આ પુસ્તકો બંધનનાં કારણ રૂપ થઇ જાય છે. ) વારૂ ! જ્યાં સુધી લોઢું પારસ મણીનો સ્પર્શ ન કરે ત્યાં સુધી સુવર્ણ કેવી રીતે થાય ! ( ૪ ) જેઓ જીવીત દશામાં તરતા નથી, તેઓ મર્યા પછી શું તરવાના હતા ! તરવું હોય તો ચાલુ જીવનમાંજ તરવાનું છે. જેણે જે વસ્તુનો નિર્ણય બાંધી રાખ્યો છે, અર્થાત્ જેને ઇષ્ટ ધારણ કરી લીધું છે, તેનો તેમાંજ લય થશે, અર્થાત્ પોતાનાં ઇષ્ટ અથવા આદર્શ તેનો પણ લય થવાનો. ( ૫ ) જેણે જે જે પ્રકારનાં જ્ઞાન, અજ્ઞાનથી સંબંધ જોડી રાખ્યો છે, તે તેવા પ્રકારની સમજને લઇને શાણો બનેલો છે. કબીર સાહેબ કહે છે કે, " તેવા મનુષ્યને શું કહીયે ! તેણે તો સંસારને બહિર દષ્ટિથી જોયો અને તેમાં ભૂલી ગયો. "

---

* આત્મ-સાક્ષાત્કાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ. ૧૫. [ માયાની રચના. ]

**મૂલ—**

રામુરા ચલી બિનાવન માહો, ઘર છોડે જાત જુલાહા હો. ૧
ગજ નો ગજ દશગજ ઉન ધસકી, પુરિયા એક તનાઈ;
સાત સૂત નો ગંડ બહતર, પાટ લાગુ અધિકાઈ. ૨
તાપટ તુલૈ ગજન અમાઈ, પૈસન સેર અઢાઈ;
તામહં ઘટૈ બઢૈ રતિવો નહિં, કરકચ કરે ગહરાઈ; ૩
નિંત ઉઠિ બૈઠ ખસમ સોં બરબસ, તાપર લાગુ તિહાઈ;
ભીંગી પુરિયા કામ ન આવૈ, જોલહા ચલા રિસાઈ. ૪
કહંહિં કબીર સુનો હો સંતો, જિન્હ યહ સૃષ્ટિ બનાઈ,
છાંડુ પસાર રામ ભજુ બૌરે, ભવસાગર કઠિનાઈ. ૫

**શબ્દાર્થ:—**

( ૧ ) સ્થુલ શરીર છૂટ્યા પછી પણ જીવને માયા છોડતી નથી. ઉલટ જીવ રૂપ વણકર ( જુલાહા ) પાસે નવાં નવાં શરીર રૂપ વસ્ત્રો બનાવરાવતીજ રહે છે. એ વાતનું વણકરના રૂપક દ્વારા વર્ણન કરે છે:–જુલાહા ( જીવ ) ઘર ( શરીર ) ને છોડીને જવાની તૈયારી કરી રહ્યો છે. છતાં પણ માયા તેનો પીછો છોડતી નથી. રામુરા ( રામની માયા ) જીવરૂપ જુલાહા ( વણકર ) પાસે શરીરરૂપ બીજું વસ્ત્ર વણાવવાને ચાલી છે. ભાવ એવો છે કે, અજ્ઞાની જીવ નાના પ્રકારનાં શરીરોને ધારણ કરતો રહે છે. ( ૨ ) માયાએ જીવરૂપ જુલાહા પાસે એક તાણો ( ઈન્દ્રિય સંઘાતરૂપ ) તણાવ્યો, એ તાણો–એક ગજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( મન ) નવગજ ( નવદ્વાર ) દશગજ ( દશ ઇન્દ્રિયો ) અને ઓગણીસ ગજ ( ઓગણીસ તત્વોનું સૂક્ષ્મશરીર ) નો બનાવ્યો. ત્યારપછી સાત સૂત ( સપ્ત-ધાતુ ) નવ-ગંડ ( નવ નાડી ) અને બહોતેર કોઠારૂપ વાણાથી મનુષ્ય શરીર-રૂપ અત્યંત શ્રેષ્ઠ પટકુલ ( અધિક મૂલ્યાવાન વસ્ત્ર ચાદર ) બનાવ્યું. બીજો અર્થ એવો પણ છે કે, નર-તન રૂપ પટનો "પાટ" ( ચોડાઇ ) અધિક છે, તેથી ઉક્ત તન પટ ને બનાવવામાં ઘણો પ્રયત્ન કરવામાં આવેલો છે. ( ૩ ) આ નર તન-રૂપ વસ્ત્ર (પટ) એવું બન્યું છે કે, એની બરાબરી બીજાં વસ્ત્ર ( પટ-દેવાદિ શરીર ) કદાપિ પણ કરી શકતાં નથી. કારણ કે નર તન વિવેક વૈરાગ્યાદિક સર્વ સાધનોનું ધામ અને મોક્ષનું દ્વાર છે. એવું દેવતાઓને દુર્લભ નરતન મળ્યા છતાં પણ આ વસ્ત્રને અજ્ઞાની લોકો નિર્મલ રાખી ન શકયા કિન્તુ મન અને માયારૂપી કાજળની કોઠીમાં રાખી રાખીને મેલું બનાવી દિધું, અને નાના પ્રકારના વિષયોરૂપ કાંટાઓમાં ઉઝરડી ઉઝરડીને આ વસ્ત્રને છિન્નભિન્ન કરી દીધું. જ્યારે વિષયોના સંસર્ગથી નર-તન-પટની આવી દશા થઇ, ત્યારે ખરાબ સુતરના ભાવે પૈસાનું અઢી શેર વેચાવા લાગ્યું. અર્થાત્ શ્વાન સૂકર ( કુક્કર ભૂંડ ) ના સમાન મનુષ્યશરીર થઇ ગયું. એટલુંજ નહીં, પરંતુ જેમ જેમ અજ્ઞાન વધતું ગયું; તેમ તેમ નર તન રૂપ પટ ( વસ્ત્ર ) નું મૂલ્ય ઘટતુંજ ગયું, રતીભર પણ અધિક્તા થઇ નહીં. જેવી રીતે ઉઝરડાયેલાં અને ટૂટેલાં સુતરના-પૈસાના અઢી શેરના ભાવેજ પૈસા મળી શકે છે, પછી ગમે તેટલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રકઝક કરે તોપણ તે ભાવમાં કમ્મી પૈસા મળવાનો સંભવ રહે છે, વધારે તો નહીંજ. એજ પ્રમાણે ચાહે તેટલું કઠિન તપ અને જપાદિક કરે, તથાપિ જ્ઞાન વિના મુક્તિ થઇ શકતી નથી. (૪) હજી પણ સાંભળો. વણકરરૂપે જીવાત્મા જ્યારે જ્યારે આશા તૃષ્ણારૂપ તાણાવાણા બરાબર ગોઠવીને નર તન રૂપી પટ (વસ્ત્ર) ને બનાવવા લાગે છે, ત્યારે ત્યારે અવિદ્યારૂપ તેની સ્ત્રી (જુલહિન) આવીને તેને ઘેરી લે છે, અને તેનાથી ઝગડો કરવા માંડે છે. એવી રીતે ઝગડો કરતાં કરતાં ત્રણ "પણ" વીતી જાય છે, અર્થાત્ ત્રણ અવસ્થા-બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા વીતી જાય છે, અને ઝગડાની બિમારી તો, જીવને લાગીજ રહે છે. ત્યારપછી ઝગડો મચાવતી અવિદ્યાદેવી બિચારા જીવ (જુલાહા-વણકર) ના સર્વસ્વ-ભૂત ઉક્ત તાણાવાણા ઉપર ભોગ વાસનારૂપી પાણી ઢોળી દે છે. જેનાથી તે સર્વસ્વ ભીંજાઇ જાય છે. જ્યારે પ્રપંચરૂપ પાણીથી મનરૂપ કોકડી-પુણીઓ (તાણા) ભીંજાઇ જાય છે, ત્યારે વિવેકાદિક ઉત્તમ કામોને યોગ્ય રહેતી નથી. એટલા માટે જુલાહો (જીવ) રિસાઇને (દુખી થઇને) બીજી યોનિયોમાં ચાલ્યો જાય છે. (૫) કબીર સાહેબ કહે છે કે, હે પાગલ જુલાહા (જીવ) તું આ પ્રપંચનો ત્યાગ કરીને રામ (નિજપદ) નો પરિચય કર, કે જે ચેતનથી આ સર્વ સૃષ્ટિ બની છે, કારણ કે સંસારસાગરમાં તો મહાન દુઃખ છે.

__ભાવાર્થઃ—__

"બહુત દુઃખ હૈ દુઃખકી ખાની, તબ બચિહૌ જબ રામ હિં જાની"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ ૧૬. [ અનાહત શબ્દ વિચાર. ]

**મૂલ—**

રામુરા ઝીઝી જંતર બાજૈ, કર ચરન બિહૂના નાચૈ. ૧
કર બિન બાજૈ સુનૈ શ્રવન બિનુ, શ્રવન શ્રોતા સોઇ;
પાટન સુબ્બસ સભા બિનુ અવસર, બૂઝહુ મુનિજન લોઇ. ૨
ઇન્દ્રિ બિનુ ભોગ સ્વાદ જિભ્યા બિનુ, અક્ષય પિંડ બિહૂના.
જાગત ચોર મંદિર તહાં મૂસૈં, ખસમ અક્ષત ઘર સૂના. ૩
બીજ બિનુ અંકુર પેડ બિનુ તરિવર, બિનુ ફૂલે ફલ ફરિયા;
વાંઝકિ કોખ પુત્ર અવતરિયા, બિનુ પગ તરિવર ચઢિયા. ૪
મસિ બિનુ દ્વાત કલમ બિનુ કાગદ, બિનુ અક્ષર સુધિ હોઇ;
સુધિ બિનુ સહજ જ્ઞાન બિનુ જ્ઞાતા, કહહિં કબીર જન સોઇ. ૫

**શબ્દાર્થ:—**

( ૧ ) આ પદમાં સદ્ગુરૂએ એવું કહ્યું છે કે, દશમ દ્વારમાં રામનું ઝીઝી જંતર ( આંતર ઝીણો શબ્દ—રરંકાર ) વાગે છે. અને હાથ પગ વિના નાચ થઇ રહ્યો છે. તેને સાંભળી સાંભળીને જીવાત્મા ( અથવા મન ) પ્રસન્ન થાય છે. ( ૨ ) એ શબ્દ હાથ વિના બજે છે, અર્થાત્ આપોઆપો થાય છે. અને ધ્યાતા જીવ કાન વિના તે શબ્દ સાંભળે છે. કેમકે સુરતિરૂપી શ્રવણથી શ્રોતાના સાંભળવામાં આ શબ્દ આવે છે. ઉકત શબ્દ ( અનાહત ) ને જ્યારે ચિત્ત એકાગ્ર હોય ત્યારે સાંભળી શકાય છે. શબ્દને સાંભળવામાં કોઇ વિશેષ સમયની આવશ્યકતા નથી. કારણ કે ત્યાં પાટણ ( નગર ) સારી રીતે વસેલું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. અને બ્રહ્મરંધ્રમાં અવસર વિના (સર્વકાલ) સભા (માલિકનો દરબાર) ભરાયેલજ રહે છે, એટલે જ્યારે ચાહે ત્યારે સાંભળી શકે છે. આ વાતને હે ! મુનિયો ! (મનન કરવાવાળા મહાત્માઓ ?) આપ સમજો. (૩) એ શબ્દનો ભોગ (જ્ઞાન) ઇન્દ્રિઓ વિના થાય છે. અને જીંહ્વા વિના તેનો સ્વાદ (આનંદ) ચાખવામાં આવે છે. અને શરીર (પિંડ) નો નાશ થવા છતાં પણ શબ્દ અક્ષય (અવિનાશી) જ રહે છે. (કેમકે શબ્દવાદી શબ્દને નિત્ય માને છે.) હવે સદ્દગુરૂ કહે છે કે, હે સંતો ! શબ્દવાદીઓ અજ્ઞાનની ધારામાં વહી ગયા છે, મને તેમને ભ્રમમાં નાખી દીધા. આ રરંકારના ઉપાસકોના જાગતાં ((દેખતે દેખતે) ચોરેં (મનેં) મંદિર (હૃદય) માંથી જ્ઞાનરૂપી હીરો ચોરી લીધો. એટલે કે અજ્ઞાન રૂપી અધંકાર થવાથી ખસમ (આત્મારામ) ના હોવા છતાં પણ તેનું ઘર (હૃદય) સુના જેવું થઇ ગયું છે.

ભાવાર્થ એવો છે કે, શબ્દવાદિ લોકો પોતાના માલિકને બાહર સમજીને તેને મળવાને માટે નાના પ્રકારના ઉપાય કરી રહ્યા છે.

(૪) પોતાથી ભિન્ન માનેલા માલિકનું દશમદ્વાર આદિક સ્થાનોમાં રહેવાનું –" બીજ બિન અંકુર "– બીજ વિનાના અંકુર સમાન છે. અને " પેડ બિનુ તરિવર " મૂળ વિનાના વૃક્ષ સમાન છે. અર્થાત્ મિથ્યા છે જુઓ ! આ ઉપાસકોનું ભ્રમરૂપી વૃક્ષ " બિનુ ફૂલે " ફૂલ પ વસ્તુ વિના "ફૂલ ફરિયો"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાના પ્રકારની કલ્પના રૂપ ફળોથી ફળે છે. વળી જુઓ ! એમના હૃદયમાં આ ભિન્નતાવાળું જ્ઞાન એવી રીતે ઉત્પનન થયું છે, કે જેમ વાંઝણી સ્ત્રીને પુત્ર અવતર્યો હોય. અર્થાત્ તેમનું જ્ઞાન મિથ્યા છે. એ લોકો પોતાના કલ્પિત માલિકની પાસે ધ્યાન દ્વારા પ્રતિદિન જાયા કરે છે. તે પણ જાણે કે " બિનુ પગ તરિવર ચઢિયા " પગ વિના વૃક્ષ પર ચઢે છે. અર્થાત્ એ પણ મિથ્યા છે. નથા કયાંઈ ગયા કે નથી આવ્યા, નથી કયાંઈ મળ્યા કે નથી કયાંઇ વિખુટા પડયા, કેવલ કલ્પનાજ છે. (૫) કબીર સાહેબ કહે છે કે, જે ઉત્તમ અધિકારિઓને સહજ સમાધી, અને જ્ઞાતા, જ્ઞાન જ્ઞેય રૂપ ત્રિપુટીના ભાસ વિના સ્વસંવેદ્ય નિજરૂપનો સાક્ષાત્કાર થઇ જાય છે, તેઓજ "જન સોઇ" અર્થાત્ જીવન્મુકત અને સાચા જ્ઞાની છે. તે ઉત્તમ અધિકારીઓના અંતઃકરણ " મસિ બિનું દ્વાઇત " અર્થાત્ એ કાચના ખડીયાના સમાન નિર્મલ હોય છે, કે જેમાં કદિ શાહી નાખવામાં આવી ન હોય, અને " કલમ બિનુ કાગજ " અર્થાત્ એ સફેદ કાગળના સમાન હોય છે, કે જેના પર કદિ કલમ ચલાવવામાં આવી ન હોય. આ આત્મા સ્વસંવેદ્ય છે, એટલે તેનો સાક્ષાત્કાર ( સુધિ ) " બિનુ અક્ષર " અર્થાત્ શબ્દો વિના થાય છે. કેમકે શબ્દો દ્વારા તો માત્ર પરોક્ષ જ્ઞાન થયા કરે છે.

---

**શબ્દ ૧૭. [હિંસારત અને પ્રતિગ્રહ–પરાયણ બ્રાહ્મણોની દશા.]**

<u>મૂલઃ—</u>

**રામહિં ગાવે ઔ (રહિ) સમુઝાવે, હરિ જાને બિનુ બિકલ ફિરે ૧**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોહિ મુખ વેદ ગાયત્રી ઉચરૈં, જાકે બચન સંસાર તરૈ;
જાકે પાંવ જગત ઉઠિ લાગૈ, સો બ્રાહ્મન જિવ–બધ કરૈ. ૨
આપન ઉંચ નીચ ઘર ભોજન, ઘીન–કર્મ હઠિ ઉદર ભરૈ;
ગ્રહન અમાવસ ઢુકિ ઢુકિ માંગૈ, કર દીપક લિયે કૂપ પરૈ. ૩
એકાદશી વ્રત નહિં જાનૈ, ભૂત પ્રેત હઠિ હૃદય ધરૈ;
તજિ કપૂર ગાંઠી વિષ બાંધે, જ્ઞાન ગંવાયે મુગ્ધ ફિરૈ. ૪
છીજૈ સાહુ ચોર પતિ પાલૈ, સંત જનાકી કૂટિ કરૈ;
કહંહિં કબીર જિહ્યાકે લંપટ, યહિ બિધિ પ્રાની નરક પરૈ. ૫

શબ્દાર્થઃ—

(૧) પોતે રામ રામ ગાઇને બીજાઓને સમજાવે છે, પરંતુ પોતે હરિને જાણ્યા વિના વ્યાકુલ અને બેચેન ફરે છે. (૨) જે મુખથી વેદ અને ગાયત્રીનું ઉચ્ચારણ કરવામાં આવે છે, તેના વચનથી સંસારને તરવાની આશા કરવામાં આવે છે. જેને તેવા પૂનિત માની જગતના લોકો તેમને પગે પડે છે. જુઓ! તેજ બ્રાહ્મણો જીવોનો વધ કરતા ફરે છે. (૩) પોતે ઉંચ થઇને નીચ ઘરોમાં જઇ ભોજન કરે છે. અને ઘૃણિત કર્મો કરીને પેટ ભરે છે. ગ્રહણ અને અમાવાસ્યાનાં દિવસોમાં ઘરોમાં ડોકાઇ ડોકાઇને (ભીખ) માગતા ફરે છે; હાથ દીવો લઇને કુવામાં પડે છે. (૪) તેઓને એકાદશીના વ્રતની પણ સમજ નથી; ભૂત અને પ્રેત ઉપર વિશ્વાસ (આસ્થા) રાખ્યા કરે છે; કપૂરને છોડીને વિષને ગાંઠે બાંધે છે. જ્ઞાનને ખોઇને જ્યાં ત્યાં માર્યા માર્યા ફરે છે. (૫) સાહુ (પ્રતિષ્ઠિત) લોકોને સતાવે છે અને નિર્બલ કરે છે, તેમજ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોરોને શુભ મુહૂર્ત બતાવી બલવાન ( ઉત્તેજીત ) કરે છે. અને જે સન્ત લોકો છે તેમની તે નિન્દા કરે છે, કબીર સાહેબ કહે છે કે, આ જીંહ્હાના લંપટ પ્રાણીઓ એ રીતે નર્કમાં પડે છે.

---

## શબ્દ. ૧૮ ( અવતાર મીમાંસા.)

મૂલઃ—

રામ ગુન ન્યારો ન્યારો ન્યારો;

અબુઝા લોક કહાંલૌ બુઝૈં, બૂઝનિહાર વિચારો. ૧.
કેતે રામચંદ્ર તપસી સે, જિન્હ યહ જગ વિટ માયા,
કેતે કાન્હ ભયે મુરલીધર, તિનભી અંત ન પાયા. ૨.
મચ્છ કચ્છ ઔ બ્રાહ સ્વરૂપી, વામન નામ ધરાયા;
કેતે બૌધ્ધ ( નિ ) કલંકી કેતે, તિનભી અંત ન પાયા ૩.
કેતે સિદ્ધ સાધક સંન્યાસી, જિન્હ બનબાસ બસાયા;
કેતે મુનિજન ગોરખ કહિયે, તિન ભી અંત ન પાયા ૪.
જાકી ગતિ બ્રહ્મૌ નહિં જાનૈ, શિવ સનકાદિક હારે;
તાકે ગુન નર કૈસે પૈહો, કહંહિં કબીર પુકારે. ૫.

( ૧ ) રામ એટલે આત્મા, અને આત્મા એટલે સચ્ચિદાનંદ સ્વરૂપ. ગુણ એટલે વેદ. તે આત્માનો નિર્ણય ત્રણ પ્રકારે કરે છે. તત્–ત્વં–અસિ એ પારખથી ન્યારો. એવો અનાદિ નિર્લેપરામ, શુદ્ધ ચેતન, તેને અજ્ઞાની લોકો કયાં સુધી સમજે ? સમજવાવાળો જે જીવ તે મિથ્યા અનુમાનની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાછ ળ લાગ્યો છે, તે કયાં સુધી સમજશે ! જ્યાં સુધી કલ્પના કરે છે, ત્યાં સુધી અનુમાનની વૃદ્ધિ થાય છે. ( ૨ ) કેટલાય રામચંદ્રજી જેવા અવતાર થયા, જેણે આ જગત્‌ને સુધારી સુરક્ષિત કર્યું. વળી કેટલાય કૃષ્ણ મુરલીધર થયા તેને પણ અંત મળ્યો નહીં. ( ૩ ) બીજા અવતારો જેવા કે મચ્છ કચ્છ અને વરાહના રૂપમાં થયા, તેમજ વામન નામ ધારણ કર્યું; કેટલાય બુદ્ધ અને કલ્કી અવતારો થયા, તેને પણ અંત મળ્યો નહીં. ( ૪ ) કેટલાય સિદ્ધ સાધક અને સંન્યાસી થયા, જેઓએ વનમાં જઇ વસવાટ કર્યો, કેટલાય મુનિ અને ગોરક્ષ થઇ ગયા, તેમને પણ અંતનો પત્તો લાગ્યો નહીં. જ્યાં સુધી કલ્પના કરી ત્યાં સુધી કલ્પના વધતી ગઇ. અને જ્યાં થાકયા ત્યાં એક આત્મા કહીને અનુમાનમાં બંધાયા. ( ૫ ) જે અનાદિરામની ગતિ બ્રહ્માએ પણ જાણી નહીં. શિવ, સનકાદિક સર્વ હારી રહ્યા છે. તેની સર્વ કોઇ ખોળ કરી રહ્યા છે. પરંતુ સદ્‌ગુરૂ કહે છે કે, હે લોકો ! તેની સમજ તમે કેવી રીતે પ્રાપ્ત કરી શકશો ! તાત્પર્ય કે રામનામ કોઇ અનોખી વસ્તુ છે. અવતાર, સિદ્ધ, સાધક ઇત્યાદિ કોઇ તેની સમજ ધરાવતા નથી.

---

## શબ્દ ૧૯. [ નિજરૂપ ( રામ ) ને જાણવાનું સાધન ]

**મૂલઃ—**

યે તત્ત રામ જપહુ હો પ્રાની, (તુમ) બૂઝહુ અકથ કહાની;
જાકો ભાવ હોત હરિ ઉપર, જાગત રૈનિ બિહાની. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ડાઇનિ ડારે સુનહા ડોરે, સિંઘ રહે બન ઘેરે;
પાંચ કુટુંબ મિલિ જૂઝન લાગે, બાજન બાજુ ઘનેરે. ૨
રોહુ-મૃગા સંશય બન હાંકે, પારથ બાના મેલે;
સાયર-જરે સકલ બન ડાહૈ, મચ્છ અહેરા ખેલે. ૩
કહહિં કબીર સુનહુ તો સંતો, જો યહ પદ અર્થાવે;
જો યહ પદકો ગાય બિચારૈ, આપ તરે ઔ તારૈ. ૪

શબ્દાર્થ—

(૧) સર્વ સંસાર રામને જપે છે, પરંતુ સાધનહીન મનુષ્યોને તેની પ્રાપ્તિ થઇ શકતી નથી. એ વાર્તાને સિંહના રૂપક દ્વારા સદ્ગુરૂ બતાવે છે કે, હે મનુષ્યો! તમે આ વાતને સમજો, અને "યે તતુ" (આ પ્રકારથી) જપો, અર્થાત્ ચિન્તન કરો. એ વાત પુરતી રીતે કહેવામાં આવી શકતી નથી. "જાકો ભાવ હોત હરિ ઉપર" અર્થાત્ જેના હૃદયમાં જ્ઞાનનો ઉદય થવાથી આત્મભાવ થઇ જાય છે, તે પુરૂષ નિશ્ચયપણે જાગતો રહે છે, અને તેની સામેથી અજ્ઞાનતા રૂપી રાત્રિ દૂર થઇ જાય છે. અને નિત્ય બોધરૂપ પ્રાતઃકાલ થઇ જાય છે. સિંહના શિકારિયોના પક્ષમાં એવો અર્થ છે કે, જેને સિંહનો શિકાર કરવાની ઇચ્છા રહે છે, તેઓ જાગતાં જાગતાં રાત વિતાવીને સવાર પાડી દે છે. યોનિઓના પક્ષમાં સિંહનો અર્થ મત થાય છે. (૨) તેની પછી "ડાઇનિ ડારે સુનહા ડોરે" અર્થાત્ ગુરૂના ઉપદેશથી મનને વશ કરે અને કામાદિક શ્વાનોને દોરીથી બાંધે, અર્થાત્ રોકે, અને "સિંહ રહે બન ઘેરે" અર્થાત્ સિંહરૂપ મનને હૃદયમાં ઘેરી લે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજા પક્ષમાં " ડાઇનિ " મંત્રાદિથી સિંહને વશ કરી લે છે, તથા શિકારી કુતરાઓથી તેને ઘેરી લે છે. અને એ પણ આવશ્યક છે કે, " પાંચ કુટુંબ મિલિ જૂઝન લાગે " અર્થાત્ પાંચે ઇન્દ્રિયોનો સંયમ કરીને મનનું દમન કરે, અને " બાજન બાજુ ઘનેરે " અર્થાત્ સાધન તરીકે ગણીને અનાહત-શબ્દ આદિકનો પણ અભ્યાસ કરે તો કંઇ હાનિ નથી, પરંતુ તેનેજ નિજરૂપ ન સમજે. બીજા પક્ષમાં-સિંહને માટે વનમાં ચારે તરફથી વાજાં વગાડે છે, અને સખા-સાથી લોકો મળીને સિંહથી યુદ્ધ કરે છે, એવો અર્થ થાય છે. ( ૩ ) " રહુ મૃગા સંસય બનહાંકે " અર્થાત્ ગુરૂનાં વચનોમાં પુરો વિશ્વાસ હોવાથી સર્વ સંયમ રૂપી મૃગ આપો આપ હૃદય રૂપ વનમાંથી ભાગી જાય છે, એટલા માટે દૃઢ થઇને સદ્ગુરૂનાં ઉપદેશ રૂપ બાણો વડે મન રૂપ સિંહને પરાસ્ત કરવો જોઇએ. બીજા પક્ષમાં-વાજાંઓના વાગવાથી હરણ એ જંગલને છોડિને ભાગી જાય છે, અને બાણો ચાલવા લાગે છે-એવો અર્થ થાય છે. એ પ્રકારે સંક્ષેપમાં સાધન બતાવીને ગુરૂ કહે છે કે, એ મોટું આશ્ચર્ય છે કે, " સાયર જરે " અર્થાત્ સંસારસાગર ત્રિતાપાગ્નિથી જળી રહ્યો છે, અને " સકલ બન કાંહે " અર્થાત્ વન રૂપ જે ગુરૂવા લોકો ( વંચકો ) ની રોચક વાણી છે, તે સર્વને બાળી રહી છે. અને મચ્છ (માયા) અહેરા ( શિકાર ) ખેલી રહી છે. અર્થાત્ વંચકોની રોચક વાણીથી સંસારી લોકો માયાની જાલમાં ફસાઇ રહ્યા છે. જેમકે સદ્ગુરૂએ કહ્યું છે કે, " મચ્છરૂપ માયા ભઈ, જવરે ખેલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહેર " ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, હે સંતો જે આ શબ્દના અર્થનો નિર્ણય કરે છે, અને કહેતા તેમજ વિચારતા રહે છે, તે સંત સંસારસાગરથી પાર થઇ જાય છે, અને બીજાઓને પણ પાર કરી દે છે.

---

## શબ્દ. ૨૦. [ રામરસનું પાન. ]

મૂલ:—

કોઇ રામ–રસિક રશ પીયહુગે, પીયહુગે સુખ જીયહુગે. ૧.
ફુલ–લંકૃત બીજ નહિં બકલા. શુક પંછી તહાં રસ ખાઈ;
ચુવૈ ન બુંદ અંગ નહિં ભીજૈ, દાસ ભંવર (સબ) સંગ લાઈ.૨.
નિગમ રિસાલ ચારિફલ લાગેં, તિનિમંહું તિનિ સમાઇ;
એક દૂરિ ચાહૈં સબ કોઈ, યતન યતન કાહુ બિરલે પાઈ. ૩.
ગૈ બસંત ગ્રીષમ ઋતુ આઇ, બહુરિન તરિવર તર આવૈ;
કહંહિં કબીર સ્વામી સુખસાગર, રામ-મગન (હોય) સો પાવ.૪

શબ્દાર્થ:—

( ૧ ) કોઇ કોઇ આત્મારામ (આત્મામાં રમણ કરવાવાળા) વીતરાગી આ રામ રસને પીચે છે, જે પીચે છે, તે યુગ યુગ ( સદૈવ ) જીવે છે, અર્થાત્ મુક્ત થઇ જાય છે. ( ૨ ) એ રામ રસ એક વિચિત્ર અને અલંકૃત ( સુંદર ) ફલ છે. તે એવું વિચિત્ર ફલ છે કે, તેને " બીજ નહીં બકલા " અંદર બીજ પણ નથી અને ઉપર છાલ પણ નથી. નિર્ગુણ અને સગુણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ તો મનનાં રૂપ છે. રામ શુદ્ધ ચેતન તેનાથી પર છે. "નિર્ગુણ સગુણ મનકી બાજી, ખરે સયાને ભટકે." એ રામ-રસને શુક ( શુકાચાર્ય-શુકદેવ ) રૂપ પક્ષીએ ચાખ્યો છે. કારણ કે, શુકદેવજીએ ગર્ભમાંથી જ માયાનો ત્યાગ કર્યો હતો. " શુકાચાર્ય દુખહી કે કારન ગર્ભ માયા ત્યાગી હો. " હવે એ વાતને કહે છે કે, ઉક્ત ફલના રસનું પાન કેવલ શુક પક્ષીજ કરી શકે છે. ભ્રમરા તેના રસને પી શકતા નથી. " ચુવે ન બુંદ અંગ નહિં ભીજૈ, દાસ ભંવર ( સબ ) સંગ લાઇ. " અર્થાત્ એ રામ રસરૂપી ફલ ( રસાલ-આમ્ર ) ને અનેક ભક્તજનરૂપ ભ્રમરા સદાકાલ ઘેરીને રહે છે. અર્થાત્ તેને જપ્યા કરે છે; પરંતુ સાધનહીન હોવાથી રામ-રસનું એક બીંદુ પણ તેના પર ટપકતું નથી. એટલા માટે બહારથી પણ તેનું અંગ સૂકુંજ રહિ જાય છે. ( ૩ ) " નિગમ રિસાલ ચારિ ફુલ લાગે, તામેં તીનિ સમાઇ " અર્થાત્ વેદરૂપ આમ્ર-વૃક્ષમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર ફલ લાગેલાં છે. તેમાંના પ્રથમનાં ત્રણ ફલ તો ( સમાઇ ) નાશવાન છે. અને એક મોક્ષરૂપી ફલ દુર લાગેલું છે; તેને સર્વ કોઇ ચાહેં છે. પરંતુ મોટો પ્રયત્ન કરવાથી કોઇ વિરલા પુરૂષોજ તેને પ્રાપ્ત કરી શકે છે. ( ૪ ) સદ્‌ગુરૂ કહે છે કે, " ગ વસંન્ત ગ્રીષમ રિતુઆઇ " અર્થાત્ જુવાની વીતી ગઇ છે, અને વૃદ્ધાવસ્થા ચાલી આવી છે. પરંતુ એવો ઉપાય કર્યો નહીં, કે જેથી " બહુરિન તરિવર તર આવે, " અર્થાત નાના પ્રકારનાં ફલોને ભોગવવાને માટે સંસારરૂપી વૃક્ષના નીચે આવવું ન પડે. કબીર સાહેબ કહે છે કે, સ્વામી ગુરૂપદ અથવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિજપદ સુખનો સાગર છે, પરંતુ જેઓ રામમાં રમણ કરનારા છે, તેઓજ તેને પ્રાપ્ત કરે છે. અર્થાત્ રામમાં રમવું એજ આત્માકાર–વૃત્તિ થવી અને એજ ( સ્વામી ) ગુરૂપદને પ્રાપ્ત કરવાનું છે.

---

## શબ્દ ૨૧. [ ભ્રમ અને આડંબર. ]

મૂલઃ—

**રામ ન રમસિ કૌન ડંડ લાગા. મરિજૈબે કા કરબે અભાગા: ૧**
**કોઈ તીરથ કોઈ મુંડિત કેસા, પાખંડ મંત્ર ભરમ ઉપદેસા. ૨**
**વિદ્યા વેદ પઢિ કરે હંકારા, અંત કાલ મુખ ફાકે છારા; ૩**
**દુખિત સુખિત હો કુટુંબ જેવાવે, મરન બેર એકસર દુખ પાવે ૪**
**કહંહિં કબીર યહ કલિ હૈ ખોટી, જો રહૈ કરવા (સો) નિકલૈ ટોટી.૫**

શબ્દાર્થ:—

( ૧ ) તને કેવાં પાપ લાગ્યાં છે કે, તું રામમાં રમતો નથી ? હે દુર્ભાગી ! તું મરી જઇશ ત્યારે શું કરીશ ? ( ૨ ) કોઇ તીર્થ કરવા જાય છે, કોઇ કેસ ( વાળ ) મુંડાવે છે, કોઇ પાખંડ ભ્રમમાં ફસેલા છે, કોઇ મંત્રનો ઉપદેશ કરે છે. ( ૩ ) કોઇ વેદ વિદ્યા ભણીને અહંકાર કરે છે, અને અંત સમયે પોતાના મુખમાં રાખ નાંખે છે. ( ૪ ) ( અમે માન્યું કે ) દુખ સુખમાં કોઇ પણ રીતે કુટુમ્બને ખવડાવતો પીવડાવતો રહેશે, પરંતુ મરણ સમયે તો તું એકલો દુખ પામીશ. ( ૫ )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કબીર સાહેબ કહે છે કે, આ કલિયુગ બહુ ખોટો છે, જે કરવા ( નળી વાળો લોટો ) માં રહેશે, તેજ ટોટીથી બાહર નિકળશે, અર્થાત્ જે મનમાં છે, તેજ બાહર સ્ફુરશે. " यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी. "

## શબ્દ ૨૨. [ સત્ય–પદ પ્રદર્શન. ]

મૂલ:—

અબધૂ ! છાંડહુ મન–બિસ્તારા;

સોપદ ગરહુ જાહિતે સદગતિ, પાર બ્રહ્મ તે ન્યારા ૧
નહીં મહાદેવ નહીં મહમ્મદ, હરિ હજરત કછુ નાહીં
આદમ બ્રહ્મા નહિ તબ હોતે, નહીં ધૂપ નહિં છાહીં ૨
અસિયાસૈ પૈગંબર નાહીં, સહસ–અઠાસી મૂની,
ચન્દ્ર સૂર્ય તારાગન નાહીં, મચ્છ કચ્છ નહિં દુની. ૩
બેદ કિતેબ સ્મૃતિ નહિં સંયમ, નહીં જીવન પરસાહી;
બંગ નિમાજ ન કલમા હોતે, રામૌ નાહિં ખુદાઈ. ૪
આદિ અંત મન મધ્ય ન હોતે, આતશ પવન ન પાની;
લખ–ચૌરાસી જીવજંતુ નાહેં, સાખી શબ્દ ન બાની. ૫
કહંહિં કબીર સુનહુ હો અબધુ ! આગે કરહુ બિચારા;
પૂરન બ્રહ્મ કહાંતે પ્રગટે, કૃતમ કિન્હ ઉપરાજા. ૬

શબ્દાર્થ:—

(૧) હે અબધૂ (યોગી) ! મનના વિસ્તાર (ફેલાવ) ને છોડી દ્યો. એવું જે પદ અર્થાત્ નિર્વિશેષ આત્મ–શુદ્ધ ચેતન છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેને ગ્રહણ કરો, કે જે પદ પરબ્રહ્મથી પણ ઉંચું છે. તે સમય અને સ્થિતિનું ધ્યાન કરો. (૨) તે સમયે મહાદેવ કે મહમ્મદ હરિ કે હજરત કોઇ હતા નહીં. મનુષ્ય દેવો કે બ્રહ્મા તે સમયે હતા નહીં. તેમજ તે સમગે પ્રકાશ કે અંધકાર જેવી સ્થિતિ નહોતી. ( ૩ ) એકસો એંશી પેગંબર અને અઠાસી હજાર મુનિઓ પણ નહોતા. તે વખતે ચંદ્ર સૂર્ય કે તારા મંડળ જેવું કંઈ નહોતું, અને મચ્છ કચ્છ એ અવતારો પણ નહોતા. તે વખતે ચંદ્ર સૂર્ય કે તારામંડળ જેવું કંઇ નહોતું, અને મચ્છ કચ્છ એ અવતારો પણ નહોતા. ( ૪ ) તે સમયે વેદ, કુરાન આદિ ઈસ્લામી ગ્રંથો ( કિતેબ ) સ્મૃતિ અને સંયમ જેવું કંઇ નહોતું. બાંગ નિમાજ કે કલમા પઢવાનું નહોતું, તેમજ રામ કે ખુદા જેવું કંઇ નહોતું. (૫) આદિ અંત અને મધ્ય જેવું કંઈ નહોતુ. તથા મન પણ નહોતું. અને અગ્નિ, પવન અને પાણી પણ નહોતાં. ચોરાશી લક્ષ યોનીઓનાં પ્રાણી પણ નહોતાં, તેમજ સાખી ( સાક્ષી ) શબ્દ અને વાણી પણ નહોતાં. (૬) કબીર સાહેબ કહે છે કે, હે અબધૂ સાંભળો ! માયાના સામ્રાજ્યના અર્થાત્ માયાના મંડાણ પહેલાં પૂર્ણ-બ્રહ્મ કયાંથી પ્રગટ થયા ? અને માયિક પ્રપંચને કોણે ઉત્પન્ન કર્યા.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

શબ્દ. ૨૩ [ હરિની કુદરત વિચાર. ]

મૂલ:—

અબધૂ કુદરત કી ગતિ ન્યારી;
રંક નિવાજિ કરૈ વહ રાજા, ભૂપતિ કરૈ ભિખારી. ૧
યેતે લવંગહિં ફલ નહિં લાગૈ, ચંદન ફૂલ ન ફૂલા;
મચ્છ શિકારી રમૈ જંગલમેં, સિંઘ સમુદ્રહિ ઝુલા. ૨
રેંડા રૂખ ભયે મલયાગિર, ચહું દિસિ ફુટી બાસા;
તીન લોક બ્રહ્માંડ ખંડ મેં, દેખૈ અંધ તમાસા. ૩
પંગા મેરૂ સુમેરૂ ઉલંઘૈ, ત્રિભુવન મુક્તા ડોલૈ;
ગૂંગા જ્ઞાન વિજ્ઞાન પ્રકાશૈ, અનહદ બાની બોલૈ. ૪
અકાશહિ બાંધિ પતાલ પઠાવૈ, શેષ સ્વર્ગ પર રાજૈ;
કહંહિ કબીર રામ હૈં રાજા, જો કછુ કરૈ સો છાજૈ. ૫

શબ્દાર્થ:—

( ૧ ) હે અબધૂ=જિજ્ઞાસુ પુરૂષો ! હરિની કુદરત (માયા) ની ગતિ રચના ન્યારી અજબ પ્રકારની છે. દરિદ્રીઓ પર દયા કરવા ધારે તો તેઓ તેમને રાજા બનાવી દે, અને ભૂપતિઓને ભિખારી બનાવી દે. ( ૨ ) માયાની રચના જુઓ કે લવંગનાં વૃક્ષોને ફલ લાગતાં નથી, અને ચંદનનાં વૃક્ષોને ફૂલ લાગતાં નથી એ કેવી અજબ ભૂલ છે, વળી એથી પણ વધારે આશ્ચર્યની વાત જોઇએ કે, મચ્છ ( માયા ) સંસાર રૂપી વનમાં વિષયી પુરૂષોના શિકાર ખેલતી ફર્યા કરે છે; અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિંહ ( જીવ ) સંસાર સમુદ્રમાં ઝુલા ખાયા કરે છે. માછલીનું શિકાર માટે વનમાં ઘુમવું, અને સિંહનું સમુદ્રમાં ઝુલવું એ પણ કુદરતનું કૌતુક જ છે. ( ૩ ) એરંડાનું ઝાડ ચંદન વૃક્ષ બની જાય, અને ચારે દિશામાં તેની સુગંધ પ્રસરી જાય છે, અને આંધળો ત્રણ લોકરૂપ ખંડ બ્રહ્માંડમાં તમાશો જોવા લાગે. અર્થાત્ રેંડા ( સાધક પુરૂષ ) સાધનો વડે સિદ્ધ થઇને મલયાગિરિ રૂપ થઇ જાય છે, અને ચારે તરફ તેની સુયશરૂપી સુગંધ છવાઇ જાય છે. અંધ=આંધળો ( અન્તર્દૃષ્ટિવાળો પુરૂષ ) ત્રણ લોકરૂપ ખંડબ્રહ્માંડમાં તમાશો ( નાનાં પ્રકારનાં કૌતુક ) જુએ છે. ( ૪ ) તે ચાહે તો લૂલા લંગડા મેરૂ સુમેરૂ પર્વત ઉલંઘી જાય, અને મુક્ત થઇ થઇને લોકો પણ ત્રિલોકીમાં ઘૂમવા ફરવા લાગે, ગૂંગા=મુંગા લોકો જ્ઞાન વિજ્ઞાનનો પ્રકાશ કરતા કરતા બેહદ અને અનહદ વાત કરવા લાગે. એટલે કે જેનું મન અભ્યાસ દ્વારા પંગૂ અર્થાત્ નિશ્ચલ થઇ ગયું છે, તે પોતાની વૃત્તિને રોકીને અભ્યાસ દ્વારા મેરૂ–સુમેરૂનું સ્થાન પશ્ચિમદંડ ( મેરૂદંડ ) ઉલંઘી જાય છે. અને મુક્તા ( મુક્ત પુરૂષો ) ત્રણે ભુવનોમાં સ્વતંત્ર રહે છે, ગૂંગા ( મૂંગા ) ત્રણ પ્રકારના થાય છે ( ૧ ) જન્મ–મૂક ( ૨ ) જ્ઞાન–મૂક ( ૩ ) અજ્ઞાન–મૂક. એ ત્રણમાંથી જ્ઞાન–મૂક જ્ઞાન અને વિજ્ઞાન ( સ્વાનુભવ ) નો પ્રકાશ કરે છે. અને અનહદ–વાણી ( અખંડ--શબ્દ ) નો પણ પરિચય કરે છે, ભાવાર્થ એવો છે કે, વૈખરી વાણીના સંયમથી દિવ્ય–અનાહત–શબ્દ સાંભળવામાં આવી જાય છે. ( ૫ ) રામ ( ચેતન ) ચાહે તો આકાશને બાંધીને પાતાલમાં મોકલી દે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને પાતાલ-નિવાસી-શેષને સ્વર્ગમાં ચઢાવી દે. કબીર સાહેબ કહે છે કે, રામ રાજા છે, અર્થાત્ તે સર્વોપરિ છે, તે જે કંઇ કરે તે તેમને શોભાસ્પદ છે.

---

## શબ્દ ૨૯. [ વિહંગમ માર્ગ અને મીનમાર્ગ સમીક્ષા. ]

**મૂલ—**

**અબધૂ સો યોગી ગુરૂ મેરા, ( જો યહિ ) પદકા કરૈ નિવેરા ૧**
**તરવર એક મૂલ બિનુ ઠાડા, બિનું ફુલૈ ફલ લાગા;**
**શાખા પત્ર કિછૌ નહિં વાકે, અષ્ટ ગગન મુખ ગાજા. ૨**
**પૈ બિનુ પત્ર કરહ બિનુ તુંબા, બિનુ જિભ્યા ગુન ગાવૈ;**
**ગાવનહાર કે રેખ રૂપ નહિં, સતગુરૂ હોય લખાવૈ. ૩**
**પંછિક ખોજ મીનકો મારગ, કહહિં કબિર દોઉ ભારી;**
**અપરમપાર પાર પુરૂષોત્તમ, મૂરતિ કી બલિહારી. ૪**

**શબ્દાર્થઃ—**

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, હે અબધૂ ! જિજ્ઞાસુ-પુરૂષો ! એ યોગી ગુરૂ ( આત્માયોગી-જ્ઞાની ગુરૂ ) સર્વથી શ્રેષ્ઠ છે. જે આ પદના અર્થનો નિર્ણય કરીને આત્મ-તત્ત્વને ગ્રહણ કરે છે. ( ૨ ) એક મૂલ-પ્રકૃતિ રૂપ શ્રેષ્ઠ વૃક્ષ છે, તે મૂલ વિનાનું ઉભું છે. કેમકે સર્વનું મૂલ પ્રકૃતિ છે. અને પ્રકૃતિનું મૂલ કોઇ નહીં. “ मूले मूलाभावादमूलं मूलम् ” ( સાંખ્ય સૂત્ર ) મૂલનું મૂલ હોતું નથી. એ મૂલ-પ્રકૃતિ રૂપ

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

વૃક્ષમાં ફૂલ લાગ્યા વિના વિશ્વરૂપી ફૂલ લાગ્યું છે. એ વિશ્વ-વૃક્ષને શાખા પત્ર કંઇ નથી, અને એ વૃક્ષ અષ્ટ પ્રકૃતિ રૂપથી સંસારમાં ફેલાયેલું છે. અષ્ટ પ્રકૃતિઓ આ પ્રમાણે છેઃ— પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર. અને બીજો એવો પણ અર્થ છે કે, “ અષ્ટ ગગન મુખ ગાજા ” અર્થાત્ બ્રહ્માંડમાંના આઠમા ગગનની સુરતિ કમલના મુખ ( દ્વારા ) ઉપર અનાહત શબ્દ ગરજી રહ્યો છે. આ વિહંગમ માર્ગિઓનો મત છે. આ શરીરમાં પૌ (અંકુર) વિના પત્ર ( દ્વિદલનું કમલ ) લાગેલ છે, અને કરહ ( હાથા ) વિના એક ( તુંમ્બા=મસ્તક ) તુંબડું લાગેલું છે. અને અજપા–જાપ કરવાવાળા જીહ્વા વિના ગુણગાન કરે છે. ગાવા વાળાને ( શ્વાસને ) રૂપ કે રેખ કંઇ નથી. કદી કોઇ ભેદી સદ્ગુરૂ મળે તો સર્વ રહસ્ય સમજાવે. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, આ ભેદ જાણવાને માટે બે માર્ગ કહેવામાં આવેલા છે, તેમાં એક તો વિહંગમ માર્ગ અને બીજો મીન માર્ગ–આ બન્ને માર્ગ ભારી છે. જે પરમ પુરૂષ ( પુરૂષોત્તમ ) છે અપરંપાર અર્થાત મન અને માયાના બંધનોથી રહીત હોવાના કારણથી પુરૂષોત્તમ છે, તેની મૂર્તિ ( સ્વરૂપ ) ની બલિહારી છે. અર્થાત્ તેની હું પ્રતિષ્ઠા કરૂં છું.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ ૨૫. [ હઠયોગ સમીક્ષા. ]

<u>મૂલ—</u>

અબધુ વો તત્તુ રાવલ રાતા, નાચૈ બાજન બાજુ બરાતા. ૧
મૌરકે માથે દુલહા દીન્હો, અકથા જોરિ કહાતા.
મંડવેકે ચારન સમધી દીન્હો, પુત્ર બિબાહલ માતા. ૨
દુલહિન લીપિ ચૌક બૈઠાયો, નિર્ભય પદ પરકાસા;
ભાતે ઉલટિ બરાતિહિં ખાયો, ભલી બની કુસલાતા. ૩
પાની ગ્રહન ભયે લો મંડન, સુષમનિ સુરતિ સમાની;
કહંહિ કબીર સુનહુ હો સંતો, બૂઝહુ પંડિત જ્ઞાની. ૪

<u>શબ્દાર્થ:—</u>

( ૧ ) હઠયોગિયોની યોગ લીલાને બતાવવામાં આવે છે. હે અબધૂ ! હે યોગિયો ! તમે તમારા નિજરૂપને ભૂલીને એ મિથ્યા લીલાને તત્ત્વ સમજી તેમાંજ લપેટાઇ ગયા. તમારૂં આ કાર્ય તો લૌકિક દ્દષ્ટિથી પણ વિપરીત જેવું માલૂમ પડે છે. કેમકે વરઘોડા ( બારાત ) માં વાજાં વાગે છે, અને સાજન લોકો નાચે છે. પરંતુ આપની યોગલીલામાં તો “ નાચે બાજન બાજુ બરાતા ” સાજન લોક સ્વયં વાજાં બનીને વાગે છે, અને વાગવાવાળાં વાજાં નાચ કરે છે આ સાંકેતિક અવળી વાણીનો અર્થ એવો છે કે, બ્રહ્માંડમાં પ્રાણોને રોકવાથી દશ પ્રકારના અનહદ શબ્દ ઉઠયા કરે છે. એ નાના પ્રકારના શબ્દ એજ વાજાં છે, તેથી અભ્યાસ કાલમાં નાચે છે. અર્થાત્ પોત પોતાનાં રૂપ પ્રગટ કરે છે. અને સાજન રૂપ યોગિયોનાં જે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શારીરિક તત્ત્વ છે તે વાગે છે. ભાવ એવો છે કે, દશ પ્રકારના અનહદ શબ્દ પાંચે તત્ત્વોની ભિન્ન ભિન્ન ધ્વનિ ( ઝણકાર ) છે. એ કેવી ઉલટી લીલા છે. ( ૨ ) વળી આગળ જોઈએ કે, લૌકિક વિવાહ માંતો વરરાજાના મસ્તક પર મૌર ( મુગટ ) રાખવામાં આવે છે, પરંતુ આપની યોગ લીલામાં તો " મૌરકે માથે દુલહા દીન્હો " અર્થાત્ મૌરને માથે તો ઉલટો વરરાજાને બેસાડી દીધો છે. એટલે કે મોર ( નાગિની–કુંડલિની શક્તિ ) ના મસ્તક પર અભ્યાસ દ્વારા દુલહા ( જીવ ) ને બેસાડી દીધો છે. ભાવ એવો છે કે, નાભી ચક્રના નીચે નાગિની ( કુંડલિની શક્તિ ) નો નિવાસ છે, અને તેનું મુખ નીચેની બાજુ રહે છે. તેથી તે નાભીચક્રના દ્વારને રોકીને રહેલી છે. એ કારણથી અભ્યાસ કાલમાં યોગિઓના પ્રાણ ઉપરના ભાગમાં ચઢી શકતા નથી. જ્યારે યોગી લોકો પાંચ હજાર કુંભક કરી લે છે, ત્યારે કુંડલિની ઉલટી જાય છે. નાગણીનું મુખ ઉપર થવાથી યોગિઓના પ્રાણ બ્રહ્માંડમાં ચઢી જાય છે, અને સમાધિ લાગી જાય છે. સમાધિ દશા પ્રાપ્ત થવાથી નાના પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થતી જાય છે, અને સિદ્ધિઓના બળથી યોગી લોકો નાના પ્રકારની અકથનીય કથાઓને કહેવા લાગે છે. એ કારણથી સિદ્ધિયોનો અહંકાર પણ તેમનાં હૃદયમાં વધી જાય છે. અને અહંકાર વધવાથી " મંડવે કે ચારણ સમધી દિન્હોં " અર્થાત્ ( સમધી ) અહંકાર ઉદય થવાથી હૃદય ( મંડવે ) માં વિચરવા વાળા ( ચારણ ) કામ ક્રોધાદિકોને જન્મ આપ્યો. એટલે કે નાના પ્રકારના ભોગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભોગવાનું સાધન તૈયાર થયું. કંઇ પુસ્તકોમાં એવો પણ પાઠ છે કે "મંડવે કે ચાદન સમધી દીન્હા" અર્થાત શરીર (મંડવે) ની છત્ત (ચાદન) ઉપર ચેતન (સમધી) ને રાખ્યું. એટલે કે આત્મ વિમુખ થઇને શરીરાસકત થઇ ગયા. એ પ્રકારે આ યોગીઓની યોગલીલા તો અનર્થ કરવાવાળી નિવડી. કેમકે "પુત્ર બિઆહલ માતા" અર્થાત્ પુત્રે (જીવાત્માએ) પોતાની માતા (માયા અથવા અવિદ્યા) ની સાથે વિવાહ કરી લીધો. તાત્પર્ય એવો છે કે યોગી લોકો ભારી મોટી ભૂલમાં ફસાઇ ગયા, કેમકે જ્ઞાન વિના એ યોગની ક્રિયાઓથી અવિદ્યા કદી પણ દૂર થઇ શકતી નથી. ઉલટા પ્રથમ કરતાં પણ અધિક યોગીઓ અહંકારાદિક અવિદ્યાના પડેપડમાં ફસાઇ જાય છે. (૩) આ હઠયોગીઓએ જીવાત્માની સુમતિ (દુલહિન) રૂપી શકિતનો તો તદ્દન લોપ કરી નાખ્યો છે. અને તેને બદલે તેના સ્થાન ઉપર નાના પ્રકારની વિટંબનાને બેસાડી દીધી છે. અને તેમ છતાં પણ પોતે પોતાને નિર્ભય સમજે છે, અને કહે છે કે અમે તો જરા અને મૃત્યુને જીતી લીધાં છે. સદ્ગુરૂ કહે છે કે, ઉકત વિવાહમાં એવું એક ભારી કૌતક બની ગયું છે કે, નાના પ્રકારની સિદ્ધિઓ રૂપ વ્યંજનોની લાલસાથી યોગસાધન રૂપ જાન (બારાત) માં એકઠા મળેલા યોગી રૂપી જાનૈયાઓને ઉલટા ભોગ વાસના રૂપ વાસી ભાતેં જ ખાઇ નાખ્યા. આ જુઓ કેવી કુશળતા બની રહી ! ભાવાર્થ એવો છે કે, સિદ્ધિઓના ભૂખ્યા યોગીઓને આત્મ-જ્ઞાનાદિ કંઇ સૂજતું નથી. ઠીક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાત છે કે, " बुमुक्षितं न प्रतिभाति किंचित् " અર્થાત્ ભૂખ્યાને કશ્યું સૂજતું નથી. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, હે સન્તો ? આપ લોકો સાંભળો; અને હે જ્ઞાની પંડિતો ! આપ લોકો સમજો, આ એક મોટા આશ્ચર્યની વાત છે કે, હઠયોગી જ્યારે સુષુમ્ણા ચાલે છે, ત્યારે પોતાની સુરતિને બ્રહ્માંડમાં ચઢાવીને ત્યાં સંભળાતા અનાહત શબ્દમાં તેને જોડે છે. એ કારણથી અવિદ્યાની સાથે પાણી–ગ્રહણ ( વિવાહ ) થયા બાદ યોગીઓને નાના પ્રકારનાં શરીર ધારણ કરવાં પડે છે. અને તેનું રક્ષણ પણ કરવું પડે છે. આ યોગીઓની વિવાહ લીલા છે. લૌકિક વિવાહમાં તો પ્રથમ માંડવો બાંધવો પડે છે, અને પછી વિવાહ થાય છે. પરંતુ આ લોકોનું તો સઘળું કામ ઉલટાઇ ગયું છે. ભાવાર્થ એવો છે કે યોગી લોકો અચેતન શબ્દાદિકની આત્મભાવથી ઉપાસના કરે છે, એટલા માટે અવિદ્યાના અંધકૂપમાં પડી જાય છે. અને અવિદ્યાના સંબંધથી નાના પ્રકારનાં શરીરો ધારણ કરતા રહે છે.

---

## શબ્દ ૨૬. [ ભકિત–વિચાર. ]

મૂલઃ—

**ભાઇરે બહુત બહુત કા કહિયે, બિરલે દોસ્ત હમારે;**
**ગઢન ભંજન સવારન આપે, રામ રખે ત્યોં રહિયે. ૧**
**આસન પવન યોગ શ્રૃતિ સુમૃતિ, જયોતિષ પઢિ બૈલાના;**
**છો દર્શન પાખંડ છાનવે, યે કલ કાહુ ન જાના. ૨**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આલમ-દુનિ સકલ ફિરિ આયે, એકલે જિઉહિ ન આના
તજિ કરિગહ જગત ઉચાયો, મન મહં મન ન સમાના. ૩
કહંહિં કબીર યોગી ઔ જંગમ, ફીકી ઇન કિ આસા;
કહંહિં કબીર યોગી ઔ જંગમ, ફીકી ઇન કિ આસા;
રામહિં નામ રટૈ જયોં ચાતક, નિશ્ચય ભક્તિ નિવાસા. ૪

શબ્દાર્થ:—

(૧) હે ભાઇ ! કોઇ વિરલાજ અમારા મિત્ર છે, તેનાથી અધિક શું કહી શકાય ! (મિત્ર એ છે કે,) જે ભક્તિ ભજનને સંભાળે. આત્મ સમર્પણ ભાવ એ છે, બનાવીને બગાડે, અને ફરી સુધારવા વાળા રામ જ છે, એમ સમજી ને "રામ રાખે તેમ રહિયે, હારિયે ન હિમત બિસારિયે ન હરીનામ" "જેહી બિધિ રાખે રામ તાહી બિધિ રહિયે" એટલે કે રામ રાખે તેમ રહે. (૨) લોકો આસન, પ્રાણાયામ, યોગ શ્રુતિ સ્મૃતિ, અને જ્યોતિષ ભણીને પાગલ થઇ જાય છે, અર્થાત્ અહંકારથી પ્રમત્ત થઇ જાય છે. ષટ શાસ્ત્ર અને યોગી, જંગમ, સેવડા, સંન્યાસી અને દરવેશ આદિ વેષધારી પણ ષટ દર્શન (વેષ) કહેવાય છે. દેહાત્મ-વાદી આદિક નાસ્તિક-પાખંડિઓના પણ ન્યારા ન્યારા ભેદ છે. તેઓમાંથી કોઇએ આ યુક્તિ (સાચી ભક્તિ) ને જાણી નહીં. (૩) સકળ સંસારમાં ભ્રમણ (તિર્થાટન) કરી આવ્યા. કરિગહ=શરીરાદિ સંઘાત. આત્મ શુદ્ધિ (સંયમ) છોડીને અનેક પાખંડોમાં લાગી ગયા, પરંતુ મનનો નિરોધ કર્યો નહીં. (૪) કબીર સાહેબ કહે છે કે, યોગી અને જંગમની આશા અનાત્મરત હોવાના કારણથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રીકી છે, યદિ ચાતક પક્ષીની માફક રામ નામના ઉપાસક સમજ પૂર્વક પ્રેમ-પાદકને પલ્લવિત કરવાને માટે નામનું રટણ કર્યા કરે છે, તો તેને નિશ્ચિત રૂપથી પ્રેમ-લક્ષણા ભક્તિનો આશ્રય મળી જાય છે.

---

શબ્દ. ૨૭. [ વિશ્વાત્મ-દર્શન, જ્ઞાન લક્ષણા ભક્તિ ]

મૂલઃ—

**ભાઇ રે અદભુદ રૂપ અનુપ કથા હૈ, કહૌં તો કો પતિયાઇ;**
**જહં જહં દેખોં તહં તહં સોઇ, સબ ઘટ રહલ સમાઇ. ૧**
**લક્ષ બિનુ સુખ દરિદ્ર બિનુ દુઃખ, નીંદ બિના સુખ સોવૈ;**
**જસ બિનુ જયોતિ રૂપ બિનુ આશિક, (એસે) રતન બિહૂના રોવૈ. ૨**
**ભ્રમ બિનુ ગંજન મનિ બિનુ નીરખ, રૂપ બિના બહુ રૂપા;**
**થિતિ બિનુ સુરતિ રહસ બિનુ આનંદ, એસો ચરિત અનૂપા. ૩**
**કહંહિ કબીર જગત હરિ માનિક, દેખહુ ચિત્ત અનુમાની;**
**પરિહરિ લાખોં લોગ કુટુમ સબ, ભજહુ ન સારંગપાની. ૪**

શબ્દાર્થઃ—

ભાઇ! અદભુત રૂપ અને અનૂપમ કથા છે. કહું તો કોણ વિશ્વાસ કરશે. જ્યાં જ્યાં જોઉં છું, ત્યાં ત્યાં તે દરેક ઘટમાં સમાઇ રહ્યો છે. ( ૨ ) તે લક્ષ ( રામ ) વિના ધનનું સુખ છે, અથવા જ્ઞાનીને તેની પ્રાપ્તિ વિના સુખ છે, અને અજ્ઞાનીને વિના ખોયે દુઃખ છે. અને તેને પ્રાપ્ત કરીને જીવન્મુક્ત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( સમાધિસ્થ ) નિદ્રા લીધા વિના સુખથી સુવે છે. " शेते सुखं कस्तु समाधिनिष्ठः " ( शंकराचार्य ) અર્થાત સમાધિ નિષ્ઠ પુરૂષ ( જીવન્મુકત ) સુખથી સુવે છે. જે " તત્ત્વ " વિના યશનો પ્રકાશ છે. અને તેના જ્ઞાતાં વિના પણ રૂપ ( આકાર ) નું પ્રેમી થાય છે. આ રત્ન નહીં મળવાથી અજ્ઞાની લોકો હોતા રહે છે. એટલે કે સદા અપ્રસન્ન રહે છે. ( ૩ ) સ્વરૂપમાં ભ્રમના વિના તેની નિવૃત્તિ થાય છે. અને મણીના વિના તેની પરિક્ષા (પરખ) થાય છે અને તે આત્મદેવ રૂપ વિના અનંત રૂપ વાળો છે. સુરતિ વિના જેની સ્થિતિ છે. અને લીલા વિનાનો આનંદ છે. એવું જેનું અદ્વિતીય અને વિચિત્ર ચરિત્ર છે. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, ચિત્તને શુદ્ધ કરીને સર્વત્ર વિદ્યમાન હરિરૂપ રત્નને જુઓ. આપ લોકો સાંસારિક મોહ મમતાને છોડીને અભય કારક શાંર્ગ–પાણિ ( રામ ) ને કેમ ભજતા નથી ?

---

## શબ્દ ૨૯. [ વાણી વિસ્તાર ]

મૂલઃ—

ભાઈરે ગૈયા એક બિરંચિ દિયો હૈ, ગૈયા ભાર અભાર ભૈ ભારી;
નૌ નારીકો પાનિ પિયતુ હૈ, તૃષા ન તૈયો બુઝાઈ. ૧
કોઠા બહત્તરિ ઔ લૌ લાવે, બજ્ર કેંવાર લગાઈ;
ખુંટા ગાડિ દવરિ દઢ બાધેઉ, તૈયો તોરિ પરાઈ. ૨
ચારિ વૃક્ષ છઉ શાખા વાકે, પત્ર અઠારહ ભાઈ;
એતિક લૈ ગમ કીહિસિ ગઇયા, ગૈયા અતિ હરહાઈ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇ સાતોં ઔરે હૈં સાતોં, નૌ ઔ ચૌદહ ભાઈ;
એતિક ગૈયા ખાય બઢાયો, ગૈયા તૌ ન અઘાઇ. ૪
પુરતા મહ રાખી હૈ ગૈયા, સેત સીંગિ હૈ ભાઈ;
અબરન બરન કિછૌ નહિં વાકે, ખદ્ધ અખદ્ધહિં ખાઈ. ૫
બ્રહ્મા બિસ્નુ ખોજિ કૈ આયે, શિવ સનકાદિક ભાઈ;
સિદ્ધ અનંત વાકે ખોજ પરે હૈં, ગૈયા કિનહુ ન પાઈ. ૬
કહંહિં કબીર સુનહુ હો સંતો, જો યહ પદ અરથાવૈ;
જો યહિ પઢકો ગાય બિચારૈ, આગે હોય નિરબાહૈ. ૭

શબ્દાર્થ;—

(૧) હે ભાઇઓ ! બ્રહ્માએ મનુષ્યોના સર્વ કાર્યોની સિદ્ધિને માટે વાણીરૂપ એક ગાય આપી છે. તેથી વાણી-રૂપ ગાયથી પરમાર્થ–સિદ્ધિરૂપ દૂધ લેવું ઉચિત હતું, પરંતુ લોકોએ તો અસદ્ વાણીનો એટલો પ્રપંચ વધારી દીધો કે ઉક્ત વાણીરૂપી ગાયને ધારણ પોષણ કરવાનું તેમનેજ કઠિન થઇ પડયું. કેમકે " ગૈયા ભાર અભાર ભૌ ભારી " બોલ-વાથી સ્વાસા વાણીસાં પરિણત થઇ જાય છે, એટલે સ્વાસાને પણ ગાય કહે છે. યોગીઓની એ સ્વાસ રૂપી ગાય અભ્યાસ કાલમાં નવ નારીનું પાણી પીએ છે અર્થાત્ નવે નાડિયોમાં યોગીઓની ઇચ્છા અનુસાર ભ્રમણ કરે છે અને નાડિઓમાં નાના પ્રકારના રસ રૂપી પાણીને સદા પીતી રહે છે, તો પણ તેની તૃષા બંધ થતી નથી. (૨) ત્યાર બાદ યોગી લોકો બહોંતેર કોઠાઓ ( શરીરનાં અંદરનાં સ્થાનો ) માં પ્રાણવાયુને ફેરવીને વજ્ર કમાડ લગાવે છે. ( આંખ, કાન, નાક અને મુખને વિશેષ પ્રકારથી બંધ કરવાને વજ્ર કમાડ લગાડવું એમ કહેવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે છે. ) વજ્ર કપાટ લગાડયા પછી " ખુંટા ગાડી દવરિ દ્રિઢ બાંધેઉ " પ્રાણોના આયામથી સહસ્ત્રાર ચક્રમાં બ્રહ્મજ્યોતિનો જે પ્રકાશ થાય છે, તે ખુંટો છે, કેમકે પ્રાણોની ગતિ સહસ્ત્ર દલ-કમલ સુધીજ છે. અને આ સ્થાન જ્યોતિસ્વરૂપ (નિરંજન) નું છે. એટલે અહિં સુધીજ હઠયોગીઓની ગતિ છે. તેથી અગાડિ અષ્ટમ સુરતિ કમલ છે, જેને સંત-મત અનુસાર અભ્યાસ કરવાવાળા પ્રાપ્ત કરે છે. સમાધિ લગાવીને (હઠ) યોગી લોકો તે ખુંટા (ખીલા) ની સાથે શ્વાસા રૂપ ગાયને બાંધી દે છે. તથાપિ વ્યુત્થાન કાલમાં (સમાધિ ખુલી જતાં) નિરોધ રૂપ રસ્સીને તોડીને તે ગાય ભાગી જાય છે. ભાવ એવો છે કે, સ્વરૂપના પરિચય વિના કેવલ હઠ યોગદ્વારા સમાધિ લગાવીને યોગી લોકો મૂર્છિત સર્પની માફત સમાધિ કાલમાં રહે છે. પશ્ચાત્ વ્યુત્થાન કાલમાં તેમની ભોગ વાસનાઓ ફરી જાગૃત થઇ જાય છે. ( ૩ ) હવે વાણીરૂપ ગાયનો પ્રપંચ બતાવે છે. વાણીએ ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણોને વ્યાપ્ત કરી લીધાં છે. તેમાં ચાર વેદ તો મોટાં સ્થાઇ વૃક્ષોની માફક મુખ્ય છે, અને શાસ્ત્રો તથા પુરાણો શાખા અને પત્ર રૂપે ગૌણ છે. આ વાણીરૂપ ગાયે "ઐતિક લૈ ગમ કિહિસિ" અર્થાત્ આ વેદાદિકને લઇનેજ છોડયા. એ વાણી-ગાય ઘણી હરાડી છે. અર્થાત્ અનાત્મ ( પ્રપંચ ) રૂપ બીજાઓનાં ક્ષેત્રો (ખેતરો) માં સદૈવ ખાયા કરે છે. વાણી અનાત્મ-પદાર્થોને જ વિષય કરે છે. તાત્પર્ય એવું છે કે, આત્મ-તત્ત્વ વેદાદિક વાણીથી પર છે, કેમકે જેને મન વિષય કરે છે, તેને વાણી પણ વિષય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બનાવે છે. આત્મા સ્વસંવેદ્ય છે. એટલે વાણી તેનાથી પરાંગ-મુખ થઈને અનાત્મ-વસ્તુઓને જ વિષય કરતી રહે છે. શ્રુતિએ પણ એજ વાત બતાવી છે કે, "यतोवाचो निवर्तन्ते अप्राप्य मनसा सह" અર્થાત દેહાદિક વાણી આત્માને વિષય કરી શકતી નથી. (૪) એ વાણીનો પ્રસાર બતાવ્યો. વળી પણ વિશેષમાં કહે છે કે, "ઈ સાતોં ઔરો હૈં સાતોં ઓ ચૌદહ ભાઈ" ષટ્ ચક્ર અને સાતમું સહસ્રાર અને પાંચ તત્ત્વ, મહત્, તથા અહંકાર એ સાત આવરણ છે. એ સર્વ વાણીના વિષય છે. અને નવ વ્યાકરણ, તેમજ ચૌદ વિદ્યા એ સર્વને વાણી રૂપ ગાયે ચરી નાખ્યાં, તોપણ તે સંતુષ્ટ થઈ નહીં. ભાવ એવો છે કે, એ સર્વ વાણી માત્ર છે. પરમાર્થ-તત્ત્વ તો એ સર્વથી પૃથક્ છે. તેથી તેને પ્રાપ્ત કરવું જોઈએ. (૫) "પુરતા મેં રાતી હૈ ગૈયા સેત સીંગિ હૈ ભાઈ," હવે માયાનું કાર્ય-જુદા જુદા લોકોનો, ગાયના અંગ-પ્રત્યંગ રૂપથી વર્ણન કરે છે કે, આ માયા રૂપી ગાયનો મધ્ય ભાગ (પુરતા) અર્થાત્ માયાનું કાર્ય મધ્યમ-લોક, રજો ગુણ પ્રધાન છે, અને તેનાં શીંગડાં રૂપ સ્વર્ગાદિક લોક સત્વ ગુણ પ્રધાન છે. અને તેની ખરીઓના સ્થાન રૂપ નીચેના લોક તમો ગુણ પ્રધાન છે. આ ત્રિગુણાત્મક માયાના ત્રણ ગુણોથી ત્રણે લોકોની રચના થાય છે, જે સંબંધમાં અન્યત્ર વર્ણન કરવામાં આવ્યું કે, उर्ध्वं सत्व त्रिशालस्तमोविशालश्च मुल्तः सर्ग : । मध्ये रजोविशालो ब्रह्मादिस्तम्ब पर्यन्त : ॥" અર્થાત્ ઉપરના લોક સત્ત્વ પ્રધાન, મધ્યના રજઃ પ્રધાન અને નીચેની રચના



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમઃ પ્રધાન છે. " અવરન બરન કિછો નહિં વાકે " માયાનું સ્વરૂપ નથી વર્ણ્ય કે નથી અવર્ણ્ય, અર્થાત્ માયા સત્ય અને અસત્યથી વિલક્ષણ–અનિર્વચનીય છે. અને એ માયા " ખદ " ખાદ્ય ( અશુભ કર્મો ) અને " અખદ " અખાદ્ય ( શુભ કર્મો ) બન્નેને ખાઇ જાય છે. ભાવાર્થ એવો છે કે, શુભ કર્મ અને અશુભ કર્મ એ બન્ને માયાની બેડી છે. " કહંહિ કબિર યે દોનો બેરી, કોઇ લોહા કોઇ સોના કેરી " ( ૬ ) ઉકત માયા રૂપ ગાયને ખોળી કાઢીને તેનું સ્વરૂપ જાણવાને માટે બ્રહ્મા વિષ્ણુ આદિક દેવતાઓએ ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ ખોળ કરીને થાકી ગયા, છતાં તે ન મળી, કેમકે એ બ્રહ્માદિક અધિકારી–પુરૂષો માયાનુંજ કાર્ય છે. એટલે સ્વકારણ રૂપ માયાને કેવી રીતે જાણી શકે. અને આ વખતે પણ અનન્ત સિદ્ધ–લોકો, એ ગાયની ખોળમાં લાગ્યા છે, પરંતુ " ગૈયા કિનહું ન પાઇ. " અર્થાત્ " પૂરા કિનહું ન ભોગિયા ઇસકા યહી વિયોગ. " તાત્પર્ય કે સિદ્ધ લોકો નાના પ્રકારની સિદ્ધિઓમાં ભૂલી રહે છે, એટલે તેમની સાંસારિક વાસનાઓ નિવૃત્ત થતી નથી. " સિદ્ધ ભયાતો કયા ભયા, ચહું દિશિ ફૂટી બાસ, અંતર વાકે બીજ હૈ, ફિરિ જામન કી આસ. " ( ૭ ) કબીર સાહેબ કહે છે કે, હે સંતો ! આપ લોકો સાંભળો. જે આ પદ્યના અર્થનું નિર્ધારણ કરશે તેમજ વિચાર કરશે, એ સર્વ " આગે હોય નિરવાહે " અર્થાત્ માયાથી પર ( રહિત ) થઇને સંસાર સાગરથી પાર થઇ જશે.

**નવ નાડીયોનાં નમઃ**—ઇડા. ( ચંદ્ર નાડી–શરીરના ડાબા ભાગમાં ) પિંગલા ( સૂર્ય નાડી. શરીરના જમણા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગમાં. ) સુષુમ્ણા ( મધ્ય નાડી ) ગાંધારી ( ડાબા નેત્રની નાડી. ) હસ્તિ-જિંહ્વા. ( જમણા નેત્રની નાડી. ) પૂષા. ( ડાબા કાનની નાડી. ) પયસ્વિની ( જમણા કાનની નાડી. ) લકુહા ( ગુદા નાડી. ) અને અલમ્બુષા (લિંગ નાડી.) યદ્યપિ દસમી નાડી શંખિની નાભિ સ્થાનમાં છે. પરંતુ તે શ્વાસાનું મુખ્ય સ્થાન છે. એટલે તેને છોડીને નવ નાડી કહી છે, એટલા કારણ સર કંઇ વિરોધ જેવું નથી.

---

## શબ્દ. ૨૯. [બ્રહ્મ-જ્યોતિ-આદિક અનાત્મ-ઉપાસકોને ઉપદેશ.]

**મૂલઃ—**

ભાઇરે નયન-રસિક જો જાગૈ:
પાર બ્રહ્મ અવિગત અવિનાશી, કૈસહુ કે મન લાગૈ. ૧
અમલી લોગ ખુમારી તૃષ્ણા, કતહુ સંતોષ ન પાવૈ;
કામ ક્રોધ દોનો મતવાલે, માયા ભરિ ભરિ આવૈ. ૨
બ્રહ્મ કુલાલ ચઢાઇન્હિ ભાઠી, લૈ ઇન્દ્રીરસ ચાહૈ;
સંગહિં પોચ હૈ જ્ઞાન પુકારૈ, ચતુરા હોય સો પાવૈ. ૩
સંકટ સોચ પોચ યહ કલિમહં, બહુતક વ્યાધિ શરીરા;
જહાં ધીર ગંભિર અતિ નિશ્ચલ, તહં ઉઠિ મિલહુ કબીરા. ૪

**શબ્દાર્થઃ—**

( ૧ ) હે ભાઇ ! કદિ જો જ્યોતિદર્શનની અભિલાષી અર્થાત પ્રેમની મતવાલી આંખો જાગી જાય તો કોઇને કોઇ પ્રકારે જ્ઞાન સ્વરૂપ અને અવિનાશી પરબ્રહ્મમાં મન લાગી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાય. ( ૨ ) અનાત્મ–વ્યસની લોકો ઇન્દ્રિયોના વિષય ભોગના નિશામાં ચકચુર છે, તેથી તેમની લાલચની ખુમારી ગઇ નહીં. એટલે સંતોષ કેવી રીતે પ્રાપ્ત થાય ! કામ ક્રોધ બન્ને મતવાલા છે, અને માયા વિષયોના પ્યાલા ભરી ભરીને પિવડાવે છેઃ—

" યહ માયા જૈસે કલવારિન, મદ્ય પિલાય રાખૈ બૌરાઇ, "
એકતો પડા ધુલમેં લોટે, એક કહૈ ચોખી દે માઇ.

( ૩ ) બ્રહ્મરૂપી કલાલે ભઠ્ઠી ચઢાવી રાખી છે, અર્થાત્ રજોગુણ રૂપ કલાલે વિષય રૂપ વારૂણીની ભઠ્ઠી ચઢાવી રાખી છે. " काम एष क्रोध एष रजोगुण समुम्द्‌व : " ( गीता. ) તેથી ઇન્દ્રિયો વિષય રસની મદિરા લઇ લઇને પી રહી છે. કુત્સિત મનનો સંગ છુટતો નથી તેથી તેવી બેશુદ્ધ અને મસ્ત દશા હોવા છતાં પણ મિથ્યા જ્ઞાનીઓ–જ્ઞાન ના પોકારો પાડતા રહે છે. કોઇ ચતુર મનુષ્ય હોય તો એ પરિસ્થિતિમાંથી બચી શકે, અને આત્મ–સ્વરૂપનો સ્વાનુભવ કરી શકે. ( ૪ ) આ કલિયુગમાં દુખ અને કલેશ ઘણાં છે, અને શરીરના રોગો પણ ઘણા વધી ગયા છે. માટે એ અજ્ઞાનિયો ! તમે લોકો નિશ્ચલ એવા નિજરૂપનો સાક્ષાત્કાર કરો.

---

## શબ્દ ૩૦ [ રામ અને રહીમની એકતા. ]

મૂલઃ—

ભાઈ રે દુઇ જગદીશ કહાંતે આયા, કહુ કૌને ભરમાયા;
અલ્લાહ રામ કરીમા કેશવ, હરિ હજરત નામ ધરાયા. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગહના એક કનક તે ગહના, યામેં ભાવ ન દૂજા;
કહન સુનન કો દુઈ કર થાપે, ઇક નિમાજ ઇક પૂજા. ૨
વોહી મહાદેવ વોહી મહમ્મદ, બ્રહ્મા આદમ કહિયે;
કો હિન્દુ કો તુરૂક કહાવે, એક જિમીંપર રહિયે. ૩
બેદ કિતેબ પઢેં વે કુતુબા, વૈ મુલના વૈ પાંડે;
બેગરિ બેગરિ નામ ધરાયે, એક મટ્ટી કે ભાંડે. ૪
કહંહિં કબીર વૈ દુનાં ભૂલે, રામહિં કિનહું ન પાયા;
વૈ ખસ્સી વૈ ગાય કટાવેં, બાદહિં જન્મ ગંવાયા. ૫

શબ્દાર્થ:—

(૧) હે ભાઇ! બે માલિક (જગદીશ) અર્થાત્ જગતના ઇશ્વર ક્યાંથી આવ્યા? કહોતો આ ભ્રમણામાં તમોને કોણે નાખ્યા? 'અલ્લાહ, રામ, કરીમ, કેશવ, હરિ અને હજરત એવાં જુદાં જુદાં નામ કોણે ધરાવ્યાં? (૨) એકજ સુવર્ણનાં જુદા જુદા ઘાટ–ઘરેણાં ઘડાયાં છે, તેમાં સુવર્ણ શિવાય બીજી કોઇ વસ્તુ નથી. કહેવા સાંભળવાને માટે બે જુદા કરી માની લીધા. એક નિમાજ કરે છે, અને બીજા પૂજા કરે છે. (૩) એજ મહાદેવ અને એજ મહમ્મદ. બ્રહ્મા અને આદમ પણ એકજ કહીયે. કોણ હિન્દુ અને કોણ મુસલમાન કહેવાય! કારણ એકજ ધરતી પર રહીયે છીએ. (૪) ઘણી જ કિતાબો (પુસ્તકો) રાખવાવાળા અને અધ્યયન કરવાવાળા તે કુતબા કહેવાય છે. જેવા મૌલાના તેવાજ પંડિતો, અલગ અલગ નામ ધરાવ્યાં છે, પરંતુ એકજ માટીનાં બધાં વાસણો બન્યાં છે. (૫) કબીર સાહેબ કહે છે કે, એ બન્ને (હિંદુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને મુસલમાન ) ભૂલ્યા. રામ કોઇને પણ મળ્યા નહીં. એક બકરાને કપાવે છે, અને બીજો ગાયને કપાવે છે. એ રીતે મનુષ્ય જન્મ વ્યર્થજ ગુમાવ્યો.

---

શબ્દ. ૬૧ [ પ્રપંચી ગુરૂઓની સંગતિનું ફલ. ]

મૂલ—

હંસા સંશય છુરી કુહિયા, ગૈયા પિયે બછરૂવહિં દુહિયા. ૧
ઘર ઘર સાવજ કરૈ અહેરા, પારથ ઓટા લેઈ;
પાની માંહિં તલફિ ગૈ ભૂંભુરિ, ધૂરિ હિલોરા દેઇ. ૨
ધરતી બરસૈ બાદર ભીંજૈ; ભીંટિ ભયે પૈરાઊ;
હંસ ઉડાને તાલ સુખાને, ચહલે બિંધા પાંઊ. ૩
જો લગિ કર ડૌલૈ પગુ ચાલૈ તો લગિ આસ ન કીજૈ;
કહંહિં કબીર જેહિ ચલત ન દીસૈ, તાસુ બચન કા લીજૈ. ૪

શબ્દાર્થ:—

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, ચિદાકાશમાં તથા નિજાનંદ–સાગરમાં વિહાર કરવાવાળા હે હંસા (જીવ) તું–અનાત્મ પદાર્થોમાં ગુંચવી રાખવાવાળા–પ્રપંચી ગુરૂઓની વાણી રૂપી જાલમાં ફસાઇ ગયો. એટલા કારણથી તારા કલેજામાં સંશય રૂપી છરી લાગી ગઇ, અર્થાત્ કુસંગ વશ–ઉલટું જ્ઞાન થવાથી તુ પ્રપંચમાં અનુરકત થઇ ગયો છે, તેથી નાના પ્રકારના શોક સંતાપ અને સંશય તને લાગી ગયાં છે, આકાશમાં ઉડવાવાળા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હંસને છરી લાગે એ મોટા આશ્ચર્યની વાત છે. વળી પણ અચરજની વાત જુઓ. “ ગૈયાં પિવૈ વછરૂવહિં દુહિયા.” જ્યારે જીવ પ્રપંચમાં લપેટાઇ ગયો ત્યારે ગાયે (માયાએ) વાછરડાનું ( આ જીવનું ) જ્ઞાન રૂપી દુધ દોઇ પી લીધું. “માયા મોહ મોહિત કીન્હા, તાતે જ્ઞાન રતન હરિ લીન્હા.” ( બીજક. ) અર્થાત્ પ્રપંચમાં પડીને જીવ અજ્ઞાની થઇ ગયો. ( ૨ ) એ પણ એક આશ્ચર્યની વાત છે કે, સાવજ રૂપ મન સર્વના હૃદયોમાં જ્ઞાન વૈરાગ્યાદિનો આખેટ કરી રહેલ છે, અર્થાત્ મન સર્વને ભટકાવી રહ્યું છે. અને જે પારથ=પારધી ( વીર ) જીવાત્મા છે, તે અસદ્બોધના પરિણામે નાના પ્રકારના દેવતાઓની ઉપાસના રૂપી એથા નીચે પોતાની રક્ષા અને આશ્રય માટે છુપાય છે. વળી પણ જુઓ કે વંચક ગુરૂઓના ઉપદેશથી જીવોની ચિત્તવૃત્તિરૂપ માછલી એવી થઇ ગઇ છે કે, તે નિજાનંદરૂપ પાણીમાં તલફિ ગઇ, અર્થાત્ પરમ શાંતિરૂપ ઠંડુ પાણી તેને સંતાપકારી જણાવા લાગ્યું. અને જે ભુંભુરી=ધુલ ( ત્રીતાપ કરવાવાળી વિષય વાસના ) છે, તેમાં હીલોળા લેવા લાગી. અર્થાત્ આત્મ સુખથી વિમુખ થઇને વિષય સંતાપમાં પડી ગઇ. ( ૩ ) એ પણ એક અનોખીજ વાત છે કે, ધરતી ( બુદ્ધિ ) જે ધારણ કરવાવાળી છે, તે વરસે છે. અર્થાત્ બુદ્ધિ નાના પ્રકારના મત મતાંતરોનો નિશ્ચય કરે છે. અને બાદર ( અજ્ઞાની જીવ ) વરસતા તે પાણીથી ભીંજાય છે. અને જે ભીંત ( ઉંચી ભૂમિ ) જીવોનાં હૃદય છે, તે નાના પ્રકારના સંશયરૂપી જલમાં ડુબી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયાં છે. તેથી " ભયે પૌરાઊ " અર્થાત્ તરવા લાયક થઇ ગયાં છે, એ પ્રમાણે અજ્ઞાનતામાં પડેલા જીવોનો જ્યારે અન્ત સમય આવ્યો ત્યારે " હંસ ઉડાને તાલ સુખાને " અર્થાત્ હંસ ( જીવ ) જ્યારે શરીરને છોડીને ચાલ્યો ગયો ત્યારે તાલ ( શરીર ). શરીરરૂપી તલાવ સુકાઇ ગયું. જગત્માં તો તલાવ સુકાયા પછી હંસ ઉડી જાય છે. પરંતુ અહીંતો હંસના ઉડવાથીજ તલાવ સુકાય છે, એ કેવી વિચિત્ર વાત છે. હંસ સૂકા તલાવને છોડીને ઉડી તો ગયો, પરંતુ સરોવરનો પ્રેમ તેના હૃદયમાંથી ગયો નહીં. એ કારણથી બીજાં વિમલ અને પરિપૂર્ણ સરોવરનાં વિકસિત કમલ–વનોમાં સ્વચ્છંદ વિહાર કરવાને માટે તેને જવું પડયું. આવા અભિપ્રાયથી એમ કહ્યું છે કે " ચહલે બિધા પાંઊ " અર્થાત્ ઉક્ત હંસના પગ ઉડતી વખતે ચહલે= વાસના–પંકમાં બિંધા=ફસાઇ ગયા. એટલા માટે પૂર્ણ સ્વતંત્ર થઇ શકયો નહીં. ભાવ એવો છે કે, આ હંસ ( જીવ ) નાના પ્રકારના વિષય ભોગોમાં આસક્ત થઇને જુદી જુદી યોનિઓમાં ભ્રમણ કરતોજ રહે છે. જ્યાં સુધી સદ્ગુરૂના શરણમાં આવીને પોતાના શુદ્ધ સ્વરૂપનો પરિચય કરતો નથી, ત્યાં સુધી ભવચક્રમાં ભ્રમણ કરવાનું છુટતું નથી.

" હંસા સરવર તજિ ચલા, દેહી પરિગૌ સૂન;
કહંહિ કબીર બિચાર કે, તેઈ દર તેઈ શુન. "

( ૪ ) હવે વિવેકની આવશ્યકતા, અને સદ્ગુરૂનો પરિચય આપે છે કે " જાં લગિ કર ડાલૈ પગુ ચાલે તો લગિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આસન કીજે, કહંહિ કબિર જેહિ ચલત ન દીસૈ તાસુ બચન કા લીજે " કબીર સાહેબ કહે છે કે, હે ભાઇઓ ! બીજાઓના પ્રલોભનમાં આપ પડો નહીં. કેમકે આ જીવ સ્વયં કર્મ કરતા છે, અને સ્વયં તેનાં ફલોને પણ ભોગવે છે. એટલે સ્વયં અજ્ઞાન વશ થઇને સંસારમાં ભ્રમણ કરે છે. તથા જ્ઞાન પ્રાપ્ત થતાંની સાથે સ્વયં મુક્ત પણ થઇ જાય છે. એટલા માટે બીજાઓ તરફથી આપવામાં આવતી મુકતીની આશાને છોડીને પૂર્ણ પ્રયત્નથી જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધન–વિવેકાદિકોને ધારણ કરવાં જોઇએ. કે જેથી જ્ઞાનોદય થવાથી નિઃસંદેહ મુક્તિ મળી શકે, અને નાના પ્રકારની વિડંબનાઓમાં નાંખવા વાળા વંચક ગુરૂઓના વચનોને માનવાં નહીં. જેઓ પોતેજ સત્ય માર્ગ પર ચાલતા નથી, તો તેનાં વચનોને માનવાથી શું લાભ થવાનો હતો ? એટલા માટે ઉચિત તો એ છે કે,

" જૈસી કહૈ કરૈં પુનિ તૈસી, રાગ દ્વેષ નિરૂવારે;
તામેં ઘટૈ બઢૈં રતિયો નહિ, યહિ બિધિ આપ સંભારે.
કહા હમાર ગાંઠિ દૃઢ બાંધહુ, નિસિ બાસર રહિયો હુશિઆરા;
યે કલિ ગુરૂ બડે પરપંચી ડારિ ઠગૌરી સભજગ મારા. "

આ પદ્યમાં કેટલેક સ્થળે વિરોધાભાસ અલંકાર છે, કેમકે સાંભળવામાં તો આ પદ વિરૂદ્ધ જેવું માલૂમ પડે છે, પરંતુ અર્થ સમજવાથી વિરોધ દૂર થઇ જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ ૮૨. [ શિક્ષા અને વિવેક. ]

**મૂલઃ—**

**હંસા હો ચિત ચેતુ સકેરા, ઈન્હિ પરિપંચ કૈલ બહુતેરા. ૧**
**પાખંડ રૂપ રચિન્હિ ઇન્હિ તિરગુન, તેહિ પાખંડ ભૂલલ સંસારા;**
**ઘરકે ખસમ બધિક વૈ રાજા, પરજા કયા ઘૌં કરૈં બિચારા. ૨**
**ભક્તિ ન જાનૈ ભક્ત કહાવૈ, તજિ અમૃત વિષકૈ લિન્હ સારા;**
**આગે બડે ઐસહિ ભુલે, તિનહું ન માનલ કહા હમારા. ૩**
**કહલિ હમારી ગાંઠી બાંધહુ, નિશિબાસર રહિયો હુશિઆરા;**
**યે કલિ ગુરૂ બડે પરિપંચી, ડારી ઠગૌરી સબ જગ મારા. ૪**
**બેદ કિતેબ દુઈ ફંદ પસારા, તેહિ ફંદે પરૂ આપુ બિચારા;**
**કહંહિં કબીર તે હંસ ન બિસરે, જહિમા મિલન છુડાવનિહારા. ૫**

**શબ્દાર્થઃ—**

(૧) હે હંસ! (વિવેકીજનો!) સત્વરે ચેતો. આ વંચક (ભ્રમમાં નાંખવા વાળા) ગુરૂઓએ ઘણોજ પ્રપંચ આદર્યો છે. (૨) તેઓએ ત્રિગુણાત્મક પાખંડને રચ્યાં, અને એ પાખંડમાં સઘળો સંસાર ભૂલો પડયો. બ્રહ્મા જે આ બ્રહ્માંડના અધિષ્ઠાતા છે તેજ કાલના, બંધનમાં અજ્ઞાની દશામાં છે, તો પછી તેની પ્રજા રૂપ સર્વજીવો બિચારા શું કરે ? (૩) ભક્તિનો સાચો ભેદ સમજ્યા વિના ભકત કહેવડાવે છે, અમૃતને છોડીને સર્વ લોકોએ વિષને ગ્રહણ કરી લીધું. પહેલાં જે મહાન લોકો થઇ ગયા છે તેઓ પણ આ પ્રમાણે ભૂલી ગયા છે. કારણ કે તેઓમાંના કોઇએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમારૂં કહેવું માન્યું નહીં. ( ૪ ) કદિ અમારૂં કહેવું ગાંઠે બાંધતા હો અર્થાત્ માન્ય કરતા હો તો રાત્રિ દિવસ સાવચેત રહેો. આ કલિયુગના ગુરૂઓ મોટા ધુર્ત્ત અને પ્રપંચી છે. તેઓ પ્રપંચની જાલ પાથરીને સઘળા સંસારને મારી રહ્યા છે. ( ૫ ) વેદ અને કુરાન બન્નેએ જાલ ફેલાવી છે. એ ફન્દમાં પડેલા તમે પોતાનો વિચાર કરો. કબીર સાહેબ કહે છે કે, " જેને હું બંધનથી છોડાવનારો મળી ગયો, તે હંસ કદિ મારાથી વિખુટો થતો નથી. તે હમેશાં મારા અંગ સંગમાં છે."

---

## શબ્દ ૩૩. [ શરીર-વિયોગ-અંતિમ દૃષ્ય ]

મૂલ—

**(સુનુ) હંસા પ્યારે, સરવર તજિ કહાં જાય;**
**જેહિ સરવર બિચ મોતિયા ચુગત હોતે, બહુ બિધિ કેલિ કરાય. ૧**
**સૂખે તાલ પુરઇનિ જલ છાંડે, કંવલ ગયે કુમ્હિલાય;**
**કહહિં કબીર અબહીકે બિછુરે, બહુરિ મિલહુ કબ આય. ૨**

શબ્દાર્થ:—

( ૧ ) હે પ્યારા હંસ ( જીવ ) ! તું શરીર રૂપી તલાવને છોડિને કયાં ચાલ્યો ? એ તલાવની મધ્યમાં તું જ્ઞાન રૂપી મોતીનો ચારો ચરતો હતો, અને અનેક પ્રકારના ભોગ વિલાસોનું સુખ ભોગવતો હતો. ( ૨ ) મોટા શોકની વાત છે કે તલાવ સુકાઇ ગયું. ( એક પક્ષે ) નેત્રોમાંથી અશ્રુધારા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડતી બંધ થઇ અને કમલ રૂપ મુખ કરમાઇ ગયું. ( બીજે પક્ષે ) કમલના વેલાઓનો જળે ત્યાગ કરી દીધો. અને કમલ કરમાઈ ગયું. કબીર સાહેબ કહે છે કે, હે મારા હંસ ! આ વખતે વિખુટા પડેલા ફરી કોણ જાણે કયારે તમે વળશો ?

---

**શબ્દ ૩૪. [ નિજ ભકતોનાં લક્ષણ તથા હંસ સ્થિતિ. ]**

**મૂલઃ—**

**હરિજન હંસદશા લિયે ડોલૈં, નિર્મલ નામ ચુનિ ચુનિ બોલૈં. ૧**
**મુકતા હલ લિયે ચૈંાચ લોભાવૈં; મૌન રહૈં કી હરિ–જસ ગાવૈ. ૨**
**માન સરોવર તટકે બાસી, રામ ચરન ચિત અંત ઉદાસી. ૩**
**કાગા કુબુદ્ધિ નિકટ નહિં આવૈં, પ્રતિદિન હંસા દર્શન પાવૈં. ૪**
**નીર છીર કા કરૈ નિવેરા, કહંહિ કબીર સોઇ જન મેરા. ૫**

**શબ્દાર્થ:—**

( ૧ ) હરિજન હંસ સ્થિતિ પ્રાપ્ત કરીને નિજાનંદમાં મસ્ત રહે છે. અને અસત્‌માંથી સત્‌ને વિવેક વડે તારવી કાઢીને નિર્મલ નામનું ઉચ્ચારણ કર્યા કરે છે. ( ૨ ) મોતી–જ્ઞાનાદિક સદ્‌ગુણોની પ્રાપ્તિને માટે પોતાની વૃત્તિરૂપ ચાંચને ફેલાવે ( લંબાવે ) છે. કાંતો તે મૌન રહે છે, અથવા તો હરિના ગુણોનું ગાન કરતા રહે છે. ( ૩ ) માનસરોવર–શુદ્ધ મન રૂપ સરોવરના તટમાં નિવાન કરે છે. પોતાનું ચિત્ત રામના ચરણોમાં લગાડી રાખે છે. અને સંસારની બાજુમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદાસીન રહે છે. (૪) કાગની કુબુદ્ધિ તેના સમીપ જઈ શકતી નથી. એ હંસોને હંમેશાં આત્મ પરિચય અને વિવેકીઓનો સમાગમ થયા કરે છે. ( ૫ ) તેઓ દુધ અને પાણીના નિર્ણય રૂપ સત્યાસત્ય વસ્તુનો વિવેક કર્યા કરે છે. કબીર સાહેબ કહે છે કે, " આવા લોકો મારા સાચા ભકત અને હંસ છે. "

" સાધુ સન્ત તેઇ જના, ( જિન ) માનલ બચન હમાર "

---

## શબ્દ ૩૫. [ નામ-ઉપાસકોની ધારણા ]

**મૂલઃ—**

**હરિ મોરા પીઉ મૈં રામકી બહુરિયા, રામ બડામૈં તનકિ લહુરિયા. ૧**
**હરિ મોરા રહંટા મૈં રતન પિઉરિયા, હરિકે નામ લેત કાતતિ બહુરિયા. ૨**
**છવ માસ તાગ બરિસ દિન કુકુરી, લોગ બોલૈં ભલ કાતલ બપુરી. ૩**
**કહંહિ કબીર સૂત ભલ કાતા, ચરખા ન હોય મુકિત કે દાતા. ૪**

**શબ્દાર્થ—**

( ૧ ) હરિ મારા પ્રિયતમ છે અને હું તેની ( રામકી ) સ્ત્રી છું. રામ મોટા છે, અને હું તેનાથી ઘણી નાની છું. ( ૨ ) હરિ મારો ચરખો છે, અને હું અતિ સુંદર પૂણી છું. હરિનું નામ લઇને હું કાંતતી રહું છું. ( ૩ ) છ માસના સાદર અને નિરંતર ( રામ નામના જપ રૂપ ) અભ્યાસથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાહ્ય-વૃત્તિઓની ક્ષિણતા અને આન્તર-વૃત્તિઓના સંધાન રૂપ સૂતરિયો તાગડો બન્યો. અને એજ પ્રકારે એક વર્ષના અભ્યાસથી આન્તર-વૃત્તિ-પ્રવાહ તથા ધારણા ધ્યાન અને સમાધિ રૂપ કોકડી-સૂતરની આંટી તૈયાર થઇ. લોકો કહે છે કે એણે બહુ સારૂં કાંત્યું છે. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, જપયોગ રૂપ સૂતર કાંત્યું તો સારૂં, પરંતુ જ્ઞાન વિના કેવલ નામ રટણથી મુક્તિ થતી નથી. એટલે કે ચરખો મુક્તિનો દાતા થતો નથી.

" બિનુ દેખે બિનુ અરસ પરસ બિનુ, નામ લિયેકા હોઇ;
ધન કે કહે ધનિક જો હોવૈ, નિરધન રહે ન કોઇ. "

## શબ્દ ૩૬. [ મોહ-જાલ. ]

**મૂલ:—**

હરિ ઠગ જગત ઠગૌરી લાઇ, હરિ બિયોગ કસ જિયહુરે ભાઇ. ૧
કો કાકો પુરૂષ કૌન કાકિ નારી, અકથ કથા યમ દષ્ટિ પસારી. ૨
કો કાકો પુત્ર કૌન કાકો બાપા, કોરે મરૈ કો સહૈ સંતાપા. ૩
ઠગિ ઠગિ મુલ સબન કો લીન્હા, રામ ઠગૌરી કાહૂ ન ચીન્હા. ૪
કહુહિં કબીર ઠગસોં મન માના, ગઈ ઠગૌરી જબ ઠગ પહિચાના. ૫

**શબ્દાર્થ:—**

( ૧ ) હરિઠગ=હરિરૂપ ધનને ઠગવાવાળાં " મને " જગત્માં ઠગબાજી ફેલાવી છે. માટે એ જીવ ! હરિથી અલગ–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિમૂખ રહીને તું કેવી રીતે જીવી શકશે ? ( ૨ ) કોણ કોનો પુરૂષ ( પતિ ), અને કોણ કોની સ્ત્રી છે, એ અકથ કથા છે, મન રૂપ યમરાજે પોતાની ક્રૂર દૃષ્ટિ ફેલાવી રાખી છે. ( ૩ ) કોણ કોનો પુત્ર અને કોણ કોનો બાપ છે ? કોના મરવાથી કોને સંતાપ ( દુખ ) સહન કરવો પડે છે ? ( ૪ ) ઠગી ઠગીને સર્વનું જ્ઞાન રૂપી ધન હરિ લીધું. રામઠગ—મનની ઠગબાજીને કોઇ સમજી શક્યું નહીં. તેને કોઇ વિરલાજ સમજી શકે છે. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, જ્યારે ઠગની પુરતી રીતે પિછાન પડી ગઇ, ત્યારે તેનું ઠગવા પણું સર્વ જતું રહ્યું.

ભાવાર્થ:—

જે પ્રકારે ઠગને ઓળખી લેવાથી મનુષ્ય તેનાથી સચેત રહે છે, તેજ પ્રકારે મનની ફાંટાબાજીને જાણી લેવાથી આત્મધનને બચાવી શકાય છે.

---

## શબ્દ ૩૭. [ પ્રાણ-વિયોગ. ]

મૂલ:—

હરિ ઠગ ઠગત સકલ-જગ ડાલૈ, ગવન કરત મોસે સુખહું ન બોલૈ. ૧
બાલાપન કે મીત હમારે, હમહીં તજિ કહં ચલેઉ સકારે. ૨
તુમહિ પુરૂષ મૈં નારિ તુમ્હારી, તુમ્હરા ચાલ પાહનહું તે ભારી. ૩
માટી કા દેહ પવન કે શરીરા, હરિ ઠગ ઠગસે ડરહિં કબીરા. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

( ૧ ) ( કાયા અને પ્રાણ પુરૂષનો સંવાદ. ) સૂક્ષ્મ શરીરમાં મન અને પ્રાણોની પ્રાધાન્યતા હોય છે. જે પ્રાણોની પુષ્ટિ અને તુષ્ટિને માટે હરિભક્તિને પણ જલાંજલિ દેવી પડી હતી, તે પ્રાણ છેવટ પ્રયાણ કરતે સમય મુખથી બોલ્યા પણ નહીં. ( ૨ ) શરીર પ્રાણોને કહે છે કે, બાલ્યાવસ્થાથી તમે અમારા મિત્ર છો અને આમ એકાએક અમને છોડિને તમે કયાં જાઓ છો. ( ૩ ) તમે મારા પુરૂષ છો, અને હું તમારી સ્ત્રી છું. તમારી મનોદશા ( હૃદયની સ્થિતિ ) પથ્થરથી પણ ભારી છે. ( ૪ ) જે પ્રકારે માટીને છોડીને પવન ચાલ્યો જાય છે. તેજ પ્રકારે સ્થુલ શરીરને છોડિને સૂક્ષ્મ શરીર નીકળી જાય છે. હરિ ભક્તિથી વિમુખ કરાવવા વાળી આ પ્રાણપ્રીતિ અને મનની પ્રીતિરૂપ ઠગની ( ઠગ ) થી ઉપાસક—હરિભકતો સદેવ ડરતા રહે છે.

" ચલ દિયે પ્રાન કાયા રહે રોઈ; ચલદિયે પ્રાન.
મ જાનાં યહ સંગ ચલેગી, તેહિ કારન કાયા મલમલ ધોઇ.
ચલદિયે પ્રાન. "

---

શબ્દ. ૩૮ [ ગુરૂ-પદ. ]

મુલઃ—

હરિ બિનુ ભરમ-બિગુરચે ગંદા;
જહાં જહાં ગયે અપનપૈ ખોયે, તેહિ ફંદે બહુ ફંદા. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યોગી કહેં યોગહે નીકા, દુતિયા અવર ન ભાઈ;
ચુંડિત મુંડિત મૌનિ જટાધર, તિનહું કહાં સિધિ પાઈ. ૨
જ્ઞાની ગુની શૂર કવિ દાતા, ઈ જો કહેં બડ હમહીં;
જહાંસે ઉપજે તહાં સમાને, છુટિ ગયે સબ તબહીં. ૩
બાંયે દહિંને તજો બિકારા, નિજુકે હરિપદ ગહિયા;
કહેં કબીર ગૂગે ગુર ખાયા, પૂછે સો કયા કહિયા. ૪

શબ્દાર્થ:—

( ૧ ) હરિ ( સર્વ પાપ હારી નિજ પદ ) થી વિમુખ થઇને અજ્ઞાની લોકો મલિન ભ્રમ–પંકમાં ફસાઇ જાય છે. જ્યાં જ્યાં ગયો ત્યાં પોતે પોતાને (નિજ સ્વરૂપને) ખોઇ બેઠો. અને તેથી કરી ભ્રમના અનેક ફંદમાં ફસાઇ ગયો. ( ૨ ) યોગીલોકો કહે છે કે યોગમાર્ગ સર્વથી સારો છે, બીજો કોઇ માર્ગ સારો નથી. શિખા ધારી, સીર છોલ–બોડકું મુંડાવેલા સાધુ, મૌનિ જટાધારી એ સર્વમાંથી કોને સિદ્ધિ મળી ? કોઇને પણ નહીં. ( ૩ ) જ્ઞાની, ગુણી, શૂરવીર, કવિ અને દાતા એ સર્વજો એમ કહેતા અને માનતા હોય કે અમે મોટા છીયે તો તેઓ પણ જયાંથી ( જે માયામાંથી ) ઉત્પન્ન થયા તેમાંજ સમાયા. તેઓનો સર્વ અહંકાર જતો રહ્યો. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, “ બાંયે દહિને તજો બિકારા ” અપમાન અને માન ના ભાવને તથા વામ માર્ગ અને દક્ષિણ માર્ગને તેમજ ઇડા પિંગલાના માર્ગને છોડીને, પોતાનું અને જગતનું કલ્યાણ કરવાવાળું એવું હરિ–પદ ( ગુરૂ પદ ) પૂરતી રીતે સમજીને દૃઢતાથી પકડો. તે પદની પ્રાપ્તિનો પરમાનંદ સ્વ–સંવેદ્ય છે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એટલે તે કેવા પ્રકારનો આનંદ છે. તે કહી શકાતો નથી. એટલા માટે મૂંગાનું ઉદાહરણ આપવામાં આવેલું છે. મૂંગા મનુષ્યે ગોળ ખાધો અને પછી તેને કોઇ પુછે કે, ગોળનો સ્વાદ કેવો લાગ્યો તો મૂંગો જેમ વર્ણન કરી શકે નહીં તેવીજ રીતે આત્મ સાક્ષાત્કારના આનંદનું વર્ણન વાણીથી થઇ શકે નહીં. કેવલ અનુભવ ગમ્ય છે.

---

## શબ્દ. ૬૯ [ આત્મ-વિમુખતા. ]

મૂલઃ—

ઐસે હરિસોં જગત લરતુ હૈ, પંડુર કતહૂં ગરૂડ ધરતુ હૈ; ૧
મુંસ બિલાઈ કૈસનિ હેતૂ, જંબુક કરૈ કેહરિ સોં ખેતુ. ૨
અચરજ ઇક દેખહુ સંસારા, સુનહા ખેદે કુંજલ અસવારા; ૩
કહંહિં કબીર સુનો સંતો ભાઇ, ઈ હૈ સંધિ કાહુ બિરલે પાઇ. ૪

શબ્દાર્થઃ—

( ૧ ) માયાના ફંદામાં પડેલા સંસારના લોકો, સર્વાન્તરાત્મા અને આનંદઘન એવા હરિ ( સર્વ કષ્ટોને હરવાવાળા –નિજાનંદ ) થી લડે છે, અર્થાત્ વંચિત થઇ રહ્યા છે, પોતે અલગ થઇ રહ્યા છે, એટલુંજ નહીં, પરંતુ હરિનો સાક્ષાત્કાર કરવા વાળા મહાત્મા અને ભકતજનોથી પણ સંસારી લોકો લડતા ઝગડતા રહે છે, જેમકે, શું પાંડુર ( જલનો સર્પ )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગરૂડને પકડી શકે છે ? કદિ નહીં. અર્થાત્ સંસારનાં લોકો જ્ઞાની તથા ભકતોને તેમના પોતાના લક્ષ્યથી વિચલિત કરી શકતાં નથી. (૨) હવે એવું બતાવવામાં આવે છે કે, અજ્ઞાની લોકો વંચક ગુરૂઓથી પ્રેમ તો કરે છે, તેમજ સત્ય ઉપદેશ દઇને પાંખડોથી દૂર હટાવવા વાળા ગુરૂઓથી વૈર કરે છે. એ બન્ને વાતો અનુચિત છે. " મૂસ બિલાઇ કૈસન હેતૂ " અર્થાત્ બિલાડી (વંચક ગુરૂ) મૂસ=ઉંદર (અજ્ઞાની લોકો) ની હિતકર કેવી રીતે હોઇ શકે ? કેમકે તેઓ તો સ્વાર્થ વશ થઇને અજ્ઞાનીઓથી પ્રેમ કરે છે. અને " જંબુક કરે કેહરિ સોં ખેતૂ, " અર્થાત્ સિંહના સમાન નિર્ભય જ્ઞાની પુરૂષ તથા ભક્ત જનોનો શું શિઆલના સમાન ભિતરા અજ્ઞાની લોકો પરાભવ કરી શકે છે ? કદાપિ નહીં. ( ૩ ) સંસારમાં એ તો મોટા આશ્ચર્યની વાત છે કે, " સુનહા ખેદે કુંજર અસવારા " હાથીના સવાર જ્ઞાની પુરૂષ અને ભકતોને શ્વાન તુલ્ય સંસારી લોકો ડરાવે છે. અર્થાત્ નાના પ્રકારની આપત્તિઓ ઉપસ્થિત કરે છે. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, હે સંતો ! આપ સાંભળો " યહ સંધી કાહુ વિરલેં પાઇ " હરિનો સાચો પરિચય તો કોઇ કોઇનેજ મળ્યો છે. અધિકાંશ લોકો તો હરિ–ઠગોના ફંદામાંજ પડેલા છે.

**નોંધઃ**—આમાં વિરોધાભાસ અલંકાર છે. જ્યારે વિરોધનું લક્ષણ જણાય તો તે વિરોધાભાસ છે. ( ભાષા–ભૂષણ. )

આ પ્રસંગમાં નીચેનું કેવું ઉત્તમ ભજન બંધ બેસતું જણાય છે કેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" તું તો રામ સુમિર જગ લડને દે:—ટેક.
કોરા કાગજ કારી સ્યારી, લિખત પઢત વાકો પઢને દે–તું તો–
હસ્તી ચલત હૈ અપની મૌજસે કુતર ભૂંકત વાકો ભૂકને દે–તું તો–
દેવી દેવા ભૂત ભવાની પથ્થર પૂજે વાકો પૂજને દે–તું તો–
કહંહિ કબીર સુનો ભાઇ-સાધો ! નરક પડે વાકો પડને દે–તું તો

---

શબ્દ. ૪૦ [ અંધ વિશ્વાસ. ]

મૂલ—

પંડિત બાદ બદૈ સો ઝૂઠા;

રામ કહે જો જગત ગતિ પાવૈ, (તબ) ખાંડ કહે મુખ મીઠા. ૧
પાવક કહે પાંવ જો ડાહે, જલ કહે તૃષા બુઝાઈ;
ભોજન કહે ભૂખ જો ભાજે, તો દુનિયા તરિ જાઈ. ૨
નરકે સંગ સુવા હરિ બોલૈ; હરિ–પરતાપ ન જાનૈ;
જો કબહીં ઉડિ જાય જંગલમેં, તો હરિ સુરતિ ન આનૈ. ૩
બિનું દેખે બિનુ અર્સ પર્સ બિનુ, નામ લિયે કયા હોઈ;
ધન કે કહે ધનિક જો હોઈ, નિર્ધન રહે ન કોઇ. ૪
સાંચી પ્રીતિ વિષય માયાસે, હરિ ભક્તન કી ફાંસી;
કહ હિં કબીર એક રામ ભજે બિનુ, બાંધે યમપુર જાસી. ૫

શબ્દાર્થ—

(૧) પંડિત લોકો પરિચય વિનાનો વાદ વિવાદ (ઝગડો) કરે છે, તે સર્વ જુઠો છે. રામના પરિચય વિના કેવલ રામ નામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહેવાથી જગતની સદ્‌ગતિ થતી હોય તો ખાંડનું નામ લેવાથી મીઠું મોઢું કેમ થતું નથી ? (૨) અગ્નિનું નામ લેવાથી જો પગ દાઝતા હોય, અને જલનું નામ લેવાથી તૃષા બુઝાતી હોય તેમજ ભોજનનું નામ લેવાથી જો ભૂખની તૃપ્તિ થતી હોય તો સઘળી દુનિયાં એકદમ તરિ જાય ! કદિ જો અસંભવ પરંપરા સંભવરૂપને ધારણ કરી લે તો પરિચય કર્યો વિના રામ નામ જપવાથીજ સર્વ દુનિયા સંસાર સાગરથી પાર થઇ જાય ! અને ઉદ્ધાર થઇ જાય ! (૩) મનુષ્યના સહવાસમાં–પિંજરામાં પૂરાએલો પોપટ રામ રામ હરિ હરિ એમ બોલે છે. પરંતુ હરિનાં અપરિમિત જ્ઞાન, બલ અને સૌંદર્યને તે જાણી શકતો નથી, કદિ જો તે પિંજરામાંથી છુટીને. જંગલમાં ઉડી જાય તો " હરિ હરિ " નામ ઉચ્ચારણ કરવાનું પણ ભૂલી જાય ! (૪) દેખ્યા વિના તેમજ અરસપરસના પરિચય વિના કેવલ નામ લીધાથી શું થવાનું હતું ? ધનનું નામ લેવાથી કોઇ ધનાઢ્ય થઇ જતું હોય, તો પછી જગત્‌માં કોઇ નિર્ધન રહેજ નહીં. (૫) જગત્‌ને સાચી પ્રીત તો માયાના વિષય ભોગથી છે, અને સાચી પ્રીતિવાળા જે હરિભકતો છે, તેની તો હાંસી ઉડાવે છે. માટે કબીર સાહેબ કહે છે કે, રામ–રમતા રામનો પરિચય કર્યા વિના, અર્થાત્ આત્મ સાક્ષાત્કાર કર્યા વિના, જગત્ સઘળું બંધાઇને યમપુર તરફ જાય છે.

**ભાવાર્થ:—**

" નામ ન લિયા તો કા હુઆ, જો અંતર હે હેત;
પતિબરતા પતિકો ભજે, કબહું નામ નહિ લેત. (અંગસાખી.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ ૪૧. [ સ્પર્શા-સ્પર્શ વિચાર. ]

મૂલ—

પંડિત દેખહુ મન મહં જાની;

કહુ ધૌં છૂત્તિ કહાંતે ઉપજી, તબહિં છૂતિ તુમ માની. ૧
નાદે બિન્દે રૂધિર કે સંગે, ઘટહી મહં ઘટ સપચૈ;
અષ્ટ કંવલ હોય પુહુમી આયા, છુતિ કહાંતે ઉપજૈ ? ૨
લખ ચૌરાસી નાના બાસન, સો સબ સરિ ભો માંટી;
એકૈ પાટ સકલ બૈઠાયે, છૂતિ લેત ધૌં કાકી ? ૩
છૂતિહિ જેવન છૂતિહિ અંચવન, છૂતિહિ જગત ઉપાયા;
કહંહિં કબીર તે છૂતિ વિવર્જિંત, જાકે સંગ ન માયા. ૪

શબ્દાર્થઃ—

( ૧ ) હે પંડિત ! જરા મનમાં વિચાર કરીને કહો તો ખરા, કે છૂત કયાંથી ઉત્પન્ન થઈ અને છૂત-છાત તમે કેવી રીતે માનો છો ? ( ૨ ) પવન વીર્ય અને રજના સંબંધથી ગર્ભાશયમાં ગર્ભ રહે છે. ત્યાર પછી તે ક્રમશઃ ફ્રીણ, પરપોટો, અને પેશી રૂપને ધારણ કરતો શરીર રૂપમાં પરિવર્તિત થઇને વૃદ્ધિ પામતો જાય છે, ત્યાર પછી પૂરો સમય થતાં મણિ-પૂરક નામ અષ્ટ દલ કમલ ( નાભી ચક્રની નીચે રહેવા વાળો ગર્ભ ) થી બાલક પૃથ્વિ પર આવે છે. સર્વ મનુષ્યોના જન્મનો આ પ્રકાર છે, એવી સ્થિતિમાં આ પ્રશ્ન સ્વાભાવિકજ ઉદ્ભવે છે કે, આ અનોખું છૂવા-છૂતનું ભૂત કયાંથી ઉત્પન્ન થયું છે ? ( ૩ ) ચોરાસી લાખ યોનિયોમાં વહેંચાયેલાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રાણિઓનાં વિવિધ શરીર રૂપી અનેક વાસણો સડી ગળીને માટી બની ગયાં છે. ઇશ્વરે પોતાનાં સર્વ બાળકોને એકજ ગાલીચા રૂપ પૃથ્વી ઉપર બેસાડયાં છે, હવે જરા બતાવો તો ખરા કે આપનામાંથી કયો ભાઇ અછૂત છે. (૪) કદિ તત્વતઃ શૌચાશૌચનો નિર્ણય કરતા હો તો સર્વ પદાર્થોની ઉત્પત્તિ આદિનો વિચાર તટસ્થ થઇને કરવો જોઇએ. કબીર સાહેબ કહે છે કે, હા કદિ છૂતથી કોઇ બચ્ચું હોય તો તેવા તો કેવલ તેજ છે કે જેની સાથે માયા નથી.

ભાવાર્થ:—

હરિ ચરણોથી ઉત્પન્ન થયેલા ભાઇઓને નિષ્કારણ અસ્પર્શ માનવા એ હરિ ચરણોનો ભારી તિરસ્કાર કરવા બરાબર છે.

---

## શબ્દ. ૪૨. [ જ્ઞાનિઓની સ્થિતિ ]

મૂલ:—

પંડિત શોધિ કહો સમુઝાઈ, જાતે આવાગવન નસાઈ;
અર્થ ધર્મ અરૂ કામ મોક્ષ ફલ, કૌન દિશા બસે ભાઇ. ૧
ઉત્તર કિ દક્ષિણ પૂર્વ કિ પશ્ચિમ, સ્વર્ગ પતાલ કિ માંહી;
બિનુ ગોપાલ ઠૌર નહિં કતહૂં, નર્ક જાત ધૌં કાહીં. ૨
અન જાને કો સ્વર્ગ નર્ક હૈ, હરિ જાને કો નાહીં;
જેહી ડરતે ભવલોગ ડરતુ હૈં, સો ડર હમરે નાહીં. ૩
પાપ પુણ્ય કી શંકા નાહીં, સ્વર્ગ નર્ક નહિં જાઈ;
કહહિ કબીર સુનો હો સંતો, જહં પદ તહાં સમાહીં. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

( ૧ ) હે પંડિત ! ખુબ સમજીને કહો કે, જેથી જન્મ મરણ રૂપ આવાગવનનો નાશ થાય ? ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ પુરૂષાર્થનાં ચાર ફલ કઇ દિશામાં વસે છે. ( લોક વિશેષમાં જવા વાળાજ મુક્ત થાય છે, એવું માનવાવાળાને આ પ્રશ્ન છે. ) ( ૨ ) ઉત્તરકે દક્ષિણમાં ?પૂર્વ કે પશ્ચિમમાં? અથવા સ્વર્ગ કે પાતાલમાં ? એ પૈકી કઇ દિશામાં એ ફલ લાગેલાં છે ? જેની સ્થાપના તમેજ કરી જ છે, તો હવે તેને બરાબર સમજીને કહો. સત્ય સમજ વિના ખરૂં સુખ, ખરો આનંદ અને મોક્ષની પ્રાપ્તિ થઇ શકતી નથી. મરણ બાદ અમુક લોક વિશેષમાં જવાથી મુકિત પ્રાપ્ત થાય છે, એતો કેવલ કથન માત્ર છે. જો જીવતાંજ એ વિષેની સત્ય સમજ નહી આવી; અર્થાત્ મુક્તિનું અપરોક્ષ જ્ઞાન નહીં થયું તો પછી મરણ બાદ મુકિત થશે, એમ માની બેસવું, એતો એક પ્રકારની ભ્રમણા છે ! વળી કહોછો કે, “ બિનુ ગોપાલ ઠૌર નહીં કતહૂં ” અર્થાત ગોપાલ ( આત્મા ) વિનાનું કોઇ ઠેકાણું નથી, તો એવો માલિકરૂપ આત્મા નર્કમાં શા માટે જાય છે ? ( ૩ ) વસ્તુતાએ વાત એવી છે કે, અજ્ઞાની કે જેણે આત્મા નહીં જાણ્યો, તેને માટે સ્વર્ગ–નર્ક છે. પરંતુ જે જ્ઞાની –માલીકનો સાચો ભક્ત છે, તેને નથી સ્વર્ગ કે નથી નર્ક. તે સદા સર્વદા સચ્ચિદાનંદ રૂપ છે. જે ભયથી જગતના લોકો ડરે છે. તે ડરે જ્ઞાનીને નથી. ( ૪ ) શુદ્ધ ચૈતન્ય–આત્માને નથી પાપ–પુન્ય કે નથી જન્મ મરણનો ડર. નથી વિધિ કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી નિષેધ. નથી સ્વર્ગમાં જવાનું કે નથી નર્કની ઇચ્છા. જ્ઞાનીઓ કહે છે કે આત્મા તો જેવો ને તેવો જ છે. કબીર સાહેબ કહે છે કે, હે સંતો ! આ સર્વ મિથ્યા જીવનાં અનુમાન છે. જીવે પોતે પોતાના અનુમાનથી કલ્પના કરી અને પોતે પોતાની કલ્પનામાં આનંદ માન્યો, અને કહ્યું કે એક આત્માજ છે. અને આત્મા કહીને તેને જગતરૂપે પરિણિત કર્યો, એટલે આત્મા જેવો ને તેવો છે, એમ જલ તરંગ ન્યાય પ્રમાણે માન્યો. જ્યારે સર્વ આત્મા જ છે એમ ઠર્યું, ત્યારે તેજ આત્મા ગર્ભવાસના આવાગમનનું કારણ ઠર્યો. સર્વ આત્મા જ છે, તો પછી આવાગમન શું છે ? પ્રતિબિંબ, બિંબમાં સમાયું. ત્યારે તો આવાગમનમાં પોતેજ છે. ગર્ભવાસમાંથી નિકળ્યા, અને પાછા ગર્ભવાસમાં સમાયા.

" જ્ઞાન અમર પદ બાહિરે, નિયરે તે હૈ દૂરિ,
જો જાનૈ તેહિ નિકટ હૈ, રહા સકલ ઘટ પૂરિ. "

ભાવાર્થઃ—

જ્યારે સત્ય સમજ અને જ્ઞાન ઉદય થાય છે, ત્યારેજ સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે.

---

શબ્દ. ૪૩. [ સ્વરૂપ સ્થિતિ અને તત્ત્વ વિચાર. ]

મૂલ—

પંડિત મિથ્યા કરહુ બિચારા, ન વહાં સૃષ્ટિ ન સિરજન હારા. ટેક.
થૂલ અસ્થૂલ પવન નહિં પાવક, રવિ શશિ ધરણિ ન નીરા;
જ્યોતિ સ્વરૂપ કાલ નહિં ઉહવાં, બચન આહિ શરીરા. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ કર્મ કિછુઓ નહિં ઉહવાં, ના વહ મંત્ર ન પૂજા;
સંયમ સાંહત ભાવ નહિં ઉહવાં, સો ધૌં એક કિ દૂજા. ૨
ગોરખ રામ એકૌ નહિં ઉહવાં, ના વહ બેદ બિચારા;
હરિ હર બ્રહ્મા નહિં શિવ શક્તિ, ના વહ તિર્થ અચારા. ૩
માય બાપ ગુરૂ જાકે નાહીં, સો ( ધૌં ) દૂજા કિ અકેલા;
કહહિં કબીર જો અબકી બૂઝે, સોઈ ગુરૂ હમ ચેલા. ૪

શબ્દાર્થઃ—

( ૧ ) સદ્‌ગુરૂ કહે છે કે, હે પંડિત! તમે જે નાના પ્રકારની વાણીનો વિચાર કરો છો તે સર્વ મિથ્યા છે. કારણ તમે જ્યાં અનુમાન કરો છો ત્યાં નથી સૃષ્ટિ, કે નથી સર્જનહાર. એ સ્થિતિમાં નથી સ્થૂલ કે સૂક્ષ્મ, કે નથી પવન કે નથી અગ્નિ. સૂર્ય, ચંદ્ર, પૃથ્વી કે જલ જેવું કંઈજ નથી. જ્યોતિ સ્વરૂપ કાલ ( નિરંજન—મન ) પણ ત્યાં નથી. વચન પણ નથી, અને શરીર પણ નથી. ( ૨ ) ધર્મ કર્મ જેવું કશ્યું ત્યાં નથી. મંત્ર કે પૂજા પણ ત્યાં નથી. ત્યાં સયમ નથી કે ભાવ નથી—તો એવી સ્થિતિ તેને એક કહેવાય કે બે? ભાવાર્થ એવો છે કે, તે નથી દ્વૈત કે નથી અદ્વૈત. એ બન્ને સાપેક્ષ છે. પરંતુ એ "તત્ત્વ" નિરપેક્ષ છે. ( ૩ ) ગોરખ કે રામ ( અવતાર ) માંથી એકે ત્યાં નથી, તેમજ વેદ કે તેનો વિચાર પણ નથી "यतो वाचो निवर्तन्ते ऽ प्राप्य मनसा सह" ત્યાં માયાના ત્રણ ગુણ સ્વરૂપ હરિ, હર કે બ્રહ્મા નથી, તેમજ શિવ—શક્તિ પણ નથી. ત્યાં કોઇ તિર્થ કે આચાર જેવું કંઇજ નથી. ( ૪ ) જેને માતા પિતા કે ગુરૂ નથી તો તે એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે કે એકલો ? એવી રીતે મનુષ્યથી અનુમાન થાય છે, એટલે અનુમાન એ મનુષ્ય નથી. જ્યારે અનુમાન મનુષ્ય નથી તો પછી અનુમાનનું કંઇ કર્ત્તવ્ય પણ નથી. એતો અનુમાંન છે. જ્યાં કંઇ નથી એ મિથ્યા અનુમાન, જીવની કલ્પના. અરે અનુમાનમાં શું રહો છો ? જેમકે પોતાના મનથી કલ્પિત એક આંબાનું ઝાડ બનાવ્યું, અને તેનાં કલ્પિત ફળને મનથી ખાધાં. તેથી ન જીભ પર તેનો સ્વાદ આવ્યો કે તેનો ખાટો કે મીઠો રસ દાંતને લાગ્યો. નહીં પેટ ભરાયું કે નહીં ભૂખ ગઇ, એ પ્રમાણે નાના પ્રકારનાં અનુમાન કરે છે તે કયાં છે ? એ મન ! એ સર્વ મારી કલ્પના છે. કબીર સાહેબ કહે છે કે, જેઓ આ સમયે સમજીને પારખપદ (વિવેક) પર સ્થિત થાય તો તે ગુરૂ અને હું આત્મા, હું બ્રહ્મ, હું જગત્ એવું જે કહે છે તે ચેલા. તેને પરખાવવાવાળા તે ગુરૂ.

---

## શબ્દ. ૪૪ [ માયા-અનોખી નારી ]

મૂલ:—

બૂઝહુ પંડિત કરહુ બિચારા, પુરૂષ હૈ કી નારી—ટેક.
બ્રાહ્મન કે ઘર બ્રાહ્મનિ હોતી, યોગી કે ઘર ચેલી;
કલમા પઢિ પઢિ ભઈ તુરૂકની, કલિમહં રહતિ અકેલી. ૧
બર ના બરૈ બ્યાહુ ના કરઈ, પુત જન્માવન હારી;
કારે મૂંડકો એક ન છાંડૈ, અજહૂં આદિ કુંવારી. ૨
મૈકે રહે જાય નહિં સસુરે, સાંઇ સંગ ન સોવે,
કહંહિં કબીર વે જુગ જુગ જીવૈં, જાતિ પાંતિ કુલ ખોવૈં. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

( ૧ ) હે પંડિતો ! આપ લોકો આ વાતને સમજો. અને બરાબર વિચાર કરીને કહો કે આ માયા પુરૂષ છે કે સ્ત્રી ? કારણ કે તેણે સઘળા સંસારને બાંધી રાખ્યો છે. " બાંધે તે છુટે નહીં જ્ઞાની " તેની અઘટિત ઘટનાઓનો થોડોક પરિચય આપને કરાવું છું. " બ્રાહ્મન કે ઘર બ્રાહ્મનિ હોતી, યોગી કે ઘર ચેલી " અર્થાત્ આ માયાએ અપરા વિદ્યા (વેદાદિ વિદ્યા) ના રૂપમાં તો બ્રાહ્મણોનાં હૃદયાગારોને હસ્તગત કરી લીધાં છે. એટલે કે અધિકાંશ બ્રાહ્મણલોકો અપરાવિદ્યા ( કર્મ કાંડાદિક ) ના અહંકારમાં પડીને આત્મવિદ્યા ( પરાવિદ્યા ) થી વંચિત રહી જાય છે, અને ચેલી (દશ મુદ્રા તથા કુંડલિની) બનીને યોગીઓનાં ચિતને લોભાવી દીધાં છે. ભાવાર્થ એવો છે કે, યોગી લોકો કુંડલિનીને સુધાર ( સીધી ) કરવાની, તેમજ મુદ્રાઓને સિદ્ધ કરવાની ધુનમાંજ સદા લાગ્યા રહે છે. એટલે આત્મ–ચર્ચા સાંભળવાનો તો તેમને અવસર પણ મળતો નથી. વળી જોઇએ કે આ માયા તુરૂકોના ઘરમાં કલમા પઢી કરી તુરૂકની થઇને બેસી ગઇ છે. તાત્પર્ય એવો છે કે, નિકાહ ( લગ્ન ) સમયે મુસલમાન લોકો વર ( દુલહા ) અને વધુ ( દુલહિન ) ને કલમા પઢાવે છે. સ્ત્રી માયારૂપ તો છેજ. એટલે માનો કે માયા પોતેજ મુસલમાનોને વશમાં લેવાને માટે કલમા પઢીને તુરૂકની બનીને બેઠી છે, એ પ્રકારે સઘળા સંસારને પોતાના ફંદામાં ફસાવતી છતી પણ " કલિમેં રહતિ અકેલી. " સ્વયં નિર્બંધ થઇને વિચરે છે. કલિ અધર્મ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રધાન યુગ છે. એટલા માટે " કલિ " માં કહેલું છે. ( ૨ ) આ માયારૂપી સ્ત્રી એવી તો નટખટ છે કે, વર (શ્રેષ્ઠ જ્ઞાનિયો) ને વરતી નથી, અર્થાત્ જ્ઞાનિયોથી સગપણ ( લગ્ન ) જોડતી નથી, અને શુદ્ધ ચેતનથી વિવાહ પણ કરતી નથી. એ પ્રકારે પોતે સ્વતઃ વિમલા હોવા છતાં પણ જો સૂક્ષ્મ વૃષ્ટિથી આ માયાનાં ચરિત્રોનું નિરીક્ષણ કરવામાં આવે તો, સ્પષ્ટ એવું વિદિત થઇ જાય છે કે, આ માયા તો "પુત્ર જનમાવત હારી" અર્થાત્ માયા ચેતનની સત્તાથી પરિવર્તન તથા પ્રપંચોને વારંવાર ઉત્પન્ન કરતી કરતી થાકી ગઇ છે. એ માયાની ગુપ્ત લીલા છે, જેને જ્ઞાની લોકોજ જાણે છે. માયાના વિવિધ ચમત્કારોને સાંભળો. એ માયાએ સઘળા અજ્ઞાનિઓને વશમાં કરી લીધા છે. એક પણ કાળાં માથાંને ( અજ્ઞાનીને ) છોડેલ નથી. છતાં પણ આદ્યા–શક્તિ માયા હજીસુધી કુમારી ( અવિવાહિતા ) જ બની રહી છે. ભાવ એવો છે કે, માયાએ સર્વને વશમાં કરી લીધા છે. પરંતુ માયાને કોઇ અજ્ઞાનીએ પતિ બનીને આધીન કરેલી નથી. " પૂરા કિનહું ન ભોગિયા ઇસકા યહી વિયોગ. " ( ૩ ) કબીર સાહેબ કહે છે કે, આ માયા પીયર ( મૈકે=નૈહર ) અર્થાત્ સંસારમાંજ રહે છે. અને સાસરાં ( નિજપદ, આત્મપદ ) માં તો પગ પણ મૂકતી નથી. અને કદિ કોઇ પ્રકારે આસરાંમાં ચાલી પણ જાય, અર્થાત્ ચેતનને શબલિત કરી પણ લે, તોપણ " સાંઇ સંગ ન સોવે " અર્થાત્ સાંઇ=શુદ્ધ ચેતનમાં તો જ્ઞાન વિના માયાનો લય કદાપિ પણ થઇ શકતો નથી. હવે માયાના ફંદથી છુટવાનું સર્વોત્તમ સાધન બતાવે છે. જેઓ જાતિ, વિદ્યાદિ, અને કુલાદિકના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહંકારને છોડી દે છે, અને સ્વરૂપ પરિચયને માટે સતત પ્રયત્ન કરે છે, તેઓ નિજરૂપનો સાક્ષાત્કાર કરીને " યુગ યુગ જીવે " અર્થાત્ સદૈવ અમર ( જીવંત=મૃત્યુ રહિત, ) રહે છે. થોડા કાલને માટે તો અમર દેવતાઓ પણ થઇ જાય છે. એટલા માટે " યુગ યુગ " ( સદૈવ ) એવું પદ આપવામાં આવ્યું છે.

---

## શબ્દ ૮૫. [ મૃત્યુ વિચાર ]

મૂલઃ—

**કૌન મુવા કહો પંડિત જના, સો સમુઝાય કહો મોહિં સના. ૧.**
**મૂયે બ્રહ્મા બિસ્નુ મહેસા, પારબતી-સુત મુયે ગનેસા. ૨.**
**મૂયે ચંદ્ર મુયે રવિ શેષા, મુયે હનુમંત જિનિ બાંધલ સેતા. ૩.**
**મૂયે કૃષ્ણ મુયે કરતારા, એક ન મુવા જો સિરજન હારા. ૪.**
**કહંહિં કબીર મુવા નહિં સોઇ, જાકે આવા ગવન ન હોઇ. ૫.**

શબ્દાર્થઃ—

( ૧ ) હે પંડિતો લોકો ! મને સમજાવીને કહો કે કોણ નથી મૂઆ ? ( ૨ ) બ્રહ્મા વિષ્ણુ અને મહેશ મૂઆ, તેમજ પાર્વતી પુત્ર ગણેશ પણ મૂઆ. તે મહાન દેવોનું અધિકાર અવસાન રૂપ એજ મરણ છે. " अधिकारं समाप्यैते प्रविशन्ति परम्पदम्. " ( ૩ ) ચંદ્રનો અંત ( મરણ ) આવ્યો, સૂર્ય અને શેષનો પણ અંત આવ્યો, તેમજ સેતુ બાંધવામાં રામને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે પૂરા સહાયક હનુમાન તેનો પણ અંત આવ્યો. ( ૪ ) કૃષ્ણ તેમજ ગુણાભિમાની, કર્ત્તાપણાંનો અહંકાર (અભિમાન) રાખવાવાળાનો અંત પણ આવ્યો. "यः कर्ता सएवभोक्ता" "अहंकार विमूढात्मा–कर्ताहमिति मन्यते." ( गीता. ) જે સત્તા માત્રથી સર્જન આદિક વ્યવહાર કરાવવા વાળા ( શુદ્ધ–ચેતન ) છે. તે એકજ નહીં મૂઆ. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, જેઓ ઉકત આત્મ–તત્ત્વનો સાક્ષાત્કાર કરવાવાળા છે તેઓ મૂઆ નહીં, કેમકે તેવા મુક્ત–પુરૂષોને જન્મ–મરણ રૂપ આવા–ગમન બંધ થઇ જાય છે.

---

## શબ્દ ૬૬. [ માંસાહારી બ્રાહ્મણોને પ્રશ્ન. ]

મૂલઃ—

પંડિત અચરજ એક બડ હોઇ:

એક મરિ મુયે અન્ન નહિં ખાઇ, એક મરે સિઝે રસોઇ. ૧.
કરિ અસ્નાન દેવન કી પૂજા, નૌ ગુનિ કાંધ જનેઊ
હંડિયાં હાડ હાડ થરિયા મુખ, અબ ષટ કર્મ બનેઊ. ૨.
ધર્મ કરે જહાં જીવ બધત હૈ, અકર્મ કરે મોરે ભાઇ;
જો તોહરાકો બ્રાહ્મન કહિયે, તો કાકો કહિયે કસાઇ. ૩.
કહંહિં કબીર સુનહુ હો સંતો, ભરમ ભૂલિ દુનિઆઇ;
અપરંપાર પાર પુરૂષોતમ, યા ગતિ બિરલૈ પાઇ. ૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થઃ—

( ૧ ) એ પંડિત ! એતો એક મોટા આશ્ચર્યની વાત જણાય છે, કે જ્યારે ઘરનું કોઇ મનુષ્ય મરણ પામે છે, ત્યારે ઘરમાં સૂતક લાગવાથી રસોઇ પણ પકાવવામાં આવતી નથી. અને બકરા આદિને મારીને વિધિ પૂર્વક રસોઇ ( ભોજન ) બનાવવામાં આવે છે. તે વખતે દયા અને પંડિતાઇ એક બાજુ મૂકીને તેનું આદરથી ભક્ષણ કરો છો ? ( ૨ ) સ્નાન કરીને દેવોની પૂજા કરો છો અને અહિંસા, અક્રોધ આદિક નવગુણી જનોઇ ( યજ્ઞોપવીત ) કાંધ ઉપર ધારણ કરીને પણ હાંડલીમાંથી હાડકાં કાઢીને તે હાડકાં મોઢાંમાં નાંખી ચુસો છો ? એ કેટલું ઘૃણિત કાર્ય કરો છો, એ આશ્ચર્ય છે. આ કર્મથી આપનાં ષટ્ કર્મોની મોટી પ્રતિષ્ઠા થઇ ! ( આ પરિહાસ વચન છે ) ( ૩ ) ધર્મની પ્રધાનતા હોવાના કારણથીજ જે યજ્ઞની સંજ્ઞા " ધર્મ " થઇ ગઇ છે, " तत्र यागादिरेवधर्मः " ( मीमांसा. ) એવા પરમ પવિત્ર યજ્ઞમાં આપ લોકો પશુવધ રૂપ મહાપાપ કરો છો, અથવા ધર્મનાં સ્થાનોમાં હિંસા રૂપી અધર્મ કરવામાં આવે છે. એ રીતે હે ભાઇ ! તું અકર્મ કરે જાય છે, છતાં જો તને બ્રાહ્મણ કહેવામાં આવે તો પછી કસાઇ કોને કહેવો ? ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, હે સંતો સાંભળો ! દુનિયાં કેવલ ભ્રમમાં ભૂલી ગઇ છે. નિર્લેપ આત્મ દેવ સર્વ વિકારોથી રહિત છે, તેનો પરિચય કોઇ વિરલાનેજ થાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂલ:—

શબ્દ. ૪૭. [ જલ-વિચાર. ]

પાંડે બૂઝિ પિયહુ તુમ પાની;
જિહિ મટિયા કે ઘરમેં બૈઠે, તામેં સૃષ્ટિ સમાની. ૧.
છપ્પન કોટિ યાદવ જહાં ભીંજે, મુનિ જન સહસ્ર અઠાસી;
પૈગ પૈગ પૈગંબર ગાડે, સો સબ સરિ ભૌ માટી. ૨.
( તેહિ મટિયા કે ભાંડે પાંડે, બૂઝિ પિયહુ તુમ પાની. )
મચ્છ કચ્છ ઘરિયાર બિયાને, રૂધિર નીર જલ ભરિયા;
નદિયા નીર નર્ક બહિ આવૈ, પશુ માનુષ સબ સરિયા. ૩.
હાડ ઝરીં ઝરી ગૂદ ગરીં ગરિ, દૂધ કહાંતે આયા;
સો લૈ પાંડે જેંવન બૈઠે, મટિયહિં છૂતિ લગાયા. ૪.
બેદ કિતેબ છાંડિ દેહુ પાંડે, ઈ સબ મનકે ભર્મા;
કહંહિં કબીર સુનહુ હો પાંડે, ઈ સબ તુહરે કર્મા. ૫.

શબ્દાર્થ:—

( ૧ ) હે પંડિત ! આપ જાતિ પૂછીને પાણી પીઓ છો, પરંતુ તત્ત્વોનાં સ્વરૂપો ( સ્થિતિઓ ) નો વિચાર કરતા નથી. જે માટીના ઘરમાં તમે બેઠા છો, તેમાં સકલ સૃષ્ટિ સમાઇ છે. ( ૨ ) જે પૃથ્વીમાં છપ્પન કોટિ યાદવો ગળીને સડી ગયા તેમ જ અઠયાશી હજાર મુનિ લોકો પણ એજ માટીમાં મળી ગયા. જેમાં ડગલે અને પગલે પેગંબરોને દાટવામાં આવેલા છે, તે સર્વ સડીને માટી થઇ ગઇ. ( હે પંડિત ! એ જ માટીમાંથી પાણી ભરવાનાં વાસણ બનેલાં છે. માટે તમે સમજીને પાણી પીઓ ) ( ૩ ) જે પાણીને પવિત્ર



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનીને તમે પીઓ છો તેમાં તો માંછલાં, કાચબા, કંસારાં વગેરે અનેક પ્રકારનાં પ્રાણીઓ વીઆણાં છે, અને તેમાં નાશ પામેલાં છે, તેનાં રૂધિર રૂપ જળ ભરેલાં છે. વળી નદિઓનાં જળમાં મનુષ્ય અને જાનવરોની વિષ્ઠા તણાઇ આવે છે. અને તેમાં મનુષ્ય અને પશુઓનાં મુડદાંઓ પડીને સડે છે. ( ૪ ) જે પ્રકારે ગોમાતાનું દુધ અસ્થિ અને મજ્જાને સ્પર્શ કરતું કરતું નીકળે છે, પરંતુ પોતાની શ્રેષ્ઠતાના કારણથી અપવિત્ર થઇ શકતું નથી. એ જ પ્રકારે ધરતી ( પૃથ્વી ) માતા પણ કોઇ મનુષ્યના કેવલ સ્પર્શ માત્રથી અપવિત્ર થઇ શકતી નથી. એ એવા દુધને લઇને એ પંડિત ! તમે ભોજન કરો છો, અને પૃથ્વીમાં છૂત લગાવો છો ! ( ૫ ) પોતાના સજાતિઓની લગાડેલી છૂઆ છૂતને સિદ્ધ કરવાને માટે વેદોનાં પ્રમાણ દેવાં છોડી દયો. કેમકે એ નવીન છૂઆ-છૂત લીલા આપ લોકોના મનની કલ્પના છે. વેદમાંતો "ब्राह्मणोऽस्य मुखमासीत्," ઇત્યાદિ મંત્રથી એક જ પિતાથી સર્વની ઉત્પત્તિનું વિધાન છે. એવી સ્થિતિમાં કોઇ ભાઇને નિષ્કારણ ( જન્મના ) જન્મથી નીચ ઠરાવવાનો આપને કયાં અધિકાર છે ? કબીર સાહેબ કહે છે કે, હે પંડિત ! સાંભળો ! વિચાર કરવાથી તો એવું જણાય છે કે, એ સર્વ આપ લોકોનાં કારસ્થાન ( કરતૂત ) છે.

<u>ભાવાર્થ:—</u>

આપ લોકો (બ્રાહ્મણો) અગ્ર જન્મા અર્થાત્ સર્વ લોકોના વડિલ બંધુ તરિકે છો, એટલા માટે સ્વાશ્રિત નાના બંધુઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરફ અત્યંત પ્રેમ દર્શાવી તેમની શિક્ષા અને દિક્ષાને માટે સદૈવ પ્રયત્ન શીલ રહેવું એ આપ સર્વનો પરમ ધર્મ છે. " एतद्देश प्रसूतस्य सकाशादग्रजन्मन : । स्वं स्वं. चरित्रं शिक्षोन् पृथिव्यां सर्वमानवा : " ( मनु ० )

---

મૂલ --

શબ્દ. ૪૮. [ આત્મ-વિચાર. ]

પંડિત દેખહુ હૃદય બિચારી, કો પુરૂષા કો નારી.—ટેક.
સહજ સમાના ઘટ ઘટ બોલૈ, વાકે ચરિત અનૂપા;
વાકો નામ કાહુ કહિ લીજૈ, ના વાકે વર્ણ ન રૂપા. ૧.
તૈં મૈં કયા કરસિ નર બૌરે, કયા મેરા કયા તેરા;
રામ ખુદાય શક્તિ શિવ એકૈ, કહું ધૌં કાહિ નિહોરા. ૨.
વેદ પુરાણ કિતેબ કુરાના, નાના ભાંતિ બખાના;
હિંદુ તુરૂક જૈનિ ઔ યોગી, યે કલ કોહુ ન જાના. ૩.
છૌ દર્શન મેં જો પરવાના, તાસુ નામ મન માના;
કહંહિં કબીર હમહીં પૈ બૌરે, ઈ સબ ખલક સયાના. ૪.

( ૧ ) હે પંડિત ! જરા હૃદયથી વિચાર કરીને જુઓ. કોણ પુરૂષ છે. અને કોણ નારી છે ? આત્મા નથી પુરૂષ કે નથી સ્ત્રી. " હંસ ન નારી ન પુરૂષ હૈ. " તે દરેક ઘટમાં એક રૂપથી ( સહજ ) વ્યાપક ( સમાના ) થઇને બોલે છે. તેનું ચરિત્ર અનુપમ છે. જેનો વર્ણ કે રૂપ કંઇ નથી તેને શું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામ લઇને કહીયે. ( ૨ ) હે નર ! તૂં હું એમ અભિમાન કરીને શું બોલે છે ? અહીં મારૂં શું છે ? અને તારૂં શું છે ? એકજ તત્વના રામ, ખુદા, શીવ અને શકિત આદિક અનેક નામ છે. અજ્ઞાનતાના કારણથી ઉક્ત વ્યક્તિઓમાં પોતપોતાનાં મંતવ્યો અનુસાર હીન અથવા શ્રેષ્ઠ બુદ્ધિ કરીને તેની પ્રસન્નતાની ખાતર સ્તુતિ ( નિહોરા ) કર્યા કરે છે. ( ૩ ) એ એક તત્ત્વનું વર્ણન વેદ, પુરાન, કિતાબ, કુરાન વગેરે નાના પ્રકારના ગ્રંથોમાં વિવિધ પ્રકારથી કરેલું છે, આ વાતને અવિવેકી હિંદુ, મુસલમાન, જેનો અને યોગીઓ સમજતા નથી. જુઓ " रुचीनां वैचित्र्या दृजुकुटिल नानापथजुषां नृणामेको गम्य स्त्वमसि पयसा मर्णव इव ( શિવ મહિમ્ન સ્તોત્ર. ) तथान्यं शैवा : समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो बोद्धा बुद्ध इति प्रमाण पटव : कर्तेति नैयायिका : अर्हन्नित्यथ जैनशासनरता : कर्मेति मीमांसका : सोऽयं वो विदधातु मोक्षपदवीं त्रैलोक्य नाथो हरि : ॥ ( ૪ ) છ દર્શન આ પ્રમાણેનાં છે. " જોગી જંગમ સેબડા, સંન્યાસી દરવેશ, છઠહે કહિયે બ્રાહ્મન છૌ ઘર છૌ ઉપદેશ. " એ છ દર્શન ( વેશધારી ) કહેવાય છે. આ લોકો પોતપોતાના મતાનુસાર કલ્પિત " પશુ પતિ " આદિક નામોને પ્રમાણભૂત માનીને બીજાઓથી ઝગડતા રહે છે, કબીર સાહેબ કહે છે કે, જગતના લોકો સર્વ શાણા રહો, હું જ પરાજયનો સ્વીકાર કરૂં છું.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂલ:—

શબ્દ. ૪૯. [ નિર્વાણ પદ-આત્માની જ્ઞાનરૂપતાનું વર્ણન. ]

બુઝ બુઝ પંડિત પદ નિર્બાન, સાંઝ પરે કહવાં બસે ભાન. ૧.
ઊંચ નીચ પર્વત ઢેલા ના ઈંટ; બિનું ગાયન તહવાં ઉઠૈ ગીત ૨.
ઓસન પ્યાસ મંદિર નહિ જહવાં, સહસ્રો ધેનુ દુહાવે તહવાં. ૩.
નિત અમાવસ નિત સંક્રાંતિ, નિત નિત નૌ ગ્રહ બૈઠે પાંતિ. ૪.
મૈં તોહિ પૂછૌં પંડિત જના, હૃદયા ગ્રહણ લાગુ કેહિ ખના. ૫.
કહંહિં કબીર ઈતનો નહિં જાન, કૌન શબ્દ ગુરૂ લાગા કાન. ૬.

શબ્દાર્થ:—

આ પદ્યમાં રૂપક-અતિશયોક્તિથી સૂર્યાસ્ત વર્ણનના દ્વારા અનાત્મ જ્યોતિઓનુ ખંડન અને આત્મ-જ્યોતિ (સ્વ-પ્રકાશ) નું મંડન કરવામાં આવેલું છે. (૧) હે પંડિત ! નિર્વાણ પદને સમજો ! સમજો! સાંજ પડે છે ત્યારે, અથવા બીજા પક્ષમાં શરીરાંત થાય છે ત્યારે સૂર્ય કયાં વસે છે. અથવા બીજા પક્ષમાં બ્રહ્મજ્યોતિના પ્રકાશરૂપી સૂર્ય કયાં વસે છે. (૨) હઠયોગીઓપ્રતિ કહે છે કે, ત્યાં ઉંચા નીચા પર્વત નથી કે નથી ત્યાં મોટા ઢગલા કે ઈંટો. ત્યાં ગાયન કર્યા વિના ગીત ના આલાપો ઉઠે છે. અર્થાત્ બ્રહ્માંડમાં અનાહત શબ્દ થાય છે. (૩) ઝાકળ ( ઓસ ) કે તૃષા નથી તેમજ ઘરબાર જેવું કંઇ નથી. ત્યાં સહસ્ર ધેનુઓ ( ગાયો ) રૂપ સાત્વિક વૃત્તિઓનું સત્વ-પ્રસવણ થયા કરે છે. (૪) સુષુમ્ણા નાડીનો ઉદય થવાથી ઇડા પિંગલાનો લય થઇ જાય છે, એટલા માટે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"નિત અમાવસ નિત સંક્રાંતિ," કહેવામાં આવલું છે. દસમું દ્વાર ઉઘડવાથી શરીર માંહેના નવદ્વાર રૂપ નવગ્રહ એકત્રિત થઇ એકમાં કેન્દ્રિત થઇ જાય છે. (૫) સદ્‌ગુરૂનું કથન-પંડિતોને પૂછે છે કે, હે પંડિતજનો! હું તમને પુછું છું, કે ઉકત અજ્ઞાનતારૂપી ગ્રહણ તમારા હૃદયમાંથી કયારથી લાગ્યું છે? (૬) કબીર સાહેબ કહે છે કે, એટલું પણ જાણ્યું નહીં કે, ભૌતિક પ્રકાશ (બ્રહ્મજ્યોતિ) અને ભૌતિક શબ્દ (અનાહત શબ્દ) પંચમહા ભૂતોના સંબંધથી થાય છે? પરિણામે પંચત્વ પ્રાપ્તિના અનંતર બન્ને (પ્રકાશ અને શબ્દ) લીન થઇ જાય છે. ઉક્ત બન્ને પદાર્થોના વિલીન થવા છતાં પણ એ "આત્મ-ભાનુ" છે. તેના પરિચયથી તેના સાક્ષાત્કારથી અને તેના અપરોક્ષ અનુભવથી નિર્વાણ પદ મળે છે. તમારા ગુરૂનો એ ઉપદેશ શું કામનો છે? કે જેથી એટલો પણ બોધ તમને થઇ શકયો નહીં!

---

મુલ—

શબ્દ. ૫૦. [ વિશ્વ-વૃક્ષ, પુરૂષ-પ્રકૃતી. ]

બુઝ બુઝ પંડિત બિરવા ન હોય, આધે બસે પુરૂષ આધે બસે જોય. ૧.
બિરવા એક સકલ સંસારા, સ્વર્ગ શીસ જર ગઇ પતારા ૨.
બારહ પંખુરી ચોબીસ પાન, ઘન બરોહ લાગે ચહું પાસ. ૩.
ફુલે ન ફલે વાકી હૈ બાની, રૈનિ દિવસ બિકાર ચુવૈ પાની. ૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહંહિં કબીર કિછુ અછલો ન તહિયા, હરિ બિરવા પ્રતિ પાલે ન જાહિયા. ૫.

શબ્દાર્થઃ—

(૧) હે પંડિતો ! આ સંસારરૂપી વૃક્ષના તત્ત્વને આપ લોકો ખુબ સમજી લ્યો. વસ્તુતઃ આ સંસાર "બિરવા ન હોય" વૃક્ષ નથી. કેમકે વૃક્ષ તો કેવલ સ્થાવર અને જડ હોય છે, પરંતુ આ સંસાર–વૃક્ષતો ચિદ ચિદાત્મક છે, અર્થાત્ જડ–ચેતન ઉભય રૂપ છે. કેમકે "આધે બસે પુરૂષ આધે બસે જોય" ભાવાર્થ એવો છે કે, સંસાર પ્રકૃતિ અને પુરૂષના સંબંધથી બન્યો છે. અને જોય, નારી, પ્રકૃતિ (જડ) અને પુરૂષ (ચેતન) એમ બન્ને ભાગોમાં વિભકત છે. (૨) આ સંસાર એવા પ્રકારનું વૃક્ષ છે કે, સ્વર્ગ લોક તો તેની ટોચ છે, અને પાતાલ લોક તેની જડ (મૂલ) છે. અર્થાત્ પાતાલથી સ્વર્ગ સુધી સંસાર વૃક્ષ ફેલાયેલું છે. (૩) બાર પાંખડી અર્થાત્ બાર માસ, અને ચોવીસ પાન એટલે ચોવીસ પક્ષાત્મક કાલ એ આ વિશ્વવૃક્ષની પાંખડીઓ અને પાન રૂપ છે. અર્થાત્ કાલ પણ અચેતન હોવાથી સંસાર મહીં જ અન્તર્ગત છે. અને નાના પ્રકારની કામનાઓરૂપ વડવાઇની જટાઓ (બરોહ) એ તેને સર્વ તરફથી ઘેરીને બાંધી રાખ્યું છે, અર્થાત્ આ સંસાર અનેક પ્રકારની કામનાઓનો જ આશ્રિત છે. વડ જેવાં પુરાણાં વૃક્ષોને તેની વડવાઇઓ–જટાઓ સ્થિર કરીને રાખે છે. આ પ્રસંગને અનુકુલ રહીમ કવિએ કેવો સુંદર દોહો કહ્યો છે કે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" આવત કાજ રહીમ કહેં, બંધુ વિરલગહિ મોહ;
જીરન પેડહિં કે ભયે, રાખત બરહિં બરોહ."

( ૪ ) વિશ્વવૃક્ષમાં બીજાં વૃક્ષો કરતાં એ પણ વિશેષતા છે કે, તેમાં જ્ઞાનરૂપ ફૂલ પણ લાગતાં નથી, તેમ મુકિતરૂપ ફ્લ પણ લાગતાં નથી. એ તેની આદત ( બાની ) અથવા સ્વભાવ છે, અર્થાત્ સંસાર પરિત્યાગ કર્યા વિના જ્ઞાન દ્વારા મુકિત મળી શકતી નથી.

" જો ગિરહી પરપંચ ન હોતે, નૃપતિ જંગલ કયોં જાતે;
દે પાહન-પારસ તેલીકો, હત્ત ખરી કયોં ખાતે."

સંસાર વૃક્ષમાં એ પણ એક વિચિત્રતા છે કે, કામ ક્રોધાદિક વિકારરૂપી પાણી રાત દિવસ આ વક્ષમાંથી ચુતું જ રહે છે. " યહી પેડ ઉત્પતિ પરલયકા, વિષયા સબૈ વિકારી." ભાવાર્થ એવો છે કે, વૃક્ષ પોતાનાં મૂલની જડોથી પાણી પીયે છે, એટલા માટે તેને પાદપ કહેવામાં આવે છે. સંસાર પણ એક વૃક્ષ છે. એટલે આ કામનાદિક વિકાર રૂપી પાણીને પીયે છે. અને સદૈવ ઉક્ત વિકારોને જ ચુવડાવતું રહે છે. એ પણ વાસ્તવિક છે. કેમકે- " અહાર તેવો ઓડકાર " અથવા " જે રહે લોટી તે નીકળે ટોટી " અર્થાત્ જે પાણી લોટીમાં રહે છે, તેજ પાણી તેની ટોટી મારફત બહાર નીકળવાનું. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, જ્યારે હરિ- માલી નાના છોડ ( સૂક્ષ્મ પ્રપંચ-રચના ) ની રક્ષામાં લાગ્યા હતા, ત્યારે આ સર્વ સ્થુલ રચના ( તે સમયે ) નહોતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવાર્થ:—

સ્થુલ જગતના નષ્ટ થયા પછી પણ સૂક્ષ્મ પ્રપંચ સુરક્ષિત રહે છે, કેમકે જ્ઞાનાગ્નિ વિના વાસનાના અંકુરો બળી જતાં નથી.

---

મૂલ:—

શબ્દ. ૫૧. [ મનની લીલા. ]

બુઝ બુઝ પંડિત મન ચિત લાય, કબહિં ભરલિ બહે કબહિં સુખાય. ૧.
ખન ઉબૈ ખન ડૂબે ખન ઔગાહ, રતન ન મિલૈ પાવૈ નહિં થાહર.
નદિયા નહીં સંસરિ બહૈ નીર, મચ્છ ન મરે કેવટ રહૈ તીર. ૩.
પોખરિ નહિં બાંધલ તહાં ઘાટ, પુરઇનિ નહીં કંવલ મહં બાટ.૪.
કહહિં કબીર ઈ મનખા ધોખ, બૈઠા રહૈ ચલન ચહૈ ચોખ. ૫.

શબ્દાર્થ:—

(૧) હે પંડિતો! આપ લોકો વિદ્યા અને સદાચાર સંપન્ન હોવાથી વિચાર–શીલ છો. એટલા માટે સાવધાન–ચિત્ત થઈને આ મનના સ્વરૂપને ખુબ સમજી લ્યો, કે જેથી આપ મન રૂપી નદીમાં વહી–તણાઇ શકો નહીં. આ મન રૂપી નદી કોઇ સમયે (કાર્યમાં સફલતા થવાથી) તો બમણા ઉત્સાહથી તથા નાના પ્રકારની આશાઓ રૂપ જલથી ભરાઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાય છે, અને કોઇ સમયે (વારંવાર અસફલતા મળવાથી) ઉકત નદીનું અવાર-મનોરથ જલ જયાંનું ત્યાં લીન થઇ જાય છે. સુકાઇ જાય છે. (૨) મનની ધારામાં વહન કરતા લોકોની ઘટનાઓ સાંભળો-એ લોકો કયારેક તો જલના ઉપર (ઉબે) આવી જાય છે, અને થોડી જ વારમાં ફરી ડુબી જાય છે. અને કદિ કદિ તો ઉકત લોકોની વિકલ્પ-નદી અથાગ ( ઔગાહ ) થઇ જાય છે.

ભાવાર્થ:—

યોગ્ય ઉપાય સૂઝી આવવાથી મનુષ્ય ઉછળવા લાગે છે. તથા અસહાય હોવાથી ચિંતામાં ડુબી જાય છે. અને કદિ કદિ તો ચિંતા એટલી વધે છે કે, તે સમુદ્ર રૂપ જ બની જાય છે. મન નદીનો થાહ અજ્ઞાનિઓને મળી શકતો નથી, કેમકે એ નદીના અંતસ્તલમાં ઉતરવાની શકિત ( જ્ઞાન-શકિત ) અને સતત વિચાર રૂપ દઢતા અજ્ઞાનિઓમાં હોતી નથી. તેથી કરીને તેઓને " રતન ન મિલે " અર્થાત્ નિજ-પદ રૂપી ( આત્મતત્ત્વ ) રત્ન મળી શકતું નથી. ભાવાર્થ એવો છે કે, જે પ્રમાણે મૃત્યુથી નિર્ભય થઇને મોતી કાઢવાવાળા ડુબકી મારનારા ( મરજીવા ) લોકો દરિયાને તળીએ જઇને મોતીઓને કાઢી લાવે છે, તે જ પ્રમાણે સર્વથા નિર્દ્વંદ્વ થઇને નિરંતર દીર્ઘ કાલ પર્યંત અને અત્યંત આદર પૂર્વક આત્મ-વિચારમાં નિમગ્ન રહેવાવાળાળા જ્ઞાની પુરૂષો જ આત્મ-તત્ત્વ રૂપી રત્નને પ્રાપ્ત કરી શકે છે. " नैत्र आत्मा दुर्त्रलेन

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લભ્યઃ " આ આત્માને ચંચલ ચિત્તવાળા દુર્બલ-હૃદયના પુરૂષ પ્રાપ્ત કરી શકતા નથી. કેમકેઃ—

" જિન ખોજા તિન પાઇયા, ગહરે પાની પૈઠ;
મૈં બૌરી બૂડન ડરી, રહી કિનારે બૈઠ. "

( ૩ ) વસ્તુતાએ જોઇએ તો આ મન નદી નથી. કેમકે નદી તો બીજી જગાએથી આવેલા પાણીથી વધે છે, અને વહન કરે છે, પરંતુ આ મન નદી તો સ્વયં વૃદ્ધિ પામીને ( સાંસરિકે ) અર્થાત્ નાના પ્રકારના સંકલ્પ અને વિકલ્પોથી ઉભરાઇને વહન કરતી રહે છે.

ભાવાર્થ:—

તેઓના સંકલ્પો અને વિકલ્પોનો પ્રવાહ કદિ રોકયો રોકાતો નથી. આ મન—નદીમાં કામ, ક્રોધ અને રાગાદિક મોટા મોટા મત્સ્ય ( મોટી માછલીયો ) સદૈવ તરતા રહે છે. તે જાલમાં આવી શકતા નથી કે મારી શકાતા નથી. કેમકે " કેવટ રહે તીર " અર્થાત્ જ્ઞાન રૂપી કેવઠ (મલ્લાહ—ધીમર) સદૈવ આ મન રૂપી નદીના કિનારા પર જ બેઠો રહે છે. જો જલમાં ઉતરીને માછીમાર પોતાની જાલ નાંખે તો માછલિયોને મારી શકે છે. તાત્પર્ય કે હૃદયમાં જ્ઞાનનો સંચાર ( પ્રવેશ ) થવાથી જ કામાદિક વિકાર નષ્ટ થઈ શકે છે.

( ૪ ) હવે મનની કલ્પનાઓનું વર્ણન કરવામાં આવે છે. યોગ—ઉપાસના કરવાવાળા સર્વ પ્રકારના યોગીઓ પોતપોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂઓની દીક્ષા–પ્રણાલી અનુસાર પિંડ તથા બ્રહ્માંડમાં ચતુર્દલાદિ નાનાં કમલોની તથા નાના પ્રકારના લોકો અને દ્વીપોની કલ્પના કરીને તે કલ્પિત લોકોમાં સદૈવ સંયમ ( ધારણા–ધ્યાન અને સમાધિ ) કર્યા કરે છે. " त्रयमेकत्र संयम : । " ( યોગ દર્શન ) એ પ્રમાણે નિરંતર અભ્યાસ કરવાથી સંકલ્પોની સ્થિરતા તેમજ દૃઢતાના કારણથી મનથી કલ્પિત, તથા ગંધર્વ નગરના સમાન પ્રતીતિ માત્ર નાના પ્રકારના લોકોના આભાસ સ્વપ્નવત્ તથા વિજળીના ચમકારાની માફક તેમને અભ્યાસ કાલમાં ભાસમાન થઇ જાય છે. વસ્તુતાએ તો સર્વ મિથ્યાજ છે. એજ વાતને બતાવે છે કે " મોહકર નહિ બાંધત તહાં ઘાટ, " અર્થાત્ આ બ્રહ્માંડ તલાવ ( મોહકર ) નથી, કે જેમાં ઘાટ તથા પગથિયાં બની શકે, તેમજ નાના પ્રકારની કમલ લતાઓ લાગી શકે; તથાપિ યોગી લોકો તે બ્રહ્માંડમાં રાત દિવસ ઘાટ અને સીડી ( પગથિયાં ) રૂપ નાના પ્રકારના લોકોની રચના કર્યા કરે છે. અને તેજ પ્રમાણે પિંડમાં પણ નાના પ્રકારના કમલોની (ષટ્ ચક્રો) કલ્પના કરે છે. અને પ્રાણાયામ દ્વારા ષટ્ ચક્રોના ભેદનથી કલ્પિત માર્ગ બનાવીને રાત દિવસ તે માર્ગથી આવ જાવ કર્યા કરે છે. (૫) કબીર સાહેબ કહે છે કે, આ અજ્ઞાનીઓનાં મનને વંચક ગુરૂઓએ કેવળ ભ્રમણામાં નાખ્યા છે. આ સર્વ વિડંબનાઓથી મુકિત કદિપણ મળી શકતી નથી. આ મન તો જ્યાંનું ત્યાં ( સંસારમાં ) જ બેઠેલું છે, કેમકે લોક અને દ્વીપ તેનાં બનાવેલાં ઘર છે. એટલા માટે એવા કલ્પિ લાડુઓથી પેટ ભરી શકાતું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કંઈક સાચાં સાધન ( જ્ઞાનાદિક ) પ્રાપ્ત કરવાં જોઈએ, કે જેથી નિજ-પદ પ્રાપ્ત થઇ શકે. એવા અજ્ઞાનિઓના મનનું કામ તો આ કહેવત અનુસાર છે કે, "બૈઠા રહે ચલન ચહે ચોખ," અર્થાત એ લોકો ચાહે છે કે, અમને સહજમાં જ મુક્તિ મળી જાય !

---

**મૂલ:—**

શબ્દ ૫૨. [ અનધિકાર ચર્ચા ]

( બૂઝી ) બૂઝી લીજૈ બ્રહ્મજ્ઞાની.
ધૂરિ ધૂરિ વર્ષા વર્ષાવે, પરિયા બુંદ ન પાની. ૧
ચિંઉટી કે પગ હસ્તી બાંધો, છેરી બીગ રખાયા;
ઉદધિ માંહ તે નિકરિ છાંછરી, ચૌડે ગ્રહ કરાયા. ૨
મેઢક સર્પ રહત એક સંગૈ, બિલૈયા શ્વાન બિયાહી;
નિત ઊઠ સિંહ સ્યારપૈ ડરપૈ, અદભુત કથો ન જાઇ. ૩
કૌને સંશય મૃગા બન ઘેરે, પારથ બાના મેલૈ;
ઉદધિ ભૂપતે તરિવર ડાહે, મચ્છ અહેરા ખેલે. ૪
કહહિં કબીર યહ અદભુત જ્ઞાના, કો યહ જ્ઞાનહિં બૂઝે;
બિનુ પંખે ઉડી જાઇ અકાશૈ, જીવહિં મરણ ન સૂઝૈ. ૫

**શબ્દાર્થ:—**

( ૧ ) " सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति किंचन, " એવાં એવાં મહા વાક્યો સર્વને ભણાવવાવાલા હે બ્રહ્મજ્ઞાનિઓ !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( વાચક જ્ઞાનિઓ ) હવે આપ લોકોની વારી આવી ગઇ છે, એટલા માટે મારી આ તુચ્છ વાતને સાંભળીને સમજી લ્યો. વાત એવી છે કે, વિવેક અને વૈરાગ્યાદિક સાધનોથી સંપન્ન એવા અધિકારીઓને તો " अहं ब्रह्मास्मि " ( હું બ્રહ્મ છું ) ઇત્યાદિક મહાવાકયોનો ઉપદેશ દેવો એ તો શાસ્ત્રાનુમોદિત છે જ. પરંતુ આપ લોકો તો અધિકારીની પરિક્ષાને પણ એક બાજુ મૂકીને તે તરફ દુર્લક્ષ કરી સ્વયં બ્રહ્મજ્ઞાનના કાળા કાળા મેઘ બની જઇને, તથા શ્રાવણ, ભાદરવાની કાલી ઘટાની માફક ઘુમી ઘુમીને સઘળા સંસારમાં બ્રહ્મ જ્ઞાનનીજ ઝડી વર્ષાવી રહ્યા છો. પરંતુ જરા જુઓતો ખરા કે કોઇ પણ અનધિકારીના હૃદયમાં તેમનાં બ્રહ્મજ્ઞાનનું એક પણ બૂંદ પડતું નથી. એટલા માટે જો ઉપદેશ આપવો હોય તો પાત્ર, કુપાત્રની કસોટી કરી ઉપદેશ કરવો જોઇએ. ( ૨ ) અરે મારા ભોળાને ભલા ભાઇઓ ! આપ લોકો તો અનધિકારીઓને બ્રહ્મોપદેશ દઇને કીડીના પગમાં હાથી બાંધી રહ્યા છો. ભાવાર્થ એવો છે કે, સાધન સંપત્તિ વિનાના મનુષ્યની ચિત્તવૃત્તિ બ્રહ્માકાર થઇ શકતી નથી. એટલે કે મિથ્યા બ્રહ્મભાવથી મન રોકી શકાતું નથી, અને મન નહીં રોકી શકાયાથી " છેરી બીગર ખાયા " બકરી ( છેરી=માયા ) ભેડિયા ( બીગર=જીવાત્મા ) ને ખાઇ ગઇ, જુઓ આ પણ કેવું આશ્ચર્ય છે કે, આ અનધિકારિઓની ચિત્તવૃત્તિ રૂપ જલની નાનીશી સેડ ( છાછરી ) અમિતાનંદ સાગર નિજ-રૂપથી નિકલીને ( વિમુખ થઇને ) આ લાંબી ચોડી તથા સંતપ્ત સંસાર ભૂમિમાં પોતાનું ઘર કરી રહી છે. ભાવાર્થ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે–વિષયી–જનોની વૃત્તિ વિષયાકાર થઇને રહે છે. ( ૩ ) આ અનધિકારિઓનાં હૃદય–નિકેતનનો વૃત્તાન્ત આપે હજી સુધ્રી સાંભળ્યો પણ નથી, માટે હવે સાંભળો ! એમને ત્યાં તો મેડક ( અજ્ઞાની ) અને સર્પ ( અહંકાર ) એ બન્ને સાથે જ રહે છે. ભાવાર્થ કે, અહંકાર તેમને કેમ બચવા દેશે ? તેમ જ બિલાડી ( અજ્ઞાનિઓની ચિત્તવૃત્તિ ) એ શ્વાનરૂપ સંસાર સુખની સાથે વિવાહ કરી લીધો છે. ભાવાર્થ કે, સાંસારિક સુખથી ચિત્તવૃત્તિ કદિપણ સંન્તુષ્ટ થઇ શકતી નથી. હજી પણ જરા વધારે સાંભળો ! સિંહ રૂપ જીવ, શિયાળ રૂપ મન તથા અધ્યાસ ( ભ્રમ ) થી સદૈવ ડરતો રહે છે; અર્થાત્ મન તથા અધ્યાસ એ બન્નેએ જીવને પોતાને આધીન કરી લીધો છે. એ એક અનોખી વાર્તા કહ્યામાં આવી શકતી નથી. ( ૪ ) હવે એવું બતાવવામાં આવે છે કે, એવા વિવેક વૈરાગ સંપન્ન ( અધિકારી ) જનોની મુક્તિ થવામાં કાંઇ સંશય નથી. જો કે તેઓ પોતાના હૃદયરૂપી વનમાં વિચરવાવાળા નાના પ્રકારના સંશયરૂપ મૃગોને ઘેરી લઇને તેમના પર ( પારથ=વીર ) સદ્ગુરૂના ઉપદેશરૂપી બાણોને ચલાવે છે, અર્થાત્ સદ્ગુરૂના વચન દ્વારા સમ્પૂર્ણ સંશયોને નિવૃત્ત કરી નાખે છે. એટલે કે વૃત્તિ–ભૂમિને આત્માનન્દ સમુદ્રમાં આપ્લાવિત કરીને માયા–પ્રપંચ રૂપ ભારી મોટાં વૃક્ષને બાળી નાખે છે. ( સમુદ્રના પાણીથી ઝાડ બળી જાય છે. ) ત્યાર પછી આત્મ–સાક્ષાત્કાર થવાથી મચ્છરૂપ માયા અને તેનાં કાર્ય મનનો પણ લય કરી દે છે. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, આ આપનો બ્રહ્મોપદેશ તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભારી અલૌકિક છે. શીઘ્ર મુક્તિ પ્રદાન કરી દે છે. પરંતુ તેને સમજીને દૃઢતાપૂર્વક ધારણ કરવાવાળા અધિકારી તો ઘણા જ કમ છે. અધિક સંખ્યા તો એવા જ લોકોની છે, કે જેઓ વૈરાગ્યાદિક સાધનરૂપ પાંખો વિના જ ઉડીને આકાશરૂપ બ્રહ્મમાં ગતિ કરવાને ચાહે છે. અને પ્રપંચ-પંકમાં પડ્યા પડયા પણ " अहं ब्रह्मास्मि " અને " शिवोऽहं " ની હાક પાડતા પાડતા પોતે પોતાને કૈવલ્યધામના પર્યંકમાં પર્યવસ્થિત થયેલા જાણે છે, એટલું જ નહીં, પરંતુ પોતે પોતાને નિર્લિપ્ત બ્રહ્મ સમજીને નિઃશંકપણે યથેચ્છાચરણમાં પણ લાગ્યા રહે છે. મૃત્યુ બાદ અમારી શું દશા થશે, એ તેમને સૂજતું નથી. કેમકે તેઓ તો ભ્રમથી પોતાને અપરોક્ષ બ્રહ્મજ્ઞાની માનીને સ્વયં બ્રહ્મ હોવાના ભ્રમમાં પડેલા છે. એવા જ અનધિકારિઓના બ્રહ્મ હોવાના અહંકારને લક્ષ્ય કરીને જ કબીર સંપ્રદાય ગ્રંથોમાં તેમ જ અન્ય સાંપ્રદાયિક ગ્રંથોમાં પણ બ્રહ્મને ભ્રમ તરીકે બતાવવામાં આવેલ છે. મારી બુદ્ધિમાં તો એમજ આવે છે; કેમકે અપરોક્ષ ( સાચા ) બ્રહ્મજ્ઞાની ઘણાજ કમી હોય છે, આ વાતને શંકરાવતાર ભગવાન શંકરાચાર્યે પણ પોતાના ગીતા ભાષ્યમાં સ્પષ્ટ જ કહી દીધું છે. અને વેદાંતના એક-જીવ-વાદ અનુસાર કદિ અવલોકવામાં આવે તો અત્યાર સુધીમાં કોઇને અપરોક્ષ ( સાચું ) બ્રહ્મજ્ઞાન થયું પણ નથી. કદાચ એક ને પણ સાચું બ્રહ્મજ્ઞાન થઇ ગયું તો ઉકત મતાનુસાર સઘળા સંસારની મુક્તિ થઇ જવાની. આ સર્વ વિવાદગ્રસ્ત વાતોને સમજીને અર્વાચીન મહાત્માઓએ નિષ્કંટક તથા સરલ માર્ગનું અન્વેષણ કરેલું છે. અને તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજમાર્ગપર ચાલવાને માટે અનુરાગી એવા આત્મ જિજ્ઞાસુઓને આવશ્યક બોધ આપવામાં આવેલ છે. પરંતુ ગમે તેટલું સરળ કેમ ન હોય, તથાપિ એ પણ એક માર્ગજ છે, એટલા માકે આવશ્યક વસ્તુઓનું પોટલું બાંધીને બરાબર પ્રયાણ કરતું રહેવું એ પથિકોને માટે અત્યંય આવશ્યક વાત છે. કેમકે પુરૂષાર્થ વિના પરમ પદ પ્રાપ્ત થઈ શકતું નથી. જેમકે:—

"કહેં કબીર યહ મનકા ધોખ, બૈઠા રહે ચલન ચહેં ચોખ."
"મારગ ચલતે જો ગિરે, તાકો નાહીં દોષ,
કહૈં કબીર બૈઠા રહૈ તો સિર કરડે કોષ.
"થોડે હીમેં બહુત હૈ, અતિ સમઝનકી બાત;
મેંહદી અધિક લગાયતે કર કારો હૈ જાત."

---

શબ્દ. ૫૩. [ સંસાર તરૂ. ]

મૂલ—

વહ બિરવા ચીન્હે જો કોય, જરા મરણ રહિતે તન હોય. ૧.
બિરવા એક સકલ સંસારા, પેડ એક ફૂટલ તીનિ ડારા. ૨.
મધ્યકી ડારિ ચારિ ફલ લાગા; શાખા પત્ર ગિને કો વાગા. ૩.
બેલિ એક ત્રિભુવન લપટાની, બાંધે તે છૂટે નહીં પ્રાની. ૪.
કહહિં કબીર હમ જાત પુકારા, પંડિત હોય સો કરૈ વિચારા. ૫.

૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

( ૧ ) સદ્‌ગુરૂ કહે છે કે, જો કોઇ આ પ્રપંચ–તરૂને સારી રીતે ઓળખી લે કે આતો અજ્ઞાની શુકો ( પોપટ ) ને છેતરવાવાળું મહા–નીરસ અને બહુ મોટું સેમરનું વૃક્ષ છે તો તે મનુષ્ય જરા અને મરણ રૂપ નાનાં પ્રકારનાં દુખોથી નિવૃત થઇ જાય. ( ૨ ) સૂક્ષ્મથી સૂક્ષ્મ કીટ કે અણુંથી લઇને હિરણ્યગર્ભ ( બ્રહ્મા ) પ્રર્યન્ત સચરાચર આ સઘળો સંસાર એ એક મહાન વૃક્ષ છે. એ વૃક્ષના જુદા જુદા ભાગો ( અવયવો ) નું વર્ણન સાંભળો ! મૂલ પ્રકૃતિ ( માયા ) એજ આ વૃક્ષનું મૂલ છે, કેમકે આ સર્વ પ્રપંચ માયિક છે. અને સમષ્ટિ સૂક્ષ્મશરીર અભિમાની પ્રથમ શરીરધારી એક આદિ પુરૂષ એ આ પ્રપંચ ઉત્પાદક વૃક્ષનો મધ્યભાગ ( પેડ ) છે. ત્યાર પછી ક્રમશઃ આ આદિ પુરૂષરૂપ વૃક્ષથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રૂપ ત્રિગુણાત્મક ત્રણ ડાળિઓ નિકળી. આ ત્રણે દેવતાઓ ક્રમશઃ રજ સત્વ અને તમોગુણના અભિમાની છે. એટલે આ શબ્દાંતરિત ત્રિગુણ છે. તેના દ્વારા આ ત્રિગુણાત્મક પ્રપંચની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કાર્ય વારંવાર થયા કરે છે. ( ૩ ) આ વિશ્વ વૃક્ષની મધ્યની ડાળી રૂપ સત્ત્વગુણમાં પુરૂષાર્થ ચતુષ્ટય ( ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ) રૂપી ચાર ફલ લાગે છે. અર્થાત્ સત્ત્વગુણ રૂપ વિષ્ણુની આરાધનાથી સર્વ પુરૂષાર્થોની સિદ્ધિ થાય છે. વૈષ્ણવોની વિષ્ણુ આરાધનાનું આ રહસ્ય છે. એ એક ડાળીનું વૃત્તાંત છે. તેથી અતિરિકત રજોગુણ રૂપ ડાળીમાંથી કામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્રોધાદિરૂપ અનન્ત શાખા પ્રશાખાઓ અને નાના પ્રકારની વાસનાઓ રૂપ પાંદડાં એટલાં બધાં તો નિકળી પડયાં છે કે તેને કયો નકામો માણસ બેઠો બેઠો ગણ્યા કરે ?

" काम एष क्रोधएष रजोगुण समुद्भवः ।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणाम् " ॥

" આદિ પુરૂષ એક વૃક્ષ હૈ, નિરંજન વાકી ડાર;
ત્રિદેવા શાખા ભયે, પત્તા સંસારા હો. " (બી. શ. ૧૧૪)

( ૪ ) અતિ ભારી આશ્ચર્ય તો એ છે કે, વાસના અથવા આશારૂપ એક તુચ્છ વેલીએ એવા મોટા વિરાટ વૃક્ષને મૂલથી માંડી ટોચ પર્યંત ઘેરીને એવું લપેટી દીધું છે કે, સ્વર્ગાદિ ફળોને તોડવાની ઇચ્છાથી આ વૃક્ષ પર ચઢેલા મોટા મોટા યોગી અને જ્ઞાનાભિમાની પણ બિચારા આ વેલી ( આશા-લતા ) માં ફસાઇને મરી ગયા. અનેક ઉપાયો કર્યા, પરંતુ છુટી શકયા નહીં. ( ૫ ) પરમ દયાલુ ગુરૂ-કબીર કહે છે કે, હે ભાઇઓ ! હું પોકારી પોકારીને કહેતો આવ્યો છઊં, કે આ વિષ વૃક્ષરૂપ પ્રપંચ તરફથી દૂર રહો, અને તેનાં ઝેરી ફલોને, અમૃતફલ સમજીને ચાખો નહીં; તેમજ આ મિથ્યા આશારૂપ વેલી ( લતા ) ને પણ અડકો નહીં. જે પંડિત હોય તેણે આ વાતનો વિચાર કરી લેવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૫૪. [ અંધ પરમ્પરા. ]

**મૂલ—**

સાંઈ કે સંગ સાસુર આઈ.

સંગ નહિં સૂતિ સ્વાદ નહિં માની, ગયે જોબન સપનેકી નાઇ.૧.
જના ચારિ મિલિ લગન સોધાયે, જના પાંચ મિલિ માંડો છાયે;
સખી સહેલરી મંગલ ગાવૈં, દુખ સુખ માથે હરદિ ચઢાવૈં.૨.
નાના રૂપ પરી મન ભાંવરિ, ગાંઠિ જોરિ ભાઈ પતિયાઈ;
અર્ઘા દૈ લે ચલી સુવાસિની, ચૌકે રાંડ ભઈ સંગ સાઈ.૩.
ભયો વિવાહ ચલી બિનુ દુલહા, બાટ જાત સમધી સમુઝાઈ;
કહૈ કબીર હમ ગૌને જૈબે, તરબ કંથ લે તૂર બજૈબે.૪.

**શબ્દાર્થઃ—**

( ૧ ) આ શબ્દમાં અજ્ઞાની-જીવની ચિત્ત શકિત–રૂપ. સ્ત્રી સાથે–વંચક ગુરૂઓ દ્વારા–મન–પ્રપંચની સાથે મિથ્યા વિવાહ, તથા સદ્‌ગુરૂ દ્વારા પુનઃ સાચા પતિ શુદ્ધ–ચેતન, ( નિજપદ ) ની પ્રાપ્તિનું રૂપક બતાવવામાં આવેલું છે. આ ચિત્તશક્તિ ( જીવાત્મા ) શુદ્ધ ચેતન, નિજરૂપ ( સાંઇ ) ને સાથે લઇને સંસાર ( સાસુર=સસુરાલ ) માં આવી છે. અર્થાત્ સાંઇ સદૈવ તેના સંગમાંજ રહે છે, પરંતુ અજ્ઞાન વશ પોતાના પતિને જાણતી નહીં હોવાથી તેના પરમાનન્દ વિહારથી સર્વદા વંચિતજ રહે છે, પ્રમાદ વશ આ જીવ–શકિતનું સઘળું યૌવન ( નર–તન ) સ્વપ્નની માફક વ્યર્થજ ચાલ્યું ગયું. એટલે કે જીવ સંસારી બનીને જન્મ મરણના ચક્રમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડી ગયો. કોઇ પ્રકારે માલિકની દયાથી ફરી પણ આ જીવ શકિતને જો મનુષ્ય શરીર મળ્યું તો વંચક ગુરૂઓએ ફરી પણ મનઃ પ્રપંચની સાથે જ તેનો વિવાહ કરી દીધો. ( ૨ ) હવે વિવાહનું રૂપક બતાવવામાં આવે છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચારેએ એક મત થઇને આ જીવ શક્તિ રૂપ કુમારીનો દેહાદિ સંઘાત રૂપ મનઃ પ્રપંચની સાથે સગાઇ સંબંધ રૂપ લગ્ન લગાડવાનો નિર્ણય કર્યો. અર્થાત્ જીવને શરીરાસક્તિમાં નાંખી દીધો. ભાવાર્થ એવો છે કે, મન સંકલ્પ કરે છે, અને બુદ્ધિ નિશ્ચય કરે છે. ત્યાર પછી ચિત્તની સ્ફુરણાથી અહંકાર દ્વારા જીવ નાના પ્રકારનાં કર્મો કરે છે, એ પ્રમાણે સર્વ કર્મોની વ્યવસ્થા છે. આ પ્રકારે પ્રપંચાસક્તિ રૂપ લગ્નની તૈયારી થતાં પંચતત્ત્વ રૂપ પાંચ જણાઓએ મળીને શરીર રૂપ માંડવાની રચના કરી દીધી. ભાવાર્થ એવો છે કે, દેહાધ્યાસના કારણથી નાના પ્રકારના દેહ ધારણ કરવા પડે છે. ( ૩ ) એ પ્રમાણે માંડવાની રચના તૈયાર થતાં, આ જીવ–શક્તિરૂપ વહુ ( દુલહિન ) ની બાલ સખી ઇન્દ્રિયોરૂપ સાહેલીઓ પ્રમુદિત ચિત્ત થઇને મંગલ ગાવા લાગી. અર્થાત્ સુંદર સુંદર રૂપ, રસ, ગંધ સ્પર્શ અને શબ્દાદિ રૂપ વિષય ભોગ ભોગવવા લાગી. ત્યાર પછી ભોગોથી થવાવાળા તથા પાપ–પુણ્યના ફલભૂત નાના પ્રકારનાં દુખ અને સુખરૂપ પીઠી ( હલ્દી ) જીવરૂપ વહુ ( દુલહિન ) ના માથે નાખી દીધી. ભાવાર્થ કે રૂપાદિ વિષયોના ભોગ તો ઇન્દ્રિઓ કરે છે, અને તેનાં ફલ રૂપ દુખાદિક જીવાત્માને મળે છે. ( ૪ ) એ પ્રમાણે હળદી ( પીઠી ) ચઢાવ્યા બાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભોગજન્ય નાના પ્રકારની વાસનારૂપ વમળ ( ભાંવરી ) આ જીવરૂપ વધુના મનમાં પડી ગઇ. તાત્પર્ય કે સંપૂર્ણ શુભાશુભ ક્રિયાઓનો એવો સ્વભાવ હોય છે કે, તે કર્મો કરવાના હૃદય-મુકુરમાં કરેલાં કર્મોના શુભાશુભ સંસ્કાર ( વાસના, સૂક્ષ્મ-ભોગેચ્છા, ) ની છાપ બરાબર પડી જાય છે. એટલા માટે તેવી વાસનાઓથી વિવશ બનીને સંસારી લોકો તેવાં તેવાં કર્મો કરવામાં પ્રવૃત્ત રહે છે, અને તેનાં પરિણામરૂપ ફલોને ભોગવે છે. કારણ કે જીવોનાં પોતાનાં જ કર્મો, સંસ્કાર દ્વારા સ્વસ-જાતિય ક્રિયાઓને ફરી ફરી ઉત્પન્ન કર્યા કરે છે. એ પ્રકારે વમળ પડયા બાદ જ્યારે આ જીવ-વધુ (દુલહિન) (ચેતન) નું મનઃપ્રપંચ ( જડ ) ની સાથે લગ્ન ( ગાંઠ-બંધન ) થઇ ગયું ત્યારે તેણે ભ્રમ વશ થઇ જૂઠા પતિ પ્રપંચને પોતાનો પતિ માનીને તેની સાથે જ દ્રઢ પ્રેમ બાંધી લીધો. તાત્પર્ય કે અજ્ઞાન જન્ય-દેહાસક્તિના જ કારણે આ જીવ, ચેતન ધર્મો-આનન્દાદિકોને જ વિષયોના ધર્મો સમજી રહ્યો છે. અર્થાત્ આ પરમ સુખ મને વિષય ભોગથી મળ્યું છે, એવું જાણી રહ્યો છે. અને જડના ( માયાના ) અનંત ધર્મ, વર્ણ, આશ્રમ અને અવસ્થા તથા બાલ્યાવસ્થા, યુવાવસ્થા, અને વૃદ્ધાવસ્થા તેમજ દુબળાપણું, જાડાપણું, રંગ, રૂપ વ્યાધિ પીડા વગેરે તે પોતાના ( ચેતનના ) ધર્મ માની રહ્યો છે. આ અનમેળ ખીચડીને દાર્શનિકોએ અન્યોન્યાધ્યાસ તથા જડ ચેતનની ગ્રંથિ પણ કહી છે. આની વિશેષ કથા અધ્યાસ ભાષ્યાદિકમાં " सत्यानृते मिथुनी कृत्य प्रवर्तन्ते सर्वे व्यवहाराः " ઇત્યાદિ ગ્રંથથી સ્પષ્ટ કરવામાં આવેલ છે. ગોસ્વામી તુલસીદાસજીએ પણ આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષયમાં લખ્યું છે કે, "જડ ચેતનહિં ગ્રન્થી પરિગઇ, જદપિ મૃષા છૂટત કઠિનાઇ" એ પ્રકારે અનાત્મ પદાર્થોમાં ફસી જઇને આ જીવ સંસારી થઇ ગયો છે. એ પ્રમાણે વિવાહ–વિધિ સંપન્ન થયા પછી જીવ–વધુ (દુલહિન) ને સૌભાગ્યવતી સ્રીઓ રૂપ વંચક ગુરૂઓની વાણી અર્ધ્ય આપી આપીને પોતાની સાથે લઇ ચાલી. તાત્પર્ય કે નાના પ્રકારનાં સકામ કર્મો રૂપ અનાત્મ પદાર્થોમાં લોભાવવા વાળા વંચક ગુરૂઓએ વિવિધ પ્રકારની રોચક વાણીઓવડે વસ્તુતાએ જે નિત્યતૃપ્ત જીવ છે, તેને પણ સ્વર્ગ લોકાદિક પ્રાપ્ત કરવાની વાસનાથી ભૂખ્યા બનાવી દીધા. એવા કારણથી જ આ અજ્ઞાની ( જીવ ) વંચક ગુરૂઓ પાસેથી મિથ્યા મુક્તિરૂપ વાસી ભાત લેવાને માટે તેમનાં દ્વારપર પડી રહીને નાક રગડવા લાગ્યા. " ઝુઠી મુક્તિ નર આસ જીવનકી, ઉન પ્રેતકો ઝુઠ ખયો. " ( બીજક ) હવે આ વિવાહનું પરિણામ જોઇએ. આ જીવ–વધુએ થોડાજ સમયમાં છોડી દેનારા એવા આ જૂઠા સંસારરૂપ પતિની સાથે અજ્ઞાન અને મોહ વશ થઇને વિવાહ કરી લીધો. એટલા માટે અલ્પ કાળમાં જ પોતાના પ્રિયજનના વિનાશથી માંડવા ( શરીર ) માં બેઠી બેઠી જ રાંડી બેઠી, અર્થાત્ વિધવા બની ગઇ; અને સાચા પતિ ( સાંઇ ) તો બિચારા બગલમાં બેઠાજ રહી ગયા. તેના દેખતાં દેખતાં આ સર્વ ખેલ બની ગયો. તાત્પર્ય કે આ જીવ મોહ વશ બની ધન, દારા અને શરીરાદિક પ્રપંચથી એવો ગાઢ પ્રેમ બાંધી લે છે કે, તેની વિકલતા અને વિયોગથી પોતે જ અકર્મણ્ય–હતાશ જેવો અને અનાથ બની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાય છે, આ ભાવને કબીર સાહેબે એક સ્થળે કેવા સુંદર રૂપકમાં ઝલકાવ્યો છે, જેમકે-

"ફૂલ ભલ ફૂલલ, માલિન ભલ ગાંથલ,
ફૂલવા વિનસિ ગૈલ, ભંવરા નિહાસલ."

અર્થાત્ ફૂલ અતિ સુંદર ફૂલ્યું છે, તેને માલણે ભલી પ્રકાર ગુંથેલ છે, પરંતુ ફૂલ વિણસી જતાં ભ્રમર નિરાસ થઇ જાય છે. ( ૫ ) એ પ્રકારે વિવાહ થયા છતાં પણ આ જીવ-વધુ પતિ વિનાની જ રહી ગઇ. ત્યાર પછી અનેક સાંસારિક આપત્તિઓથી ત્રાસ પામીને પોતાના સાચા પતિ ( નિજપદ ) ની શોધખોળ કરવા એ નિકળી પડી. ત્યાર પછી નાના પ્રકારનાં કર્મ અને ઉપાસના રૂપ અનેક માર્ગોમાં ભ્રમણ કરતી કરતી જ્યારે આ સત્સંગ રૂપી રસ્તા ( બાટ ) પર પહોંચી ગઇ, ત્યારે તેના સાચા સંબંધી સંત જન મળી ગયા. તેમણે તેને ભાન ( બોધ ) કરાવ્યું કે તું નાહકની જ નિજ-પતિ ( સ્વરૂપ ) ને મળવાને માટે સ્વર્ગ અતે પાતાલ ને છાણી રહી છે. અને મુક્તિરૂપ જે પતિસુખ માને છે, તેને માટે પાણી ( તિર્થ ) અને પત્થર ( પ્રતિમા ) માં માથું મારી રહી છે. તને સ્વાર્થી લોકોએ ઘણીજ ભૂલમાં નાખી દીધી છે. કેવલ આ વિધિવાદ ( કર્મકાંડ ) ના બલથી તું પતિને પ્રાપ્ત કરી શકતી નથી. તું કયા પ્રકારની મુંઝવણમાં પડી ગઇ છો ? તું જો આ તારો પતિ તો તારી સાથે જ છે. તું ( સંસારથી ) પીઠ ફેરવીને તેમજ આંખ ખોલીને તો દેખતી પણુ નથી. આંખો મીંચીને બીજાઓની પાછળ પાછળ દોડયા કરે છે ? સાંભળઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" જેહિ ખોજત કલ્પોગયે, ઘટહી માંહિ સો મૂર;
બાઢી ગર્બ ગુમાન તે તાતે પરિગૌ દૂર."
"સો તો કાહિયે એસ અબૂઝ, ખસમ અછત ઢિગ નાહી સૂઝ"

બિચારા આ પતિનો શું દોષ છે ? એ તો સર્વ તારી જ અજ્ઞાનતાનું ફલ છે. એ પ્રકારે અમૃતરૂપ વચનોથી જ્યારે મહાત્માએ અજ્ઞાની જીવ-શક્તિને ખુબ સમજાવી ત્યારે જીવ-આત્માના હૃદયમાં બોધ થયો. ત્યાર પછી ઘણો જ પશ્ચાતાપ કરીને જીવ-શક્તિ કહેવા લાગી કે હવે તો હું મારા પતિની સાથે સાસરિયે જઇશ, અને ત્યાં પતિના ચરણુ કમલરૂપ નૌકામાં બેઠી રહીશ, કે જેથી તૂર ( તૂરી એક પ્રકારનું વાદ્ય ) બજાવીને સંસાર-સાગરથી પાર થઇ જઇશ. એજ ભાવ આ નીચે બતાવેલી સાખીઓમાં પણ ઝલકી નીકળે છે:—

" પાછે લાગા જાયથા, લોક વેદકે સાથ;
પૈડેમેં સતગુરૂ મિલે, દીપક દીન્હા હાથ."
"આછત ખસમ રાંડ ભઇ ધનિયાં, ઝુઠ ખસમ મન ભાવતરે"
ભજન.

---

## શબ્દ. ૫૫. [ મિથ્યા વિવાહ ].

મૂલ:—

**નલકો ઢાઢસ દેખો આઈ, કછુ અકથ કથા હૈ ભાઈ; ટેક ૧.**
**સિંહ સાર્દૂલ એક હર જોતિનિ, સીકસ બોઇન ધાના;**
**બનકી ભૂલઇયા ચાખુર ફેરે, છાગર ભયે કિસાના. ૨.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાગા કપડા ધોવન લાગે, બકુલા કિરરે દાંતા;
માંછી મૂંડ મુડાવન લાગી, હમહૂં જાબ બરાતા. ૩.
છેરી બાઘહિં વ્યાહ હોત હૈ, મંગલ ગાવૈ ગાઇ;
બનકે રોઝ ધૈ દાઈજ દીન્હોં, ગોહ લોકંદૈ જાઈ. ૪.
કહંહિં કબીર સુનો હો સંતો, જો યહ પદ અર્થાવૈ;
સોઈ પંડિત સોઈ જ્ઞાતા, સોઈ ભક્ત કહાવૈ. ૫.

શબ્દાર્થઃ—

(૧) સાચા સદ્‌ગુરૂના મળવાથી જીવોના કલ્યાણની ચર્ચા તો ઉપર કરી ચુકયા છીએ. હવે વંચક ગુરૂઓના ફંદામાં પડેલા અજ્ઞાનિઓની દુર્ગતિનું દિગ્દર્શન કરાવવામાં આવે છે, કે હે ભાઇઓ ! આ અજ્ઞાનિઓની જરા હિમ્મત તો જુઓ. એ લોકો જન્મ મરણાદિ દ્વારા અનન્તવાર માયાના કોલ્હૂ (ચીચોડા) માં ઓરાઇ ચુકેલા છે. પરંતુ ફરી પણ બમણા ઉત્સાહથી તે કોલ્હૂમાં માથું દેવાને માટે સર્વથી આગળ ઉભા રહે છે. જાદૂગર ગુરૂવા લોકોએ આ બિચારાં અજ્ઞાનિઓની ઉપર માયાની એવી ભુરકી નાંખી દીધી છે કે એ લોકો અતિ પ્રસન્ન થઇને સર્વથી પ્રિય એવાં પોતાના નર જીવનને પણ તુચ્છ ભેટ સમજીને તેમનાં ચરણોમાં સમર્પણ કરે છે. અને નાચતા, કૂદતા તથા હસતા ખેલતા પરમ શોચનિય ગતિને પ્રાપ્ત થાય છે. અજ્ઞાનીઓની આ કથાતો ઘણીજ વિચિત્ર છે. (૨) હવે વંચક ગુરૂઓનાં કારસ્તાન કેવાં હોય છે, તે જોઇએ. છાગર=માયાના સ્વામી બકરારૂપ વંચકગુરૂ સ્વયં ખેડુત બનીને સિંહ તુલ્ય જીવાત્મા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તથા શાર્દૂલ=સિંહને ખાઇ જનાર તેના મનને બળદ બનાવીને કર્મરૂપ એક જ હળમાં તેઓને જોડી દીધા; અર્થાત્ સર્વ લોકોને સકામ કર્મોમાં લગાડી દીધા. તે થયા બાદ સીકસ=ખારી જમીનરૂપ ભૂત સંસારમાં નાના પ્રકારની કામના તથા વિવિધ પ્રકારની આશાઓ રૂપ ધાન્ય (અન્ન) ને વાવવા લાગ્યા. ભાવાર્થ એવો છે કે:—

" રામ કૃષ્ણ કી છોડિત આશા, પઢિ ગુનિ ભયે કિતમકે દાસા.
કર્મ પઢેં ઔ કર્મ કો ધાવૈં, જેહિ પૂછા તેહિ કર્મ દિઢાવૈં.
નિ:કર્મીકી નિંદા કીજૈ, કર્મ કરૈ તાહી ચિત દીજૈ.
ઐસી બિધિ સુર વિપ્ર ભનીજૈ, નામ લેત પંચાસન દીજૈ.
બૂડિ ગયે નહિં આપુ સંભારા, ઉંચ નીચ કહિ કાહિ જુહારા.
ઉંચ નીચ હૈ મધ્યકી બાની, એકૈ પવન એક હૈ પાની.
એકૈ મટિયા એક કુમ્હારા, એક સબનકા સિરજનિહારા.
એક ચાક સબ ચિત્ર બનાઇ, નાદ બિન્દ કે મધ્ય સમાઇ.
વ્યાપક એક સકલકી જયોતિ, નામ ધરે કા કહિયે ભૌતિ.
રાચ્છસ કરની દેવ કહાવેં, બાદ કરૈં ગોપાલ ન ભાવેં. "
( બીજક. )

ત્યાર પછી વનની લોંકડી ( ભુલૈયા ) રૂપ લાલચુ ગુરૂઓ આ ખારા સંસારને નિભાવવા લાગ્યા. અર્થાત તેની રક્ષા કરવા લાગ્યા. ( ૩ ) એવી રીતે ખેતી થયા બાદ બકરી અને વાઘના વિવાહનું રૂપક બતાવવામાં આવે છે. કાગવૃત્તિ મલીન ચિત્તવાળા પાખંડી ગુરૂઓ પોતાના ઉપદેશ રૂપી જલથી અજ્ઞાનીઓનાં હૃદય રૂપ કપડાંઓને ધોવા લાગ્યા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને બગલા રૂપ નકલી વેષધારી સાધુ તેમનાં (અજ્ઞાનીઓનાં) હૃદય રૂપ કપડાંપર ઇસ્તરી ફેરવવા લાગ્યા. અર્થાત્ ઉક્ત ગુરૂઓના ઉપદેશને તેઓ પણ અનુમોદન દેવા લાગ્યા. પશ્ચાત્ માખીરૂપ અશુદ્ધ ચિત્તવાળા પુરૂષો મૂંડ મૂંડાવવા લાગ્યા. અને કહેવા લાગ્યા કે અમે પણ વિવાહના વરઘોડામાં સામિલ થઇશું. એ પણ યોગ્યજ છે કે, "જસ દૂલ્હે તસ બની બારાતા," જેવા વરરાજા તેવોજ વરઘોડો. (૪) એ પ્રમાણે વરઘોડો સજ્જ થયા બાદ બકરીરૂપ માયા અને સિંહ તુલ્ય જીવાત્માનો વિવાહ થવા લાગ્યો. અર્થાત્ ઉક્ત ગુરૂઓના ઉપદેશથી જીવોને માયા ઘેરવા લાગી. વસ્તુતાએ આ જીવ સિંહરૂપ છે. કદાચ તે પોતાના સ્વરૂપને જાણી લે તો બિચારી માયા (બકરી) તેની સામે શું ચીજ છે. વિવાહમાં માંગલિક ગીત ગાવામાં આવે છે. એટલે આ વિવાહમાં પણ "ગાઇ" ગો=ઇન્દ્રિયો માંગલિક ગીત ગાવા લાગી.

ભાવાર્થ:—

આ જીવ જ્યારે માયાના ફંદમાં પડી ગયો ત્યારે તેની ઇન્દ્રિયો નાના પ્રકારના વિષયોને ભોગવવા લાગી. એ પ્રમાણે અનમેળ વિવાહ સમાપ્ત થઇ ગયા બાદ ઉક્ત વિવાહના ઉપલક્ષમાં વનનાં રોઝની માફક જ્યાં ત્યાં ઘુમવાવાળાં મનને દાયજામાં દઈ દીધું, અર્થાત્ મનને પ્રપંચની અંદર પ્રવૃત્ત કરી દીધું. વિવાહ થઇ ગયા પછી વર અને વધુ પાલખી (ડોલે) માં બેસીને જાય છે, એટલે એજ પ્રમાણે આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિવાહની પશ્ચાત્ પણ નાના વિધ શરીરરૂપ પાલખીયો (લોકન્દા=ડોલા) તૈયાર કરવામાં આવી કે જેની અંદર બેસી બેસીને વરરાજા (જીવાત્મા) એ પોતાના ગુરૂ, સંબંધીઓ રૂપી જાનૈયાઓની સાથે પોતે ઘર (ચોરાસી) નો રસ્તો પકડી લીધો.

"ઘર ઘર મંતર દેત ફિરતુ હૈં મહિમા કે અભિમાના;
ગુરૂ સહિત શિષ્ય સબ બુડે, અન્તકાલ પછતાના."
તથા "ગુરૂ લોભી સિખ લાલચી, દોનોં ખેલે દાવ;
દોનોં બુડે બાપુરે બૈઠી પથર નાવ." (બીજક.)

"ગોહ લોહ કન્ધે" એમાં "ગોહ" શબ્દથી એવું સુચિત કરવામાં આવ્યું છે કે, જે પ્રમાણે ગોહ (ઘો) નામનું ઝેરી પ્રાણી થાય છે, તે પ્રમાણે અજ્ઞાનીઓનાં શરીરો પણ વિષય રૂપી વિષથી ભરેલાં રહે છે, "વિષ વિષયોં કા ખાય હો રાત દિવસ મિલિઝાર" (બીજક.) (૫) કબીર સાહેબ કહે છે કે, હે સન્તો! જેઓ આ પદનો અર્થ સમજીને ઉક્ત ભ્રમજાલમાં પડતા નથી, તેઓજ ખરા પંડિત અને જ્ઞાની છે. તથા તેઓજ આત્મોપાસક સાચા ભક્ત પણ કહેવાય છે.

---

## શબ્દ. ૫૬. [ સુરતિ (વૃત્તિ) ના નિરોધની આવશ્યકતા ].

**મૂલ:—**

નલકો નહીં પરતીતિ હમારી.
ઝૂઠે બનિજ કિયો ઝૂઠે સન, પૂંજી સબૈ મિલિ હારિ; ટેક. ૧.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ષટ દર્શન મિલિ પંથ ચલાયો, તિર દેવા અધિકારી;
રાજા દેસ બડો પરપંચી, રૈયત રહત ઉજારી ૨.
ઇતતે ઉતરહુ ઉતતે ઇતરહુ, જમકી સાંડ (સાંટ) સવારી;
જયોં કપિ ડોર બાંધિ બાજીગર, અપને ખુશી પરારી. ૩.
ઇહૈ પેડ ઉત્પતિ પરલૈકા, વિષયા સબૈ વિકારી;
જૈસે સ્વાન અપાવન રાજી, ત્યોં લાગી સંસારી. ૪.
કહૈં કબીર યહ અદ્‌ભુત જ્ઞાના, માનો બાત હમારી;
અજહૂં લેહુ છુડાય કાલસોં; જો ઘટ સુરતિ સંભારી. ૫.

શબ્દાર્થ:—

( ૧ ) સદ્‌ગુરૂ કહે છે કે અમે કહિયે છીયે તેમાં લોકોને શ્રદ્ધા નથી. કારણ જુઠાંએ મળી જુઠાં ( મનથી ) થી વ્યાપાર કર્યો, તેમાં સઘળાઓ મળી મૂલ પૂંજી ( જ્ઞાન ) ગુમાવી બેઠા. ( ૨ ) ષટ્ દર્શન એટલે યોગી, જંગમ, શેવડા, દરવેશ આદિક છ વેષ ધારી લોકોએ પંથ અલાવ્યા છે, અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેના અધિકારી છે. મન–રાજા ( યમ ) ત્રણે લોકમાં અધિકાર ભોગવે છે.

" તીન લોકમેં હૈ યમરાજા ચૌથે લોક મેં નામ નિશાન;
લખૈ કોઇ વિરલા પદ નિરબાન. "

સર્વ તેમાં જ ભૂલી રહ્યા છે. કદિ કોઇ આગળ વધ્યા તો બ્રહ્મરૂપી રાજાનું ઇષ્ટ બાંધ્યું. જે ત્રણે લોકોમાં કાલના નામથી પ્રસિદ્ધ છે. અને તે સર્વ બ્રહ્માંડનું મન છે. એ મન સર્વ પ્રકારના પ્રપંચોનું ઉત્પાદક છેઃ અને તેની અધિકાર મર્યાદામાં વસતી પ્રજા (વિષય–કામના બાહ્ય) હેરાન અને વેરાન

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

જેવી થઇ રહે છે. જેમકે ગીતામાં કહેલું છે કે, स " शान्ति माप्नोति न काम–कामी " અર્થાત્ કામી મનુષ્યોને કદાપિ શાન્તિ પ્રાપ્ત થતી નથી. ( ૩ ) આ લોકમાંથી પરલોક ( નર્ક–સ્વર્ગ ) માં અને ફરી સ્વર્ગાદિથી આ લોકમાં એમ અહિંથી ત્યાં અને ત્યાંથી અહીં ભ્રમણ કર્યા કરે છે, અર્થાત્ જન્મ--મર્ણના ચક્રમાં ફર્યા કરે છે. પૂર્વકાળમાં ( તેમજ હાલ પણ ) કેટલેક સ્થળે લાંબી યાત્રા કે મુસાફરીને પ્રસંગે ઊંટ ઉપર સ્વારી કરવામાં આવતી હતી. એટલા માટે યમ યાતનાને " સાંડ સવારી " નું રૂપક આપવામાં આવ્યું છે. વળી જેવી રીતે દોરીથી બાંધેલો મર્કટ બાજીગરના ઇશારાથી પ્રસન્નતા પૂર્વક જ્યાં ત્યાં નાચતો ફરે છે, તેવીજ રીતે ઉકત લોકોના પણ હાલ થાય છે. ( ૪ ) મન અને મનની કામનાઓ એ ઉત્પત્તિ અને પ્રલય કરનારૂં અને વિષયરૂપ વિષ ફળોને દેનારૂં એક પ્રકારનું વૃક્ષ ( પેડ ) છે. બીજકની બીજી પ્રતોમાં " પેડ " ને બદલે " પૈંઠ " એવો પણ પાઠાંતર છે. જેનો અર્થ વૃક્ષને બદલે એમ લઇ શકાય કે આ સંસાર–જન્મ મરણ અને ઉત્પત્તિ પ્રલયના બજાર રૂપે લાગેલો છે. જ્યાં વિષય વિકારરૂપી માલ વેચાય છે. અને જેવી રીતે શ્વાન ( વિષયી અને પામર ) અપમાન થવા છતાં પણ પ્રસન્ન રહે છે, અને માર ખાવા છતાં પણ ખસતો નથી, તેવી જ સ્થિતિ સંસારીઓની છે. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, આ અદ્ભુત પ્રકારનું જ્ઞાન છે. કદિ અમારૂં વચન માનવામાં આવે તો હું આજ પણ તમને કાલના પંજામાંથી છોડાવી લઉં. પરંતુ એવી શરતે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમારે તમારી સુરતા–ચિત્ત વૃત્તિને વિષયોમાંથી હઠાવી એકાગ્ર કરવી જોઇએ.

---

## શબ્દ. ૫૭. [ વાચક જ્ઞાની અને હઠયોગિઓની દશા. ]

મૂલઃ—

ના હરિ ભજે ન આદત છૂટી.
સબ્દૈ સમુઝિ સુધારત નાહીં, અંધરે ભયે હિયેકી ફૂટી. ટેક ૧.
પાની માંહિ પષાનકી રેખા, ઠોંકત ઉઠૈ ભભૂકા;
સહસ ઘડા નિત ઉઠિ જલ ઢારૈ, ફિરિ સુખેકા સુખા. ૨.
સીતૈ સીત સીત અંગ ભૌ, સૈનિ બાઢિ અધિકાઈ;
જો સન્નિપાત રોગિ યહિ મારૈ, સો સાધુન સિધિ પાઈ. ૩.
અનહદ કહત કહત જગ વિનસે, અનહદ સ્રિષ્ટિ સમાની;
નિકટ પયાના જમપુર ધાવૈ, બોલહિ એકૈ બાની. ૪.
સતગુરૂ મિલૈ બહુત સુખ લહિયા, સતગુરૂ શબ્દ સુધારૈ;
કહૈં કબીર સો સદા સુખારી, જો યહિ પદહિં વિચારૈ. ૫.

શબ્દાર્થઃ—

( ૧ ) હરિને ભજતો નથી અર્થાત્ આત્માકાર વૃત્તિ થતી નથી. તેમ સ્વભાવ પણ બદલતો નથી. એટલે કે મનની કલ્પના પણ છૂટતી નથી. શબ્દને સાંભળીને સમજી પણ લે છે, પરંતુ વિવેક વિચારરૂપ હૃદયની આંખો ફૂટેલી હોવાથી પોતે પોતાનું સુધારી શકતો નથી. ( ૨ ) વાચક–જ્ઞાની અને જ્ઞાન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હીન હઠ યોગિયોનાં મન પથ્થરના ટુકડા સમાન છે. જે સદૈવ જલમાં પડયા રહે છે, પરંતુ ભીંજાતા નથી. વાચક જ્ઞાની બહારનો આડંબર બતાવવાની ખાતર " अहं ब्रह्मास्मि " ( અહંબ્રહ્મોપાસના ) ના વૃત્તિ પ્રવાહરૂપ જલના હજારો ઘડા, મનરૂપ પત્થર પર ઢોળ્યા કરે છે, તેવી જ રીતે હઠયોગી પણ સહસ્ત્ર કુંભકરૂપ જલના હજાર ઘડા ઉક્ત મન પર નાખ્યા કરે છે, પરંતુ તે તો સૂકું ને સૂકું જ રહી જાય છે. તેના પર એવા જલની કંઇપણ અસર થતી જ નથી. " પથ્થર ઉપર પાણી " એ કહેવત યથાર્થ છે. અસર નહીં થવાનું કારણ એવું છે કે તેમનાં મનરૂપી પાષાણ કામનાગ્નિથી નીરસ અને અભેદ્ય (અત્યંત કઠિન) થઇ ગયેલ છે. એટલે સર્વ સાધન નિષ્ફળ નિવડે છે. ( ૩ ) ઉક્ત વાચક જ્ઞાની અને હઠ યોગી શમદમાદિ સાધનોથી રહીત હોય છે. અને તેમનાં હૃદયમાં મલ વિક્ષેપાદિક દોષોનો સંચય પણ અધિક માત્રામાં રહ્યા કરે છે. એટલે આમજ્વરથી પીડિત રોગીની માફક આ લોકો ઉપાસનાદિક ઉપવાસ અને તપના અનુષ્ઠાનરૂપ સ્વેદ પ્રસ્રવણ ( પસીનો કરાવવા ) ના અધિકારી છે. અહંબ્રહ્મોપાસનાદિરૂપ જે શીતલ સરોવરનું સ્થાન છે, તેના અધિકારી આ લોકો નથી. તેથી ઉક્ત શીતોપચારથી આ લોકોના મનને " શીતાંગ વાયુ " ( સન્નિપાત ) થઇ જાય છે. વાસ્તવિક છે કે, અધિકારી થયા વિના " અહં બ્રહ્માસ્મિ " રૂપ મહાવાક્યનો ઉપદેશ દેવો ઉચીત નથી. કેમકે અનધિકારીઓને એ પ્રમાણે ઉપદેશ દેવાથી અહંકારાદિ વિકારોનું સૈન્ય અત્યંત વધી જાય છે. જે પ્રમાણે સન્નિપાત થયા પછી રોગી ભાગ્યે જ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બચે છે, તેવીજ રીતે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી હઠયોગીઓની દશા થાય છે. તાત્પર્ય કે સિદ્ધિના અહંકારથી ઉક્ત યોગીઓ યોગ ભ્રષ્ટ થઇ જાય છે. અને વાચક જ્ઞાની પણ ઉભયલોક (આ લોક–પરલોક ) થી ભ્રષ્ટ થઇ જાય છે. બીજકની અન્ય પ્રતમાં આ સ્થળે " સેને સેને સેન અંગભો, સેન બાઢી અધિકાઇ " એવો નવીન પાઠ પણ છે. તેનો અર્થ–અધિકાર શૂન્ય હોવા છતાં પણ અહંગ્રહોપાસના અને હઠયોગનું સેવન કરતાં કરતાં વૃદ્ધાવસ્થા ચાલી આવી અને શરીર ( બાલ ) સફેદ થઇ ગયું, પરંતુ મનના વિકાર દૂર થયા નહીં. અને મનરાજાની સેના ( કામ ક્રોધાદિક ) વધતી જ ચાલી.

" ઉપર ઉજર કહા ભૌ બૌરે, ભીતર અજહૂં કારો હો,
તન કે વૃદ્ધ કહા ભૌ બૌરે, મનુવા અજહૂં બારો હો." (બીજક)

( ૪ ) કેવલ અનાહત શબ્દની ઉપાસના કરવાવાળા આત્મતત્ત્વથી વંચિત રહેવાના કારણે નષ્ટ થઇ ગયા. કેમકે અનાહત શબ્દોપાસના સાધન માત્ર છે. સાધ્યરૂપ નહીં. એ અનાહતમાં સૃષ્ટિ સમાયેલી છે. અંતકાલ નિકટ આવે છે, પરંતુ સાધનહીન હોવા છતાં ઉક્ત લોકો યમપુરને રસ્તે દોડતા ચાલ્યા જાય છે, અને શિવોહં તથા અનહદ અનહદ આદિની હાક મારતા જાય છે. કહેવાનો આશય એવો છે કે અનહદ માર્ગ સાધન માત્ર છે, આદર્શ નહીં. ( ૫ ) સાચો આનંદ અને સુખ સદ્‌ગુરૂની પ્રાપ્તિમાં છે, અને તે પણ સદ્‌ગુરૂનાં વચનામૃતનો લાભ લઇ શકે તોજ. કબીર સાહેબ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહે છે કે, જેઓ શમદમાદિક સાધનસંપન્ન થઇ આત્મતત્ત્વનો વિચાર કરે છે, તેઓ સર્વદા સુખી રહે છે.

---

મૂલ:—

શબ્દ. ૫૮. [ કામના-અગ્નિ વિચાર. ]

નરહરિ લાગી દવ વિકાર બિનુ ઇંધન, મિલૈ ન બુઝાવન હારા;
મૈં જાનોં તોહી સોં વ્યાપૈ, જરત સકલ સંસારા. ટેક. ૧.
પાની માહિં અગ્નિ કો અંકુર, મિલ ન બુઝાવન પાની;
એક ન જરૈ જરૈ નૌ નારી, જુગતિ કાહુ નહિ જાની. ૨.
સહર જરૈ પહરૂ સુખ સોવૈ, કહૈ કુશલ ઘર મેરા;
પુરિયા જરૈ વસ્તુ નિજ ઉબરૈ, બિકલ રામ રંગ તેરા. ૩.
કુ બુજા-પુરૂષ ગલે એક લાગા, પૂજિ ન મનકો સરધા;
કરત બિચાર જન્મ ગૌ ખીસૈ, ઈ તન રહત અસાધા. ૪.
જાનિ બૂઝિ જો કપટ કરત હૈ, તેહિ અસ મંદ ન કોઈ;
કહંહિં કબીર સબ નારિ રામકી, મોતે ઔર ન હોઈ. ૫.

શબ્દાર્થ:—

( ૧ ) અજ્ઞાનીઓને મોહની જાળથી હરવાવાળી માયાની વિષય, વિકાર રૂપ દાવાગ્નિ લાગી છે. તેને જે રોચક વાણી રૂપી ઇન્ધનથી ઉક્ત કામનાગ્નિને વધારે નહીં એવા આગ બુઝાવવાવાળા મળતા નથી. હું જાણું છું કે આ આગ બીજે ક્યાંઇથી નહીં, પણ તારા પોતાની અંદરથીજ નીકળી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે આગથી સઘળો સંસાર બળી રહ્યો છે. (૨) વાચક ગુરૂઓની વાણીરૂપી પાણીમાં અગ્નિની જ્વાલા છુપાઇ રહેલી હોય છે. તેથી યથાર્થ શાંતિ થતી નથી. કામનારૂપી અગ્નિને ખરેખર બુઝાવવાવાળું તત્વોપદેશરૂપ સાચું પાણી મળતું નથી. અસત્ કામનાઓથી કેવલ મનનેજ સંતાપ થાય છે, એટલું જ નહીં; પરંતુ નવનારી (પાંચ તત્વ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) ના આશ્રય ભૂત શરીરને પણ મહાકષ્ટ અને સંતાપ ઉઠાવવો પડે છે. એટલે કે એ આગમાં બળ્યા કરે છે, તેને બુઝાવવાની યુક્તિ કોઇએ જાણી નહીં. (૩) આ આગથી શરીર (સહર) બળ્યા કરે છે. અને સાક્ષી આત્મા (પહરૂ=પેહરેગીર) સુખે સુતો રહે છે. અને પોતાનું ઘર આગમાંથી બચી ગયું છે, એમ સમજે છે. "પુરિયાં જલે" અર્થાત્ પોતાનું સ્થુલ શરીર બળે છે, અને આત્મા (વસ્તુ નિજ) તેમાંથી બચી જાય છે. એ સ્થિતિ જ્ઞાનીઓની છે. તેનાથા વિપરીત અજ્ઞાની લોકોનું ચિત્ત અજ્ઞાનના કારણથી વિકલ રહે છે. હે રામ! આ પણ તારી લીલા છે. (૪) મનુષ્યને ગળે એક કુબડા પુરૂષ રૂપ મન લાગેલું છે, તે તેની કોઇ પણ આશા પૂરી થવા દેતું નથી. એવી રીતે વિચાર કરતાં કરતાં જીવન સઘળું વીતી ગયું, અને આ શરીર સાધન કર્યા વિનાનું અસાંધ્ય રહી ગયું. (૫) જાણી બુઝીને જે લોકો કપટ કરે છે, તેના જેવો બીજો મંદમતી કોણ? અર્થાત્ બીજો કોઇ નહીં. કબીર સાહેબ કહે છે કે, સર્વ અજ્ઞાની લોકો છે, તેમાં આત્માથી ભિન્ન-પ્રાપ્ત કરવા યોગ્ય બીજું કંઇજ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૫૯. [ માયા વિચાર. ]

**મૂલઃ—**

**માયા મહા ઠગની હમ જાની;**

**તિરગુન ફાંસ લિયે કર ડોલે, બોલે મધુરી બાની. ટેક. ૧.**
**કેસવ કે કમલા હ્વૈ બૈઠી, સિવ કે ભવન ભવાની;**
**પંડા કે મૂરતિ હોય બૈઠી, તીરથ મેં ભઈ પાની. ૨.**
**જોગી કે જોગિન હ્વૈ બૈઠી, રાજા કે ઘર રાની;**
**કાહૂ કે હીરા હોય બૈઠી, કાહૂ કે કૌડી કાની. ૩.**
**ભગતન કે ભગતિન હોય બૈઠી, બ્રહ્મા કે બ્રહ્માની;**
**કહૈ કબીર સુનો હો સંતો, યહ સબ અકથ કહાની. ૪.**

**શબ્દાર્થઃ—**

( ૧ ) માયા=એટલે વસ્તુનું જે યથાર્થ અથવા અસલ સ્વરૂપ છે, તેનાથી વિપરીત ભાન થવું તેને માયા કહેવામાં આવે છે. પ્રકૃતિને માયા કહેવામાં આવે છે. એટલે આકૃતિઓમાં સદોદિત્ વિકૃતિ થવાનો જે ગુણ રહેલો છે, તેજ પ્રકૃતિનો સ્વભાવ છે, હમેશાં ફેરફાર કરવો, રૂપાંતર કરવું, અસલ હોય તેનાથી વિપરીત બતાવવું એ પ્રકૃતિનો ધર્મ છે. તે સર્વમાં એક પ્રકારની મોહક, આકર્ષક, પ્રલોભક અને બંધનમાં નાખવાવાળી શક્તિ છે, તેને માયા કહેવામાં આવે છે. સદ્ગુરૂ કહે છે કે, આ માયા મોટી ઠગવાવાળી છે, એવું અમે ખાત્રીથી જાણ્યું છે. એ માયા ( જીવોનાં ગળામાં ) ત્રણ ગુણ રૂપ રસ્સી ( ગળાંમાં નાંખવાની ફાંસી ) હાથમાં લઇને ફરતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરે છે. અને હંમેશાં મીઠી ( મધુરી ) અને મોહક વાણી બોલે છે. ( ૨ ) એજ માયા ભગવાન્ વિષ્ણુ ( કેશવ ) ને ત્યાં લક્ષ્મી ( કમલા ) સ્વરૂપે બિરાજેલી છે. તેમજ શિવજીને ત્યાં પાર્વતી ( ભવાની ) તરીકે બિરાજમાન છે. પુરોહિતને ત્યાં મૂર્તિ ( પ્રતિમા ) રૂપે બેઠેલી છે. અને તિર્થોમાં પાણી સ્વરૂપે રહેલી છે. ( ૩ ) યોગીને ત્યાં યોગિની અથવા સિદ્ધિ સ્વરૂપમાં રહેલી છે. તેમજ રાજાના મહેલોમાં રાણી તરીકે બિરાજે છે. કોઇને ત્યાં ( કાહૂકે ? સાહૂકે ) અર્થાત્ શાહુકારના ઘરમાં હીરા આદિ રત્નો અને ઝવેરાતના સ્વરૂપે રહેલી છે. તેમજ કોઇને ત્યાં અર્થાત્ ગરીબોને ત્યાં ફૂટેલી કોડીના સ્વરૂપમાં પણ રહેલી છે. ( ૪ ) ભક્તોના ઘરમાં ભક્તિ સ્વરૂપે બિરાજેલી છે. તેમજ બ્રહ્માને ત્યાં બ્રહ્માણી સ્વરૂપે બિરાજે છે. કબીર સાહેબ કહે છે કે હે સંતો ! સાંભળો. આ સર્વ માયાની લીલા કહેતાં નહીં કહી શકાય તેવી વાત છે.

---

## શબ્દ. ૬૦. [ અહિંસા વિચાર. ]

મુલઃ—

માયા મોહ મોહિત કીન્હા, તાતે જ્ઞાન રતન હરિ લીન્હા. ટેક ૧.
જીવન ઐસો સપના જૈસો, જીવન સપન સમાના;
શબ્દ ગુરૂ ઉપદેશ દિન્હો તૈં છાંડયો પરમ નિધાના. ૨.
જ્યોતિ દેખિ પતંગ હુલસૈ, પસુ ન પેખૈ આગી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાલ ફાંસ નર મુગ્ધ ન ચેતૈ, કનક કામિનિ લાગી. ૩.
શેખ, સય્યદ કિતેબ નિરખૈ, સુમૃતિ શાસ્ત્ર બિચારૈં;
સતગુરૂ કે ઉપદેશ બિનું તૈ, જાનિ કૈ જીવ મારૈ. ૪.
કરક વિચાર બિકાર પરિહર, તરન તારન સોય;
કહંહિં કબીર ભગવંત ભજુ નર, દ્વિતિયા ઔર ન કોય. ૫.

શબ્દાર્થ:—

(૧) માયાએ મોહ જાલ નાંખી મોહિત કરી નાખ્યા, તેથી જ્ઞાન રૂપી રત્ન હરાઇ ગયું. (૨) જીવન એવું છે કે જેવું સ્વપ્નું. રાત્રિના નિદ્રાની અંદર જે સ્વપ્ન આવે છે તે નાનું, અને સઘળું જીવન મોહ નિદ્રામાં વ્યતિત થાય છે, તે મોટું સ્વપ્નું, એટલા માટેજ "જીવન સપન સમાના" અર્થાત્ જીવન સ્વપ્ન સમાન છે, એમ કહેવામાં આવેલું છે. ગુરૂનો શબ્દ, સાર શબ્દ, યથાર્થ વચન "સાર શબ્દ નિરનય કો નામા" (પંચગ્રંથી) ગણાય છે, તે પરમ ધનરૂપ ઉપદેશને છોડી દીધો. (૩) જેમ જ્યોતિને દેખી પતંગિયાઓને અત્યંત આનંદ થાય છે, કારણ તે અગ્નિ હોવાથી તેમાં ઝડપાઇ જવાથી અંગ જળી જશે, તેવી લેશ પણ શંકા હોતી નથી. તેવીજ રીતે અજ્ઞાની લોકોને કનક અને કામિનિ રૂપી કાળની ફાંસી લાગેલી છે, છતાં સત્ય સમજ નહીં હોવાથી ચેતી શકતા નથી. (૪) શેખ અને સૈયદ લોકો કુરાન વગેરે કિતાબો જુએ છે, તેમજ પંડિત લોકો સ્મૃતિ અને શાસ્ત્રોનો વિચાર કરતા રહે છે, છતાં સદ્ગુરૂના ઉપદેશ વિના તેઓ જાણી બુઝીને રસના સ્વાદના કારણે જીવ હિંસા કરે જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એકજ આત્મ—ચેતન ઘટે ઘટમાં ભરપુર રહેલું છે. તેથી જેવું પોતાને દુખ થાય તેવુંજ હિંસા કરવાથી બીજા પ્રાણીને દુખ થશે એવી કાળજી તેઓ ભાગ્યેજ રાખે છે. ( ૫ ) એટલા માટે વિવેક અને વિચાર પૂર્વક સર્વ પ્રકારના મલિન વિકારોને છોડી દઇ, તરણ—તારણ આત્મ—સ્વરૂપનો પરિચય કરો. ગફલતમાં રહી પોતે પોતાનો ઘાત કરો નહીં. સદ્ગુરૂ કહે છે કે, હે લોકો તમે ભગવાન્‌ને ભજો. અર્થાત્ " आत्मवत् सर्व भूतेषु यः पश्यति स यश्याति " ( ગીતા ) પોતાના જેવાજ બીજાઓને જુએ છે તેઓજ ખરી રીતે જુએ છે.

---

## શબ્દ. ૬૧. [ અન્ત-દશા-વિચાર. ]

મૂલઃ—

અરિ હોરે તન કા લે કરિ હો, પ્રાન છુટે બાહર લે ડરિહો. ૧.
કાયા બિગુર્ચન અન બની ભાંતી, કોઈ જારે કોઈ ગાડે માટી. ૨.
હિંદૂ જારેં તુરૂક લે ગાડે, યહિ બિત્રિ અંત દુનો ઘર છાંડૈ. ૩.
કર્મ ફાંસ યમ જાલ પસાર્યા, જસ ધીમર મછરી ગહિ મારા. ૪.
રામ બિના નર હોઈ હૈ કૈસા, બાટ માંઝ ગોબરૈરા જૈસા. ૫.
કહંહિ કબીર પાછે પછતૈહો, યા ઘરસે જબ વા ઘર જૈહો. ૬.

શબ્દાર્થઃ—

( ૧ ) મરતી વખતે શરીરની રક્ષાનો શું ઉપાય કરશો ? પ્રાણ છૂટતાંની સાથે બાહર ફેંકાઇ જશો. ( ૨ ) કોઇપણ

પ્રકારે કાયાનો વિનાશ થવાનો. કોઇ તેને દહન કરે છે, અને કોઇ તેને માટીમાં દાટે છે. ( ૩ ) હિંદુઓ શરીરને બાળે છે, અને મુસલમાનો કબરમાં દાટે છે. એ રીતે અંતે બન્ને કોમોના પ્રપંચને છોડવા પડે છે. ( ૪ ) યમરાજે કર્મરૂપી ફાંસીની જાલને ફેલાવી રાખી છે, જેવી રીતે માછીમાર માછલીને પકડીને મારે છે. ( ૫ ) હે મનુષ્યો ! આત્મારામના પરિચય વિના તમારી એવી દશા થશે કે જેવી રસ્તામાં એક પ્રકારની ગોબરની માખીની થાય છે. ( ૬ ) કબીર સાહેબ કહે છે કે, તમે જ્યારે આ ઘર છોડીને પેલા ઘરમાં જશો, ત્યારે ખરેખર પસ્તાશો.

---

### શબ્દ. ૬૨. [ સહજ ભાવના વિચાર. ]

મૂલ:—

માઈ! મૈં દૂનોં કુલ ઉજિયારી. ૧.

આસુ નનદિ મિલિ પટિયા બંધલોં, ભસુરહિ પરલોં ગારી;
જારોં માંગ મૈં તાસુ નારિકા, જિન સરવર રચલ ધમારી. ૨.
જના પાંચ કોખિયા મિલિ રખ લોં, ઔર દુઈ ઔ ચારી:
પાર પરોસિનિ કરૌં કલેવા, સંગહિ બુદ્ધિ મહતારી. ૩.
સહજે બપુરે સેજ વિછોલન્હિ, સુતલિ મૈં પાંવ પસારી;
આઉં ન જાઉં મરૌં નહિં જીવોં, સાહેબ મેટલ ગારી. ૪.
એક નામ મૈં નિજુકૈ ગહલૌં, તે છૂટલિ સંસારી;
એક નામ મૈં બદિકૈ લેખોં, કહંહિ કબીર પૂકારી. ૫.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

(૧) સહજ ભાવના, વિદ્યા માતાને કહે છે કે, મેં તો આ લોક અને પરલોકને પ્રકાશિત (ઉજળા) કરી દીધા, (૨) મેં તો સાસુ (માયા) અને નણંદ (કુમતિ) ને ખાટલાની પાટીથી (સાથે) બાંધી દીધાં. અર્થાત્ બન્નેને પૂરતી રીતે આધીન બનાવી દીધાં. અને શ્વસુર-જેઠ (અવિવેક) ને પણ ફિટકાર આપ્યો. અર્થાત્ અવિવેકને પણ લજ્જિત કરી દિધો. મેં તે સ્ત્રી (અવિદ્યા) ના સૌભાગ્ય સૂચક કેશપાશ (માંગ) ને સળગાવી દિધા છે. કે જે સ્ત્રીએ મારી સાથે યુદ્ધ ક્રિડા (સરવર ધમારિ=રણુ-રંગ) મચાવી હતી. (૩) મેં પાંચે વીરો (પંચ જ્ઞાનેન્દ્રિયો) ને પેટમાં રાખી લીધા છે. અને દ્વૈત-ભાવ તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને પણ જીતી લીધા છે, અર્થાત્ શમ, દમને ધારણ કરી લીધા છે. વળી નાના પ્રકારની કલ્પના રૂપ પડોસિન અને મહોલ્લામાં રહેવા વાળીઓનો તો મેં નાસ્તો (જલપાન) કરી નાખ્યો. અને તેની (કલ્પનાઓની) સાથે સાથે સાત્વિક-બુદ્ધિ વૃત્તિ રૂપ માતાને પણ મારા પોતામાં લીન (આત્મસાત્) કરી નાંખી. તાત્પર્ય કે સ્વાનુભૂતિ તથા સહજ ભાવરૂપ સૂર્યના ઉદય થવાની સાથે વૃત્તિરૂપ તારાઓ આપો આપ છુપાઇ જાય છે, અને ઉલૂક-વૃન્દરૂપ નાના પ્રકારની કલ્પનાઓ ન જાણે ક્યાં ચાલી જાય છે. બિચારા સહજ-ભાવે સેજ બિછાવી આપી છે, અર્થાત્ સહજ રીતિથી સેજ બિછાવીને, તેના પર પગ પસારીને સુતી છું. નથી કંઇ આવતી કે નથી કંઇ જતી..

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી મરતી કે નથી જીવતી. સદ્ગુરૂ ( સાહેબે ) એ મારા પરની ગાળ ( એબ જન્મ-મરણ રૂપ સંસારનો સંબંધ ) ને મટાડી દીધી છે. ( ૫ ) મેં એક નામ ( નિજરૂપ, રામ ) ને ગ્રહણ કરી લીધું છે. ત્યારથી આ સંસાર છૂટી ગયો છે, એક રામ જેનું નામ છે. અર્થાત્ જે ચેતન દેવ, "રમૈયારામ" કહેવાય છે, તેને હું સર્વ પદાર્થોમાં શ્રેષ્ઠ સમજું છું. સહજ ભાવનાની આ સ્થિતિ છે, એ વાતને કબીર ( ગુરૂ ) પોકારી પોકારીને કહે છે.

---

### શબ્દ. ૬૩. [ કલ્પના વિચાર. ]

મૂલ:—

મૈ કાસોં કહૌં કો સુને કો પતિયાય,
ફુલવા કે છુવત ભંવર મરિ જાય. ૧.
ગગન મંડલ બિચ ફુલ યક ફૂલા,
તરિ ભૈ ડાર ઉપર ભૈ મૂલા. ૨.
જોતિયે ન બોઇયે સિંચિય ન સોય,
બિનુ ડાર બિનુ પાત ફૂલ એક હોય. ૩.
ફુલ ભલ ફુલલ માલિનિ ભલ ગાંથલ,
ફુલવા વિનસિ ગૈ ભંવર નિરાસલ. ૪.
કહંહિં કબીર સુનૌ સંતો ભાઇ,
પંડિત જન ફૂલ રહલ લુભાઈ. ૫.

શબ્દાર્થ:—

( ૧ ) અહીં ફૂલ ( ફુલવા ) પદથી=વંચકોની પુષ્પિત-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાણી, કલ્પના, જ્યોતિનું ધ્યાન, વિશ્વવૃક્ષ, શરીર, ભોગ્ય ધન દારાદિકના સ્વરૂપમાં બોધ થાય છે. કેમકે એ સર્વ ફુલવત્ ખીલી વિનાશ પામવાવાળાં છે. જીવાત્મા ( ભંવર ) ઉક્ત ફૂલ ( શરીરાદિક ) ની આસક્તિથી મરણુ જન્ય દુખને ઉઠાવે છે. ( ૨ ) વિશ્વ વૃક્ષ અને શરીર એ બન્ને " ऊर्ध्वं मूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् " ( ગીતા ) શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યા પ્રમાણે ઉપર મૂલ અને નીચે ડાળ અને શાખાઓના રૂપે પરિણામ પામેલાં છે. ઉપર ફૂલ શબ્દથી જે અર્થ ઘટાવવામાં આવેલા છે. એ સર્વ મનની કલ્પના સૃષ્ટિ છે. મનથી એક કલ્પિત ભાવ ઉત્પન્ન કરીને તેને દૃઢ કરી લીધો. અર્થાત્ એ કલ્પના અથવા વિચારની આકૃતિ અંતરાકાશમાં પ્રગટ થાય છે, તે ફૂલવત્ છે. ( ૩ ) તેને રોપવા, વાવવા કે પાણી સીંચવાની આવશ્યક્તા નથી. કારણ કે તે ડાળો અને પાંદડા વિનાનું ફૂલ છે. એટલે કે તે કામનામય છે. ( ૪ ) ફૂલ ઉત્તમ પ્રકારે ખીલેલું છે. અને માયારૂપ માલણે તેને સુંદર રીતે ગૂથ્યું છે. અર્થાત્ રચ્યું છે. એ ફુલ વિણસી જતાં અર્થાત્ જ્યોતિ, પ્રકાશ તથા ભોગોની સામગ્રીનો નાશ થતાં મન અથવા જીવરૂપ ભ્રમર નિરાશ બની જાય છે. ( ૫ ) આવા પ્રકારની કલ્પનાઓ તથા શરીરની આસક્તિ વગેરે ઝેરી ફુલોની મોહક ગંધમાં પંડિતરૂપ ચતુર ભ્રમરા પણ લોભાયા રહે છે કબીર સાહેબ કહે છે કે હે સંતો ભાઇઓ ! જુઓ એ કેવી આશ્ચર્યની વાત છે.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ. ૬૪. [ નામ સ્મરણનો ઉપદેશ. ]

મૂલઃ—

જોલહા બીનહુ હો હરિનામા, જાકે સુરનર મુનિ ધરેં ધ્યાના. ૧.
તાના તનેકો અહુંઠા લીન્હે, ચરખી ચારિહુ બેદા;
સર ખૂંટી એક રામ નરાયન, પૂરન પ્રગટે કામા. ૨.
ભવસાગર એક કઠવત કીન્હોં, તામેં માંડી સાના;
માડી કે તન માંડિ રહા હૈ, માંડિ બિરલે જાના. ૩.
ચાંદ સૂરજ દુઈ ગોડા કીન્હેં, માંઝ-દીપ કિયો માંઝા;
ત્રિભુવન નાથ જો માંજજન લાગે, શ્યામ મુરરિયા દીન્હા. ૪.
પાઇ કરિ જબ ભરના લીન્હો, વૈ બાંધે કો રામા;
વૈ ભરા તિહું લોકહિં બાંધૈ, કોઇ ન રહત ઉખાના. ૫.
તીનિ લોક એક કરિ ગહ કીન્હો, દિગમગ કીન્હોં તાના;
આદિ પુરૂષ બૈઠાવન બૈઠે, કબિરા જયોતિ સમાના. ૬.

શબ્દાર્થઃ—

( ૧ ) આ પદ્યમાં પ્રપંચ પરાયણ અજ્ઞાનિયોને વણકર ( જુલાહા ) ના રૂપક દ્વારા હરિ નામના તાણા વાણા કાંતવા અને વણવાનો ઉપદેશ દેવામાં આવ્યો છે. કેમકે પ્રપંચી લોકો તેમના પ્રપંચ રૂપ તાણાવાણા કાંતવા અને વણવામાં ભલાભલા વણકરોને પણ માત ( પરાસ્ત ) કરી દે છે. અધીકાર અથવા યોગ્યતાના ભેદ અનુસાર ઉપદેશ આપવામાં આવે છે. એટલે પ્રપંચીઓને તો સર્વથી પ્રથમ નામની ઉપાસના કરવી જોઇએ. ( ૧ ) એ વણકર, ( વાંઝા—જુલાહા ) પ્રપંચી જીવ તમે હરિ નામના તાણા કાઢો અને પછી તેને વણો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(જાપની ઉપાસનાને પૂર્ણ કરો.) અહિં સમષ્ટિ અને વ્યષ્ટિ ભાવથી કાર્ય કરવાવાળા ઇશ્વર અને મનને પણ વણકર (જુલાહા) કહેવામાં આવેલ છે. તેમજ હરિનામ અને શ્વાસા એ બન્નેને સૂતર તરીકે બતાવવામાં આવેલ છે; એજ પ્રમાણે નામોપાસના, મનોજ્યોતિ-ઉપાસના તથા પ્રાણાયામાદિક યોગનાં અંગોનું પણ સાથે સાથે વર્ણન કરવામાં આવેલ છે.

**શબ્દાર્થ:—**

અહુંઠા=માપવાનો ગજ. ચરખી=જેના પર સૂતર લપેટવામાં આવે છે તે. સર=છડી, તાણાના સૂતરને અલગ અલગ રાખવા વાળી નાની નાની છડીઓ. ખુંટી=મેખ, બન્ને તરફથી તાણાને થોભાવવા વાળી ખુંટીઓ. કઠવત=લાકડાંની કથરોટ, લાહી છણવાનું વાસણ. માંડી=પિચ, લાહી. ગોડા=લાકડાંની બે ઘોડિયો. તાણાને બન્ને બાજુની કેંચીની માફક બાંધેલી લાકડીઓ, કે જે તાણાને થોભાવી રાખે છે. માંઝા=સૂતરનો માંઝો. મુરરિયા=તૂટેલાં સૂતરને ગંઠીને જોડવાવાળા. પાઇ કરના=કૂચા, કચરાથી સૂતરને સાફ કરવું, સ્વચ્છ બનાવવું. ભરના કરના=કમચિઓની વચ્ચેથી સૂતરને કાઢી લેવું. ભરા= નાલિઓ: ઉપર સૂતરને લપેટવું. કરઘા=કપડાં વણવાનું યંત્ર. તાના=કપડાં વણવાને માટે સૂતરને ફેલાવવું. આદિપુરૂષ= ચેતન દેવ. બૈઠાવન બૈઠે=કપડાં વણીને ફુરસત મેળવવી. (નિષ્કામ નામ-ઉપાસનાથી મુક્ત થવું.) કબિરા=અજ્ઞાની, ભૌતિક જ્યોતિના ઉપાસક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨) ઇશ્વર અને મને સૃષ્ટિ રચના કરવાને માટે સંકલ્પ (અહુંઠા) ને ધારણ કર્યો. ત્યાર પછી ચાર વેદ રૂપ ચરખિઓ ફેરવવામાં આવી. નામોપાસક નામ રૂપી તાણાને સ્થિર રાખવાને માટે રામ અનેનારાયણ રૂપ સર "અને ખુંટી" તેમાં લગાડી દે છે. (૩) આ સંસાર, ભવસાગર રૂપી એક કથરોટ (કઠવત) કરી છે તેમાં વાસના રૂપી લાહી (માંડી) છણી છે. આ જે લાહીનું શરીર બનેલું છે, તે નિઃસાર અને હેય શરીરમાં ભૂલીને પ્રસન્ન થઈ રહ્યા છે. આ વાતની ખરી સમજ કોઇ વિરલા પુરૂષોજ રાખે છે. (૪) યોગી લોકોએ પ્રાણાયામના તાણા વણવાને માટે ચંદ્ર અને સૂર્ય, (ઇડા અને પિંગલા) ની બે ઘોડીઓ (ગોંડા) લગાવી અને સુષુમ્ણા નાડી (માંઝ દીપ) નો માંઝો બનાવ્યો. ત્રિભુવનનાથ જે મન તે "તીન લોક મેં હૈ યમરાજા" ત્રણે લોકમાં યમરાજ રૂપ છે, તે તેને માંઝવા લાગ્યું. યદિ હરિનામના તાણા કોઈ કારણથી તૂટી જાય છે, તો નામોપાસક તેને "શ્યામ" "ગોપાલ" આદિક નામો રૂપી ગાંઠો મારીને જોડી દે છે. (૫) એ પ્રકારે નામોપાસના પરિપકવ થતાંની સાથે ઉક્ત તાણાને સમેટી લઇને મોટી સાવધાનીથી એ સૂતરને રામરૂપ નરા ઉપર લપેટી દીધું. એ પ્રકારે ઉપાસનાથી રામને બાંધીને પોતાને આધીન કરી લીધા કે જેથી મુક્તિરૂપ પટકો બનવામાં ઉક્ત રામરૂપ ફાળકો (ભરા) પૂર્ણ સહાયક થઇ શકે. એ પ્રકારે રામરૂપ ફાળકાની સાથે પ્રેમ સંબંધ થવાથો અર્થાત્ આત્મ પરિચય થવાથી વિશ્વ પ્રીતિ (વિશ્વ બંધુત્વ) સંપન્ન થઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાય છે. સંસારમાં એવી કોઇ વસ્તુ નથી કે જે આત્મ-સુત્રથી લપેટી ગઇ ન હોય ! " एतस्मिन्नुखल्वाकाश ओतश्च प्रोतश्च " ( છાંદોગ્યોપનિષદ્. ) (૬) વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ એ પરિચય રૂપ એક મુક્તિ પટ વણવાનું યંત્ર-સાધન ( કરિગહ ) બનાવ્યું, અને તેનાથી હૃદયમાં વણેલા અપરોક્ષ-જ્ઞાનરૂપી તાણા વડે મુક્તિ-પદ રૂપ ( વસ્ત્ર ) ને વણી કાઢયું. એ પ્રકારે નિષ્કામ ઉપાસક વિવેકી જન તો આદિ-પુરૂષ શુદ્ધ-ચેતનનો સાક્ષાત્કાર કરીને અનન્ત વિશ્રામ કરવા લાગ્યા, અર્થાત્ મુક્ત થઇ ગયા. અને અનાત્મજ્યોતિ ( ભૌતિક જ્યોતિ, નિરંજન, મન ) ના ઉપાસક અજ્ઞાની લોકો અંત સમયે પોતાની ઉપાસ્ય જ્યોતિમાં સમાઇ ગયા, એટલા કારણથી મુક્ત થઇ શકયા નહીં-" भूतानि यान्ति भूतेज्या मद्भक्ता यान्ति मामपि " (ગીતા).

" કહૈં કબીર સુનો નર લોઇ, ભુતવા કે પુજલે ભુતવા હોઇ. " ( बीजक ) " अन्ते मतिः सा गतिः " અર્થાત્ અંતકાલે જેવી મતિ રહે છે તેવી ગતિ થાય છે. " श्रद्धा मयोऽयं पुरुषः यो यच्छ्रद्धः स एवसः । "

---

## શબ્દ. ૬૫. [ હઠયોગિઓની ગતિ. ]

<u>મુલ :—</u>

યોગિયા ફિરિ ગયો નગર મંઝારી,
જાય સમાના પાંચ જહાં નારી. ૧.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગયે કે દેસંતર કોઈ ન બતાવે,
યોગિયા બહુરિ ગુફા નહિં આવૈ. ૨.
ગરિ ગયો કંથા ધજા ગઇ ટૂટી,
ભજિ ગયો ડંડ ખપર ગયો ફૂટી. ૩.
કહંહિં કબીર યહ કલિ હૈ ખોટી,
જો રહે કરવા સો નિકરૈ ટોટી. ૪.

શબ્દાર્થઃ—

આ પદ્યમાં યોગીના રૂપક દ્વારા એવો ભાવ બતાવવામાં આવ્યો છે કે, હઠયોગી યોગ-ક્રિયાઓથી કુંડલિનીને શોધીને તથા ષટ્ ચક્રો અને કમલોને વેધીને બ્રહ્માંડમાં પ્રાણોને ચઢાવીને ( આયામ) સમાધિસ્થ થઇ જાય છે અને મહાકાલને પણ છેતરવા ( ધોકા-ધાપ ) ની ચિંતામાં સદૈવ લાગ્યા રહે છે. "સાહૂસે ભૌ ચોરવા, ચોરહુ સે ભૌ હીત." પરંતુ સ્વરૂપ જ્ઞાનથી વંચિત રહેવાના કારણે આ લોકો મુક્ત પદ પ્રાપ્ત કરી શકતા નથી. હઠયોગી પારદાદિ સિદ્ધિઓના બલથી પોતાના શરીરને પાકું કરીને અમર બનાવવાની ધુનમાં લાગીને શરીરનો અંત આવ્યા બાદ નાના પ્રકારની યોનિઓમાં ભ્રમણ કર્યા કરે છે. રાજયોગીઓથી હઠયોગીઓનું પદ નીચું છે, કેમકે હઠયોગ, રાજયોગનું સાધન છે. એટલા માટે હઠયોગીઓને " યોગિયા " નામથી ઉદ્દેશી કહેલા છે. અને અજ્ઞાનિઓને પણ યોગિઆ શબ્દથી કહેલા છે, કેમકે તેઓ પણ યોગીની ફેરીની માફક નાના પ્રકારનાં શરીરોમાં ભ્રમણ કરતા રહે છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થ:—

( ૧ ) દેહાવસાન થયા બાદ હઠયોગી તથા અજ્ઞાની ફરી નગર ( શરીર ) માં ચાલ્યા ગયા, અને તેની સાથે જ પંચ પ્રાણરૂપ પાંચ નારીઓ પણ તે નગરી ( શરીર ) માં જઇને વસી ગઇ, એટલે કે પ્રાણોના વસવા સાથે ઇન્દ્રિયો પણ વસી ગઇ. જીવ પ્રાણોનું ધારણ તથા પોષણ કરે છે. એટલા માટે તેની " જીવ " સંજ્ઞા છે. " जीवो वै प्राण धारणात् " એ અભિપ્રાયથી પ્રાણોને નારી કહેવામાં આવેલા છે. ( ૨ ) યોગી બીજા દેશોમાં ચાલ્યા ગયા એટલે હવે તેની કેવી હાલત છે, તે કોઇ બતાવી શકતું નથી. કે " ઉન કહાં કિયો હૈ બાસા " તેણે કયાં વાસ કર્યો છે ? એટલું જ નહીં પણ હવે તે યોગી પાછો ફરીને તેણે પ્રથમ છોડી દીધેલી ગુફા, અર્થાત શરીરમાં પરત આવી શકતો નથી. ( ૩ ) યોગીને શરીરમાંથી નીકળતાની સાથે જ તેની કન્થા ( શરીર ) બળી ગઇ, અને ગુફાની ધ્વજા ( શ્વાસ ) તૂટી ગઇ. તથા યોગ દંડ ( મેરૂ દંડ ) અને ખપ્પર ( ખોપરી ) પણ તૂટી ફૂટી ગયાં. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, આ કલિરૂપ દુખદાયિની વાસના બહુજ ખોટી છે. કેમકે જેવી વાસના રહે છે, તેવી જ અંતમાં ગતિ થાય છે. " अन्ते मति : सा गति : " વાસ્તવિક છે કે, " જો રહૈ કરવા સો નિકરૈ ટોટી. " ભાવાર્થ એવો છે કે જેવી રીતે પાણીથી ભરેલી ઝારીની ટોટીથી દુધની ધારા પડી શકતી નથી, તેવી જ રીતે દેહાધ્યાસી હઠયોગીઓ પણ દેહાન્ત થાય તો પણ વિદેહ મુકિત પ્રાપ્ત કરી શકતા નથી. કેમકે જન્માન્તરને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવાવાળા વાસનારૂપી બીજ તેમનાં હૃદય-તલમાં પડયાં રહે છે.

" સિદ્ધ ભયા તો કયા હુઆ, ચહું દિશિ ફૂટી વાસ;
અંતર વાકે બીજ હૈ, ફિર જામન કી આસ."

વળી બ્રહ્માંડમાં પ્રાણનો નિરોધ કરીને સદેવ જીવંત રહેવાની આશા પણ મૃગતૃષ્ણા સમાન જ છે. કેમકે આ સ્થુલ શરીર નશ્વર તથા ક્ષણભંગુર છે.

" કોટિક જતન કરો યહિ તનકી, અન્ત અવસ્થા ધુરી હો."

× × × ×

તથા " કાંચે વાસન ટિકે ન પાની, ઉડી ગૌ હંસ કાયા કુમ્હિલાની."

× × × ×

" વાલૂ કે ઘર વામેં બૈઠે ચેતત નાહિ અયાના."

× × × ×

" મેરૂ દંડ પર ડારિ દુલૈચા, જોગી તારી લાવેં;
સો સુમેરકી ખાક ઉડેગી, કચ્ચા જોગ કમાવેં"

× × × ×

" અવધુ છાંડ હુ મન વિસ્તારા,
સો પદ ગહો જાહિતે સદગતિ, પારાબ્રહ્મ સો ન્યારા."

ઇત્યાદિ–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ. ૬૬. [ અમૃતવલ્લી. ]

મૂલ:—

યોગિયા કે નગર બસો મતિ કોઈ, જોરે બસે સો યોગિયા હોઈ. ૧.
યે યોગિયા કા ઉલટા જ્ઞાના, કાલા ચોલા નાહિં મિયાના. ૨.
પ્રગટ સો કંથા ગુપ્તા ધારી; તામેં મૂલ સજીવન ભારી ૩.
વો યોગિયાકી યુક્તિ જો, બૂઝે, રામ રમૈ તેહિ ત્રિભુવન સૂઝે. ૪.
અમૃત બેલી છિન છિન પીવે, કહે કબીર જોગી યુગ યુગ જીવે. ૫.

શબ્દાર્થ:—

( ૧ ) યોગિયા=દેહાદિ પ્રપંચાસક્ત હઠયોગી તથા અજ્ઞાનીના નગર ( શરીર ) માં કોઇ વસો નહીં. અર્થાત્ પ્રપંચને છોડો, કેમકે જેઓ એ નગર ( પ્રપંચ ) માં વસે ( પડે ) છે, તેઓ યોગિયા ( રમતા રામ ) થઇ જાય છે. તાત્પર્ય કે પ્રપંચના કારણથી જ જીવની દુર્ગતિ થાય છે. ( ૨ ) આ યોગિયા ( અજ્ઞાની ) ની ઉલ્ટી સમજ છે. અને બીજા પક્ષમાં પ્રાણોને ઉલટાવીને બ્રહ્માંડમાં ચઢાવી દેવા એ હઠ યોગિઓનું જ્ઞાન છે. એ યોગિઓએ અજ્ઞાનતારૂપ કાળાં ઢાંકણ ( ચોલા ) એવી રીતે ઓઢેલા છે કે તે જરા પણ નાના નથી. ( મઝલે ને ફારસીમાં મિયાન કહે છે; જેમકે મિયાના કદ. ) અર્થાત્ તેમનાં હૃદય અજ્ઞાનતાથી પૂરી રીતે ઢંકાયેલાં છે. ( ૩ ) તેમની અજ્ઞાનતારૂપ કંથા તો સાફ ( સ્પષ્ટ ) દેખાય છે, પરંતુ તેને પહેરવાવાળો જીવાત્મા દષ્ટિગોચર થતો નથી. તે જીવાત્માનું સ્વરૂપ ( શુદ્ધ ચેતનતા ) સંજીવની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂળી છે, "રામ સંજીવની મૂળી." ભાવાર્થ એવો છે કે, સ્વરૂપજ્ઞાન થતાંની સાથે જીવાત્મા જન્મ મરણથી છૂટી જાય છે. "અજ્ઞાનતા વશ એ યોગી વારંવાર કાયા-પ્રવેશ કર્યા કરે છે." (૪) એ પ્રકારની તેની યુક્તિ (અજ્ઞાનતા) ને જો કોઇ સમજી જાય, તો તે અજ્ઞાનને દૂર કરીને સર્વમાં રમણ કરતાં શુદ્ધ ચેતનમાં સ્વયં પોતે રમવા લાગે. અર્થાત્ આત્મ-પદને પહોંચી જાય, તથા તટસ્થ સાક્ષીરૂપ થઇને સઘળાં ત્રિભુવનને દેખવા લાગે. (૫) કબીર સાહેબ કહે છે કે, આ યોગી (જીવાત્મા) કદિ અમૃત વેલીરૂપી ઉક્ત રામ સજીવની મૂળીને ખુબ વાટી વાટી ઘસી ઘસીને અને છીણી છીણીને સદૈવ પીતો રહે, અર્થાત્ આત્મચિંતનમાં નિરંતર લાગ્યો રહે તો મૃત્યુ ઉપર વિજય મેળવી સદૈવ જીવતો રહે. તાત્પર્ય એવો છે કે, અધ્યાસ (ભ્રમ) થીજ કારણ શરીરાદિના જન્મ મરણાદિ ધર્મોને આ જીવાત્મા પોતાનામાં માંનીને અપાર અંધકારથી ભરેલા દુખ સાગરમાં ડૂબ્યો રહે છે. ત્યાર પછી અનુભવોના પરિણામે જ્ઞાનરૂપ ભાનુનો ઉદય થવાથી જ્યારે પોતાનું (નિજ) સ્વરૂપ નિર્વિકાર તથા કૂટસ્થરૂપ (નિશ્ચલ) સાક્ષાત્ ભાસવામાં આવે છે, ત્યારે કલ્પિત જન્મ મરણાદિરૂપ બંધનોથી છુટી જાય છે. અને જીવન્મુક્તિ (જીવન જીવતાં મુક્તિ) થઇ જાય છે. "इहैव तैर्जितः सर्गोयेषां साम्ये स्थितं मनः" જેને આત્મ સાક્ષાત્કાર થઇ જાય છે. તેઓ જીવતાં જીવતાં મુકત થઇ જાય છે. યદિ જીવન દરમિયાન સંશય છુટે નહીં તો મરણ બાદ મુકિતને ચાહવી એતો ગગનમાંનાં ફૂલને સૂંઘવા જેવું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" જિયતન તરૈ મુયે કા તરિહૌ જિયતહિ જોન તરૈ. "

---

શબ્દ ૬૭. [ બીજેશ્વર વાદિઓના મતની આલોચના.

મૂલ—

જો પૈ બીજરૂપ ભગવાન,
તો પંડિતકા પૂછો આન. ૧
કહાં મન કહાં બુદ્ધિ કહાં હંકાર,
સતરજ તમ ગુણ તીન પ્રકાર ૨
વિષ અમૃત ફલ ફલે અનેકા,
બહુધા વેદ કહૈ તરબેકા. ૩
કહહિં કબીર તૈં મૈં કયા જાન,
કોધૌં છૂટલ કો અરૂઝાન. ૪

શબ્દાર્થઃ—

બીજેશ્વર વાદિયોનો મત એવો છે કે, બીજ-વૃક્ષ ન્યાયથી સઘળો સંસાર લોક વિશેષ નિવાસી અને ચતુર્ભુજાદિ વિગ્રહ ધારી ઇશ્વરનું પરિણામ ( કાર્ય ) છે. ( ૧ ) યદિ બીજરૂપ ભગવાન ઉત્પન્ન થવાના કારણસર આ વિશ્વ-વૃક્ષ કાર્ય અને કારણની અભિન્નતાથી ભગવાન્ જ છે, તો હે પંડિત ! તમારી ઇશ્વર જીજ્ઞાસા વ્યર્થ છે. એટલું જ નહીં પરંતુ વિશ્વ-ઈશ્વર-અંત-ઉત્પત્તિ થવાના કારણથી અન્તઃકરણ ચતુષ્ઠય, ત્રિગુણ અને શુભાશુભ કર્મ એમાંથી કોઇ પણ હેય ( હિતકર ) થઇ શકતાં નથી. તેમજ, વ્યક્તિભેદ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યવહાર-વ્યવસ્થા તથા બદ્ધ અને મુક્ત વ્યવસ્થા પણ બની શકતાં નથી. ઇત્યાદિ આપત્તિ કારક હોવાથી તમારો મત ગુંચવણ ભરેલો છે. અર્થાત્ તેમાંથી છૂટકારો થઈ શકે તેવું નથી. ( ૨ ) ક્યાં મત ? ક્યાં બુદ્ધિ અને ક્યાં અહંકાર ? અને સત્ત્વ, રજ અને તમ એ ગુણોના ત્રણ પ્રકાર ક્યાં ? તેમાં તો વિષમય અને અમૃતમય અગણિત ફળો ફળતાં રહેશે. વેદ તો તરવાના અને યુક્તિ મેળવવાના લાખો ઉપાયો બતાવે છે. ( પરંતુ તેનું પરિણામ શું ? કંઈ નહીં ) ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, જ્યારે આવી પરિસ્થિતિ છે તો પછી કોણ મુક્ત અને કોણ બદ્ધ એવો નિર્ણય કરવાનું કામ કઠિન છે.

---

## શબ્દ ૬૮. [ મનની કલ્પના ]

મૂલ—

જો ચરખા ( હો ) જરિ જાય બઢૈયા ના મરૈ;
મૈં કાતૌ સૂત હજાર, ચરખુલા જનિ જરૈ. ૧
બાબા મોર બ્યાહ કરવા, અચ્છા, બરહિતકાય;
જયોંલોં અચ્છા બર ના મીલૈ, તોલૌં તુમહિ બિહાય. ૨
પ્રથમહિં નગર પહુંચતે, પરિ ગૌ સોક સંતાપ;
એક અચંભ હમ દેખિયા, બિટિયા બ્યાહલ બાપ. ૩
સમધી કે ઘર લમધી આયે, આયે બહુકે ભાય;
ગોડે ચૂલ્હા દૈ દૈ, ચરખા દિયો દઢાય. ૪
દેવ લોક મરિ જાયેંગે, એક ન મરૈ બઢાય;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યહ મન રંજન કારને, ચરખા દિયો દહાય. ૫
કહહિં કબીર સુનો હો સંતો, ચરખા લખૈ જો કોય;
જો યહ ચરખા લખિ પરૈ, આવા ગવન ન હોય. ૬

શબ્દાર્થઃ—

( ૧ ) કબીર ગુરૂ કહે છે; યદ્યપિ (જોકે) ચરખારૂપ શરીર બળી જાય છે, પરંતુ તેને બનાવવા વાળું મન ( બઠાઇ=કાલ ) મરતું નથી, એવા કારણથી પોતાની કલ્પનાથી નાના પ્રકારનાં શરીરરૂપ ચરખાઓ બનાવ્યા કરે છે. ભાવ એવો છે કે, જીવાત્મા, મનની કલ્પનાઓથી કર્મોને કરીને તેનાં ફળરૂપ નાના પ્રકારનાં શરીરોને ધારણ કરતો રહે છે. કેમકે જ્ઞાન થયા વિના મનનો નાશ થતો નથી. “ માયા મરી ન મન મરા મરિ મરિ ગયે શરીર.” સ્વર્ગાદિ લોકોની ઇચ્છાથી સકામ કર્મ કરવા વાળા તથા કર્મ માર્ગી લોકો તથા ઉપાસક યોગિઓની તો સદૈવ એજ ઇચ્છા રહે છે કે, અમારો ચરખો ( શરીર ) સદા બન્યો બનાવ્યો રહે, કે જેથી અમે કર્મો દ્વારા સ્વર્ગાદિલોકોમાં તથા યોગ દ્વારા સહસ્રાર ( સહસ્રદલ કમલ ) માં પહોંચી જઇએ. ( ૨ ) હવે પૂરા અજ્ઞાનિઓ કથા સાંભળો, કે જેઓ વંચક ગુરૂઓના આપેલા મુક્તિ–આસને માટે સદૈવ મુખ ફાડીને રહે છે. પરંતુ સ્વયં પોતે કંઇ પણ વિચાર વગેરે કરવા ચાહતા નથી, એ કથા કન્યા વિવાહનાં રૂપક દ્વારા બતાવવામાં આવે છે. એ લોકો ઉક્ત ગુરૂઓના ચરણોમાં પડીને સદૈવ એવી પ્રાર્થના કર્યા કરે છે કે હે બાબા ( ગુરૂ ) કોઇ સુંદર વર ( દુલહા ), ( અથવા બીજા પક્ષમાં કોઇ દેવતા ) થી મારો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિવાહ ( પ્રેમ ) કરાવી દયો. અને જ્યાં સુધી કોઇ સુંદર વર મળે નહીં ત્યાં સુધી તમેજ મારી સાથે વિવાહ કરી લ્યો. તાત્પર્ય કે મિથ્યા મુક્તિના ભૂખ્યા લોકો " તન, મન, ધન સબ ગુરૂજીકે ચરણા " તન, મન, ધન સર્વ ગુરૂજીના ચરણમાં રાખીને તેમને આધીન થઇ જાય છે. ( ૩ ) ઉક્ત આંધળા ગુરૂઓની પાછળ લાગેલા આંધળા શિષ્યો ફરી અગાઉ કહેલી નગરી ( પ્રપંચ ) માં પહોંચી ગયા. કે જેમાં પ્રથમ રહેવાથી ઘણાજ દુખી થઈ ગયા હતા. ત્યાર પછી ફરી ત્યાં પહોંચતાની સાથે જીવાત્મા નાના પ્રકારના શોક અને સંતાપોમાં પડી ગયો. એટલે કે પાખંડિયોના સંગથી જીવાત્મા પ્રપંચના કીચડામાં ફસી જાય છે. કબીર સાહેબ કહે છે, આ પણ એક મોટા આશ્ચર્યની વાત જોઇ કે, ઉક્ત ગુરૂઓની કૃપાથી પિતા ( જીવાત્મા ) એ પોતાની પુત્રી ( અવિદ્યા ) ની સાથે વિવાહ કરી સ્ત્રી બનાવી લીધી છે. અર્થાત્ પૂરો અજ્ઞાની બની ગયો છે ( ૪ ) અત્રે હકીકત જાણી લેવાની જરૂર છે કે, વર અને વધૂના પિતા પરસ્પર વેવાઇ ( સમધી ) કહેવાય છે; અને વેવાઇના ભાઇઓ પરસ્પર લમધી કહેવાય છે. ) ત્યારબાદ અજ્ઞાનિયોના દુર્ગુણોનું સંમેલન ઉક્ત ગુરૂજીના નેતૃત્વ નીચે થવા લાગ્યું. વિવેક ( સમધી ) ના ઘર–સ્થાનમાં અવિવેક ( લમધી ) ચાલ્યો આવ્યો, અને વધૂ ( અવિદ્યા ) નો ભાઇ કુવિચાર પણ આવી ગયો. ત્યાર પછી સર્વના ઉપસ્થિત થતાંની સાથે ઉક્ત ગુરૂ–બાબાએ દેહાત્મવાદ ઉપર નીચે પ્રમાણે વ્યાખ્યાન સંભળાવ્યું:—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" જો કછુ હૈ સો દેહ રે ભાઈ, તાકો સેવન કરો બનાઇ.
ઇન્દ્રિન ભોગ ભલી વિધિ દીજૈ, બહુત વિચાર કાહે કો કીજૈ.
મરૈ ફેર કો જન્મે આઇ, જન્મે કો કોઇ દેખા ભાઇ.
બહુરિ જન્મના મિથ્યા માનો, જીવ–બ્રહ્મ મિથ્યા સબ જાનો.
પાંચ તત્ત્વકી દેહ બનાઇ, અંત પાંચમે પાંચ સમાઇ.
જૈસે વૃક્ષસે પત્ર ઝરાઇ, બહુરિ વૃક્ષમેં લગૈન જાઇ.
ઔરહિ પત્ર વૃક્ષસે નિપજૈ, તૈસેહિ જગજોની જિવ ઉપજૈ.
પાંચ તત્ત્વકો વૃક્ષ અનાદિ, તામેં ઉપજત બિનસત સાદી.
તાતે કહા હમારા માનો, બોધ–વિચાર સંસ કરિ જાનો.

( પંચગ્રંથી. )

એટલે " न स्वर्गो नापवर्गो वा नैवात्मा पारलौकिकः । नैव वर्णाश्रमादीनां क्रियाश्च फलदायिकाः " ॥ તેમજ " यावज्जीवेत्सुखं जीवेदृणंकृत्वा घृतं पिबेत । भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः " ॥ જ્યાં સુધી જીવવું ત્યાં સુધી સુખથી જીવવું. કરજે નાણું કાઢીને પણ ઘીને પાણીની માફક પીતાં રહેવું. કેમકે બળીને ખાખ થઇ ગયેલાં શરીરને ફરીને આવવાનું કયાં છે. એ રીતે ગુરૂબાબાએ ઉપદેશ દઇને, તેમજ નાના પ્રકારની યુક્તિઓથી દેહાત્મવાદને પુષ્ટ કરીને ચરખારૂપ દેહને દેવતાઓની ભક્તિમાં સર્વને લગાડી દીધા. એ પ્રકારે અજ્ઞાનીઓને દેહાસક્તિમાં નાંખી દેવા, એ તો એમ સમજો કે તેના પગો ( ગોડાં ) તે ચુલ્હામાં સળગાવી દેવા બરાબર છે. અર્થાત્ જેવી રીતે પગોના તદ્દન બળી જવાથી ઉત્તમ ગતિથી ગમન થઇ શકતું નથી, તેવી રીતે દેહાત્મવાદિઓની પણ ઉત્તમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગતિ થતી નથી. ( ૫ ) એ તો દેહાત્મવાદિઓના હાલ હેવાલ થયા. હવે કર્મમાર્ગિઓ અને યોગિઓની દશા સાંભળો. હે ભાઇઓ ! જે સ્વર્ગાદિ લોકોને માટે તમોએ ભારી કષ્ટ ઉઠાવ્યું છે, તે સ્વર્ગાદિ લોક તો તમારાં પૂણ્યો ક્ષીણ થતાંની સાથેજ નષ્ટ થઇ જશે. પરંતુ આ તમારૂં મન ( બઢઇ ) તો મરવાનું નહીં. તમે લોકો શા માટે ભૂલથાપમાં પડયા છો ? એ સર્વ —સ્વર્ગલોક અને સત્યલોકાદિક તો તમારા પોતાના મનની કલ્પનાઓ છે. " લોક કહું તો લોકૌ નાહીં, લોકૌ આહિ કાલ કી ઝાંઇ. " ( અમર મૂલ ) કેવલ જૂઠાં ( મિથ્યા ) સુખનાં ભૂખ્યાં તમારાં મનને પ્રસન્ન કરવાને ખાતર નાના પ્રકારની લોક—કલ્પનારૂપી ચરખાના ફેરામાં તેને નાંખી દીધું છે. કે જેથી " કબહુંક ઉંચે કબહુંક નીચે " થયા કરે. ( ૬ ) કબીર સાહેબ કહે છે કે, વિરલા પુરૂષો મનની કલ્પનાઓને ચરખારૂપ જાણે છે. અર્થાત્ એ ઉપર કહેલી સર્વ લીલાઓ મનનીજ છે, એ પ્રમાણે જાણી લેવું એ અતિ કઠિન છે. જેઓ આ કલ્પનાઓને તેમજ મનને પૂરતી રીતે ઓળખી લે છે, તેઓ સંસારથી પાર થઇ જાય છે.

---

## શબ્દ ૬૯. [ શબ્દ અને શબ્દીનો વિચાર. ]

<u>મૂલ:—</u>

**યંત્રો યંત્ર અનૂપમ બાજૈ, વાકે અષ્ટ-ગગન મુખ ગાજૈ ટેક.**
**તહીં બાજૈ તૂહીં ગાજૈ, તૂહીં લિયે કર ડાલૈ;**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક શબ્દ મહં રાગ છત્તીસૌ, અનહદ બાની બોલૈ. ૧
સુખકે નાલ શ્રવણ કે તુંબા, સતગુરૂ સાજ બનાયા;
જીભિકે તાર નાસિકા ચરઈ, માયાકા મોમ લગાયા. ૨
ગગન મંડલમેં ભયા ઉજિયારા, ઉલટા ફેર લગાયા;
કહંહિં કબીર જન ભયે બિબેકી, જિન્હ યંત્રીસો મન લાયા.૩

શબ્દાર્થ:—

મનરૂપી વાદ્ય-યંત્ર બજાવવાવાળા યંત્રી (શબ્દી) ચેતનદેવ. ચેતન યંત્રનું યંત્રી=વાદ્ય અનુપમ રીતે બજે છે. ઉકત યંત્રીનું બજાવેલું યંત્ર=વૈખરી-શબ્દ, તથા અનાહત શબ્દ સુંદર સ્વરથી બજે છે, અને વર્ણોના આઠે સ્થાનો રૂપી ગગનમાં પ્રતિ ધ્વનિત થઇને વૈખરી શબ્દ મુખમાં આવીને તે દ્વારા ગરજે છે. એજ પ્રમાણે અનાહત શબ્દ પણ અષ્ટમ-ગગન=સુરતિ કમળના દ્વારા ગરજે છે; " अष्टौ स्थानानि वर्णाना मुरः कण्ठः शिरस्तथा, जिव्हा मूलंच दन्ताश्च नासिकोष्टौ च तालुच (शिक्षा) ભજનઃ—સુંનતારે ગુરૂજ્ઞાની, ગગનમે આવા જહો રહી ઝીની." (૧) વસ્તુતાએ ચેતનજ વાગે છે અને ગાજે છે; કેમકે જડ સ્વયં કાર્ય કરવામાં અસમર્થ છે. " आत्मा बुध्या समेत्यार्थान् मनोयुङ्क्ते विवक्षया " ઇત્યાદિ કથન અનુસાર આત્મા સ્વયમેવ શબ્દાદિ દ્વારા છ રાગ અને છત્રીસ રાગિનીઓ અને બ્રહ્માંડ માંથી ઉદ્ભવતા દિવ્ય અનાહત શબ્દરૂપ વાણીને બોલતો રહે છે. (૨) સાહેબે (માલિકે) આ નરતન રૂપી એક વિલક્ષણ (ચાલતા-ફરતા) સાજ-(વાદ્ય) તંબુરો બનાવ્યો છે. જેમાં મેરૂદંડથી સંબદ્ધ-સુખરૂપી નાલ (તંબુરાની ડાંડી)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગેલી છે. અને તુંબારૂપી કાન છે. તેમજ જીંહારૂપી તાર તથા નાસિકારૂપી તારની ખુંટી લાગેલી છે. ઉક્ત તંબુરાનાં છિદ્રોને બંધ કરવા માટે માયારૂપી મીણનો ઉપયોગ કરવામાં આવેલો છે. ભાવાર્થ એવો છે કે, શબ્દ અને બ્રહ્માંડમાંથી ઉદ્ભવેલી ભૌતિક જ્યોતિ, માયાથી ઉત્પન્ન થયેલ અને માયાથી સુરક્ષિત હોવાના કારણે માયિક છે. એટલાં માટે આ માયિકયંત્રો ( વાદ્યો ) ની રસીલી તાનોમાં મુગ્ધ થઇ ભૂલી નહીં જતાં યંત્રી જે ચેતન-દેવ છે, તેનો પરિચય પ્રાપ્ત કરવો જોઇએ. ( ૩ ) યોગી લોકો શ્વાસાને ઉલટાવીને બ્રહ્માડમાં નિરૂદ્ધ કરી રાખે છે. તેથી ત્યાં જ્યોતિનો પ્રકાશ થઇ જાય છે, કબીર સાહેબ કહે છે કે, જેઓ યંત્રીથી પ્રેમ કરે છે, તેઓ જ ખરા વિવેકી છે.

" કહેં કબીર સુનો નરલોઇ, ભુતવાકે પુજલે ભુતવા હોઈ."

ભજનઃ— " યઇ તન ઠાઠ તંબુરેકા "

---

## શબ્દ ૭૦. [ માંસ ભક્ષણ વિચાર. ]

**મૂલઃ—**

**જસ મસ (માસુ) પશુકી તસ માસ નરકી, રૂધિર રૂધિર એક સારાજી;**
**પશૂકી માંસ ભખૈ સબ કોઇ, નરહિં ન ભખૈ સિયારાજી. ૧.**
**બ્રહ્મ-કુલાલ મેદિનીં ભઇયા, ઉપજિ બિનસિ કિત ગઇયાજી;**
**માંસુ મછરિયા તો પૈખઇયે, જયોખેતન મહં બોઇયાજી. ૨.**
**માટી કે કરી દેવી દેવા કાટિ કાટિ જીવ દેઇયાજી;**

જો તુહરા હૈ સાંચા દેવા, ખેત ચરત કયોં ન લેઈયાજી; ૩
કહંહિ કબીર સુનહુ હો સ તો, રામ નામ નિજ લેઈયાજી,
જે કિછુ કિયહુ જીભકે સ્વારથ, બદલ પરાયા દેઈયાજી. ૪

**શબ્દાર્થ:—**

(૧) મનુષ્ય અને પશુઓના શરીરોમાં માંસ અને રૂધિર વગેરેની સમાનતા હોવા છતાં પણ પશુઓનાં અંગ-પ્રત્યંગ સર્વોપયોગી હોય છે. અને મનુષ્યના મૃત શરીરને તો શિયાળ પણ અત્યંત રૂચિથી ખાતું નથી. એવી પરિસ્થિતિમાં નિરૂપયોગી એવા પોતાના માંસની પુષ્ટિને માટે ઘણુંજ ઉપયોગી એવાં પશુઓને મારીને ખાઇ જવાં એ કેટલો અનર્થ છે? (૨) બ્રહ્મારૂપી કુંભારે સૃષ્ટિમાં અનેક પ્રાણીઓની રચના કરી છે. તાત્પર્ય કે જેવી રીતે એક ખેડુતના પાકેલા મોલને કાપી લેવાનો અધિકાર બીજા ખેડુતને નથી, તેવીજ રીતે વિરંચિ (ઇશ્વર) વિરચિત માછલાં આદિક પ્રાણીઓને મારીને ખાઇ જવાનો પોતે પોતાથી માની લીધેલો (સ્વત્વ) હક્ક કોઇ પણ મનુષ્યને નથી. હા, કદિ શાક ભાજીની માફક માંસ અને માંછલિયોને પણ ખેતરોમાં વાવીને પેદા કરી શકે તો અવશ્ય તેને ખાવાનો અધિકાર હોઇ શકે છે, પરંતુ એ માંસ અને માછલાં ખેતરમાં પાકતાં નથી, (૩) દેવ દેવીના બલિદાન (નૈવેદ્ય) રૂપે પશુવધ કરવો એ પણ અહિંસાત્મક લોક લાગણી દુખાવીને માત્ર પોતાની રસનાના સ્વાદ તે પોષવા બરાબર છે, કેમકે દેવતાઓતો સર્વના રક્ષક હોય છે, ભક્ષક નહીં. કદિ થોડા સમયને માટે એવું પણ માની લેવામાં આવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે માટી અને પથ્થરનાં બનાવેલાં દેવતા અને દેવીઓ સાચાં હોય છે; અને તેઓ ખરેખર પશુઓનાં લોહીનાં તરસ્યાં હોય છે, તો ભલા એતો બતાવો કે " बुभुक्षित: किंन करोति पापम् " એ વચનાનું સાર તેઓ પોતે ( સમર્થ હોવા છતાં ) પશુઓને પકડીને કેમ ખાઇં જતાં નથી ? ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, આ અભક્ષ્ય-ભક્ષણને છોડીને રામને ભજો. જીભ્હાના સ્વાદથી જે ઘોર પાપ ( જીવ-હિંસા ) કરવામાં આવે છે, તેના બદલામાં તમારી પોતાની ગરદન આપવી પડશે, અને નર્ક યાતના પણ ભોગવી પડશે.

સાખીઃ—" ખુશ ખાના હૈ ખીચડી, માંહિં પડા હુક નોન;
માંસ પરાયા ખાય કે, ગલા કટાવે કોન.
તિલભર મચ્છી ખાય કે, કોટિ ગઉ દે દાન;
કાશી કરવત લૈ મરે, તો' ભી નરક નિદાન. "

---

## શબ્દ. ૭૨. [ ચેતનની વ્યાપકતાનો વિચાર. ]

<u>મુલ :—</u>

ચાત્રિક ! કહા પુકારૈ દુરી, સો જલ જગત રહા ભરપૂરી ૧.
જેહિ જલ નાદ બિંદુકા ભેદા, ષટ કર્મ સહિત ઉપાનેઉ બેદા. ૨
જિહિ જલ જીવ સીવકા બાસા, સો જલ ધરની અમર પ્રકાસા. ૩
જિહિ જલ ઉપજલ સકલ શરીરા, સોજલ ભેદ ન જાને કબીરા. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

આ પદ્યમાં તટસ્થ–ઇશ્વર ( સ્વવિજાતીય–ઇશ્વ ) ઉપાસકોનું ચાતક ( બપૈયા ) રૂપથી, તથા આત્મ–દેવનું જલ રૂપથી વર્ણન કરવામાં આવેલું છે. ( ૧ ) હે ઉપાસક રૂપ ચાતકો ! તમે અતિનિકટ રહેવાવાળા આત્મ–દેવને ભ્રમથી દૂર સમજીને શા માટે પોકારી રહ્યા છો. એ આત્મ જલ તો સર્વત્ર ભરપૂર ભરેલું છે. “ तज्जलानि शान्त उपासीत ” એ શ્રુતિનું વચન છે. “ નિયરે ન ખોજૈ બતાવૈ દૂરિ, ચહુંદિસિ બાગુરિરહલિ પૂરિ ” ( બીજક. )

ભજન:–“ સન્તો પાની મેં મીન પિયાસી,
મોહિં દેખત આવે હાંસી. સન્તો.
હૈ નિયરે તેહિ દૂરિ બતાવે,
દૂરકી આસ નિરાસી. ” સન્તો.

( ૨ ) આ જલમાં નાદ અને બિન્દુનો ભેદ છુપાયો રહેલો છે. સર્વ તેનાથી ઉત્પન્ન થયેલું હોઇ, તેમાંથીજ ષટ કર્માદિ પ્રત્તિ પાદક વેદોનો આવિર્ભાવ થયો છે. ( ૩ ) જે શુદ્ધ ચેતનના આશ્રિત શબલિત ( ઔપાધિક ) જીવ અને ઇશ્વર છે. “ माया ख्यावा : कामधेनो र्धेनोर्वत्सौ जीवश्वरावुभौ. ” અને જે આત્માથી વિકાસક્રમ દ્વારા નિખિલ સૃષ્ટિની ઉત્પત્તિ થઇ છે. “ एतस्मादात्मान आकाश : सम्भूत ” ઇત્યાદિ. તે આત્માથી ષટ કર્માદિ પ્રતિપાદક વેદોનો આવિર્ભાવ થયો છે. “अस्य महतो भूतस्य निःश्वसित मेतदग्वेदः सामवेदोऽथर्ववेदश्वेति.”

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( ૪ ) વળી તે આત્માથી પરસ્પર વિભક્ત પવન તથા શરીરના ઉપાદાન ભૂત રજ અને વિર્યની રસાદિક ક્રમથી સૃષ્ટિ ઉત્પન્ન થઇ છે. અને જે આત્માથી પૂર્વોક્ત ક્રમાનુસાર નિખિક કાર્યો નિર્માણ થયાં છે, તે આત્મ–દેવના રહસ્ય ( સ્વરૂપ ) ને અજ્ઞાની ( ઉપાસક , લોકો સમજતા નથી.

ભાવાર્થ:—

"જા ખોજત કલ્પૌ ગયે, ઘટહી માંહિ સો મૂરિ;
બાઢો ગરબ ગુમાન તે, તાતે પરિ ગયો દૂરિ." (બીજક.)

---

શબ્દ. ૭૨. [ શરીરની અસારતા અને વિનાશિતાનું વર્ણન. ]

મૂલ:—

ચલહુ કા ટેઢો ટેઢો ટેઢો;
દસહૂં દ્વાર નર્ક ભરિ બૂડે, તૂ ગંધી કો બેઢો. ૧.
ફૂટે નૈન હૃદય નહિં સૂઝે, મતિ એકૌ નહિં જાની;
કામ ક્રોધ તૃષ્ણા કે માતે બૂડિ મુયે બિનુ પાની. ૨.
જો જારે તન હોય ભસ્મ ધુરિ, ગાડે ક્રિમિ–કિટ (મિટ્ટી) ખાઇ;
સીકર શ્વાન કાગ કા ભોજન, તનકી ઇહૈ બડાઇ. ૩.
ચેતિ ન દેખ મુગ્ધ નર બૌરે, તાહિતે કાલ ન દૂરી;
કોટિન યતન કરો યહ તનકી, અંત અવસ્થા ધૂરી. ૪.
બાલૂકે ઘરવા મહં બૈ હૈ, ચેતત નાહિં અયાના;
કહંહિં કબીર એક રામ ભજે બિનુ, બૂડે બહુત સયાના. ૫.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

(૧) (એ મનુષ્ય!) તું વાંકો વાંકો કેમ ચાલે છે? અર્થાત્ વાંકી ચાલ શા માટે ચાલે છે? શરીરના દશે દ્વારમાં એટલે માથાથી પગ સુધી તું નર્કથી ભરેલો છે, અને દુર્ગંધિનો ભંડાર થઇ રહ્યો છે. (૨) આંખના અંધા! હૃદયના મલીન! મંદ મતિ! કામ, ક્રોધ અને તૃષ્ણામ લંપટ! તું પાણી વિના ડૂબી જઇશ.

" ઉપર કી દોઉ ગઇ, હિયહુ કિ ગય હિરાય
કહંહિં કબીર ચારિઉં ગઇ, તાકર કાહ બસાય. "

(૩) મૃત–શરીર બાળવાથી ભસ્મ થઇ જશે, અથવા દાટવાથી માટી બની જશે, અને કૃમિ કિડાઓનો ખોરાક બનશે. કે શિયાળ, કુતરાં, કાગડા અને ગીધ વગેરે જાનવરો ખાઇ જાય તો વિષ્ઠારૂપમાં પરિણામ પામે છે. એટલે એવી તો શરીરની બડાઇ છે. (૪) એ પ્રમાદિ અજ્ઞાનિઓ! હજી ચેતો! તમારી મૂર્ખતાની પણ અવધિ છે! તમારાથી કાલ (મૃત્યુ) દૂર નથી. મૃત્યુના મુખમાં તો તમે પડેલાજ છો. કોટિ યત્ન કરો પરંતુ આ શરીર અંતે રાખ અને ધૂલમાં મળી જવાનું. (૫) રેતી (બાલૂ) ના ઘરમાં રહીને હે અજ્ઞાન મનુષ્ય તું ચેતતો નથી. કબીર સાહેબ કહે છે કે, એક રામ-નામ ભજ્યા વિના ઘણાક ચતુર (સયાના) મનુષ્યો ડૂબી ગયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" ચતુરાઇ ચુલ્હે પરો, જો નહિં શબ્દ સમાય;
કોટિન-ગુન સૂવા પઢે, અંત બિલૈયાં ખાય ".

---

## શબ્દ ૭૩. [ ભારી ભ્રમ. ]

મૂલ:—

ફિરહુ કા ફૂલે ફૂલે ફૂલે;
જબ દશ માસ ઉર્ધ્વ મુખ હોતે, સો દિન કાહે ( કો ) ભૂલે. ૧.
જયોં માખી સહતે નહિં બિહુરે, સોંચિ સોંચિ ધન કીન્હા;
મુયે પીછે લેહુ લેહુ કરૈં સબ, ભૂત રહનિ કસ દીન્હા. ૨.
જારે દેહ ભસ્મ હોય જાઇ, ગાડે માંટી ખાઈ;
કાંચે કુંભ ઉદક જ્યોં ભરિયા, તનકી ઇહૈ બડાઈ. ૩.
દેહરિ લૌં બર નારિ સંગિ હૈ, આગે સંગ સુહેલા;
મ્રિતક-થાન લૌં સંગ ખટોલા, ફિરિ પુનિ હંસ અકેલા. ૪.
રામ ન રમસિ મોહ કે માતે, પરેહુ કાલ બસિ કુવા;
કહંહિ કબીર નર આપુ બંધાયો, જયોં લલની-ભ્રમ સૂવા ૫.

શબ્દાર્થ:—

( ૧ ) તમે પોતાના શરીરની સુંદરતા અને યૌવનના ગર્વથી પ્રમત્ત થઇને કેમ ફૂલ્યા ફૂલ્યા ફરી રહ્યા છો, માતાના ગર્ભમાં જે દસ માસ સુધી ઉંધે મસ્તક પડી રહ્યા હતા તે દિવસો શું ભૂલી ગયા કે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભજનઃ- "જોબન ધન પાહુંના દિન ચારા, યાકો ગરબ કરે સો ગંવારા.

પશુ ચામકી બનત પન્હૈયાં, નૌબત મઢત નકારા.
નર તેરી ચામ કામ નહિં આવે, જર બર હોંસી છારા
—જોબન."

( ૨ ) જેવી રીતે મધમાખી પોતે મધ ખાતી નથી, પણ સંગ્રહ કરી રાખે છે, તેવી રીતે મનુષ્યો અનેક પ્રકારની ચિંતા તેમજ છલ પ્રપંચ કરી ધન સંચય કરી રાખ્યો, પરંતુ મુઆ પછી મૃતક શરીરને જલ્દી ઉઠાવી લઇ ચાલો એમ સર્વ કહેવા લાગ્યા. ભૂત અર્થાત્ પંચ મહાભૂતના શરીરને કોણ રોકી રાખી શક્યું છે? ( ૩ ) દેહને બાળી નાખવાથી ભસ્મ થઇ જાય છે. અને જમીનમાં દાટવાથી કોહોવાઇ, કીડાઓનો ખોરાક થઇ, અંતે માટીમાં મળી જાય છે. જેમ કાચા ઘડામાં પાણી ભરવાથી તે ફૂટી જતાં વિલંબ થતો નથી, તેવીજ રીતે શરીરનો વિનાશ થતાં વાર લાગતી નથી. છતાં તેવા કાચા ઘડા જેવાં શરીરને માટે બડાઇ કેટલી! ( ૪ ) પતિના મૃતક શરીરનો સંગાથ સ્ત્રી બહુતો ઘરનાં બારણાં સુધી કરે છે. અને સ્માશાન યાત્રામાં સગાં ઇષ્ટ મિત્ર જાય છે. તેમજ મૃતક દેહને ઉચકવાને માટે પાલખી, ખાટલો કે નનામી વગેરે જે સાધન છેવટ સ્મશાન સુધી જાય તે. અને ત્યાર પછી તો જીવાત્માને એકલાજ પ્રયાણ કરવાનું રહ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( ૫ ) મોહની અંદર છકીને તું રામ ( નિજપદ ) માં રમણ કરતો નથી ! નર્ક કૂપમાં પડીને કાલના પંજામાં સપડાઇ ગયો. કબીર સાહેબ કહે છે કે, હે અજ્ઞાની નર ! તું તારી પોતાની અજ્ઞાનતાના કારણથી—જેમ પોપટ વાંસની બનાવેલી ચરખી ( લલની ) માં ભ્રમથી ફસાઇ જાય છે, તેમ અંધાઇ ગયો છે,

---

## શબ્દ. ૭૪. [ જીવાત્માના સ્વરૂપનો પરિચય. ]

મૂલઃ—

ઐસો યોગિયા બદ કર્મી, જાકે ગગન અકાસ ન ધરની. ૧
હાથ ન વાકે પાંવ ન વાકે, રૂપ ન વાકે રેખા;
બિના હાટ હટવાઇ લાવૈ, કરે બયાઈ—લેખા. ૨
કર્મ ન વાકે ધર્મ ન વાકે, યોગ ન વાકે યુક્તિ;
સીંગી પાત્ર કિછુઉ નહિં વાકે, કાહે કો માંગે ભુકિત. ૩
મૈં તોહિ જાના, તૈં મોહિ જાના, મેં તોહિ માંહિ સમાના;
ઉતપતિ પરલે કિછુવૈન હોતે, તબ કહુ કૌન (બ્રહ્મ) કો ધ્યાના. ૪
યોગી આન એક ઠાઠ કિયો હે, રામ રહા ભર પૂરી,
ઔશધ મૂલ કિછૌ નહિં વાકે, રામ સજીવન મુરી. ૫
નટવટ બાજા પેખનિ પેખૈ, બાજીગર કી બાજી;
કહંહિં કબીર સુનો હો સંતો, ભઇ સો રાજ બિરાજી. ૬

શબ્દાર્થઃ—

યોગિયા=જીવાત્મા. બદકર્મી=કુચાલી ( કોઇ બીજકમાં

" બદ કરની " એવો પાઠ છે. એટલે હોડ લગાડી કામ કરનાર. ) હટવાઇ=બજાર, હાટ. બયાઇ લેખા=વેપારી હિસાબ. સિંગી=નાદ બજાવવા માટે મૃગનું સીંગ. પાત્ર=ખપર મૂરિ= જડી બૂટી. નટવટ બાજા=નટને બજાવવાનો સામાન. પેખની= દૃશ્ય, પ્રપંચ.

( ૧ ) આ જીવાત્મા વસ્તુતઃ એવો છે કે, જેને આકાશ નથી કે નથી અંતરિક્ષ. તેમજ ધરણી આદિ કંઇ પણ નથી, અર્થાત્ એ અભૌતિક છે. ( ૨ ) જીવાત્મા રૂપી વાણી આને કંઇ રૂપ કે આકાર નથી. અથવા સ્થાઇ બેસવાને માટે કોઇ આધાર ભૂત હાટ પણ નથી, નથી હાથ કે નથી પગ. છતાં પણ નાના પ્રકારના પ્રપંચ રૂપી બજાર–હાટ માંડયા કરે છે, હિસાબ કિતાબ પણ સદૈવ કર્યા કરે છે. ( ૩ ) આ જીવાત્મા એવો વિલક્ષણ યોગી છે કે, તેને યોગ કર્મ અને તેનાંથી ઉત્પન્ન થતાં ફલ ( સમાધિ લાભાદિક ) કંઇ પણ નથી. તેમજ એવી કોઇ યોગ યુક્તિ કે પ્રક્રિયા કંઇ રાખતો નથી. વળી સીંગી કે ભિક્ષાપાત્ર તેની પાસે નથી, છતાં પણ એ કુચાલી ( બદકર્મી ) યોગી ભોગ–ભિક્ષા માગતો ફરે છે, એ કેવું આશ્ચર્ય છે. (૪) મુક્તિને માટે તો કેવલ એટલુંજ આવશ્યક છે કે, " હું " અને " તું " ની યથાર્થતાને બરાબર જાણી લેવામાં આવે. " હું " અને " તું " એ દ્વૈત અને આવરણ છે, એટલે કે નિજરૂપ પર ભારી પડદા રૂપ છે.

" મૈં અરૂ મોર તોર તે માયા. " × × × " મોર તોર કી જેવરી બટિ બાંધા સંસાર. " ( ૫ ) આ યોગી ( જીવાત્મા )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ પોતાની અજ્ઞાનતાના કારણથી મિથ્યા પ્રપંચ રૂપ આ મહાવ્યાધિ સ્વયં ઉત્પન્ન કરી લીધેલી છે. વસ્તુતઃ નિત્ય-સિદ્ધ રામ તો સર્વત્ર ભરપુર છે. ઉક્ત અજ્ઞાની યોગિયા, એટલે કે રોગી જીવાત્માના ભવરૂપ રોગની નિવૃત્તિને માટે પરમ-ઔષધ, રામ સ્વરૂપનો પરિચય કરવો એજ છે. આ નિજરૂપનો બોધ એજ " અમૃત સંજીવની " જડીબુટી છે. ( ૬ ) હવે માયાની નિવૃત્તિનો ઉપાય બતાવે છે. આ દૃશ્ય-પ્રપંચ ( પેખની ) રૂપ વિષયોને નટનાં વાજીત્રો સમાન ( પોતાની તરફ આકર્ષિત કરવાવાળાં ) સમજો અને માયાને બાજીગરની બાજી ( ખેલ ) ના સમાન મિથ્યા સમજો. કબીર સાહેબ કહે છે કે, એ પ્રકારે સમજવાથી માયા અધિકાર-રહિત ( રાજ-બિરાજી ) થઇ જશે. ભાવ એવો છે કે, માયા રૂપી ઠગારીની ઠગબાજીને ઠીક ઠીક જાણી લેવાથી તે લજ્જિત થઈ જાય છે, એટલે કે ફરી કદિ જ્ઞાનિઓની સામે આવતી નથી.

" માયા તો ઠગની ભઇ, ઠગત ફિરૈ સબદેસ;
જો ઠગને ઠગની ઠગી, તો ઠગકો આદેસ.

\+ × × ×

" ગઇ ઠગૌરી જબ ઠગ પહિચાના. "

---

## શબ્દ ૭૫. [ એક જાતિ ( મનુષ્ય જાતિ ) વાદ. ]

મૂલઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઐસો ભરમ બિગુર્ચન ભારી.
બેદ કિતેબ દીન ઔ દોજખ, કો પુરૂષા કો નારી. ૧.
માટી કે ઘટ સાજ બનાયા, નાદે બિંદુ સમાના;
ઘટ બિનસે કયા નામ ધરહુગે, અહુમક ખોજ ભુલાના. ૨.
એકે ત્વચા હાડમલ મૂત્રા, એક રૂધિર એક ગૂદા;
એક બૂંદસે સૃષ્ટિ રચી હૈ, કો બ્રાહ્મણ કો શૂદ્રા. ૩.
રજોગુણ બ્રહ્મા, તમોગુણ શંકર, સત્તગુણા હરિહોઈ;
કહંહિં કબીર રામરમિ રહિયે, હિંદુ તુરૂક ન કોઈ. ૪.

શબ્દાર્થઃ—

( ૧ ) ભ્રમરૂપી ભારી ફંદ લાગ્યો પડયો છે. વેદ કિતાબ ધર્મ ( દીન ) અર્થાત્ સ્વર્ગ અને નર્ક ( દોજખ ) એ સર્વે કોણે બનાવ્યું. કોણ પુરૂષ છે અને કોણ સ્ત્રી છે ? ( ૨ ) માટીને કેળવીને તેના સર્વ ઘાટ બનાવ્યા. બિંદુ નાદમાં સમાઇ ગયું. ઘટ ફૂટી ગયા પછી તેનું શું નામ ધરાવશો ? મુર્ખ લોકો સત્યના માર્ગ ( પથ ) થી વિચલિત થઇ ગયા, અને ખોળતાં ખોળતાં ભૂલા પડયા. ( ૩ ) સર્વને એકજ પ્રકાર ની ચામડી ( ત્વચા ) અને હાડકાં છે, તેમજ મલ મુત્ર પણ એક સરખાં ત્યાગ કરે છેઃ તથા એકજ પ્રકારનું લોહી (રૂધિર) અને એકજ પ્રકારની મલદ્વારા ( ગૂદા ) બનેલ છે. વળી એકજ પ્રકારનાં વિર્યથી સૃષ્ટિને બનાવી છે. છતાં કોણ બ્રાહ્મણ અને કોણ શૂદ્ર એ સમજી શકાતું નથી. ( ૪ ) વસ્તુતઃ રજઃ પ્રધાન મનુષ્ય એજ " બ્રહ્મા " છે. કેમકે " चलंच रज : " એ સિદ્ધાંત અનુસાર રજોગુણ ક્રિયાશીલ છે. અને તમઃ પ્રધાન નર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શંકર છે. કેમકે તમો ગુણ કાર્યોનો લય કરનાર છે, તેમજ સત્વ પ્રધાન મનુષ્ય હરિ રૂપ છે.કારણકે જ્ઞાન-પ્રકાશ અને સુખાદિકની અભિવૃદ્ધિ સત્વગુણના વિકાસથીજ થાય છે. કબીર સાહેબ કહે છે કે, આપ લોકો એ બન્ને જાતિઓમાં સમાન રૂપથી રમવાવાળા નિજરૂપ “ રામ ” નો સાક્ષાત્કાર કરો. વસ્તુતઃ હિંદૂ અને મુસલમાન એ બન્ને જાતિઓ બનાવટી છે.

“ હિંદૂ તુરૂક કહાંતે આયા કિન યહરાહ ચલાઇ. ”

સાચીતો એકજ મનુષ્ય જાતિ છે. તેમાં પાડેલા ભેદ સર્વ બનાવટી છે. કેમકે જે આકૃતિને દેખતાંની સાથેજ જાણી શકાય તે જાતિ છે. “ आकृति ग्रहणा जातिः ” ( વાર્તિક. )

---

## શબ્દ ૭૬. [ નિજ-ભ્રમ-વિચાર. ]

મૂલઃ—

અપન પૌ આપુહી બિસર્યો;
જૈસે શ્વાન કાંચ મંદિર મેં, ભરમિત ભૂસિ મર્યો. ૧.
જ્યોં કેહરિ વપુ નિરખિ કુપ જલ,પ્ર તિમા દેખિ પર્યો.
વૈસે હિ ગજ ફટિક શિલા પર, દશનન આનિ અર્યો. ૨.
મર્કટ મૂઠિ સ્વાદ નહિં બિહુરૈ, ઘર ઘર રટત ફિર્યો.
કહંહિ કબીર નલિની કે સુવના, તોહ કોને પકર્યો. ૩.

શબ્દાર્થઃ—

( ૧ ) પોતે પોતાપણું ભૂલી ગયો. જેવી રીતે કાચના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેલમાં ઘુસી ગયેલો કુતરો પોતાનાં પ્રતિબિંબોને સાચા કુતરા સમજીને તેની સામે ભસતાં ભસતાં મરી ગયો. ( ૨ ) વળી જેવી રીતે સિંહ કુવામાં પોતાનો પડછાયો દેખીને તેમાં કૂદિ પડયો. તેવી જ રીતે સ્ફટિક શિલા ઉપર વારંવાર આક્રમણ કરવા વાળો હાથી પરાસ્ત થઇ ગયો. ( ૩ ) અને જેવી રીતે સાંકડા વાસણમાં ફસાઇ પડેલી મૂઠીને નહીં છોડવા વાળો વાંદર બંધનમાં પડી ગયો, તેમજ જેવી રીતે વાંસની બનાવેલી ચરખી પર બેઠેલો પોપટ પકડાઇ ગયો; તેવીજ રીતે આ જીવાત્મા પોતાના જ ભ્રમથી પોતે માયાના ફંદમાં પડી ગયો.

" स्वयंभ्रमति संसारं स्वयं तस्माद्विमुच्यते. "

---

## શબ્દ. ૭૭. [ સ્વાવલંબન-વિચાર. ]

મૂલ:—

**આપન આશ કીજૈ બહુ તેરા, કાહુ ન મર્મ પાવલ હરિ કેરા. ૧.**
**ઇંદ્રી કહાં કરૈં બિશ્રામા, (સો) કહાં ગયે જો કહત હોતે રામા. ૨.**
**સો કહાં ગયે જો હોત સયાના, હોય મૃતક વહ પદહિં સમાના. ૩.**
**રામાનન્દ રામ-રસ માતે, કહંહિં કબીર હમ કહિ કહિ થાકે. ૪.**

શબ્દાર્થ—

( ૧ ) આપણે લાખો આશાઓ બાંધીયે, પરંતુ કોઇને

હરિ ( રામ ) નો ભેદ મળતો નથી ( ૨ ) ઇન્દ્રિયોને શામાં લય થવાથી વિશ્રામ મળે છે ? અને જ્ઞાનહીન નામોપાસક હતા તે કેવી ગતિને પામ્યા તે કોઇ જાણતું નથી. ( ૩ ) જેઓ મિથ્યા અભિમાની હતા તે કયાં ગયા ? જીવન્મૃતક ( અહંકાર રહિત ) થવાથી જ નિજરૂપની પ્રાપ્તિ થાય છે. ( ૪ ) કેવલ રામનામના ઉપાસક રામાનંદ-જન કેવલ રામનામના જપરૂપ રસને પીને મતવાલા થઇ રહ્યા છે. કબીર સાહેબ કહે છે. કે, હું તેમને ઉપદેશ દેતાં દેતાં થાકી ગયો કે: —

" રામ કે કહે જગત ગતિ પાવે, ખાંડ કહે મુખ મીઠા. "

× × × ×

તથા—" બિનુ દેખે બિનું અરસ પરસ બિનુ નામ લિયે કા હોઇ; ધન કે કહે ધનિક જો હોવે, (તો) નિરધન રહે ન કોઇ. ઇત્યાદિ."

સુચના:—

આ પદ્યમાં સ્વાવલંબનનું મંડન અને પરાવલંબનનું ખંડન કરવામાં આવેલું છે. એટલે ' રામાનંદ ' પદથી ઉકત અર્થ જ વિવક્ષિત છે. શ્રીયુત સ્વામી રામાનંદજી આ પ્રસંગમાં વિવક્ષિત નથી. કેમકે આ ગ્રંથમાં ' માતે ' પદ સર્વત્ર ખંડન પરક છે.

જેમકે:—" સબહી મદ-માતે કોઇ ન જાગ. " ઇત્યાદિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૭૮. [ જ્ઞાનોદય દશાનું વર્ણન. ]

મુલઃ—

અબ હમ જાનિયા હો, હરિ બાજી કા ખેલ;
ડંક બજાય દિખાય તમાસા, બહુરિ હુ લેત સકેલ. ૧
હરિબાજી સુર-નર-મુનિ જહંડે, માયા ચાટક લાયા;
ઘરમેં ડારિ સકલ ભરમાયા, હૃદયા જ્ઞાન ન આયા. ૨
બાજી ઝુંઠિ બાજીગર સાંચા, સાધુન કી મતિ ઐસી;
કહંહિં કબીર જિન્હિ જૈસી સમુઝી; તાકી ગતિ ભઇ તૈસી. ૩

શબ્દાર્થઃ—

( ૧ ) સદ્‌ગુરૂ દ્વારા જ્ઞાન પ્રાપ્ત થતાં જિજ્ઞાસુ જન કહે છે કે, ( ' અબ હમ જાનિયા હો ' ) હરિની બાજીનો ખેલ ( માયાખેલ ) મેં હવે જાણ્યો.

" ગુરૂ મિલા તબ જાનિયે, મિટે મોહ તન તાપ;
હર્ષ શોક વ્યાપે નહીં, તબ ગુરૂ આપૈ આપ. "

ડંકાની ચોટ મારીને તમાસો બતાવે છે, અને ફરી ફરીને સંકેલી ( સમેટી ) લે છે. ( ૨ ) હરિની બાજી ( માયા-ખેલ ) જોઇને મોટા મોટા દેવતાઓ, મહાન પુરૂષો અને મુનિઓ ભ્રમમાં પડી ગયા. શરીર રૂપ ઘરમાં નાખીને સર્વને ભરમાવ્યા છે. એ બાજી-માયાનો ખેલ-યથાર્થ સમજવાને કોઇને હૃદયમાં જ્ઞાન ઉદય થયું નહીં. ( ૩ ) ખેલ જૂઠો છે અને ખેલાડી સાચો છે, એવો સંતોનો નિશ્ચય છે, સદ્‌ગુરૂ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કબીર સાહેબ કહે છે કે, જે જેવો નિશ્ચય કરે છે, તે તેવું જ ફલ પામે છે. એટલે જે માયાને સત્ય સમજે છે, તે તેમાં અનુરકત થઇને ભવ-ધારમાં વહી જાય છે.

" श्रद्धामयोऽयं पुरुषः यो यच्छ्रद्धः स एवसः. "

---

### શબ્દ. ૭૯. [ શુન્યવાદ નિરાશ તથા આત્મોન્મુખતા. ]

મૂલ:—

કહુ હો અમર કાસોં લાગા, ચેતનિ હારે ચેતુ સુભાગા. ૧.
અમ્મર મધ્યે દીસૈ તારા, ઈક ચેતૈ દુજે ચેતવનિ હારા. ૨.
જો ખોજહુ સો ઉહવાં નાહીં, સોતો આહિ અમર પદ માહીં. ૩.
કહંહિં કબીર પદ બૂઝે સોઈ, મુખ હૃદયા જાકે એકૈ હોઈ. ૪.

શબ્દાર્થ:—

(૧) હે અમર જીવ ! તું કયા અનાત્મ પ્રપંચમાં લાગી ગયો છે. બીજા પક્ષમાં, તું અમ્બર (આકાશ, શુન્ય) ને તત્વરૂપ કેમ સમજે છે. જેમકે " કહંહિં કબિર ખોજે અસમાના. " એ ચેતવા વાળા સુભાગી જન તું સત્વરે ચેત ! (૨) જેવી રીતે આકાશમાં તારા દેખાય છે, તેવી રીતે હે અમર ! આ સર્વ જ્યોતિ પ્રકાશ વગેરે તારા (ચેતન) અન્તર્ગત છે. ગુરૂ અને શિષ્ય ભાવ પણ તારામાંજ છે. (૩) જે તત્વ (નિજરૂપ) ને તું અનાત્મ પદાર્થોમાં ખોળે છે, તે ત્યાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

तेमां– नथी. परंतु अमर–पद आत्मा ( पोताना ) मां छे. (४) कबीर साहेब कहे छे के, जेवुं कहे तेवुं आचरण करे, ए उत्तम अधिकारीनुं लक्षण छे, अने तेवा उत्तम अधिकारी होय तेज निजपद, अथवा स्वरूप (पद) नो अनुभव करी शके छे.

---

## शब्द. ८०. [ जीवित–मुक्ति–विचार. ]

**मूल:—**

बन्दे करिले आपु–निबेरा;
आपु जियत लखु आपु ठौर करु, मुये कहां घर तेरा. १.
यहि अवसर नहिं चेत हु प्रानी, अंत कोइ नहिं तेरा;
कहंहि कबीर सुनहु हो संतो, कठिन काल का घेरा. २.

**शब्दार्थ—**

(१) हे भाइ ! तुं तारो पोतानो निवेडो अर्थात् अपरोक्ष ज्ञाननो अनुभव तारी पोतानी मेळे ज करी ले. जीवन दरमियान तुं पोते जोइने, समजी ले, अने कयुं स्थान छे तेनो निश्चय करी ले, के मरण पछीनी स्थिति केवी छे ? (२) आ उत्तम अवसर प्रायो. प्राप्त थयो छे तेमां जो तुं नहीं चेते तो अंत समये कोइ तारूं नथी. कबीर साहेब कहे छे के, हे सन्तो सांभळो ! कालनुं आक्रमण अनिवार्य छे.

---

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

શબ્દ. ૮૧. [ સુગમ ભકિત (રામોનામ પાસના)નો વિચાર ]

મૂલ—

ઉતારહુ રશ મમાકી ભાંતી હો, સબ સંત ઉધારન ચૂનરી. ૧.
બાલમીકિ બન બોઇયા, ચૂનિ લિયા શુકદેવ
કર્મ બિનોરા હોઇ રહા હો, સૂત કાતહિં જૈ દેવ. ૨.
તીન લોક તાના તનો હૈ, બ્રહ્મા વિષ્ણુ મહેશ.
નામ લેત મુનિ હારિયા, સુરપતિ સકલ નરેશ. ૩.
બિનુ જીભૈ ગુન ગાઇયા, બિનુ બસ્તી કા દેશ.
સૂને ઘરકા પાહુના, કાસોં લાવૈ નેહ. ૪.
આહિ વેદ કૈડા કિયો, નિરંકાર કિયો રાછ.
બિનૈ કબીરા ચુનરી, મૈં નહિં બાંધલ બાછ. ૫.

શબ્દાર્થ:—

( ૧ ) સંતોએ સર્વના ઉદ્ધારને માટે રામનામની ચુનડી બનાવી છે; પરંતુ તે ચુનડીને ઓઢવાવાળા પણ લાયકાત વાળા હોવા જોઇએ, એટલે કે જેઓ રકાર અને મકારની માફક નિજરૂપ ( રામ ) થી મળી જોડાઇ રહે છે, તેઓ જ આ ચુનડીને ઓઢીને સુરક્ષિત રહી શકે છે. અર્થાત્ જ્ઞાન પૂર્વક રામને ભજવાવાળા જ્ઞાની ભકતો જ મુકત થાય છે. ( ૨ ) હવે રામ નામની ચુનડીને વણવાનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવે છે. શ્રીવાલ્મિકીરૂષિએ કપાસ (બન--વણ) વાવ્યો. અને જે કપાસ ઉગ્યો તેમાંથી શ્રી શુકદેવ મુનિએ વીણી લીધો. કરમાબાઇએ કાલાંમાંથી કપાસ છૂટો પાડી લોઢી નાખ્યો અને ભકત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જયદેવે તેનું સુતર કાંત્યું. ( ૩ ) ત્યાર પછી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ અર્થાત્ રાજસી, સાત્વિક અને તામસી, એમ ત્રણે લોકમાં સર્વ કોટીના લોકો મળી રામ નામ જપવા લાગ્યા, તેનું નામ લેતાં લેતાં મુનિ, ઇંદ્રરાજા સર્વ હારી ગયા એ જાપરૂપ તાણા વાણા સર્વ જગાએ ફેલાઇ ગયા. ( ૪ ) ઉકત મનુષ્યોમાં અધિક સંખ્યા તો એવા લોકોની છે કે, જેઓ રામની વસ્તિ અને દેશને જાણ્યા વિનાજ, અર્થાત્ રામના પૂર્ણ પરિચય વિના જ કેવલ તેનો મહિમા સાંભળી સાંભળીને–જીભ્હા હલાવ્યા વિના અર્થાત્ અજપા જાપ દ્વારા, તેના ગુણોનું ગાન કરે છે. એટલે સૂના ઘરના મેમાનના જેવી સ્થિતિ થાય છે. તે બિચારો કોની સાથે સ્નેહ પરિચય કરે ?

" બિનુ દેખે જો નામ જપતુ હૈ સોતો રૈનિકા સપનાજી. "

એ કથન અનુસાર અજ્ઞાની રામ નામના ઉપાસકો સૂના ઘરના મેમાન ( પાહુના ) સમાન છે. ( ૫ ) કબીરા= નામના ઉપાસક લોકો વિહિત વૈદિક ક્રિયારૂપ કોકડું તૈયાર કરીને, અર્થાત્ પ્રથમ તો શુભ ક્રિયારૂપ સુત્રને વ્યવસ્થિત કરી અને નિરાકાર રૂપ મનનું રાચ ( સાધન ) બનાવીને રામ નામની ચુનડીને વણે છે. પરંતુ ચુનડીની બન્ને કિનારોને સારી રીતે બાંધવામાં આવતી નથી.

ભાવાર્થ એવો છે કે, નિર્વિશેષ જ્ઞાન થયા વિના નિર્ગુણ–સગુણ તેમજ દ્વૈત અને અદ્વૈત મટી શકતું નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૮૨. [ ષટ્ચક્ર વિચાર. ]

<u>મૂલ:—</u>

તુમ યહિં બિધી સમુઝહુ લોઇ, ગોરી મુખ્ મન્દિર બાજૈ. ૧.
એક સગુણ ષટ-ચક્રહિં બેધૈ, બિના વૃષભ કોલ્હુ સાંધૈ.
બ્રહ્મહિ પકરિ અગ્નિ મહં હોમૈ, મચ્છ ગગન ચઢિ ગાજૈ. ૨.
નિતૈ અમાવસ નિતૈ ગ્રહણ હોઇ, રાહુ ગ્રાસ નિત દીજૈ.
સુરભી-ભક્ષણ કરત વેદ મુખ, ઘન બરિસે તન છીજૈ, ૩.
ત્રિકુટિ કુંડલ મધિ મન્દિર બાજૈ, ઔઘટ અંમર છીજૈ.
પુહુમિ કે પનિયા અંમર ભરિયા, ઈ અચરજ કો બૂઝૈ. ૪.
કહંહિં કબીર સુનહુ હો સંતો, યોગિન સિદ્ધિ પિયારી.
સદા રહૈ સુખ સંયમ અપને, બસુધા આદિ કુમારી. ૫.

<u>શબ્દાર્થ:—</u>

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, હે જિજ્ઞાસુઓ ! આપ લોકો યોગિઓની લીલાને સાંભળીને સમજો. ગોરી=( કુંડલિની–શક્તિ ) ના મુખ રૂપી મંદિર માં અર્થાત્ નાભી કમલ માં ' પરાશબ્દ ' રૂપી વાજું વાગતું રહે છે. આ પરાશબ્દ, 'પશ્યંતી ' તથા ' મધ્યમા ' રૂપમાં પરિવર્તિત થઇને અંતમાં ' વૈખરી ' બની જાય છે. ( ૨ )ત્રિગુણની ફાંસમાં પડેલાં આ યોગિઓનાં મન એકલી પ્રાણાયામની ક્રિયાથી ષટ–ચક્રોને વેધી નાખે છે. અને પછી સર્વ ચક્રોના માર્ગને ભેદીને બ્રહ્માંડ માં પહોંચી જઇ જ્યોતિનાં દર્શન કરવાની શરૂઆત કરે છે.

ષટ ચક્ર અને શરીરમાં તેનાં સ્થાન નીચે પ્રમાણે છે.

૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| નામ. | | સ્થાન. |
|---|---|---|
| ૧. આધાર ચક્ર. | — | ગુદા-સ્થાન. |
| ૨. સ્વાધિષ્ઠાન ,,. | — | લિંગ સ્થાન. |
| ૩. મણિ પૂરક ,,. | — | નાભી ,,. |
| ૪. અનાહત ,,. | — | હૃદય ,,. |
| ૫. વિશુદ્ધ ,,. | — | કંઠ ,,. |
| ૬. આજ્ઞા ,,. | — | ભ્રુકુટી ,,. |

આ યોગિઓની લીલા વિચિત્ર છે, એમને ત્યાં બળદ વિનાનો કોલ્હૂ ( કુંડલિની ) નું સંચાલન થયા કરે છે. એ લોકો સર્વના પિતા ( જનક ) બ્રહ્મા ( રજોગુણ ) ને પકડીને યોગાગ્નિમાં જલાવી દેવા ચાહે છે. તથા સંસારસાગરમાં વિહાર કરવા વાળું તેમના મનરૂપી મત્સ્ય (માછલું) બ્રહ્માંડમાં ચઢીને દશ અનહદ શબ્દ રૂપથી " ગાજૈ " ગરજતું રહે છે. ભાવાર્થ એવો છે કે, સાર શબ્દાદિક નામ વાળા સંપૂર્ણ શબ્દ મિથ્યા છે. કેમકે તે સંઘર્ષણથી પિંડ તથા બ્રહ્માંડ અંતર્ગત આકાશમાં થયા કરે છે. એટલે એ સર્વ વિરાટ ચક્રના શબ્દ છે. બ્રહ્માંડથી પર કોઇ શબ્દ થતો નથી. કેમકે તે તો ચેતનની સીમા છે. તેથી નાના પ્રકારના શબ્દ રૂપી વાજાં ( વાદ્ય ) વાગતાં રહે છે. તાત્પર્ય કે આ સર્વને બજાવવા વાળું ચેતન સત્ય છે, અને એ સર્વ શબ્દ મિથ્યા છે. તેથી મિથ્યા વસ્તુને ગ્રહણ કરવાથી મુક્તિ થઈ શકતી નથી. " કહૈં કબિર તે ભયે વિવેકી, જિન જંત્રીસે મન લાયા. " જંત્રી=બજાવવા વાળો. ( ૩ ) ઈડા ( ચંદ્ર ), પિંગલા ( સૂર્ય ) અને સુષુમ્ણા ( મધ્ય-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાડી, એ પ્રમાણે ત્રણ મુખ્ય નાડીઓ છે. જે સમયે સુષુમ્ણા ( મધ્યનાડી ) ચાલવા લાગે છે, તે સમયે ઇડા ( ચંદ્ર ) અને પિંગલા (સૂર્ય) એ બન્ને લય (અસ્તભાવ) થઇ જાય છે. યોગી લોકો પ્રતિદિન સુષુમ્ણામાંજ ધ્યાન લગાવ્યા કરે છે. એટલે તેમને નિત્ય અમાવાસ્યા અને નિત્ય સૂર્ય ગ્રહણ ( સૂર્ય નાડીનો લય ) થયા કરે છે. તેથી દરરોજ રાહુને ગ્રાસ દેવામાં આવે છે. ત્યારપછી ખેચરી મુદ્રા તથા અમૃત પાનની વિધિનું વર્ણન કરવામાં આવે છે. હઠયોગીઓ સાધન વિશેષતાથી પોતાની જીભને એવી બનાવે છે કે તે ઉલટી થઇને તાળુના ઉપરના છિદ્રમાં પેસી જઇને કુંભકમાં સહાયક થઇ જાય છે. ત્યાર પછી જીભ્હાના સંઘર્ષણથી ઝરવાવાળા રસ ( ચંદ્રામૃત ) ને અમર થવાની ઇચ્છાથી પીએ છે. ઉક્ત વિધિને હઠયોગના સાંકેતિક શબ્દોમાં અનુક્રમે સુરભી–ભક્ષણ, તથા અમર–વારૂણી પાન કહેવામાં આવેલ છે. અને આ વિધિનું માહાત્મ્ય પણ બહુ જ લખ્યુ છે. જેમકે:—

" गोमांसंभक्षयेन्नित्यं, पिबेदमरवारुणीम् ।
कुलोनं तमहं मन्ये, चेतरे कुलघातकाः ॥ ४७ ॥
गोशब्दे नोदिता जिन्हा, तत्प्रवेशोहि तालुनि ।
गोमांसभक्षणं तत्तु, महापातक नाशनम् ॥ ४८ ॥
जिव्हा प्रवेश सम्भूत वन्हिनोत्पादितः खलु ।
चन्द्रात् स्रवति यः सार सस्यादमरवारुणी ॥ ४९ ॥

( હઠયોગ–પ્રદીપિકા ઉપદેશ ૩. )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થાત્ જે યોગી પ્રતિદિન ગોમાંસ ભક્ષણ કરે છે, અને અમર-વારૂણીને પીએ છે, તે પોતાના કુલનો પાલક છે, અને ઇતર લોકો કુલ-ઘાતક છે. ગોમાંસ શબ્દનો એવો અર્થ છે કે, ગોનામ જીભનું છે, એટલે જીભનું નિચેના ભાગમાંથી છેદન કરી તાળુના છિદ્રમાં ચઢાવી દેવી એ ક્રિયાને ગોમાંસ ભક્ષણ કહે છે. હઠયોગીઓના મત પ્રમાણે આ વિધિ મહાપાતકને દૂર કરવાવાળી છે. તથા અમર વારૂણીનો અર્થ એવો છે કે, તાલુના ઉપરના ( ઉર્ધ્વ ) છિદ્રમાં જીભના પ્રવેશથી જે ઉષ્મા (વન્હિ) ઉત્પન્ન થઇ તેનાથી ઉત્પન્ન થતું ચંદ્રામૃત ( સાર ) ચંદ્રમાથી ઝરે છે. અર્થાત્ ભમરો (ભ્રકુટિઓ) ના મધ્ય ડાબા ભાગમાં સ્થિત થયેલા ચંદ્રમાંથી બિંદુરૂપ સાર ઝરે છે, તેને અમર વારૂણી કહે છે. જે મુખથી વેદ ગાયત્રીનું ઉચ્ચારણ કરે છે, તે શ્રેષ્ઠ મુખ ( વેદ મુખ ) થી ઉપર કહ્યા પ્રમાણે હઠ યોગીઓ સુરભી ( ગો ) ભક્ષણ કરે છે. તથા ‘ ઘન ’ ( બંકનાલ રૂપી મેઘથી ) ઉપર કહ્યા પ્રમાણે જે અમૃત વરસે છે, તેને પીતા રહે છે. તેથી યોગી-ઓનાં શરીર પ્રતિદિન કૃશ થતાં જાય છે. શરીરનું કૃશ થવું અને કાન્તિમાં વૃદ્ધિ થવી એ હઠયોગની સિદ્ધિનું લક્ષણ છે, જેમકે:—

“ वपुः कृशत्वं वदने प्रसन्नता, नादस्फुटत्वं नयने सुनिर्मले ।
अरोगता त्रिन्दु जयोऽग्निदीपनं, नाडी विशुद्धि र्हठयोग लक्षणम् ॥

( હઠયોગ-દીપિકા ૨ ઉપદેશ )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અર્થાત્ દેહની કૃશતા, મુખની પ્રસન્નતા, નાદની પ્રકટતા, નેત્રોની નિર્મળતા, રોગનો અભાવ અને બિંદુ ( વીર્ય ) નો જય, અગ્નિનું દીપન તથા મળશુદ્ધિ; એ હઠયોગ સિદ્ધિનું લક્ષણ છે. ( ૪ ) યોગીઓના ત્રિકુટિ ( ભ્રૂમધ્યથી કંઇક નીચેનો ભાગ ) કુંડલના મધ્યમાં મૃદંગ ( મન્દર ) ગરજે છે. અર્થાત્ અનાહત શબ્દ થાય છે. અને બંકનાલ અથવા ગગન ગુફા ( ઔઘટ ઘાટ ) થી ઉપર કહ્યા પ્રમાણે અમૃત ઝરે છે. અને પૃથ્વીનાં પાણી ( નાભીના વાયુ ) ને બ્રહ્માંડમાં ભરી દે છે. આ આશ્ચર્ય ઘટનાને કોઇ કોઇ જ સમજશે. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, હઠયોગી મુકિત ચાહતા નથી. પરંતુ તેમને તો સર્વ ભોગપ્રદ અષ્ટ સિદ્ધિઓ જ પ્રિય છે. કેમકે " કચ્ચે સિદ્ધન માયા પ્યારી. " પોતાના મનના સંયમથી મનુષ્ય સદા સુખી રહી શકે છે. હઠયોગી પોતાના મનને વાસના રહિત કરી શકતા નથી. કેમકે એ લોકો તો રાજા બનીને નાના પ્રકારના ભોગો ભોગવવાને ચાહે છે. પરંતુ એટલો વિચાર પણ કરતા નથી કે, આ વસુધા સદા કાળથી કુમારી જ છે, કેમકે, " વસુધા કાહૂ કી ના ભઇ. "

**ભાવાર્થઃ—**

એવો છે કે, હઠયોગી, આત્મજ્ઞાન રૂપી નૌકાના આરોહણથી વંચિત રહીને સંસાર સાગરમાં ડુબી જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ. ૮૩. [ હિંસા અને અભક્ષ્ય-ભક્ષણ વિચાર. ]

મૂલઃ—

ભૂલા બે અહમક નાદાના, (તુમ) હરદમ રામહિં ના જાના. ૧.
બરબસ આનિકે ગાય પછારી, ગરા કાટિ જીવ આપુ લિયા;
જીયત જી મુરદા કરિ ડારે, તિસકો કહત હલાલ હુવા. ૨.
જાહિ માસુકો પાક કહતુ હો, તાકી ઉત્પતિ સુનુ ભાઇ;
રજ વીર્યસે માંસુ ઉપાની, માંસુ નપાકી તુમ ખાઈ. ૩.
અપની દેખિ કરત નહિં અહમક, કહત હમારે બડન કીયા;
ઉસકી ખૂન તુમ્હારી ગર્દન, જિન્હ તુમકો ઉપદેશ દિયા. ૪.
સ્યાહી ગઇ સફેદી આઈ, દિલ સફેદ અજહૂં ન હુવા;
રોજા બાંગ નિમાજ કયા કીજૈ, હુજરે ભીતર પૈઠી મુવા. ૫.
પંડિત વેદ પુરાન પઢતુ હૈં, મોલના પઠહિં કુરાના;
કહહિં કબીર દોઉ ગયે નર્કમેં, જિન્હ હરદમ રામહિં ના જાના. ૬.

શબ્દાર્થઃ—

(૧) અરે મૂર્ખ ( અહમક ) નાદાન ! તું ભૂલ્યો, તેં શ્વાસોચ્છવાસમાં રમી રહેલા રામને જાણ્યા નહીં. (૨) તેં જબરદસ્તીથી ગાયને લાવીને તેને પછાડી ગળું કાપી તેનો જીવ લીધો. જે બિચારો જીવતો જીવ હતો તેને જોત જોતાંમાં મુડદું બનાવી દીધું, અને તેને કહે છે કે હલાલ ( પાક, પવિત્ર ) થયું ! (૩) જે માંસને તું પાક ( પવિત્ર ) કહે છે, તેની ઉત્પત્તિ હે ભાઇ ! સાંભળ. રજ અને વિર્યથી માંસ ઉત્પન્ન થયું છે. છતાં એવાં નાપાક ( અપવિત્ર ) માંસને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમે ખાઓ છો ! ( ૪ ) એવું દુઃખ પોતાને થાય તો કેવું લાગે, તેનો વિચાર મૂર્ખ કરતો નથી, અને કહે છે, એતો અમારા મોટેરાઓ કરી ગયા છે ! વાહ ખુબ ! જેણે તમોને કુરબાની કરવાની નસીહત ( શીખામણ-ઉપદેશ ) કરી છે, તેણે ખરેખર તમારૂં ખુન કરી નાખ્યું છે. કેમકે એતો કુદરત નિયમો અનુસાર માથાંને બદલે માથું છે. ( ૫ ) જુવાની વિતી ગઈ અને વૃદ્ધાવસ્થા ચાલી આવી, ( કાળા ગયા અને ધોળા આવ્યા ) પરંતુ હૃદયથી પાપ બુદ્ધિ ગઈ નહીં. રોજા, બાંગ અને નિમાજ શા માટે કરો છો ? એકાંત સ્થાનમાં બેસી ને બંદગી કરી તો પણ શું ? જો હિંસાનું કાર્ય અટક્યું નહીં, તો આ સર્વ કરવાનું ફલ શું ? ( ૬ ) આ તરફ પંડિતો વેદ અને પુરાણ પઢે છે. અને પેલી તરફ માલવીઓ પવીત્ર કુરાન પઢે છે. પરંતુ હિંસાના કાર્ય કરવામાં બંન્ને સરખા જ પરાક્રમી છે. કબીર સાહેબ કહે છે કે એ બન્નેની અધોગતિ ( નર્કયાતના ) થવાની. કે જેણે સ્વાસો ચ્છવાસમાં રમણ કરનારા રામને ન જાણ્યા.

---

શબ્દ. ૮૪. [ હિન્દુ અને મુસલમાન જાતિનો વિચાર. ]

<u>મૂલઃ—</u>

**કાજી તુમ કૌન કિતેબ બખાની;**
**ઝંખત બકત રહહુ નિસિ બાસર, મતિ એકૌ નહીં જાની. ૧.**
**શક્તિ અનુમાને સુન્નતિ કરતુ હો, મૈં ન બદૌંગા ભાઈ;**

જો ખુદાય તેરિ સુન્નતિ કરતુ હૈ, આપુહિ કાટે કયોં ન આઇ. ૨.
સુન્નત કરાય તુરૂક જો હોના, ઔરત કો કયા કહિયે;
અર્ધ શરીરી નારિ બખાની, તાતે હિંદુ રહિયે. ૩.
ઘાલિ જનેઉ બ્રાહ્મણ હોના, મેહરી કયા પહિરાયા;
વૈ જનમ કી શુદ્રિ પરોસૈ, તુમ પાંડે કયોં ખાયા. ૪.
હિન્દુ તુરૂક કહાં તે આયા, કિન્હ યહ રાહ ચલાઈ;
દિલ મહં ખોજિ દેખુ ખોજા દે, બિહિસ્ત કહાં કિન્હિ પાઈ. ૫.
કહંહિં કબીર સુનહુ હો સન્તો, જોર કરતુ હૈ ભાઈ;
કબિરન્હ ઓટ રામકી પકરી, અંત ચલે પછિતાઈ. ૬.

શબ્દાર્થઃ—

(૧) હે કાજી! તમે કઇ કિતાબને વખાણી? રાત્રિ દિવસ તો ઝંખનામાં બકવાદમાં રોકાયલા રહો છો. પરંતુ એકે નેક મતિ જાણી નહીં. (૨) મુસલમાન તરિકે ઓળખાવાને માટે સુન્નત (ખતના) કરવાની પ્રથા કોઇ પ્રાચીન બાદશાહના સમયમાં કે ખુદ મહમ્મદ સાહેબના વખતથી પ્રચલિત થયેલી છે એવી દંત કથા છે. અને એ શક્તિ (સ્ત્રી) ની આજ્ઞાથી આ ઘૃણિત કાર્ય પ્રચલિત થયું છે. ખુદાની પ્રેરણાથી નહીં. જો એ ખુદાનું કાર્ય હોત અને તેની પ્રેરણાથી થતું હોત તો જન્મથી તેવો ફેરફાર થયો હોત, પરંતુ હિંદુ અને મુસલમાનો જન્મથી તો એક સરખાજ પેદા થાય છે. (૩) સુન્નત કરાવ્યા પછી પણ પૂરા મુસલમાન થઇ શકતા નથી. કેમકે સ્ત્રીને અર્ધાંગિની માનવામાં આવેલી છે. અને તેની સુન્નત થવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસંભવ છે. એટલે " भक्षितेऽपि लसुने न शान्तो व्याधिः " લસણ ખાધાથી પણ વ્યાધિ શાંત થયો નહીં, એકહેવત અનુસાર મુસલમાન લોકોનો અંગ ભંગ થયા છતાં પણ મનોરથ પૂર્ણ થઇ શકયો નહીં. " ન ઇધરકે રહે ન ઉધરકે રહે " એટલા માટે આવશ્યક તો એ હતું કે તેઓ સુન્નત કરાવ્યા શિવાય હિન્દુ રહ્યા હોત ઠીક ગણાત. ( ૪ ) એવી જ દશા બ્રાહ્મણોની છે. જનોઇ ( ઉપવીત ) ઘાલીને બ્રાહ્મણ થયા તો પછી સ્ત્રી ( બ્રાહ્મણી ) ને શું પહેરાવ્યું ? તેને જનોઇ કેમ પહેરાવ્યું નહીં ? સ્ત્રી તો જન્મથી શુદ્ર જાતિથી રહી, તો હે પંડિત તેના હાથથી બનાવેલી અને પિરસેલી રસોઇ તમે કેવી રીતે ખાધી ( ૫ ) હિંદુ અને મુસલમાનો એ બન્ને જાતો જુદી જુદી થઇ કયાંથી આવી. કારણ કે ઇશ્વરીય જાતિ તો એક જ છે, અને તે મનુષ્ય જાતિ જ છે. આ જુદી જુદી રાહ કોણે ચલાવી ? આ સર્વ જુદી જુદી જાતિઓ તો મનુષ્યોએ પોતે બનાવેલી છે. અને હજી પણ બનાવતા રહેશે. અત્યંત લક્ષ પૂર્વક વિચાર કરી જુઓ કે નિરપરાધિ અને પરમપયોગી ગાય આદિ પશુઓની હિંસા ( કુર્બાની ) કરવાથી કોણે જૂઠું સ્વર્ગ ( બિહિસ્ત ) મેળવ્યું છે ? " યહી ખુન વહ બંદગી. કયોંકર ખુશી ખુદાય. " ( ૬ ) કબીર સાહેબ કહે છે કે, હે ( સંતો સાંભળો ! ) ભાઇઓ તમો હિંસા કરતા છતાં હઠ અને દુરાગ્રહ શા માટે કરો છો ? એ પ્રમાણે અજ્ઞાની હિંસક-હિંદુ લોકો રામને પોતાના રક્ષક સમજીને મહા અનર્થ કરતા ચાલ્યા જાય છે, એ તેમની મોટી મૂર્ખતા નહીં તો બીજું શું ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" જબ જમ ઐહેં બાંધ ચલૈહેં, નૈન ભરી ભરિ રોયા. "

---

શબ્દ. ૮૫. [ ધન અને ધામની મમતાનો વિચાર. ]

મૂલઃ—

ભુલા લોગ કહૈં ઘર મેરા;
જા ઘરમેં તુ ભૂલા ડોલે, સો ઘર નાહીં તેરા. ૧.
હાથી ઘોડા બેલ બાહનો, સંગ્રહ કિયો ઘનેરા;
બસ્તી મહંસે દિયા ખદેરા, જંગલ કિયો બસેરા. ૨.
ગાંઠી બાંધી ખરચ નહિં પઠયો, બહુરિ કિયો નહિં ફેરા;
બીબી બહાર હરમ મહલમેં, બાચ મિયાંકા ડેરા. ૩.
નૌ મન સૂત અરૂઝિ નહિં સુરઝે, જન્મ જન્મ અરૂઝેરા;
કહંહિ કબીર સુનહુ હો સંતો, યહ પદકા કરહુ નિબેરા. ૪.

શબ્દાર્થ;—

( ૧ ) અજ્ઞાની લોકો ભૂલીને કહે છે કે, ઘર મારૂં છે. જે ઘરમાં તું અહંકારથી ભૂલો પડી ફરે છે અને ટેહલે છે, તે ઘર તારૂં નથી. ( ૨ ) હાથી ઘોડા બળદ અને સવારીનાં વાહનોનો ઘણોજ સંગ્રહ કર્યો. પરતું મરણ પામ્યા બાદ વસ્તીમાંથી બહાર કાઢી નાખ્યા અને જંગલ ( સ્મશાન ) માં જગો આપવામાં આવી. ( ૩ ) મૃત મનુષ્યની આવશ્યકતાઓની પૂર્તિ ને માટે કોઇએ ખરચી મોકલી નહીં. કે કોઇએ ખબર પણ લીધી નહીં. તાત્પર્ય કે કેવળ પોતાના સુકૃત શિવાય પરલોકનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંગી કોઈ નથી. પોતાની પરણેલ સ્ત્રી ( બીબી ) તો મહેલના જનાનખાનાં ( હરમ ) માં છે. અને મિયાંનો મુકામ જંગલના મધ્યમાં થયો. અર્થાત્ માયા અને વાસનાના મધ્યમાં જીવાત્માનો નિવાસ થઇ ગયો. ( ૪ ) પાંચ વિષય, ત્રણ ગુણ અને મન મળી નવ મણ, અથવા સકામ કર્મરૂપી નવ મણ સુતરના તાણા વાણા તો નિકળતાજ જાય છે, તેનો જન્માંતરોમાં પણ પાર આવતો નથી. એટલે અનેક કર્મજન્ય, અનેક વાસનાઓથી અનેક શરીર ધરવાં પડે છે. કબીર સાહેબ કહે છે કે, હે સંતો સાંભળો ! જો પાર ઉતરવું હોય તો આ ભૂલ અને ભ્રમણાનો નિવેડો કરો. અર્થાત્ નિજપદ ( સ્વરૂપ ) નું અનુંસંધાન કરી તેને પ્રાપ્ત કરો.

---

## શબ્દ. ૮૬. [ વાસના, વિચાર અને સ્વરૂપ સ્થિતિ. ]

મૂલઃ—

કબિરા તેરો ઘર કંદલા મેં, યા જગ રહત ભુલાના;
ગુરૂકી કહી કરત નહિં, કોઈ, અમહલ-મહલ દિવાના. ૧.
સકલ બ્રહ્મ મહ હંસ, કબીરા, કાગન્હિ ચોંચ પસારા;
મનમથ કર્મ ધરૈં સબ દેહી, નાદ-બિંદ બિસ્તારા. ૨.
સકલ કબીરા બોલૈં બાની, પાની મેં ઘર છાયા;
અનંત લૂટ હોતી ઘટ ભીતર, ઘટકા મર્મ ન પાયા. ૩.
કામિનિ રૂપી સકલ કબીરા, મૃગા ચરિંદા હોઇ;
બડ બડ જ્ઞાની મુનિવર થાકે, પકરિ સકે નહિં કોઈ. ૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રહ્મા, વરૂણ કુબેર પુરન્દર, પીપા ઔ પ્રહલાદા;
હિરણાકુશ નખ વોદ બિદારા, તિનહું કો કાલ ન રાખા. ૫.
ગોરખ ઐસો દત્ત દિગંબર, નામદેવ જૈદેવ દાસા;
ઉનકી ખબરિ કહત નહિં કોઈ, કહાં કિયો હૈ બાસા. ૬.
ચોપરિ ખેલ હોત ઘટ ભીતર, જન્મ કે પાસા ઢારા;
દમ દમકી કોઈ ખબરિ ન જાને, કરિ ન સકૈ નિરૂવારા. ૭.
ચારિ દગ મહિ મંડલ રચ્યો હૈ. રૂમ શામ બિચ ડિલ્લી;
તા ઉપર કછુ અજબ તમાશા, મારો હૈ યમ કિલ્લી. ૮.
સકલ અવતાર જાકે મહિ મંડલ, અનંત ખડા કર જોરૈ;
અદભુદ અગમ અગાહ રચ્યો હૈ, ઇ સબ શોભા તોરે, ૯.
સકલ કબીરા બોલૈ બીરા, અજહૂં હો હુશિઆરા;
કહંહિં કબીર ગુરૂ સિકલી દર્પણ, હરદમે કરહિં પુકારા. ૧૦.

શબ્દાર્થ:—

( ૧ ) હે અજ્ઞાની જીવ ( કબીરા ) ! તારૂં અસલ વતન-ઘર તો આનંદકંદ ( શુદ્ધ સ્વરૂપ ) છે. તેને ભૂલીને તું જગતમાં આવી પડયો છે. અથવા સંસાર રૂપી કીચડ ( કંદલા ) માં આવી પડયો છે, છતાં તું પ્રસન્ન રહે છે, એ આશ્ચર્ય જેવું છે. સદ્દગુરૂ સમય સમય પર સમજાવે છે, છતાં તેમના કહ્યા પ્રમાણે કોઇ આચરણ કરતું નથી; અને નાના પ્રકારના કલ્પિત લોકોની પ્રાપ્તિને માટે સર્વ પ્રમત્ત (આતુર) થઇ રહ્યા છે. ( ૨ ) સકલ બ્રહ્માંડમાં " હંસ " વિવેકી જન શુદ્ધ-માનસ સરોવરમાં વિહાર કરે છે, અને સદ્દગુણ રૂપી મોતીઓને ગ્રહણ કરે છે, અજ્ઞાની જનરૂપી કાગ વિષય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મલિન વસ્તુઓમાં પોતાની મનસા રૂપી ચાંચ ચલાવતા રહે છે. મનના મત પ્રમાણે કર્મો કરીને તે અનુસાર લોકો નાના પ્રકારના દેહો ધારણ કરે છે. અને સંસારના વહનને આગળ વધારતા રહે છે. ( ૩ ) વંચક ગુરૂઓ બીજાઓને તો મુકિતનો ઉપદેશ આપે છે, પરંતુ સ્વયં-પોતે તો સંસાર સાગરમાં ડુબ્યા રહે છે. હિંદી ટિકાકારોએ આ પંકિતઓનો અર્થ મન માન્યો કરેલો છે. પરંતુ ખરી રીતે આ અર્થ વંચક ગુરૂઓની-હથેલીમાં ચાંદ બતાવવા જેવી-વાણી પરત્વે ઘટાવી શકાય તેમ છે, અને તેથી જ કબીર સાહેબ કહે છે કે, વંચક વાણી પાણીમાં ઘર બાંધવા સમાન છે. દેહ ( ઘટ ) ની અંદર અંત વિનાની લૂંટ ચાલી રહી છે. અર્થાત્ આત્મ-ધન લૂંટાઇ રહ્યું છે, પરંતુ તે આંતરિક ઘટનો ભેદ કોઇ સમજ્યા નહીં. ( ૪ ) કામિનિ ( માયા ) રૂપ મૃગનો સર્વ અજ્ઞાની જીવો ચારો બની રહ્યા છે. અર્થાત્ આધ્યાત્મિક-સદ્‌ગુણો રૂપી પાકને કામિનિ રૂપી મૃત ચરી જાય છે. મોટા મોટા જ્ઞાનીઓ અને મુનીવરો થાકી ગયા, પરંતુ કોઇપણ તે મૃગને પકડી શકયા નહીં. ( ૫ ) બ્રહ્મા, વરૂણ, કુબેર અને ઇન્દ્ર આદિ દેવતાઓ, તેમ જ પીપા અને પ્રહલાદ આદિ ભકતોએ જેણે ભકિત રસનું પાન કરેલું તેને તેમ જ જે નૃસિંહ અવતારે હિરણ્યાક્ષનું પેટ પોતાના નખો વડો ફાડી નાખ્યું હતું તે સર્વને કાળે રાખ્યા નહીં. ( ૬ ) વળી ગોરક્ષનાથ યોગી, દત્તાત્રેય અવધુત તથા નામદેવ અને જયદેવ જેવા દાસ ભકતોનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાલ કયાં નિવાસ છે, તેની ખબર પણ કોઇ આપી શકતું નથી. ( ૭ ) જીવાત્મા મનની સાથે ચોપાટ ખેલી રહ્યો છે. તેથી સારા અથવા ખરાબ જન્મો રૂપી પાસા પડયા કરે છે, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચોપાટના ચાર ભાગ છે. ક્ષણ ભરમાં શું અનર્થ થઇ જશે, તે કોઇ બતાવી શકતું નથી " પાવ પલક તો દૂર હૈ મોસે કહા ન જાય, ના જાને કયા હોયગા પલકે ચૌથે ભાય. " ( ૮ ) શરીર રૂપી પૃથ્વી મંડલમાં નાભી, કંઠ હૃદય અને ત્રિકુટી રૂપી ચાર દિશાઓ બનેલી છે. અને ' રૂમ શામ ' અર્થાત્ પૂર્વદેશ અને પશ્ચિમ દેશ ( શરીરનો પૂર્વ ભાગ અને ઉત્તર ભાગ ) એ બન્નેની મધ્યમાં ' દિલ્હી ' સ્થાનીય હૃદય-નગર આત્મ-દેવની રાજધાની છે. " गुहाहितं गंह्य रेष्ठ पुराणम् । " ईश्वरः सर्व भूतानां–हृद्देशे अर्जुन तिष्ठति " " હૃદય બસે તિહિં રામ ન જાના. " જેની અંદર ( હૃદયમાં ) રૂષિયો દ્વારા મોટા પ્રયત્નથી આધ્યાત્મિક-જ્ઞાન રૂપી વિજય સ્તંભ ( કીલો ) સ્થાપિત કરવામાં આવ્યો હતો. પરંતુ મોટા ખેદની વાત છે કે, વિષયી અને પામરોની પ્રમાદતાના કારણથી યમરાજે અવસર મળવાથી એ વિજય સ્તંભને ઉખાડી જમીનદોસ્ત કરી દીધો, અને તેની જગાએ પોતાનો ( ભોગ વાસના અને અજ્ઞાનતા રૂપ ) સંતપ્ત સ્તંભ સ્થાપિત કરી દીધો. અથવા શરીરનું મધ્ય કેન્દ્ર નાભી સ્થલ ( દિલ્લી ) છે, તેના ઉપરના ભાગમાં રહેલા હૃદય રૂપી કિલામાં યમરાજે અજ્ઞાનતા રૂપી સ્તંભ ખોડી દીધો છે. ( ૯ ) જીવાત્મા યદિ નિજરૂપનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિચય કરી લે તો તે સ્વયં સિદ્ધ એવો સમ્રાટ છે કે સઘળા અવતારો તેના માંડલિક રાજાઓ છે. અને અનન્ત=શેષ સદૈવ તેના રૂપની સ્તુતિ કર્યા કરે છે. તેના ઐશ્ચર્યનો મહિમા અપાર છે. ( ૧૦ ) કબીરસાહેબ કહે છે કે, એ અજ્ઞાનિઓ ! સદ્‌ગુરૂ પોકારી પોકારીને સદૈવ કરી રહ્યા છે કે, " અજહૂં લેહુ છુડાય કાલસે જો કરૂ સુરતિ સંભારી " એટલા માટે સાવધાન થઇને પોતાના હૃદયને સ્વચ્છ દર્પણના સમાન બનાવી દયો. સાંભળો ! સદ્‌ગુરૂ રૂપી સિકલીગર ( સરાણિયા ) તો મોટાં ભાગ્ય હોય તો મળે છે. " ગુરૂ તો ઐસા ચાહિયે જ્યોં સિકલીગર હોય, જનમ જનમ કા મોરચા પલમેં ડારે ધોય. " ( કબીર–સાખી. ) " હરદમ કરહિં પુકારા " અર્થાત્ હરદમ સ્મરણ અને સદ્‌ગુરૂથી સદૈવ પ્રાર્થના કરતા રહો. અસલ દિલ્હી મગજના મધ્ય ભાગમાં ભૂમધ્ય રેખા અને તાલૂના ઉપરના ભાગમાં આવેલ છે. જીવતાં જીવતાં મરી અમર જીવન પ્રાપ્ત કરવાની કિલ્લી અહીં છે.

---

શબ્દ ૮૭. [ મનરૂપી શિકારી અને હઠ યોગીઓનું વર્ણન. ]

મુલ:—

કબિરા તેરો બન કંદલામેં, માનુ અહેરા ખેલૈ.
બકુ–વારી આનંદ–મીરગા, રૂચિ રૂચિ સર મેલૈ. ૧.
ચેતત રાવલ પાવલ ખેડા, સહજૈ મુલ બાં :

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધ્યાન–ધનુષ જ્ઞાન–બાન, યોગેસર સાધે. ૨.
ષટ–ચક્ર બેધિ કમલ બેધિ, જા ઉજિયારિ કીન્હા:
કામ ક્રોધ લોભ મોહ, હાંકિ સાવજ દીન્હા: ૩.
ગગન મધ્યે રોકિન્હિ દ્વારા, જહાં દિવસ નહિં રાતી:
દાસ કબીરા જાય પહૂંચે, બિછુરે સંગ રૂ સાથી. ૪.

શબ્દાર્થ:—

( ૧ ) હે સંસારી જીવ ! તારા હૃદય કાનનમાં મનરૂપી શિકારી શિકાર ખેલતો રહે છે. ઉક્ત શિકારી ઇન્દ્રિયરૂપી વાડીમાં ચરવાવાળાં વિષયાનન્દી મૃગોને ઉત્કટ ભોગેચ્છા રૂપી તીક્ષ્ણ બાણો વડે મારી મારીને નીચે પટકતો રહે છે. ( ૨ ) હઠયોગીઓનું એવું કથન છે કે, જે યોગીરાજ ( રાવલ=રાજા ) સાવધાન રહે છે, તે પોતાના યોગ રાજ્યને સુરક્ષિત રાખે છે. “ યોગીજન જાગત રહિયો ભાઇ ” સર્વથી પહેલાં મૂળ–ચક્ર ( આધાર ચક્ર ) ને જીતે. “પ્રથમે મૂલ સુધાર કાજ હો સારા હ કર નૈનોં દીદાર મહલ બીચ પ્યારા હૈ. ” યોગેશ્વર ધ્યાનરૂપ ધનુષ્ય ધારણ કરી તેમાં જ્ઞાનરૂપી બાણ ચઢાવે. ( ૩ ) હવે ઇન્દ્રિઓના ભોગ વિલાસને છોડી દે છે. ષટચક્રને ભેદીને જ્યારે સહસ્રદલ કમલ પર આવીને ધ્યાન લગાવે છે ત્યારે પ્રકાશ પ્રગટ થાય છે. અને કામ, ક્રોધ, લોભ અને મોહ રૂપ વન–પશુઓને હાંકી કાઢે છે. ( ૪ ) ગગનના ( મગજમાંના અંતરાકાશમાં ) મધ્યમા દસમું દ્વાર ( સહસ્રદલ કમલ ) છે. ત્યાં મજબુત અટકાયત કરનાર બારીક માર્ગ છે. જ્યારે મન બહાર શિકાર ખેલવાનું બંધ કરી અંતરમુખ થઇ તેમાં લીન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થાય છે, ત્યારે ત્યાં નથી રાત્રિ કે નથી દિવસ. અર્થાત્ આ સ્થિતિ કાલ મર્યાદાની પરની છે. એટલે ત્યાં રાત્રિ દિવસ જેવી કાલ મર્યાદા જણાતી નથી–યોગી–ઉપાસક ( દાસ કબીરા ) જ્યારે એ સ્થિતિ પ્રાપ્ત કરે છે, ત્યારે સમાધિ દશામાં કેટલોક સમય સર્વ બાહ્ય પ્રપંચ છુટી જાય છે.

**સુચના:**–સહસ્રાર અને સુરતિ કમલ તથા ષટ્ચક્ર રૂપ છ કમલમળી કબીર સાહેબે આઠ કમલ કહેલાં છે. જેમ કે:–અષ્ટ કમલદલ ચરખા ડોલે, પાંચ તત્ત ગુન તિનીઃ ચદરિયાં ઝિની. ”

---

**શબ્દ. ૮૮. [ મન માયારૂપ મૃગ માંસના લોલુપોનું વર્ણન. ]**

**મૂલ:—**

**સાવજ ન હોઈ ભાઈ સાવજન હોઈ, વાકી માંસુ ભખૈં સબ કોઈ. ૧.**

**સાવજ એક સકલ સંસારા, અવિગતિ વાકી બાતા;**
**પેટ ફારિ જો દેખિયરે ભાઈ, આહિ કરેજ ન આંતા. ૨.**
**ઐસી વાકી માંસુરે ભાઈ, પલ પલ માંસુ બિકાઈ;**
**હાડ ગોડ લે ઘૂર પંવારૈ, આગિ ધુવાં નહિં ખાઈ. ૩.**
**શિર સીંગી કિછુવો નહિં વાકે, પૂંછ કહાં વૈ પાવૈ;**
**સબ પંડિત મિલિ ધંધે પરિયા, કબીરા બનૌરી ગાવૈ. ૪.**

**શબ્દાર્થ:—**

( ૧ ) હે ભાઇઓ ! મન અને માયા વસ્તુતઃ મિથ્યા



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોવાના કારણે શિકાર ( સાવજ ) નથી. છતાં આશ્ચર્યની વાત છે કે, તેનાં મિથ્યા માંસ ( ભોગો ) ને સર્વ કોઇ ખાતા રહે છે. ( ૨ ) સઘળા સંસાર ભરમાં એકજ શિકાર છે, અને તેની વાત ઘણી જ વિચિત્ર છે. મન આશ્રિત છે, અને માયા તો અનિર્વચનીયા છે જ, એટલે બન્ને મિથ્યા છે. ( ૩ ) તેનું માંસ ( ભોગો ) એવું છે કે, સદૈવ ભોગેચ્છા રહે છે તેની તૃપ્તિ થતી જ નથી. આ ભોગ વિષે તો પારદને પણ પરાસ્ત કરી દીધો, એટલે કે અગ્નિની આંચ આપવાની કયાં રહી, પરંતુ તેનાથી ધુંઓ પણ સહન થઇ શકતો નથી. અર્થાત્ તેનું માંસ આગ અને ધુંવા વિના સીજે છે. કહેવાનું તાત્પર્ય એવું છે કે, મન અને માયા સદૈવ અસિદ્ધ ( કાચાં ) જ રહે છે. " પુરા કિનહુ ન ભોગિયા ઇસકા યહી વિયોગ. " એટલે કે જ્ઞાનાગ્નિનો ધુંઓ પણ માયા સહન કરી શકતી નથી. છેવટે સર્વ લોકો જરા-જર્જરિત થઇને અને નીરસ સાંસારિક ભોગ રૂપી સુકાં હાડ અને પગને ઉકરડા રૂપી સંસારમાં ફેંકી ફેંકીને નિરાશ થઇ " भोगा न भुक्ता वयमेव मुक्ता : " એ પ્રમાણે કહેતા કહેતા ચાલ્યા જાય છે. ( ૪ ) મોટા મોટા પંડિતો ( આવિષ્કારક લોકો ) માયા રૂપી શિકારની શોધમાં ઘેલા થઇ રહ્યા છે. પરંતુ તે એવું વિલક્ષણ હરિણ છે કે, તેને માથું નથી તેમ શીંગડાં પણ નથી, કે જેથી તે ઓળખી શકાય, અથવા કાબૂમાં આવી શકે. " બિના સીસકા ચોરવા પરાન કાહુ ચીન્હ. " અને તેની પૂંછડીને તો સંસારી લોકો કોઇ પણ પ્રકારે પકડી પણ શકતા નથી. આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો પંડિતો અને અર્ધદગ્ધ પંડિતોના ગોરખધંધાનો વૃત્તાન્ત છે.

ભાવાર્થ:—

માયા અનાદિ હોવાના કારણથી શિર રહિત છે. અને જ્ઞાન પ્રાપ્તિ થયા વિના માયાના અંત રૂપી પૂંછડું મળવું પણ અસંભવ છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં આ પ્રસંગ મનોમય કોષને પક્ષીના રૂપકમાં વર્ણન કરતાં બતાવવામાં આવેલો છે. તેમજ " બિનુ મારે મિરગલા ભાગા જાય " ઇત્યાદિક ઘણાંક ભજનોમાં પણ આ પ્રસંગનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

---

શબ્દ. ૮૯. [ ચેતવણી. ]

મૂલ:—

સુભાગે કેહિ કારન લોભ લાગે, રતન જન્મ ખોયો;
પુરૂબ જન્મ ભૂમિ કારન, બીજ કાહે કો બોયો. ૧.
બૂંદ સે જિન્હિ પિંડ સંજોયો, અગ્નિ કુંડ રહાયા;
દસૈ માસ માતા કે ગરભે, બહુરી લાગલ માયા. ૨.
બારહુ તે પુનિ વૃદ્ધ હુઆ હૈ, હોનિ હાર સો હૂયા;
જબ યમ ઐહૈં બાંધિ ચલૈ હૈં, નૈન ભરી ભરિ રોયા. ૩.
જીવનકી જનિ રાખહુ આસા, કાલ ધરે હૈં શ્વાસા;
બાજી હૈ સંસાર કબીરા, ચિત્ત ચેતિ ઢારો પાંસા. ૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

( ૧ ) હે સજ્જનો ! તમે શા માટે લોભ અને લાલચમાં ફસાઇને રત્નરૂપી દેહને ખોઇ નાખ્યો, આગલા જન્મના સંસ્કાર રૂપી પૃથ્વીમાં ફરી બીજીવાર તેવાં જ બીજ તમે શા માટે બોયાં ? અર્થાત્ ફરી ફરી જન્મ દેવાવાળાં કર્મો તમે શા માટે કર્યાં ? ( ૨ ) પિતાના વીર્યથી અને માતાના રજના સંયોગ વડે જેણે પિંડ બનાવ્યો અને તેને ગર્ભાશય ( અગિનિ કુંડ ) માં પકવ થવાને માટે રાખવામાં આવ્યો. દસ મહિના બાદ માતાના ગર્ભમાંથી નિકળીને ફરી માયાના ચક્રમાં આવી ગયો. ( ૩ ) બાલક અવસ્થામાંથી ફરી વૃદ્ધ થયો; અને જે થવાનું હતું તે થઇ ગયું, હવે જયારે મૃત્યુ સમયે યમરાજ આવી મુશ્કેટાટ બાંધીને લઇ જશે, ત્યારે આંખો ભરી ભરીને રોવા લાગશે. ( ૪ ) જીવનની આશા રાખો નહીં, કારણ ..નારી શ્વાસારૂપી દોરીને પકડીને કાલ ખેંચી રહ્યો છે, હે જિજ્ઞાસુઓ ! આ સંસારમાં કર્મોની બાજી ( જુગાર ખેલ ) લાગી પડી છે. જેવાં કર્મ તેવાં ફલ. એટલા માટે તમોને ઉચિત છે કે, ખુબ સમજી બૂઝીને કર્મો કરો. કે જેથી " અબ કે ગવના બહુરિ નહિં અવના યહી ભેંટ એકવારી હો. " એ વાત સત્ય થઇ જાય.

---

શબ્દ. ૯૦. [ સ્મરણીય વસ્તુ 'તત્ત્વ'. ]

મૂલ:—

સંત મહંતો સુમિરો સોઈ, કાલ-ફાંસ સો બાંચા હોઈ. ૧.

દત્તાત્રેય મર્મ નહિં જાનાં, મિથ્યા સ્વાદ ભૂલાના;
સલિલ મથિકે ધૃતકો કાઢિન્હિ, તાહિ સમાધિ સમાના. ૨.
ગોરખ પવન રાખિ નહિં જાના, યોગ યુક્તિ અનુમાના;
રીદ્ધિ સિદ્ધિ સંજમ બહુ તેરા, પાર બ્રહ્મ નહિં જાના. ૩.
વશિષ્ઠ શ્રેષ્ઠ વિદ્યા સંપૂરણ, રામ ઐસે શિષ્ય શાખા;
જાહિ રામ કો કર્ત્તા કહિયે, તિનહું કો કાલ ન રાખા. ૪.
હિન્દુ કહૈં હમહિ લે જારબ, તુરૂક કહૈં હમારે પીર;
દોનોં આય દીન મહં ઝગરૈં, ઠાઢે દેખૈં હંસ કબીર. ૫.

શબ્દાર્થ:—

(૧) હે સંતો અને મહંતો ! તમે એ (સાહેબ) નું સમરણ કરો કે જેથી કાલની ફાંસીમાંથી બચી શકાય. (૨) દત્તાત્રય જેવા રૂષિ પણ એ મર્મના યથાર્થ જ્ઞાનને સમજી શકયા નહીં, અને મિથ્યા મનની કલ્પનાઓમાં પડી ગયા. પાણીને મથીને તેમાંથી ઘી કાઢવાના પ્રયત્ન સમાન એ મિથ્યા વિચાર છે, અને એવી રીતે મનની કલ્પનાની સમાધિમાં તેઓ લીન થઇ ગયા. (૩) યોગી ગોરક્ષનાથે પણ પ્રાણની રક્ષાનો મર્મ જાણ્યો નહીં. અને રિદ્ધિ સિદ્ધિ અને અનેક પ્રકારના સંયમ અર્થાત્ યોગ યુકિતરૂપ અનુમાનોમાં ફસાઇ ગયા. પરબ્રહ્મ અર્થાત્ નિર્વિશેષ આત્મા (શુદ્ધ ચેતન—નિજરૂપ) ના જ્ઞાનનો અનુભવ કે પરિચય થયો નહીં. કબીર સંપ્રદાયના ગ્રંથોમાં બહુધા નિજપદનું સ્મરણ પારબ્રહ્મ શબ્દથી કરવામાં આવેલું છે. જેમકે "પારબ્રહ્મ સો ન્યારા" વગેરે. (૪) વશિષ્ઠ રૂષિને શ્રેષ્ઠ અને વિદ્યા નિપૂણ કહેવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે છે, જેના રામ જેવા શિષ્ય અને અન્ય પ્રશિષ્યો થઇ ગયા છે, જે અવતાર રામને સંસારના કર્ત્તા માનવામાં આવે છે, તેનો પણ અયોધ્યાના "ગુપ્તાર ઘાટ" ઉપર દેહાન્ત થઇ ગયો છે, તો પછી સાધારણ મનુષ્યોની તો વાત જ શી. કાલની ચોટમાંથી કોઇ બચી શક્યું નથી. માટે જેને મોત અથવા કાલ બાધા કરી શકે નહીં તેવાને ગુરૂ તરીકે ધારણ કરો. તેવા જ્ઞાની પુરૂષ-હંસ કબીર છે કે જેને મોત કે કાલની બાધા નડતી નથી. એવા નિશ્ચય ઉપરથી જ તેમણે નીચે પ્રમાણેનો ઉલ્લેખ કર્યો હોય તેવું જણાય છે. કે:—

"રામ મરૈં તો હમહું મરિ હૈં,
હરિ ન મરૈં હમ કાહેકો મરિ હૈં."

( ૫ ) કબીર સાહેબના વિષયમાં હિંદુ કહેશે કે અમે તેમના દેહનું અગ્નિમાં દહન કરીશું, અને મુસલમાનો કહેશે કે એતો અમારા પીર છે, એટલે તેમને દફન કરીશું. એ રીતે બન્ને ધર્મના તેમના શિષ્યો વચ્ચે ઝગડો મંડાશે અને હંસ કબીર બન્નેની મધ્યમાં ઉભા રહીને આ લીલા ( તમાસો ) જોશે.

---

### શબ્દ. ૯૧. [ દુઃખ મય જગત્. ]

**મૂલ:—**

**તન ધરિ સુખિયા કાહુ ન દેખા, જો દેખા સો દુખિયા;**
**ઉદય અસ્તકી બાત કહતુ હૌં, તાકર કરહુ વિવેકા. ૧.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાટે બાટે સબ કોઇ દુખિયા, કયા ગેહ્વી બૈરાગી;
શુકાચાર્ય દુખ હી કે કારન, ગર્ભહિં માયા ત્યાગી. ૨.
યોગી જંગમ તે અતિ દુખિયા, તપસી કો દુખ દુના;
આશા તૃષ્ણા સબ ઘટ વ્યાપૈ, કોઇ મહલ નહિં સૂના. ૩.
સાંચ કહૌં તો સબ જગ ખીઝૈ, જુઠ કહા નહિ જાઇ;
કહંહિં કબીર તેઇ ભૌ દુખિયા, જિન્હિ યહ રાહ ચલાઈ. ૪.

શબ્દાર્થ:—

(૧) જગત્‌માં શરીર ધારી કોઇ પણ સુખી જોયા નહીં. જે જે જોયા તે સર્વ દુખી જોયા. આદિ અંત તથા ઉત્પત્તિ પ્રલયની વાત કહું છું, તેનો વિવેક કરો. (૨) વાટેં અને ઘાટેં અર્થાત્ કર્માદિક માર્ગમાં સર્વ કોઇ દુખમાં ઘેરાયેલા છે. પછી તે ગૃહસ્થ હો કે વૈરાગી. એ દુખના કારણથી શુકદેવજીએ ગર્ભમાં જ માયાનો ત્યાગ કર્યો હતો. (૩) યોગી અને જંગમ (શિવમાર્ગી) નેં તો અતિ દુખી જોયા. તેમજ તપશ્ચર્યા કરનારાઓને બમણા દુખમાં જોયા. કારણ આશા અને તૃષ્ણા સર્વ ઘટમાં વ્યાપક થઇ રહી છે. તેનાથી કોઇ મહેલ (શરીર–ઘટ) સુના નથી. (૪) સાચું કહું છું તો સર્વ જગત્ ખીજાય છે. અને જુઠું કહી શકાતું નથી. કબીર સાહેબ કહે છે કે બ્રહ્માદિક કે જેણે આ સકામ કર્મોનું વિધાન કરેલું છે, તેઓ પણ દુખી થયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૯૨. [ મનો વિજ્ઞાન. ]

__મૂલઃ—__

તા મનકો ચીન્હહુ મોરે ભાઇ,
તન છુટે મન કહાં સમાઈ. ૧.
સંનક સનંદન જયદેવ નામા,
ભક્તિ-હેતુ મન ઉનહું ન જાના. ૨.
અમ્બરીષ પ્રહલાદ સુદામા,
ભક્તિ સહી મન ઉનહું ન જાના. ૩.
ભરથરિ ગોરખ ગોપીચંદા,
તા મન મિલિ મિલિ કિયો આનંદા. ૪.
જા મનકો કોઈ જાને ન ભેવા,
તા મન મગન ભયે શુકદેવા. ૫.
શિવ સનકાદિક નારદ શેષા,
તનકે ભિતર મન ઉનહું ન પેખા. ૬.
એકલ નિરંજન સકલ શરીરા,
તામહં ભ્રમિ ભ્રમિ રહલ કબીરા. ૭.

__શબ્દાર્થઃ—__

(૧) હે ભાઇ ! તે મનની લીલાને બરાબર સમજો. શરીર છૂટયા પછી મન કયાં સમાય છે ? અર્થાત્ તેની શું સ્થિતિ થાય છે ? તેને સમજો. (૨) સનકાદિક ચાર કુમારો, જયદેવ અને નામદેવ જેવાઓએ પણ મનનું ચરિત્ર જાણ્યું નહીં. કેમકે મનના નિરોધને માટે ઉપાસના કરવામાં આવે છે, પરંતુ ઉપાસનાનું જનક તો મન જ છે. " यन्मनसा न

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मनुते येनाहुर्मनो मतं तदेव ब्रह्म त्वं विद्धिनेदं–यदिदमुपासते ”। ( ૩ ) રાજા અંબરીષ ભક્તવર પ્રહ્લાદ અને સુદામાએ ભક્તિ કરી પરંતુ મનને ભેદ તેમણે પણ જાણ્યો નહીં. ૪ ) ભર્તૃહરિ, ગોરક્ષ અને ગોપીચંદે પણ મનની લીલામાં લોટ પોટ થઇને આનંદ કર્યો. “ सर्वं खल्विदं ब्रह्म नेह नानास्ति–किंचन. ” એવું સમજવા છતાં પણ શુકદેવજીએ એ વિલક્ષણ માનસિક આનંદને અનુભવ કર્યો ( ૬ ) શિવ ( મહાદેવ ) ચાર સનકાદિક ( બ્રહ્માના માનસ પુત્રો ) નારદ અને શેષ જેવા અધિકાર–પુરૂષોને અધિકારની રક્ષાના કારણે મનનું અનુસરણ કરવાનું અનિવાર્ય હોય છે. તેમને પણ વિરાટ–શરીરાભિમાની મનને ચમત્કાર દેખાયો નહીં. ( ૭ ) સમષ્ટિ–સૂક્ષ્મ શરીરમાં મનની પ્રધાનતા છે, અને તેનો અભિમાની હિરણ્યગર્ભ છે. એટલે તે સૂત્રાત્મા સર્વ શરીરોમાં સૂત્ર રૂપે પરોવાયેલો છે. “ हिंरण्यगर्भः—समवर्ततताग्रे । ” સમષ્ટિ–મનનું પારિભાષિક નામ નિરંજન છે. એ પહેલાં સવિસ્તર કહેવાઇ ગયું છે. તાત્પર્ય કે સર્વ શરીરમાં એક મન છે, અને તેના ભોગાસ્વાદમાં પડીને જીવાત્મા ( કબીરા ) અનેક યોનિઓમાં ભટકી રહ્યો છે.

---

## શબ્દ. ૯૩. [ સંસાર–વ્યવહાર. ]

મુલઃ—

બાબૂ ઐસો હૈ સંસાર તિહારો, ઇહૈ કલિ વ્યૌહારો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કો અબ અનુખ સહૈ પ્રતિ દિનકો, નાહિંન રહિન હમારો. ૧.
સુમ્રિતિ સુહાય સબૈ કોઇ જાને, હૃદયા તત્ત્વ ન બૂઝૈ.
નિર્જિવ આગે સર્જિવ થાપૈ, લોચન કિછુવો ન સૂઝૈ. ૨.
તજિં અમૃત વિષ કાહે કો અંચવૈ, ગાંઠી બાંધૈ ખોટા.
ચોરન દીન્હો પાટ સિંઘાસન, સાહુન સે ભૈ ઓટા. ૩.
કહંહિ કબીર ઝુઠે મિલિ ઝુઠા, ઠગહીં ઠગ બ્યૌહારા.
તીનિ લોક ભરિ પૂર રહા હૈ, નાહીં હૈ પતિયારા. ૪.

શબ્દાર્થઃ—

ત્રિગુણાત્મક–ભવસાગર ( તીન–લોક ) માં મનનું આધિપત્ય હોવાના કારણથી મન એ સંસારનો રાજા છે. " તીન લોકમેં હૈ યમરાજા ચૌથે લોકમેં નામ નિશાન. " સ્વભાવથી જ દુઃખદાયી હોવાના કારણે મનને યમ કહેવામાં આવે છે. આ પદ મન રાજાને ઉદ્દેશીને કહેવામાં આવેલું છે. ( આવા પ્રકારનાં વચન " નિરંજન–ગોષ્ઠી " નામથી પ્રસિદ્ધ છે. ) ( ૧ ) હે બાબૂ ! ( મન ! ) તારો સંસાર એવો છે, અને કલિયુગના વ્યવહાર પણ એવા છે. પ્રતિદિન એવું ભ્રમ જન્ય દુઃખ કોણ સહન કરે ? એ અમોને અનુકૂલ નથી. ( ૨ ) માંસાહારી શાસ્ત્રજ્ઞ લોકોની શબ્દ દૃષ્ટિ છે, અર્થ –દૃષ્ટિ ( આત્મ–દૃષ્ટિ ) નથી. એટલા માટે પોતાને અનુકૂલ હોવાથી હિંસા ઉત્તેજક એવાં આધુનિક સ્મૃતિ વચનોનું તો " य शब्द आह. " એમ કહિને તેનું અક્ષરશઃ પાલન કરે છે. અને " माहिंस्यात्सर्वा भूतानि " ઇત્યાદિ શ્રુતિ વચનોની અવગણના કરે છે. અને તેથી મહા અનર્થનું કાર્ય કરવામાં એવી રીતે પ્રવૃત્ત થાય છે કે નિર્જીવ ( જડમૂર્તિઓ ) ની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રસન્નતા મેળવવાની ખાતર તેની અગાડી સજીવ ( બકરાં, કુકડાં આદિક ) પ્રાણીઓને મારીને તેમનાં ચરણોમાં રાખી દે છે. સ્વાર્થિઓને નિર્જીવ અને સજીવ વચ્ચેનો ભેદ પણ સૂજતો નથી. સાચી વાત તો એ છે કે,

" જિભ્યા સ્વાદ કે કારને, ( નર ) કીન્હે બહુત ઉપાય ".

(૩) અમૃત છોડીને વિષ શા માટે પીઓ છો ? અર્થાત્ આત્મ પ્રીતિને છોડીને આત્મદ્વેષ શા માટે કરો છો ? અને કુકર્મ તેમજ અપયશ રૂપી ખોટાં નાણાંની ગાંઠડી શા માટે બાંધો છો ? એ અજ્ઞાનિયો ! તમારાં જ્ઞાન રત્નને ચોરવાવાળા વંચકોને તો તમે ગુરૂ બનાવીને પૂજો છો, અને સાચા વિતરાગવાન મહાત્માઓથી તો તમે મોંહ છુપાવો છો, એ મહાન અન્યાય છે. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, જુઠાઓની સાથે જૂઠા મળ્યા છે. અને ઠગોનો ઠગોની સાથે વ્યવહાર થઇ રહ્યો છે. નિરંજન દેવ ! ત્રણે લોકોમાં કેવલ તમારી જ અપ્રતિહત ( અડગ ) નિરંકુશ શાસન પદ્ધતિ ચાલિ રહી છે. અમારાં વચનોનો તો કોઇને વિશ્વાસ પણ નથી.

---

## શબ્દ. ૯૪. [ બ્રહ્મ-જ્યોતિના ઉપાસકોને પ્રશ્ન. ]

મૂલ—

કહહુ નિરંજન કૌને બાની.
હાથ પાંવ મુખ શ્રવન જીભ્યા નાંહિં, કા કહિ જપહુ હો પ્રાની ૧.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યોતિહિં જ્યોતિ જ્યોતિ જો કહિયે, જ્યોતિ કૌન સહિદાની.
જ્યોતિહિં જ્યોતિ જ્યોતિ હૈ મારૈ, તબ કહાં જ્યોતિ સમાની. ૨.
ચારિ વેદ બ્રહ્મા જો કહિયા, તિનહું ન યા ગતિ જાની.
કહંહિં કબીર સુનહુ હો સંતો, બૂઝહુ પંડિત જ્ઞાની. ૩.

શબ્દાર્થ:—

(૧) એ જીવ ! નિરંજન ( મન ) નો શું પરિચય છે, તે કેવી રીતે કહેશો ? જે નિરંજન બ્રહ્મને હાથ, પગ, મુખ, કાન, જીભ્હા, વગેરે કંઇ નથી. તો તેના સ્વરૂપનું વર્ણન કેવું છે ? ( ૨ ) જ્યોતિસ્વરૂપ મનને આપ જ્યોતિઓની જ્યોતિ ( પ્રકાશક ) કહેતા હો તો તેની નિત્ય પ્રકાશતાની શું પ્રતિતી છે. એટલે કે ચેતન ઉપર અવલંબી રહેલ ભૌતિક જ્યોતિ, જ્યારે સ્વપ્રકાશ સ્વયંજ્યોતિ ( ચેતન ) માં વિલીન થઇ જાય છે, ત્યારે કહો કે ઉકત ભૌતિકજ્યોતિ કયાં સમાઇ ગઇ ? ( ૩ ) એ સ્વયંજ્યોતિ સ્વસંવેદ્ય છે, એટલે એ વેદાદિકનો વિષય નથી. " यतो वाचो निवर्तंत्ते, अप्राप्य मनसा सह. " જેણે વાણી અને મન પહોંચી શકતાં નથી, પરંતુ તે જ્ઞાતવ્ય છે. કબીર સાહેબ કહે છે કે, એ જ્ઞાની પંડિતો ! આનો વિચાર કરો.

---

## શબ્દ. ૯૫. [ કલિયુગના ગુરૂ. ]

મૂલ:—

કો અસ કરે નગર કોટવલિયા, માંસુ ફૈલાય ગીધ્ર રખવરિયા. ૧.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુસ ભૌ નાવ મંજાર કંડિહરિયા સોવૈ દાદુર સર્પ પહરિયા
બૈલ બિઆય ગાય ભઇ બંઝા, બછવહિં દુહહિં તિનિ તિનિ
સંઝા. ૩.
નિત ઉઠિ સિંઘ સિયારસોં જૂઝૈ, કબીરકા પદ જન બિરલા
બૂઝૈ. ૪.

શબ્દાર્થ—

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, આવા મહાન વિકટ અને નટખટી સંસારનગરની કોટવાલી ( જ્ઞાનોપદેશ, રક્ષા ) કોણુ કરે ? જેની દશા તો એવી છે કેઃ— " સાંચ કહે તો મારા જાવૈ, ઝુંઠહિ જગ પતિયાઇ હો. " એટલે કે, આ નગરીની સઘળી ચાલ ચલણુ ઉલટી જ છે. જુઓ માંસ ( નાના પ્રકારના વિષયો ) ફેલાયા પડયા છે. અને ગિદ્ય (મન) ને તેનું રખેવાળ બનાવવામાં આવ્યું છે. ભાવાર્થ એવો છે કે, પૂર્વોકત નાના પ્રકારના પ્રપંચરૂપી કીચડથી ખરડાએલા અજ્ઞાનિયોનાં મન, આત્મજ્ઞાન રૂપી જલ વિના નિર્મલ થઇ શકતાં નથી. જેવી રીતે કાદવથી કાદવ ધોઇ શકાતો નથી. તેવી રીતે વંચકોના પ્રપંચી ઉપદેશથી અજ્ઞાનિયોના પ્રપંચ પણુ દૂર થઇ શકતા નથી.

"વિખ કે ખાયે વિખ નહિં જાવે, ગારૂડ સોજો મરત જિયાવે."

( ૨ ) એ પણુ એક આશ્ચર્યની વાત છે કે, ઉંદર ( અજ્ઞાની ) તો બિચારો નાવ ( બીજાના ચલાવવાથી ચાલવા વાળું ) રૂપ બની બેઠો છે. અને મંજાર ( વંચક ગુરૂ ) નાવ ચલવનાર નાખુદા બન્યા છે. ભાવાર્થ એવો છે કે વંચક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂઓ, અંધશ્રદ્ધા વાળાઓને ભટકાવીને પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે. તેમજ દાદુર=મેડક ( અજ્ઞાની ) પોતાના ઉક્ત ગુરૂઓને ભરોસે સુઇ રહેલ છે, અને સર્પ ( અહંકાર ) તેના પહેરેદાર બનેલા છે. તાત્પર્ય કે અજ્ઞાનિયોનાં વચનોને માની લઈ પોતે પોતાને જીવનમુક્ત માની લેવા એ કેવલ મિથ્યા અહંકાર છે. અરે ભાઇઓ ! જેઓ સ્વયં સત્ય માર્ગ પર ચાલતા નથી, તેમનાં વચનો રૂપી જાળમાં પડીને તમારૂં સર્વ નાશ શા માટે કરો છો ?

" લોગ ભરોસે કવનકે, બૈઠ રહે અરગાય,
ઐસે જિયરહિં જમુ લુટૈ, (જસ) મટિયા લુટૈ કસાય."

(૩) અજ્ઞાનિઓના ઘરમાં તો સદૈવ બળદ (બૈલ=અજ્ઞાન) જ વિઆય કરે છે. અને નિરંતર ભૂખી રહેવા વાળી બિચારી ગાય ( સાત્વિક બુદ્ધિ ) તો વંધ્યા જ થઈ ગઇ છે. તથા ફકત બળદ ( બૈલ=અજ્ઞાન ) થી પેદા થએલા મનના સંકલ્પ રૂપી વાછડાંને ત્રણે વખત દોહવાં પડે છે. અર્થાત્ અસત્યના ઉપદેશથી અજ્ઞાની લોકો નાના–પ્રકારના સંકલ્પ વિકલ્પોમાં પડી ગયા. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, આ સિંહ ( જીવાત્મા ) પ્રતિ દિન સવારના ઉઠીને શિયાળ ( મન ) ની સાથે યુદ્ધ કરે છે. અને મારા બતાવેલા નિજપદ ( આત્મપદ ) ને તો કોઇ વિરલા જ સમજે છે.

**ભાવાર્થ:—**

આ અજ્ઞાની સિંહ ( જીવાત્મા ) ને મન મદારી ખુબ જ નાચ નચવ્યા કરે છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમકે:—" બાજીગરકા બાંદરા, ઐસા જિઉ મન સાથ;
નાના નાચ નચાય કે, રાખે અપને હાથ. " (બીજક.)

---

## શબ્દ. ૯૬. [ કાળની પ્રબલતાનો વિચાર. ]

**મૂલ:—**

**કાકો રોઉં ગયલ બહુતેરા, બહુતક મુવલ ફિરલ નહિં ફેરા. ૧.**
**જબ હમ રોયા તૈં ન સંભારા, ગર્ભબાસકી બાત બિચારા. ૨.**
**અબ તૈં રોયા કા તૈં પાયા, કેહિ કારન તૈં મોહિ રૂવાયા. ૩.**
**કહંહિં કબીર સુનહુ નર લોઈ, કાલ કે બસી પરૈ મતિ કોઇ ૪.**

**શબ્દાર્થ:—**

(૧) ઘણા ઘણા લોકો મરીને ચાલતા થઇ ગયા તેમાં કોને કોને રોઉં. અનેક મરી ગયા અને પાછા બોલાવવા છતાં કોઇનાથી પાછા ફર્યા નથી. " વહાં કે ગયે બહુરિ નહિં આવે, ઐસો હૈ વહ દેસવા. " (૨) જુવાની હતી ત્યારે, અમારૂં કહેવું ધ્યાનમાં ધર્યું નહીં. પોતાના અહંકારમાં મનનું ધાર્યું કર્યું. ગર્ભવાસમાં કેવી સ્થિતિમાં હતા, તેનો પણ તે વખતે ખ્યાલ રહ્યો નહીં. (૩) હવે અન્તસમય આવ્યો ત્યારે રોઇ ને તેં શું ફલ પ્રાપ્ત કર્યું ? અને શા કારણથી તેં મને રોવડાવ્યો ? અર્થાત્ જ્યારે તમારા ઉપર કેવલ દયાના કારણથી દ્રવિત થઇ હું ચેતાવવાને આવ્યો ત્યારે તમે તો મારી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાત માની નહીં. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, એ લોકો ! સાંભળો ! કાલના ફંદમાં કોઈ પડો નહીં, અર્થાત્ નિજ રૂપને ભૂલો નહીં, તથા કામના રૂપી જાલમાં કોઇ પડો નહીં.

---

**શબ્દ. ૯૭. [રામ અને રહીમની એકતા તથા પાખંડ-વિચાર.]**

<u>મૂલઃ—</u>

**અલ્લાહ રામ જિયો તેરી નાંઇ, જન પર મેહર હોહુ તુમ સાંઇ ૧.**
**ક્યા મુંડી ભુંઇ શિર નાયે, ક્યા જલ દેહ નહાયે.**
**ખુન કરૈ મિસ્કીન કહાયે, અવગુન રહૈ છિપાયે. ૨.**
**ક્યા વજૂ જપ મંજન કીન્હે, ક્યા મહજીદ શિર નાયે.**
**હૃદયા કપટ નિમાજ ગુજરૈં, ક્યા હજ મક્કા જાયે. ૩.**
**હિંદુ એકાદશી કરૈં ચોબીસોં, તીસ રોજા મુસલમાના.**
**ગ્યારહ માસ કહો કિન ટારે, એકહિ માહ નિયાના. ૪.**
**જો ખુદાય મહજીદ બસતુ હૈ, અવર મુલુક કેહિ કેરા.**
**તીરથ મૂરતિ રામ નિવાસી, દુઇ મહં કિન્હહુ ન હેરા. ૫.**
**પુરબ દિશા હરિકો બાસા; પશ્ચિમ અલહ મુકામા.**
**દિલ મહં ખોજુ દિલહિ મહં ખોજો, ઇહૈં કરિમા રામા. ૬.**
**વેદ કિતેબ કહો કિન ઝૂંઠા, ઝૂંઠા જો ન બિચારૈ.**
**સબ ઘટ એક એક કરિ જાનૈ, વૈ દુજા કેહિ મારૈ. ૭.**
**જેતે આરત મર્દ ઉપાને, સો સબ રૂપ તુમ્હારા.**
**કબીર પોંગરા અલહ રામકા, સો ગુરૂ પીર હમારા. ૮.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દાર્થ:—

( ૧ ) એ સાંઇજી ! આ સર્વ ( હિંદુ અને ગાય વગેરે ) આપની માફક જ અલ્લાહ અને રામના ઉત્પન્ન કરેલા જીવો ( પ્રાણીઓ ) છે. અને આપ પોતાને કહેવડાવો છો પણ સાંઇ (સ્વામી, રક્ષક ). એટલા માટે આપ તો સર્વ પ્રત્યે દયા કરો. યાદ રાખવું જોઇએ કે, ધર્મ દુહાઈ આપીને બેગુનહગારોનાં ખુન કરવાવાળા જાહિલ મુસલમાનોના રોજા અને નમાજ હરામ છે. અને તેજ પ્રમાણે હજ કરવાને મક્કા અને મદીના-માં જવું એ પણ ફિજુલ છે. કેમકે દિલની સફાઇથી જ બિહિશ્ત ( સ્વર્ગ ) મળે છે. ( ૨ ) ભૂમી ઉપર સિર નમાવી ને નમસ્કાર કરવાથી શું થયું ? જલમાં દેહને સ્નાન કરાવવાથી શું થયું ? એક બાજુ ખુન કરે છે, અને બીજી બાજુ ગરીબ ( ફકીર ) કહેવાય છે. એ રીતે અવગુણ છૂપાઇને રહે છે. ( ૩ ) ઇન્દ્રિય શુદ્ધિ કરવાથી ( વજૂ ) કે જપ અને સ્નાન ( મજ્જન ) કરવાથી શું થયું ? તેમ જ મસ્જિદમાં જઇ સીર ઝુકાવવાથી શું થયું ? હૃદયમાં કપટ ભરેલું હોય અને નિમાજ ગુજારવામાં આવે તો તેથી શું ? તેમજ મક્કા શરીફ હજ કરવા ગયા તો પણ શું થયું ? ( ૪ ) હિંદુઓ ચોવીસે એકાદસી કરે છે અને મુસલમાનો ત્રીસ રોજા કરે છે. તો અગિયાર માસ નાપાક ગની કોણે અલગ કરી દીધા અને એકજ રમજાન માસ કેમ પાક ગણવામાં આવ્યો. નિયાના= નિદાન. ફલતઃ 'નિયાના' એ પ્રાકૃત શબ્દ સંસ્કૃત નિદાન શબ્દનું તદ્ભવ રૂપ છે. ( ૫ ) જો ખુદા મસજિદમાં જ વસે



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, તો બીજો મુલક કોનો છે ? તિર્થ મુર્તિમાં રામ નિવાસ કરી રહ્યા હોય તો સકલ સંસારમાં કોણુ રમી રહ્યું છે ? બન્ને ધર્મના લોકોમાંથી કોઇએ પણુ વિવેક પૂર્વક વિચાર કર્યો નહીં. ( ૬ ) કોઇ કહે છે કે, પૂર્વ દિશામાં હરિનો વાસ છે, અને કોઇ કહે છે પશ્ચિમ દિશામાં ખુદાનો વાસ છે; અરે એ સર્વ જૂઠી કલ્પના છે. યદિ ખરેખર અલ્લાહ અને રામનાં દર્શન કરવાં હોય તો મોટી સાવધાની, નમ્રતા અને પ્રેમની સાથે સર્વ પ્રાણિયોનાં હૃદય નિકેતનોમાં શોધો. અર્થાત્ સર્વ પ્રિય ( વિશ્વ–બંધુ ) બનો. કબીર સાહેબ કહે છે કેઃ—

" ઇસ બોલતે કો ખોજકર, જિસકા ઇલાહિ નૂર હૈ;
જિન પ્રાણુ પિંડ સવારિયા, સો તો હાલહી મે હજુર હૈ.

× × × ×

કહૈં કબીર પુકારિકે સાહબ ઘટ ઘટ પૂર હૈ. "

( ૭ ) વેદ અને કુરાનના એકાત્મ તત્ત્વને જે જાણુતા નથી તેઓ અપરાધી છે. સર્વ ઘટે ઘટમાં એક જ ( રામ–અલ્લાહ, કરીમ, રહીમ ) રમી રહ્યો છે, એવું જે જાણે છે તે બીજાં પ્રાણીને કેવી રીતે મારી શકે ? ( ૮ ) જેટલાં પુરૂષો અને સ્ત્રીઓ ઉત્પન્ન થયાં છે, તે સર્વ તમ્હારાં ( પ્રભુનાં ) સ્વરૂપ છે. કબીર સાહેબ કહે છે કે, સર્વ જીવો અલ્લાહ અને રામનાં બચ્ચાં ( પૌંગરા ) છે. કારણુ એક જ માલિકનાં એ સર્વ નામ છે. એ " સાહેબ " અમને પણુ માન્ય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૯૮. [નામ ચર્ચા અને આદિ કથા.]

**મૂલઃ—**

આવ બે આવ મુઝે હરિ કો નામ,
અવર સકલ તજુ કવને કામ. ૧.
કહાં તબ આદમ કહાં તબ હવ્વાં,
કહાં તબ પીર પૈગમ્બર હૂવા. ૨.
કહાં તબ જિમીં કહાં અસ્માન,
કહાં તબ બેદ કિતેબ કુરાન. ૩.
જિન્હિ દુનિયાં મહં રચી મસીદ,
ઝૂઠા રોજા ઝુઠી ઈદ. ૪.
સાંચા એક અલહ કો નામ,
જાકો નૈ નૈ કરહુ સલામ. ૫.
કહુ ધૌં બિહિસ્ત કહાં તે આઈ,
કિસકે કહે તુમ છુરી ચલાઇ. ૬.
કર્તા કિરતમ બાજી લાઈ,
હિંદુ તુરૂક કી રાહ ચલાઇ. ૭.
કહાં તબ દિવસ કહાં તબ રાતી,
કહં તબ કિરતમ કિન ઉત્પાતી. ૮.
નહિં વાકે જાતિ નહિં વાકે પાંતી,
કહંહિં કબીર વાકે દિવસ ન રાતી. ૯.

**શબ્દાર્થઃ—**

(૧) ગુરૂવા લોકો ઉપદેશ કરે છે કે, "હે જીવ ! આવ અહીં મારા શરણમાં આવ, અને હું જે હરિ નામનો ઉપદેશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરૂં તેનું રટન કર્યા કર. સકળ સંસાર માયા પ્રપંચ અને મિથ્યા છે. પરહાત્માનું નામ એક સત્ય છે." ( ૨ ) સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં આદમ અને હવ્વાં Adam and Eve કયાં હતાં ? તેમજ તે સ્થિતિમાં પીર અને પેગંબર કયાં હતા! ( ૩ ) તે સ્થિતિમાં જમીન અને આકાશ, તેમજ વેદ, શાસ્ત્ર, પુરાણુ, કુરાણુ, વગેરે કયાં હતાં ? સર્વ માયા પ્રપંચ પછીથી પેદા થયો. ( ૪ ) જે ઉલ્માઓએ દુનિયામાં મસ્જિદ વગેરેની રચના કરી તેમજ અન્ય જૂઠા પ્રપંચો રચ્યા, તેઓ પણુ આરંભ કાલમાં નહોતા. ( ૫ ) કેવલ એક માલિકનું નામ સાચું છે, જેને આપ લોકો અલ્લાહ કહો છો, અને ઝુકી ઝુકીને સલામ કરો છો. ( ૬ ) વારૂ ! એતો બતાવો કે એવા સ્વર્ગ ( બિહિશ્ત ) ને કોણે બનાવ્યું છે અને તે કયાં છે? કે જે નિરપરાધી પ્રાણીઓનાં ખુનથી મળે છે ? ( ૭ ) એ સર્વ માલિકની માયાના ખેલ છે, કે જેથી હિંદુ અને મુસલમાન પોત પોતાને ભિન્ન ભિન્ન દેશો ( પૂર્વ અને પશ્ચિમ ) ના પથિક સમજી રહ્યા છે. ( ૮ ) આરંભ કાલમાં દિવસ કયાં અને રાત્રિ પણુ કયાં હતી ? અને તે સમયે આ સર્વ પ્રપંચ ( કૃત્રિમ ) ની ઉત્પત્તિ કોણે કરી ? ( ૯ ) તે માલિકની નથી કોઇ જાતિ કે નથી તેને કોઇનો પક્ષપાત. કબીર સાહેબ કહે છે કે, તેને દિવસ નથી, અને રાત્રિ પણુ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ. ૯૯. [ અન્તિમ અવસ્થાનો વિચાર. ]

મૂલઃ—

અબ કહું ચલેહુ અકેલે મીતા,
ઉઠહુ ન કરહુ ઘરહુ કી ચિંતા. ૧.
ખીર ખાંડ ઘૃત પિંડ સંવારા,
સો તન લૈ બાહરિ કરિડારા. ૨.
જિહિ શિર રચિ રચિ બાંધેઉ પાગા,
સો શિર રતન બિડારત કાગા. ૩.
હાડ જરૈં જસ લકરી ઝુરી,
કેસ જરૈં જસ ઘાસ કી પૂરી. ૪.
આવતસંગ ન જાત સંગાતિ,
કાહ ભયે દલ બાંધલ હાથી. ૫.
માયા કે રસ લેન ન પાયા,
અંતર યમ બિલારિ હોય ધાયા. ૬.
કહંહિં કબીર નર અજહું ન જાગા,
યમ કા મુદગર મંઝ શિર લાગા. ૭.

શબ્દાર્થ:—

(૧) હે મિત્ર! તમે તો ઘણો જ સંગ કર્યો, પરંતુ શરીર છોડીને હવે એકલા કયાં ચાલ્યા? જ્યારે દેહ સાબુત હતો, ત્યારે તો કંઇ વિચાર કર્યો નહીં. અને પારખપદને પણ પ્રાપ્ત થયા નહીં. તે વખતે તો કહેતા હતા કે અમારે ઘરની મોટી ચિંતા પડી છે, તેમજ પુત્રની તથા ધનની પણ મોટી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચિંતા પડી છે. પરંતુ હવે તો દેહ છોડીને ચાલ્યા, તો હવે ઉંડો ભર વગેરેની ચિંતા કરો. ( ૨ ) ખીર, ખાંડ અને ઘી ખાઇ ખાઇને દેહને ઘણોજ પુષ્ટ કર્યો હતો એ દેહને સર્વ સગાં સંબંધીઓએ મળીને બાહર સ્મશાનમાં નાંખી દીધો. જે દેહનું આજ સુધી રક્ષણ કરીને મારો મારો કહેતા હતા, તે હવે કેવો બાહર ફેંકી દેવામાં આવ્યો. ( ૩ ) જે મસ્તક પર રચિ રચિને ( સફાઇબંધ ) પાઘડી બાંધતા હતા, તે મસ્તક ( શિર ) જ્યારે જંગલમાં પડશે ત્યારે તેને કાગડા વગેરે ટોચી ટોચીને વીંખી નાખશે. અને આંખો ફોડી ડોળા બાહર કાઢી નાખશે. ( ૪ ) હાડ સર્વ લાકડાંની માફક બળી જશે. અને વાળ ઘાસની માફક બળી જશે. ( ૫ ) હે સંતો ! જુઓ, કંઇ પણ સંગમાં આવ્યું નથી અને કંઇ પણ સંગમાં જશે પણ નહીં. મોટી મોટી સેનાઓ, હાથી, ઘોડા, પાયદળ, તંબુ વગેરે સર્વ છુટી ગયું. ( ૬ ) માયાનો રસ લઇ શકાયો નહીં, અંત સમયે યમે, જેમ ઉંદર ઉપર બિલાડી ધાય તેમ ચોટ કરી ( ૭ ) સદ્ગુરૂ કબીર કહે છે કે હે નર હજી સુધી જાગૃત થયો નહીં અર્થાત્ સમજ આવી નહીં ? યમ ( કાલ ) નું મુદગર જ્યારે વાગશે, ત્યારેજ સમજ આવશે.

---

## શબ્દ. ૧૦૦. [ આત્મ સંબંધી વિચાર. ]

મૂલઃ—

દેખહુ લોગા હરિ કેર સગાઈ,
આય ધરૈ પુત ધિય સંગ જાઈ. ૧.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાસુ–નનંદિ મિલિ અદલ ચલાઇ,
માદરિયા ગૃહ બૈઠી જાઈ. ૨.
હમ બહનોઈ રામ મોર સારા,
હમહિં બાપ હરિ પૂત હમારા. ૩.
કહંહિં કબીર ઈ હરિ કે બૂતા,
રામ રમે તેં કુકરી કે પૂતા. ૪.

<u>શબ્દાર્થ:—</u>

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, હે વિવેકી લોકો ! સર્વ પાપોને હરણ કરવાવાળા હરિ ( શુદ્ધ ચેતન ) ને જાણીને આપ સર્વ તેનાથી આપનો પ્રેમ સંબંધ ( અભેદ–બુદ્ધિ, આત્મ ચિન્તન ) જોડો. એ પવિત્ર સંબંધ આપને સંસાર સાગરથી પાર કરી દેશે. અજ્ઞાનિઓએ તો ઘણોજ અનુચિત અને ઘૃણિત સંબંધ જોડયો છે. સાંભળો ! પૂત=પુત્ર ( અજ્ઞાની ) માય=માતા ( મમતા ) ને ધરે છે, અને અસદ્ બુદ્ધિ રૂપ પોતાની કન્યા ( ધિય ) ની સાથે પણ ગમન કરે છે. તાત્પર્ય કે, જીવાત્મા મમતામાં પડીને વારંવાર સંસરણ કરતો મિથ્યા કલ્પનામાં પડયો રહે છે. ( ૨ ) અવિદ્યાના પતિ જીવાત્માની સાસુ (માયા) અને અવિદ્યાની નણંદે ( કુમતિએ ) મળીને સકલ સંસારમાં અધિકાર ( અદલ ) જમાવી દીધો છે. એટલુંજ નહીં પણ એ બન્નેએ તો મદારી–ઇશ્વરને રહેવાના ઘર ( હૃદય ) માં પણ જઇને પોતાનું દખલ જમાવી દીધું છે, અર્થાત્ અજ્ઞાનિઓના હૃદયમાં કુમતિ અને માયા બેસી ગયાં છે. કેવો અનર્થ થયો કે ઇશ્વરનું ઘર પણ છિનવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લીધું ! ( ૩ ) એ પ્રકારે માયાની પ્રબલતા થઇ જવાથી નિજરૂપ રામમાં પણ ભેદ મૂલક નાના પ્રકારના સંબંધોની કલ્પના કરતાં કરતાં ભેદ બુદ્ધિવાળા કહેવા લાગ્યા કે, " હમ બહનોઇ રામ મોર સારા, હમહિં બાપ હરિ પુત્ર હમારા " હું બનેવી અને રામ મારા સાળા, હું બાપ અને હરિ પુત્ર મારા. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, આ સર્વ હરિની રચના–માયા ( બૂતા ) છે. એટલા માટે તેના તરફ પીઠ ફેરવીને હે માયા ( કુતરી ) ના પુત્રો ! એ જીવો ! તમે સર્વમાં રમવાવાળા રામ ( શુદ્ધ ચેતનમાં ) માં રમો, અર્થાત્ તમે પોતાને ઓળખો.

બીજકની અન્ય પ્રતોમાં એવો પણ પાઠ છે કે, " સાસુ નનદ મિલિ અચલ ચલાઇ, માદરિયા ગૃહ બેટી જાઈ, " શબ્દાર્થ–જ્યારે માદરિયા ( મન ) ના ઘરમાં ઇચ્છારૂપી પુત્રી પેદા થઇ, ત્યારે સાસુ નણંદે મળીને અચલને ચલાવ્યો.

**ભાવાર્થ:—**

વસ્તુતઃ કૂટસ્થ ( અચલ ) જીવાત્મા પણ માયા અને કુમતિના ચક્રમાં પડીને નાના પ્રકારની યોનિયોમાં દોડા દોડ કરી રહ્યો છે. આ જીવનું સંસરણ અભ્યાસ જન્ય ભોગેચ્છાના કારણથી થાય છે.

" ભરમક બાંધલાઇ જગ, યહિ બિધિ આવે જાય "

અજ્ઞાન દશામાં મન પણ મદારી બનીને જીવાત્માને નચાવ્યા કરે છે, એટલા માટે મનને પણ મદારી કહે છે.

" બાજીગરકા બાંદરા, એસા જીવ મન સાથ "

આ પક્ષમાં પણ " હમ બહનોઇ વગેરેનો અર્થ એવો છે કે, હું બનેવી એટલે સુમતિને ધારણ કરવા વાળો છું. એ નાતાથી રામ મારા સાળા છે, તથા રામ અમારા પુત્ર એટલે નરકથી રક્ષા કરવાવાળા છે. એ નાતાથી હું હરિનો પિતા છું. કબીર સાહેબ કહે છે કે, ભકતોનું આ કથન હરિના બલ અને ભરોસા ( બૂતા ) ઉપર અવલંબી રહે છે, પરંતુ હરિમાં રમી રહેવા વાળાઓને આ ( ભેદ બુદ્ધિ મૂલક ) સંબંધ ભાસતો નથી. એટલા માટે હે ભકતો ! આપ પણ રામમાં સંપૂર્ણપણે રમી જાઓ.

---

## શબ્દ. ૧૦૧. [ સુરતિ યોગ ( વિહંગમ માર્ગ ) ]

મૂલઃ—

દેખિ દેખિ જિય અચરજ હોય, યહ પદ બૂઝે બિરલા કોય.
ધરતી ઉલટિ અકાસહિં જાય, ચિઉંટી કે મુખ હસ્તિ સમાય.
બિના પવન સો પર્વત ઉડે, જીવ જંતુ સબ વૃક્ષા બૂડે.
સૂખે સરવર ઉઠે હિલોર, બિનુ જલ ચકવા કરે કિલોલ.
બૈઠા પંડિત પઢે પુરાન, બિનુ દેખે કા કરે બખાન.
કહંહિં કબીર જો પદકો જાન, સોઇ સંત સદા પરવાન.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

<u>શબ્દાર્થઃ—</u>

યોગિઓના બે માગ ઘણાજ પ્રસિદ્ધ છે. એક પિપીલિકામાર્ગ, અને બીજો વિહંગમમાર્ગ. પ્રાણાયામ દ્વારા ષટચક્રોનું વેધન કરીને ધીરે ધીરે પ્રાણોને બ્રહ્માંડમાં ચઢાવવા એ પિપીલિકામાર્ગી હઠ યોગિઓનું કામ છે. અને જે પ્રકારે પક્ષી એક ઝાડ ઉપરથી ઉડીને કંઇ પણ અધિક પરિશ્રમ વિના બીજા ઝાડ ઉપર બેસી જાય છે. તેજ પ્રકારે સુરતિ ( વૃત્તિ ) દ્વારા મનો નિગ્રહ કરીને સત્ય લોકમાં પહોંચી જવું એ સંતમત અનુસાર અભ્યાસ કરવાવાળા વિહંગમ માર્ગીઓનું કામ છે. હઠ યોગિઓના કરતાં સુરતિ માર્ગ યોગિઓનો અભ્યાસક્રમ સારો છે. કેમકે તેનાથી સાધન-સંપન્ન અધિકારિઓનો થોડાજ પરિશ્રમથી પણ મનો-નિગ્રહ થઇ જાય છે. નિરક્ષર-સાર શબ્દના અભ્યાસ ( અર્થાત્ નાદોપાસના રૂપ સહજ-યોગ ) ને કેવલ સાધન માત્ર સમજીને આત્મ-પરિચય રૂપ સાધ્યની પ્રાપ્તિને અર્થે કદિ કરવામાં આવે તો કોઇ હાનિ નથી. પરંતુ આજ કાલ તો સહજ યોગના અભ્યાસી પૂર્વોક્ત સાધનને જ સાધ્ય સમજીને “ તત્ત્વ ” ની તરફ તો પીઠ ફેરવીનેજ બેઠા છે. અને દિવસે દિવસ નાના પ્રકારના કલ્પિત લોક અને ધામોના સંદેશા સંભળાવીને અંધકારમાં પડેલા અજ્ઞાનિઓને અધિક અંધકારમાં ધકેલતા જાય છે. સંતમતના પ્રવર્તક કબીર સાહેબ આદિક સંત મહાત્માઓની કદાપિ એવી આજ્ઞા નથી કે, અધિકારિઓની આંખો પર અજ્ઞાનતાનો પાટો બાંધીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કલ્પિત નાના પ્રકારના લોકોમાં અને ધર્મોમાં ધુમાવીને આત્મ તત્ત્વથી વંચિત અર્થાત્ વિમુખ કરી દેવામાં આવે. જીવના અસલ સ્વરૂપને જ કબીર સાહેબે તથા અન્ય મહાત્માઓએ અમરપદ, પદ, અમરલોક અને સત્યલોક આદિક નામોથી નિર્દિષ્ટ કરેલું છે. અને ઉક્તલોકની પ્રાપ્તિનું એક માત્ર સાધન આત્મજ્ઞાનને બતાવેલું છે. એટલે જ્ઞાનથી અતિરિક્ત અન્ય અનેક પાખંડોથી ( જે કે જીવાત્માને સત્યમાર્ગથી ઉતારી પાડવાવાળાં છે, ) ઉક્ત સત્યલોકની પ્રાપ્તિ કદાપિ થઇ શકતી નથી, કેમકે સત્યલોક ( આત્મા ) તો અત્યંત સમીપ છે, અને એ પાખંડ તો જીવોને પાણીના પરપોટાની માફક અસંખ્ય યોજન દૂર આકાશમાં ફેંકી દે છે. એ વાત ને શ્રુતિએ પણ સ્પષ્ટ કરી દીધી છે. કે, " तस्यायमात्मऽय लोकः ", અર્થાત્ આ જીવનો આત્મા ( શુદ્ધ ચેતન ) એજ લોક છે. તથા " एतमेव लोकमभीप्सन्तः प्रव्रजन्ति " એ આત્મ લોકને પ્રાપ્ત કરવાને માટે મહાત્મા સંસારને ત્યાગી દે છે. અને કબીર સાહેબે પણ કહ્યું છે કે,

" જ્ઞાન અમર પદ બાહિરે, નિયરે તે હૈં દૂર;
જો જાને તેહિ નિકટ હૈ, રહા સકલ ઘટ પૂર. "

× × × ×

" અમરલોક ફલ લાવેં ચાવ, કહહિ કબીર બુઝે સો પાવ"

× × × ×

" નિયરે ન ખોજૈ બતાવે દૂરિ, ચહું દિસિ બાગુલિ રહલિ પૂરિ "

**સહજ યોગ—વિહંગમ માર્ગ.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

( ૧ ) કબીર સાહેબ કહે છે કે, આ જોઇને મને મોટું આશ્ચર્ય થાય છે, કે સર્વ પ્રકારના યોગીઓ મન કલ્પિ નાના પ્રકારના લોક અને ધામ રૂપી ધર્મશાળામાંજ પડયા રહી ને તો કોઇકજ ( બિરલા ) સમજી શકે છે. ( ૨ ) હવે સુરતિ યોગની પ્રક્રિયા બતાવે છે. અભ્યાસના બલથી ધરતી ( સુરતિ ) ઊલટીને અર્થાત અંતરંગ થઇને આકાશમાં ઉર્ધ્વ ગમન કરતી અષ્ટમ સુરતી કમલથી મોર થઇને સાર શબ્દમાં સમાઇ જાયછે.

" સાર શબ્દ હૈ શિખર પર, મૂલ ઠિકાના સોય;
બિન સતગુરૂ પાવે નહીં, લાખ કથે જો કોય.
ધરતિ આકાશકે ઉપરે, જોજન અષ્ટ પ્રમાન:
તહાં સુરતિ લે રાખિયે, દેહ ધરે નહિં આન. "

'ચિઉંટી '= કીડી ( સુરતિ ) ના મુખમાં અર્થાત્ સુરતિ કમલમાં ' હસ્તિ ' ( મન ) સમાઇ જાય છે, પરંતુ આત્મ પરિચય થયા વિના નાના પ્રકારની કલ્પનાઓ તથા વાસનાઓ ( આન્તર જગત્‌માંની ) થી છુટકારો થતો નથી, કેમકે એતો ઘાણીના બળધની માફક અંદરના ભાગમાંજ ફેરા ફરી ફરીને પૂરી મહેનત ( વ્યાયામ ) કરી લે છે.

" તેલી કેરે બૈલ જ્યો, ઘરહી કોસ પચાસ. " આ વાતને આગળ સ્પષ્ટ કરવામાં આવે છે, ( ૩ ) ' પવન ' અર્થાત્ પ્રાણોના વિના પર્વતની માફક ફેલાયેલાં યોગીઓના મન ઉડી જાય છે. અને નાના પ્રકારનાં જીવ જંતુ અને વૃક્ષરૂપ બાહ્ય જગત્ ડુબી જાય છે. તાત્પર્ય કે મન અને પવન ( પ્રાણો ) નો અત્યંત વિકટ સંબંધ છે. તે એટલે સુધી કે મનની ચંચલતા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અથવા સ્થિરતાથી પ્રાણ પણ ચંચલ અથવા સ્થિર થઇ જાય છે. તેમજ મનની ચંચલતા અથવા સ્થિરતાનો આધાર પ્રાણોની ચંચલતા અથવા સ્થિરતા પર અવલંબીને રહે છે. આ વાત યોગના ગ્રંથોમાં સ્પસ્ટ કરેલી છે. કે, चलेवाते चलं चितं, निश्चले निश्चलंभवेत् योगी स्थाणुत्वमाप्नोति ततो वायु निरोधयेत् " આનો અર્થ ઉપર આપવામાં આવ્યો છે. વિહંગમમાર્ગવાળા કેવલ સુરતિયોગ દ્વારા મનને અંતરંગ કરે છે. એટલા માટે તેને પ્રાણ અને પવન વિનાનો કહેલ છે. ( ૪ ) એ પ્રમાણે સુરતિ–શબ્દના મેળથી સૂકા સરોવર રૂપી કલ્પિત અકથ અને અગમ લોકમાં કલ્પિત આનંદના તરંગો ઉઠે છે. અને આત્મ જલ વિના ઉક્ત અનાત્મ ( મિથ્યા ) સાગરમાં અજ્ઞાન અંધકારમાં દુખી થવા વાળો જીવાત્મા ( ચકવા=ચકલો ) પ્રમત્ત થઇને અવિદ્યારૂપી ચકલીની સાથે વિહાર કરે છે. તાત્પર્ય કે ઉક્ત યોગ દ્વારા થનારા ક્ષણિક મનોનિગ્રહથી જે કંઇ આંતર સુખ ઝલકી આવે છે, તેને ભ્રમથી લોક અને ધામનું સુખ સમજીને વિહંગમ માર્ગવાળા સદૈવ એ ચક્રમાં પડયા રહે છે. ( ૫ ) ઉકત પ્રકારથી અભ્યાસ કરીને મનોનીગ્રહ દ્વારા આત્મ–કૈવલ્યજ્ઞાનથી મુકિત પદ પ્રાપ્ત કરવાવાળા સુરતિ યોગી ( વિહંગમમાર્ગી ) ઘણાજ થોડા હોય છે. અધિકતર તો સાંભળેલી વાતોજ કહેવાવાળા છે. એવા લોકોને તો મિથ્યા પુરાણપાઠી કહેવા જોઇએ. કેમકે તેઓ પોતે અનુભવ ધરાવતા નથી છતાં બીજાઓને ઉપદેશ દઇને ભટકાવે છે. ( ૬ ) કબીર સાહેબ કહે છે કે, જેઓ આ પદ ( નિજપદ–આત્મ–તત્વ ) ને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાક્ષાતરૂપથા જાણે છે તેઓ ઉપર કહેલા સંપૂર્ણ પ્રપંચોથી રહિત થઇને જીવન-મુક્ત થઇ જાય છે. એવા સજ્જનોને " સંત " કહેવા જોઇએ. જેમકે:—

" સાધુ સંત તેઇ જના ( જિન્હ ) માનલ વચન હમાર. "

---

## શબ્દ. ૧૦૨ [ પ્રેમ ઉપાલંભ અને દયાપુર્વક ઉપદેશ. ]

મુલઃ—

હો દારી કે લે દેઉં તોહિ ગારી, તૈં સમુઝિ સુપંથ બિચારી. ૧
ધરહુ કે નાહુ જો અપના, તિન્હહું સે ભેટ ન સપના. ૨
બ્રાહ્મણ ક્ષત્રી બાની, તિન્હહું કહલ નહિં માની. ૩
યોગી જંગમ જેતે, આપુ ગહે હૈં તેતે. ૪
કહહિં કબીર એક યોગી, તે ભરમિભરમિ ભૌ ભોગી. ૫

શબ્દાર્થ:—

(૧) એ કુલટાના પુત્ર ! ( દારીકે ) તને શું ગાળ આપું ( કુલટાના પુત્ર એટલે માયાને માતાની માફક પૂજવાવાળા અજ્ઞાનિ જન ) એવું અન્ય સ્થળે પણ કહ્યું છે કે " રામ રમે તૈં કુકુરિકે પૂતા. "

" સતગુરૂ એસે ચાહિએ, ગઢિ ગઢિ કાઢેં ખોટ. "
ભીતર રક્ષા પ્રેમમકી, ઉધર મારે ચોટ " ( સાખી )

એ કથન અનુસાર આ " દારીકે " ( કુલટાના પુત્ર ) શબ્દ પ્રેમ વચન છે. આ પ્રેમનો શબ્દ કબીર સાહેબે પોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુખ્ય શિષ્યોને ઉદ્દેશીને કહ્યો હોય તેમ જણાય છે. એટલે તેમને સંબોધીને કહે છે કે, અન્ય લોકોની વાત જવા દ્યો પરંતુ તમે તો સુપંથને સમજીને તેના પર ચાલો ! ( ૨ ) ઘરના સ્વામી જે સાહેબ છે, તે પોતાના નથી, અને સ્વપ્નમાં પણ તેની ભેટ થતી નથી. ( ૩ ) બ્રાહ્મણ, ક્ષત્રી અને વશ્ય તેમણે પણ કહ્યું માન્યું નહીં. ( ૪ ) યોગી, જંગમ વગેરે જેટલા વેશધારીઓ છે, તેઓ પોત પોતાના અહંકારમાં પડેલા છે. ( ૫ ) કબીર સાહેબ કહે છે કે, જીવાત્મા સ્વયં સિદ્ધ એક વિલક્ષણ યોગી છે. પરંતુ સંગ દોષથી ભ્રમવશ બની યોગ-ભ્રષ્ટ થઇને તે ભોગી બની ગયો છે, એટલે સંસાર રૂપ બગીચામાં ભમીં ભમીને પ્રમત્ત ભમરાની માફક " કલી કલી રસલેત–" કલી કલીમાંથી રસ લે છે.

---

## શબ્દ. ૧૮૩. [ સંવાદ. ]

મૂલઃ—

લોગ તુમહીં મતિકે ભોરા;
જ્યોં પાની મેં પાની મિલી ગૌ, ત્યૌં ધુરિ મિલૈ કબીરા. ૧.
જો મૈથિલ કો સચ્ચા બાસ, તો મરન હોય મગહર પાસ. ૨.
મગહર મરૈ સો ગદહા હોય, ભલ પરતીતિ રામ સોં ખોય. ૩.
મગહર મરે મરન નહિં પાવૈ, અનતે મરે તો રામ લજાવે. ૪.
કા કાશી કા મગહર ઉસર, હિદય રામ બસે મોર. ૫.
જો કાશી તન તજઇ કબીરા, રામહિં કબ ન નિહારો. ૬.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

<u>શબ્દાર્થ—</u>

એમ જણાય છે કે, કબીર સાહેબ કાશીથી મગહર જતા હતા તે સમયે કોઇ મિથિલા નિવાસી વ્યાસજી સાથે તેમનો સંવાદ થયો હતો તે સંવાદના પરિચય રૂપ આ પદ્ય છે. ( ૧ ) લોકો ! તમે મતિ ( બુદ્ધિ ) ના ભોળા છો ! અજ્ઞાનીઓ માને છે કે, જેમ પાણીમાં પાણી મળી ગયું, તેમ શરીરની પંચત્વ પ્રાપ્તિની માફક જીવાત્મા પણ ધૂલમાં મળી જાય છે, તો તેમની એ માન્યતા કેટલી ભ્રમ મુલક છે ! જીવાત્મા અમર છે.

સંત પુરનદાસ સાહેબ પોતાની બીજકની ટીકામાં આ શબ્દને માટે લખે છે કે, " કબીરા એટલે જ્ઞાની—એ જ્ઞાની પરમાત્મામાં કેવી રીતે મળે છે કે, જેમ પાણીમાં પાણી. સ્થુલ શરીરનાં પાંચ તત્વો જેમ પંચ મહાભૂતોમાં સમાઇ જાય છે, તેવી રીતે આત્માનો વિકાર જે જગત્ છે, તે આત્માજ છે. "

ઉપરના બન્ને પ્રકારના અર્થોની હકીકતમાં કેટલો ફરક પડી જાય છે ? વસ્તુતઃ એ સત્યતો એક જ છે. પરંતુ ટીકાકારોનાં જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી અર્થમાં કેટલો તફાવત થઇ જાય છે, તે ઉપરના નમુનાથી સમજી શકાય તેમ છે.

( ૨ ) જેવી રીતે જાનકીજીની જન્મભૂમિ હોવાના કારણથી મિથિલા મુક્તિ–દાયિની ગણાય છે, તેવી રીતે જ્ઞાનીને માટે મગધ આદિ નિષિદ્ધ પ્રદેશ પણ મુક્તિ દાયક છે.

સંત પુરનદાસ સાહેબ પોતાની ટીકામાં આ પ્રમાણે કહે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે કે,– " જો તું મૈથિલનો સાચો વ્યાસ હો તો તારૂં મરણ મગહરની પાસે થાય ( મગ=રસ્તો હર=જ્ઞાન ) મગહર એટલે જ્ઞાન માર્ગ–તેમાં જો મરણ થાય તો લૌલીન થઇ જાય. જે જ્ઞાન મારગમાં મરે તેનું મરણ થતું નથી. અર્થાત્ તે જીવનમુકત થઇ જાય છે.

( ૪ ) શાસ્ત્રમાં કહ્યું છે કે કાશીમાં મરે તે મુકત થાય અને મગહરમાં મરે તે ગધેડો થાય. એ વાત સર્વ મિથ્યા છે. અવિશ્વાસી અને અજ્ઞાની લોકોને આત્માની પ્રતિતી નહીં હોવાથી તેવું કહે છે. ( ૫ ) જ્ઞાની પુરૂષ આત્મારામ થાય છે, એટલે નિષિદ્ધ પ્રદેશમાં શરીરાંત થાય, તો પણ તે મુકત થઇ જાય છે. તાત્પર્ય કે સામાન્ય મનુષ્યો જે અજ્ઞાનતા પૂર્વક દેહ છોડે છે, તેવો પ્રકાર આત્મદર્શી પુરૂષના મરણમાં બનતો નથી. આત્મવેત્તા જ્ઞાન અને ભાન પૂર્વક દેહ ત્યાગ કરે છે. કેમકે સામાન્ય મનુષ્યોની માફક તેનું પુનરાવર્તન થતું નથી. તેતો ગીતામાં કહ્યું છે તેમ यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम. " કદિ કોઇ રામ ભક્ત " काश्यां मरणान्मुक्तिः " અર્થાત્ કાશીમાં મરણ થવાથી મુકિત મળે છે, એવા અર્થવાદને સાંભળીને મુકિતની ઇચ્છાથી કાશી આદિક ક્ષેત્રોમાં શરીર ત્યાગે તો, તે ક્ષેત્ર કરતાં રામની મહિમા ન્યુન છે એવી સમજુત ધરાવવાથી તે રામનો તિરસ્કાર કરે છે. અથવા રામના નામને લજાવે છે. જો મારા હૃદયમાં રામ વસે છે, તો પછી કાશી શું ? કે મગહર શું ? ( ૬ ) કાશીમાં મળવાવાળી મુકિતમાં કંઇ વિશેષ તફાવત પડે છે એવું મને જાણાતું

૧૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી. પરંતુ હું તો મારા રામ ( નિજપદ ) થી મુકિત મેળવવાનો ઉત્સુક છું. કેમકે રામદ્વાર ( નિજપદ ) પર આરૂઢ રહેવા વાળાને તો તે અવશ્ય પ્રાપ્ત થાય છે. જેમકેઃ–

" દ્વારે ધનીકે પડિ રહે, ધકા ધની કા ખાય;
કબહુંક ધની નિવાજઇ, જો દર છાંડી ન જાય." અર્થાત્ જો માલિકના દ્વાર ઉપર પડયો રહે, અને તેના નામથી જગત્‌ની સેવા કરે તો કોઇક દિવસ માલિકનો કૃપા પ્રસાદ મળી જાય છે. પરંતુ શરત એટલી કે માલિકનું દ્વાર છોડી બીજે કયાંઇ જાય નહી.

---

## શબ્દ. ૧૦૪. [ સંવાદ કે ઉપદેશ. ]

**મૂલઃ—**

કૈસે તરો નાથ કૈસે કે તરો, અબ બહુ કુટિલ ભરો. ટેક
કૈસી તેરી સેવા પુજા, કૈસો તેરો ધ્યાન, ઉપર ઉજર દેખો બગ અનુમાન ૧.
ભાવતો ભુજંગ દેખો અતિ બિભિચારી, સુરતિ સચાન તેરી મતિ તો મંજારી. ૨.
અતિરે બિરોધી દેખો અતિરે દિવાના, છૌ દર્શન દેખો, ભેષ લપટાના. ૩.
કહંહિં કબીર સુનહુ નર બંદા, ડાઇનિ ડિંભ સકલ જગ ખંદા. ૪.

**શબ્દાર્થ;—**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પદ કેવલ કોઇ વેશધારી નાથ સંપ્રદાય વાળાની સાથે થયેલા સંવાદ રૂપ છે, અથવા તો વંચક ભક્તોને ઉપદેશ રૂપ છે.

(ટેક) ગુરૂ કહે છે કે હે નાથ તમે કેવી રીતે તરશો અર્થાત્ કેવી રીતે મુક્ત થઇ શકશો ? હજી તો તમારામાં ઘણીજ કુટિલતા ભરેલી છે. એટલે કે નાના પ્રકારના વેષ ધારણ કરો છો, નાના પ્રકારના તિલક કરો છો તો કોઇ શરીર પર ભભૂત ચોળો છો. કોઇ ખાખી, કોઇ નાગા તો કોઇ નિર્વાણી, એવી રીતે વિવિધ પ્રકારની કુટિલતા કરીને જીવોને ઠગો છો ! નાના પ્રકારની કલ્પનામાં અને માન મર્યાદામાં બંધાયેલા છો તો પછી પારખ સ્થિતિ ક્યાંથી પ્રાપ્ત થાય ? (૧) જેવી રીતે બગલો માછલિઓને પકડવા અને ગટકાવાને માટે આંખો બંધ કરી ધ્યાન ધરે છે. અને તેનું સ્વરૂપ પણ સફેદ છે. તેવીજ રીતે હે ગુરૂવા લોકો ! તમે જે જ્ઞાન, ધ્યાન અને પૂજા કરો છો તે એવી ધારણાથી કે સંસારના કોઇ જીવ આવે તો અમને માને અને કંઇ દ્રવ્ય આપે અને અમારા શિષ્ય થાય એટલે અમારૂં મહત્વ–મહાત્મ જગત્માં વધે. એવાં નાના પ્રકારનાં બંધનરૂપ બીજ તો અંતઃકરણમાં રોપેલાં છે તો મુક્ત કેવી રીતે થઇ શકશો. (૨) સર્પના જેવો તો તમારો ભાવ છે, એટલે કે જેને જેને તમે ડસો છો તેને નાના પ્રકારની વાણી અને કલ્પનાનું વિષ ચઢી જાય છે. અને તે બીચારાઓ અત્યંત તર્ક વિતર્કમાં પડી જાય છે. વેદનો અને તમારી મતિનો તેઓ આશ્રય લે છે, સ્વતઃ પોતે વિચાર કરીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોતા નથી. એટલે જો કોઇ તેમને પરખાવે તો તેને તેઓ માનતા પણ નથી. અને કહે છે કે, જે હકીકત વેદ અને શાસ્ત્રોમાં લખી છે તે ખરી, અને પોતાના અનુભવની વાત હોય તો તે ખોટી, પરંતુ સમજવું જોઇએ કે, જે વસ્તુ અનુભવથી પ્રાપ્ત થયેલી હોય છે, તે કોઇ ગ્રંથોમાં લખેલી હોતી નથી. વળી તમારી સુરતિ જુઓ તો તે બાજની સુરતિ-ની માફક સર્વ જીવન પર લાગેલી છે. એટલે કે જ્યાં ત્યાં સ્વાર્થમયી ઝડપ નાંખી શિકારનો દાવ મેળવવામાં લાગેલી હોય છે. બાજ પક્ષીનો એવો સ્વભાવ હોય છે કે તે કેટલાંએ પક્ષીઓ પકડે તો પણ તેની તૃષ્ણા કદિ બુઝાતી નથી. જ્યાં સુધી તે જીવે છે ત્યાં સુધી તેની સુરતિ પક્ષીઓ ઉપર લાગી રહે છે. તેવી જ રીતે તમારી સુરતે અનેક જીવોને પકડયા, પરંતુ તૃપ્ત થતી નથી. અને તમારી મતી જોઇએ તો જેવી બિલાડીની મતી ઉંદરો પકડવા તરફ હોય છે તેવી રીતે તમે પણ સંસારના જીવોને ભૂલથાપમાં નાખીને પકડતા રહો છો. (૩) અરે જે મોટા શાણા અને મોટા મોટા જ્ઞાની થયા તેમની પરસ્પરની પરમ વિરૂદ્ધતા તો જુઓ ! જે મીમાંસા શાસ્ત્રના આચાર્ય જૈમિની છે, તે કર્મની સ્થાપના કરે છે. કહે છે કે, જે કંઇ છે તે સર્વ કર્મ જ છે. જીવનું અધિષ્ઠાન પણ કર્મ, જીવ કર્મથી જ ઉદ્ભવે છે, અને કર્મમાં રહીને વર્તે છે, અને કર્મમાંજ લય પામે છે. કર્મ કંગાલ બનાવે છે. અને કર્મથી જ સુખ અને દુઃખ પ્રાપ્ત થાય છે. જે કંઇ થવાનું તે સર્વ કર્મથી જ થવાનું. કર્મ વિના કંઇ નહીં. બ્રહ્માદિ દેવતાઓ, અને સનકાદિક રૂષી થયા, પરંતુ એ સર્વ કર્મને આધિન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહ્યા. જ્ઞાન યોગ પણ કર્મને આધીન છે. જ્ઞાની સર્વને જ્ઞાન બતાવે છે, યોગી સર્વને યોગ બતાવે છે. અને ભક્ત સર્વને ભક્તિ બતાવે છે. તેમજ ઉપાસક સર્વને ઉપાસના બતાવે છે. હવે જ્યારે એ સર્વ સ્વતંત્ર છે, તો પ્રકાશ કેમ થતો નથી? કોઇને થાય છે, તો કોઇને નથી થતો. અર્થાત્ બધાને એક સરખું પરિણામ આવતું નથી, ત્યારે સર્વ કર્મને આધીન છે. હવે વૈશેષિક અથવા વૈદિક શાસ્ત્રના આચાર્ય કણાદ કહે છે કે, કર્મ કંઇ સ્વતંત્ર નથી એતો કાલ (સમય) ને આધિન છે. કાલ ન હોય તો કર્મ સર્વ મિથ્યા થાય છે. ત્યારે ન્યાય શાસ્ત્રના આચાર્ય ગૌતમ કહે છે કે, કાલ ક્ષણે ક્ષણે આવે છે, અને ક્ષણે ક્ષણે જાય છે, તેમજ કર્મ ઘટાડવાથી ઘટી જાય છે, માટે કાલ અને કર્મ અસ્થિર—નાસ્તિ તથા પરમાત્મા એ અસ્તી રૂપ છે. ત્રણે કાલ આવે જાય છે અને તે ઇશ્વરને આધિન છે. ઇશ્વર ચાહે તો વર્ષાકાલ ને ધૂપકાલ કરે અને ધૂપકાલ ને વર્ષાકાલ કરે. ચાહે તો રંકને રાજા અને રાજાને રંક બનાવે. ચાહેતો કાલનો અકાલ કરે અને અકાલનો કાલ કરે! જેમકેઃ—

કવિત્તઃ—

સર્વેશ્વરકી કૃપા બિના કછુ, જ્ઞાન અજ્ઞાન સો કામ ન આવે;
ચાહેતો જ્ઞાની અજ્ઞાની કરે, અજ્ઞાનીકો તુરતહિ જ્ઞાની બનાવૈ.
ચાહે અકર્મી કુકર્મી મુક્તાવે, ચાહે સુકર્મિન નર્ક ભુગાવે;
ચાહેતો સૃષ્ટિ રચે પલમાંહિજી, ચાહેતો સબ છિન માંહિ મિટાવે. ૧.

એ પ્રકારે કાલ અને કર્મ સર્વ ઇશ્વરને આધિન છે, એમ ગૌતમ કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી યોગ શાસ્ત્રના આચાર્ય પતંજલિ કહે છે કે, તમે ઇશ્વર છે એમ માનો તો કોઇએ ઇશ્વરને દેખ્યો છે? જો ઇશ્વરને દેખ્યો નથી કે તે શું છે? અને કેવો છે? તો પછી ઇશ્વરને તો કેવલ અનુમાનથી માનો છો. અનુભવ વીના તેનું પ્રમાણ આપી શકાય તેમ નથી. બ્રહ્માંડનું સર્વ કારખાનું પિંડમાં સમાયેલું છે, અને તે યોગ દ્વારા અનુભવી શકાય છે. માટે યોગ સત્ય અને બીજું સવં મિથ્યા. યોગ વિના કંઇ અનુભવ થતો નથી. ત્યાર પછી સાંખ્ય શાસ્ત્રવાળા કપિલમુની કહે છે કે, એકદેશી અનુભવ અને એકદેશી જ્ઞાન કંઇ કામનું નથી. બ્રહ્મ તો સર્વ દેશી, સર્વ સાક્ષી અને અકર્તા છે. આ સર્વ પ્રપંચ અને કારસ્તાન માત્ર પ્રકૃતિનાં છે. યોગ, સમાધિ સર્વ પ્રકૃતિ વડે છે. સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સર્વ પ્રકૃતિથી જ થાય છે. તેથી પાંચ તત્ત્વ અને પચ્ચીસ પ્રકૃતિ તેમજ ચાર દેહનાં સર્વ તત્ત્વો અસત્ અને તેનો જાણવાવાળો હું સર્વસાક્ષી સત્. સંપૂર્ણ અનિત્ય, હું નિત્ય, યોગ કર્મ ઇત્યાદિ સર્વ અનિત્ય છેલ્લે વેદાંત શાસ્ત્રના આચાર્ય વ્યાસમુની કહે છે કે, સર્વ શાસ્ત્રો કલ્પિત છે. એટલે કંઇ નથી. એક બ્રહ્મ અખંડ અને સંપૂર્ણ છે, તો પછી તેમાં અસ્તિ નાસ્તિ કયાં સંભવે છે. ધ્યાતા, ધ્યાન, ધ્યેય; જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય એવી ત્રિપુટી બ્રહ્મમાં સંભવતી નથી. બ્રહ્મ તો અખંડ, અદ્વૈત, એકરસ તેમાં દ્વૈત નિત્યાનિત્ય અથવા સમાધિ એ સંભવતાં નથી. દ્રષ્ટા, દર્શન અને દ્રશ્ય એ સર્વ બ્રહ્મ, તેનાથી અતિરિક્ત કંઇ નથી. એ પ્રમાણે ષટ્ દર્શનના મોટા મોટા આચાર્યોમાં પણ કેટલા મોટા વિરોધમત! તેથી તે પ્રમાણભૂત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કેવી રીતે માની શકાય. દરેક મતના જુદા જુદા લોકો બહારના વેશોમાં ફસાયા પડયા છે. (૪) કબીર સાહેબ કહે છે કે, હે જીવ! (નરબંદા) આ તારી કલ્પના એ તારૂં સત્ય સ્વરૂપ નથી. નાના પ્રકારની વાણી (ડાઇનિ) આશા, તૃષ્ણા અને સ્રીરૂપ માયામાં તેમજ ગુરૂવા લોકો, વેશધારી, ષટ્ દર્શન અને નાના પ્રકારના મતમતાંતરોએ કેવલ પારખ (વિવેક) જ્ઞાન વિના સર્વ જગતનો આહાર કરી લીધો છે.

---

## શબ્દ. ૧૦૫. [ભ્રમ-ભૂત વિચાર.]

મૂલ:—

**યહુ ભ્રમ-ભૂત સકલ જગ ખાયા, જિન જિન પૂજા તિન જહુંડાયા. ૧.**
**અંડ ન પિંડ ન પ્રાન ન દેહી, કાટિ કાટિ જિવ કૌતક દેહી. ૨.**
**બકરી મુરગી કીન્હેઉ છેવા, અગિલિ જન્મ ઉન ઔસર લેવા. ૩.**
**કહંહિં કબીર સુનહુ નર લોઇ, ભુતવા કે પુજલે ભુતવા હોઇ. ૪.**

શબ્દાર્થ:—

(૧) ભૂત પ્રેતો તથા મૃતિકા આદિના બનાવેલાં તામસી દેવી દેવતાઓને પોતાનાં રક્ષક સમજવાં એવા પ્રકારની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભ્રમણાએ સર્વ જગતને ખાઇ નાખ્યું. જેણે જેણે તેમની પૂજા કરી તેઓ સર્વ ભ્રમના બંધનમાં પડયા. ( ૨ ) જડ પ્રતિમાઓ ( મૂર્તિઓ ) ને પ્રાણાદિક હોતાં નથી. તેના અગાડિ જીવતાં પશુઓ અને પ્રાણીઓને કાપી કાપીને તેનાં બલીદાન આપે છે એ ઓછા કૌતુકની વાત નથી. ( ૩ ) બકરાં મરઘાં વગેરે જે જે પ્રાણીઓનો વધ કરવામાં આવે છે, તેનો બદલો તો અવશ્ય આપવો પડશે. કારણ કે ઉપાસકને ઉપાસ્યરૂપતા પ્રાપ્ત થવી એતો ઉપાસનાની સિદ્ધિ છે. એ સર્વ તંત્ર સિદ્ધાંતના અનુસાર. ( ૪ ) કબીર સાહેબ કહે છે કે, હે ભાઇ સાંભળ ! ભૂતને પૂજવાથી ભૂત થવું પડશે. તે બરાબર છે કે; " यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी " અર્થાત્ જેવી જેની ભાવના તેવી તેને સિદ્ધિ મળે છે. આ સ્થળે ભૂત શબ્દ અનાત્મ પેરક છે. જેમકે ગીતામાં કહ્યું છે, તેમઃ– " भूतानि यान्ति भूतेज्या मद्भक्ता यान्ति मामपि ! " " જો તન ત્રિભુવન માંહિં છિપાવૈ તત્તહિં મિલે તત્ત સો પાવે. "

( બીજક. )

---

## શબ્દ. ૧૦૬. [ અનાત્મ ઉપાસકોનો અંતિમ પશ્ચાતાપ. ]

મૂલઃ—

ભંવર ઉડે બગ બૈઠે આઇ, રૈનિ ગઇ દિવસૌ ચલિ જાઇ. ૧.
હલ હલ કાંપે બાલા જીવ, ના જાનૌં કા કરિ હૈં પીવ. ૨.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**કાંચે બાસન ટિકે ન પાની, ઉડિ ગયે હંસ કાયઃ કુમ્હિલાની. ૩.**
**કાગ ઉડાવત ભુજા પિરાની, કહંહિ કબીર યહ કથા સિરાની. ૪.**

શબ્દાર્થ:—

(૧) સંત જન રૂપી ભ્રમર જે કેવલ પ્રેમ રસના ભૂખ્યા હતા તે ઉડી ગયા, અને તેની જગોએ બગલા રૂપી પાખંડી લોકો આવીને બેઠા, અને જીવો ભ્રમમાં નાખી ફસાવ્યા. અથવા આ ચરણનો બીજી રીતે એવો પણ અર્થ થાય છે કે, કેસની શ્યામતા ગઈ અને સફેદી આવી. જુવાની વીતી ગઇ અને બુઢાપો પણ કાચબાની ગતિ (કચ્છપ ચાલ) થી ધીમે ધીમે ચાલ્યો આવે છે. (૨) પ્રિય પ્રાણ કંપી રહ્યો છે. અર્થાત્ જીવ બિચારો મૂર્ખતાથી થર થર કંપી રહ્યો છે. કારણ ન જાણે માલિક શું કરશે ! (૩) કાચા ઘડામાં પાણી ટકી શકતું નથી. અર્થાત્ આ ક્ષણભંગુર શરીરમાં જીવાત્મા ચિર સ્થાઇ રહી શકતો નથી. શરીરમાંથી જીવાત્મા (હંસ) ઉડી ગયો અર્થાત્ નીકળી ગયો એટલે શરીર આપોઆપ કરમાઇ જાય છે. (૪) કાગને ઉડાડતાં ઉડાડતાં (ભુજા) હાથ દુખવા લાગ્યા, અર્થાત્ મિથ્યા આશામાં પડીને ઇષ્ટ-સિદ્ધિની પ્રતિક્ષા કરતાં કરતાં સઘળા પ્રયત્નો વિફલ થઇ ગયા. અને આશા નિરાશામાં પરિણત થઇ ગઇ. કબીર સાહેબ કહે છે કે, એ રીતે જીવન કથા ઠંડી પડી ગઇ અર્થાત્ સમાપ્ત થઇ ગઇ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૧૦૭. [ કર્મ અને કામનાઓનો વિચાર. ]

મૂલઃ—

ખસમ બિનુ તેલીકો બૈલ ભયો;
બૈઠત નાહિં સાધુકી સંગત, નાધે જન્મ ગયો. ૧.
બહિ બહિ મરહુ પચહુ નિજસ્વારથ, યમકો દંડ સહ્યો;
ધન દારા સુત રાજ કાજ હિત, માથે ભાર ગહ્યો. ૨.
ખસમહિં છાંડિ વિષય રંગ રાતે, પાપકે બીજ બયો;
ઝુઠિ મુક્તિ નર આસ જિવનકી, પ્રેતકો જુઠ ખયો. ૩.
લખ ચૌરાસી જીવ જંતુ મે, સાયર જાત બહ્યો;
કહંહિં કબીર સુનહુ હો સંતો, શ્વાનકી પૂંછ ગહ્યો. ૪.

શબ્દાર્થઃ—

( ૧ ) આત્મ–વિસ્મૃતિ થવાના કારણથી દેવ હતો તે પશુ બની ગયો, એટલે કે માલિકના નામ વિના ઘાણીના બલદની માફક ફર્યો. સાધુની સંગતમાં પણ કદિ બેસતો નથી, અને નાના પ્રકારનાં સકામ કર્મો રૂપી ઘાણીમાં જુતિને સારો જન્મ ગુમાવ્યો. ( ૨ ) પોતાનો સ્વાર્થ સાધવામાં વહન કરી કરીને મરી ગયો અને ખપી ગયો, અને તેને પરિણામે યમ યાતના સહન કરવી પડી. ધન, સ્ત્રી, પુત્ર અને રાજ્યનું હિત કરવામાં પોતાને માથે મિથ્યા ભાર ગ્રહણ કર્યો. ( ૩ ) માલિકને છોડીને વિષય રંગમાં રાતો માતો થઇ ફર્યો, અને પાપનાં બીજ બોયાં. સ્વર્ગની પ્રાપ્તિ એ મિથ્યા મુક્તિ છે. કેમકે એતો ચિર ( સદા કાલ ) ભોગેચ્છાનું રૂપાંતર છે. એવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાૂઠી મુકિતની આશા રાખી અને પ્રેતનું જુઠું ખાધું. અર્થાત્ સ્વર્ગસુખ કાંઇ અભુકત અને દુઃસાધ્ય વસ્તુ નથી, કે જેને માટે આ પ્રકારે મહાન ભગીરથ પ્રયત્ન કરવા પડે. હા! મુકિતસુખ અવશ્ય અભુકતપૂર્વ અને સુસાધ્ય છે. (૪) કબીર સાહેબ કહે છે કે, પુણ્યક્ષય થવાના કારણથી અતિ પ્રયત્નથી પ્રાપ્ત કરેલાં સ્વર્ગરૂપી તૃણાવલંબનના છુટી જવાથી પુનઃ પ્રારબ્ધાનુસાર ચોરાસીની ધારામાં વહન કરતા અજ્ઞાની લોકો કુતરાની પૂંછડી પકડી ભવસાગરનાં પાર થવાને ચાહે છે!

ભાવાર્થઃ—

ભાવાર્થ એવો છે કે, "ऋते ज्ञानान्न मुक्तिः" એ શ્રુતિ વાકય અનુસાર જ્ઞાન વિના કેવલ સકામ યાગાદિક કર્મોથી મુકત થઇ શકાતું નથી. જેમકેઃ—

"ભાદો—નદી ઔ ભેડ—પૂંછી, કૈસે ઉતરે પાર;
કહંહિં કબીર સુનો હો સંતો, બૂડિ ગયે મંઝધાર."

---

શબ્દ. ૧૦૮. [કાશીકાયા વિયોગ. ઉપાસકોની અંતિમ અવસ્થા]

મૂલઃ—

**અબહમ ભૈલિ બાહિરિ જલ મીના,**
**પૂરબ જનમ તપકા મદકીન્હા. ૧.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તહિયા ( તબ ) મૈં અછલૈં મન બૈરાગી,
તજલૈં કુટુંબ રામ રટ લાગી. ૨.
તજલોં કાસી મૈં મતિ ભોરી,
પ્રાનનાથ કહુ કો ગતિ મોરી. ૩.
હમહિં કુસેવક કિ તુમહિ અયાના,
દુઈ મહં દોષ કાહિ ભગવાના. ૪.
હમ ચલિ અઇલીં તુમ્હરે શરણા,
કિતહું ન દેખૌ હરિજી કે ચરણાં. ૫.
હમ ચલિ આયલિ તુમ્હરે પાસા,
દાસ કબીર ભલ કૈલ નિરાસા. ૬.

શબ્દાર્થ:—

આ પદ્યમાં ભકતોની ભગવદ્ દર્શનની ઉત્કંઠા તથા અધિરતા, વિરહ વેદના તેમજ કરૂણાનું વર્ણન છે. ( ૧ ) હવે ફરીને હું પ્રેમરૂપી જલની માછલી થઇ. અત્રેના ચરણમાં કોઇ બીજક ની પ્રતમાં " બહુરી " શબ્દનો પાઠ છે. ( બહુરિ= ફરી ) અને કોઇ બીજકની પ્રતિમાં " બાહિરિ " શબ્દનો પ્રયોગ કરેલો છે ( બાહિરિ=બહારનું ) એટલે પૂર્વજન્મનો યોગભ્રષ્ટ યોગી કહે છે કે હવે હું ફરીને યોગી થયો. જલ એટલે શ્વાસા, અને મીન એટલે જીવ. અર્થાત્ જીવ કહે છે કે પૂર્વ જન્મમાં હૂં યોગાભ્યાસી હતો, અને અભ્યાસ કરતાં કરતાં સિદ્ધિ પ્રાપ્ત નહી થઈ, અને મધ્યમાંજ શરીર છુટી ગયું, તેથી હવે ઉત્તમ મનુષ્ય જન્મમાં આવીને ફરી શ્વાસા ( જલ ) ની માછલી ( જીવ ) થઇ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ઉલટીને બ્રહ્માંડમાં ચઢી કૃતકૃત્ય થયો (૨) તે સમયે–પૂર્વજન્મમાં–હું પોતાના મનથી વૈરાગી થયો હતો અને રામની રટ લગાવી તેની પ્રાપ્તિના હેતુથી લોક કુટુંબ સર્વનો ત્યાગ કર્યો હતો. પરંતુ સમાધી સ્થિતિ તેમજ રામની પ્રાપ્તિ થઇ નહીં. (૩) મતિ ભોળી બની ગઇ તેથી કાશીમાં કાયા છુટી ગઇ, અને ફરી એવીજ મનુષ્ય દેહ પ્રાપ્ત થઇ. તેથી હે પ્રાણનાથ! હે ગુરૂદેવ! હવે મારી શું ગતિ થશે? (૪) હે ભગવાન! શું હુંજ કુસેવક છું કે મારાથી કંઇ સેવા બની નહીં! અથવા આપ પ્રત્યક્ષ રૂપથી પ્રગટ છો છતાં મને મળ્યા નહીં! હે ભગવાન્ બન્નેમાંથી દોષ કોનો હશે.? (૫) તે વખતે હું આપને શરણે આવ્યો, પરંતુ જે હરિનું આપે નામ બતાવ્યું હતું, તે હરિજીનાં ચરણોનું દર્શન કયાંઇ થયું નહીં. (૬) તેથી ફરી હું આ દેહમાં આવ્યો. અર્થાત દેહમાં આવ્યા પછી પ્રારબ્ધ યોગથી આપની પાસે આવ્યો. અને મારા સદ્ભાગ્યે આપ મને મળી ગયા. પરંતુ આપે આપના ભકતો ને સારી રીતે નિરાશ કર્યા. અર્થાત્ આ કાર્ય આપની દીન દયાલુતા અને ભક્તવત્સલતા ને અનુરૂપ નહોતું?

---

શબ્દ. ૧૦૯. [ અવતાર ઉપાસનાનો વિચાર. ]

મુલ:—

લોગ બોલેં દુરિ ગયે કબીર, યે મતિ કોઇ કોઇ જાનેગા ધીર. ૧.

દશરથ સુત તિહુ લોકહિ જાના, રામ નામકા મર્મ હૈ આના ૨.
જેહિ જીવ જાનિ પરા જસ લેખા, રજ્જુકા કહૈ ઉરગ સમ પેખા ૩.
જદપી ફલ ઉત્તિમ ગુન જાના, હરિ છાંડ મન મુક્તિ ઉનમાના૪.
હરિ અધાર જસ મીનહિં નીરા, ઔર જતન કછુ કહંહિં કબીરા.૫

શબ્દાર્થ:—

( ૧ ) અત્રે કબીર શબ્દ " કાયા બીર કબીર " એ કથન અનુસાર જીવાત્મા પરક છે. પ્રાકૃતજનો કહે છે કે, અવતારોના ઉપાસક ભક્ત દૂર પહોચી ગયા, અર્થાત્ મુક્ત થઇ ગયા; પરંતુ આ રહસ્યને કોઇ પરિક્ષક જ જાણી શકશે. એટલે ભાવાર્થ એવો છે કે, માયિક અવતારોની ઉપાસનાથી મુકિત મળી શકતી નથી:–

" દસ અવતાર ઇસરી માયા, કરતા કૈ જિન પૂજા;
કહંહિં કબીર સુનહુ હો સંતો, ઉપજે ખપૈ સો દૂજા.

( ૨ ) પ્રાય સર્વે લોકો " રામ " નો અર્થ દશરથ–સુત રામચંદ્ર એ રીતે જાણે છે. પરંતુ રામનું રહસ્ય તો કંઈ જુદું જ છે. " रमन्ते योगिनो यस्मिन्निति रामः " એ નિરૂકિતથી રામનો મુખ્ય–અર્થ શુદ્ધ ચેતન થાય છે. " एको देवः सर्वभूतेषु गूढः साक्षी चेता केवलो निर्गुणश्च । " હૃદયા બસે તિહિં રામ ન જાના" અર્થાત્ હૃદયમાં વસે છે, તે રામને જાણ્યા નહીં. ( ૩ ) એતો સ્વાભાવિક છે કે ભ્રમાદિના કારણથી જે જેવું દેખે છે કે જાણે છે, તેવુંજ તે કહે છે: જેમકે–

જસી જાકી બુદ્ધિ હૈ, વસી કહે બનાય,
તાહિ દોષ નહીં દીજિયે, લેન કહાં કો જાય, "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભ્રમથી તો દોરડીને પણ સાપ સમજી લેછે, પરંતુ તે સર્પ થઇ શકતી નથી. ( ૪ ) યદ્યપિ પુરૂષોત્તમ હોવાના કારણથી અવતાર ( રામચંદ્રાદિક ) આપણા આદર્શરૂપ છે. તેથી તેમના સતપંથનું અનુસરણ કરવું અને સદ્‌ગુણોને ધારણ કરવા એ સર્વોત્તમ ફલ દાયક છે; તથાપિ હૃદય નિવાસી રામ (નિજ-પદ ) થી વિમુખ થઇને મુકિતને ચાહવી એ કેવલ કલ્પનામાત્ર છે. ( ૫ ) જ્ઞાની–ભકતોની તો એવી સ્થિતિ છે કે " હરિ અધાર જસ મીનહિ નીરા. " પરંતુ કબીરા=કર્મ માર્ગી અને ઉપર જણાવ્યા પ્રમાણેના સાધારણ ઉપાસકો આ અભિપ્રાય સાથે સહમત નથી, તેથી તેઓ મુકિતનાં સાધન કંઇ જુદાંજ બતાવ્યા કરે છે. એમાં કંઇ આશ્ચર્ય જેવું નથી કેમકે:–

" જલ પરિમાને માંછલી, કુલ પરિમાને શુદ્ધિ
જેસા જાકો ગુરૂ મિલા, તૈસી તાકી બુદ્ધિ. "

અર્થાત્ જલના પ્રમાણમાં માછલીઓ હોય છે, અને કુલના પ્રમાણમાં તેની શુદ્ધિ હોય છે. જેને જેવા ગુરૂ મળ્યા હોય તેના પ્રમાણમાંજ તેનાં ( સાધકનાં ) જ્ઞાન અને સમજ હોય છે.

---

## શબ્દ ૧૧૦. [ પ્રારબ્ધ ફલ વિચાર. ]

**મૂલ—**

અપનો કર્મ ન મેટો જાઈ;
કર્મક લિખલ મિટૈ ધૌં કૈસે, જો યુગ કોટિ સિરાઈ. ટેક.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ વશિષ્ટ મિલિ લગન સુધાયો, સૂર્ય મંત્ર એક દીન્હા;
જો સીતા રઘુનાથ બિયાહી, પલ એક સંચુ ન કીન્હા. ૧.
તીન લોક કે કર્તા કહિયે, બાલિ બધો બરિયાઇ;
એક સમય ઐસી બની આઇ, ઉનહું અવસર પાઇ, ૨.
નારદ મુનિકો બદન છિપાયો, કીન્હો કપિ સો રૂપા;
શિશુપાલકી ભુજા ઉપારી, આપુ ભયે હરિ ઠુઠા. ૩.
પારબતી કો બાંઝ ન કહિયે, ઇશ્વર ન કહિયે ભિખારિ;
કહંહિ કબીર કર્તાકી બાતેં, કર્મકી બાત નિનારિ. ૪.

શબ્દાર્થ:—

(ટેક) પોતે કરેલાં કર્મોનાં ફલ ભોગવવાંજ પડે, તે ટાળ્યાં ટળી શકતાં નથી. "ना भुक्तं क्षीयते कर्म कल्प कोटि शतैरपि:" ચાહે શત કોટિ કલ્પો વિતિ જાય, પરંતુ કરેલાં કર્મોનાં ફલ ભોગવ્યા વિના તે ક્ષીણ થતાં નથી. તેમજ તેના તેજ શબ્દોનો બીજી રીતે અર્થ ઘટાવીએ તો એમ કે જેનાથી પોતાનાં કર્મો મટાડી શકાતાં નથી. તે બીજાના કર્મોની રેખા કોટિ યુગ વિતે તો પણ કેવી રીતે મટાડી શકશે. (૧) ગુરૂ વશિષ્ઠજી જેવા બુદ્ધિવન્ત જ્ઞાની અને યોગમાં પણ સિદ્ધ, તેમણે ઉત્તમમાં ઉત્તમ લગ્ન (મુહુર્ત) શોધીને શ્રીરામચંદ્રજી ને સૂર્યની ઉપાસના કરવા કહ્યું, એ શ્રીરામચંદ્રજી પણ સાક્ષાત્ ઇશ્વરનો અવતારજ ગણાતા હતા, પરંતુ તેમનાથી પણ પોતાનાં કર્મો મટાડી શકાયાં નહીં. હવે કહો કે તેનું નામ સ્મરણ કરવાથી તેમજ તેમની ભક્તી કરવાથી બીજાનાં કર્મો કેવી રીતે નાશ થઇ શકશે ? હવે દુનિયાં તો સર્વ કહે છે કે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાઇ ! શુભ મુહૂર્ત શુભ લગ્ન વિચારીને કોઇ પણ કાર્ય કરવું. તો શું વશિષ્ઠે કુમુહૂર્ત વિચાર્યું હતું ? જે સીતાનો શ્રી રઘુનાથજી સાથે વિવાહ થયો, તે સીતાને એક પલભર પણ સુખ થયું નહીં. વારૂ ! જો પોતે જ ભગવાન હતા, અને લગ્ન મુહૂર્ત પણ સાચું હતું તો પછી નાના પ્રકારનાં દુખ ભોગવવાનો પ્રસંગ કેમ ઉભો થયો ? એટલે તાત્પર્ય કે લગ્ન મુહૂર્ત પણ મિથ્યા ભ્રમ છે. ( ૨ ) વળી ત્રણ લોકના જે કર્ત્તા કહેવાતા હતા તેણે વાલીને જબર દસ્તીથી માર્યો, પરંતુ એક સમય એવો પણ આવી ગયો કે વાલી ભીલ તરીકે જન્મ્યો, અને શ્રી રામ પોતે શ્રીકૃષ્ણ થઇને આવ્યા, ત્યારે રામાવતારનો બદલો કૃષ્ણાવતારમાં લીધો. ( ૩ ) વિષ્ણુના પરમસાંદર્યાભિલાષી નારદજીનું મુખ વાનરના સમાન બનાવી દીધું, એ કારણથી નારદજીએ ક્રોધાવેશમાં આવીને વિષ્ણુને શાપ આપ્યો. શ્રીકૃષ્ણે મહાભારતના યુદ્ધ સમયે શિશુપાલની ભુજા ઉખાડી નાંખી હતી તો તેના બદલામાં શ્રીકૃષ્ણને જગન્નાથમાં ( બુદ્ધ રૂપથી ) રહેવું પડયું. ( ૪ ) પાર્વતીને વંધ્યા નહીં સમજો, તેમજ મહાદેવને ભિખારી નહીં સમજો. સદ્દગુરૂ કબીર કહે છે કે, એ તો કર્તાની વાતો છે, તે કર્મ કરવામાં સ્વતંત્ર છે. એટલા માંટે વિવેક અને વિચાર પૂર્વક કાર્ય કરવું જોઇએ. કરેલાં શુભાશુભ કર્મોનો એવો નિયમ છે કે એ ફળરૂપ ધારણ કરીને દીવાલમાં મારેલા પથ્થરની માફક કર્ત્તાનેજ વાગી છે. કેમકે " य कर्त्ता सएव भोक्ता " એ સર્વ તંત્ર સિદ્ધાંત છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૧૧૨. [ જીવ પર મનની સેનાનું આક્રમણ. ]

મૂલઃ—

હૈ કોઈ ગુરૂજ્ઞાની જગત મહં ઉલટિ બેદ બૂઝૈ;
પાની મહં પાવક બરૈ, અંધહિ આંખિ ન સૂઝૈ. ૧.
ગાય તો નાહર ખાયો, હરનૈ ખાયો ચીત્તા;
કાગ લંગર ફાંદિ કે, બટેર બાજ જીતા. ૨.
મૂસે તો મંજાર ખાયો, સ્યાર ખાયો શ્વાના;
આદિકોઊ દેસ જાને, તાસુ બેસ બાના. ૩.
એકહિ દાદુર ખાયો, પાંચ હૂં ભુવંગા;
કહંહિ કબીર પુકારિ કે, હૈં દોઉ એક સંગા. ૪.

શબ્દાર્થઃ—

( ૧ ) જગતમાં કોઇ એવો જ્ઞાની ગુરૂ છે કે જે આ ઉલટા વેદ ( જ્ઞાન–સમજ ) ને સમજે. ભાવ એવો છે કે અજ્ઞાનિઓની સમજ ઉલટી હોય છે, એટલે તેઓ હિતને અહિત અને અહિતને હિત તરીકે સમજી લે છે. એટલા માટે તેમને સમજાવીને સુમાર્ગ ઉપર લાવવા જોઇએઃ—

“ સોઇ હિતુ બંધુ મોહિં ભાવે, જાત કુમારગ મારગ લાવે. ”

હવે અજ્ઞાનિઓની મન મતિનો ઉલ્લેખ કરીયે છીએ. અજ્ઞાની લોકો પોતાની વિવેક–દષ્ટીને ગુમાવીને એટલા અંધ થઇ ગયા છે કે તેમનાં હૃદય ( પાણી ) માં સદૈવ ત્રિવિધતાપ ( પાવક ) બળ્યા કરે છે. પરંતુ તેમને કંઇ સુજ પડતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી–અર્થાત્ અવિવેકી લોકો અજ્ઞાન વશ થઇને અનેક પ્રકારના અનર્થ કરી કરીને તેનાં સંતાપકારક ફળોને ભોગવતા રહે છે. ( ૨ ) એ તો આશ્ચર્યની વાત જુઓ કે ગાય (માયા) નાહર=સિંહ ( જીવ ) ને ખાઇ ગઇ. અને હરણે ( તૃષ્ણાએ ) ચીત્તા ( સંતોષ ) ને પછાડી માર્યો. અવિદ્યા મલિન સત્ત્વ પ્રધાન હોય છે, અને માયા શુદ્ધ સત્ત્વ પ્રધાન હોય છે. એટલે એ અભિપ્રાયથી " सिंहो माणवकः " ની માફક ગૌણી લક્ષણા દ્વારા માયાને ગાય કહી છે. એ પ્રકારે અન્યત્ર પણ ગૌણી લક્ષણા જાણવી જોઇએ. હજી પણ સાંભળો ! કાગડાએ અર્થાત્ અવિવેકે વિવેક (લંગર=એક શિકારી પક્ષી) નેપોતાના પંજામાં ફસાવી લીધો. તથા બટેરે ( અજ્ઞાને ) બાજ ( જ્ઞાન ) ને જીતી લીધો. અર્થાત્ ગુરૂવા લોકોએ જીવને નાના પ્રકારની વાણીથી વશ કરી લીધો. ( ૩ ) ઉંદરે ( મૂસ=ભય ) બિલાડી ( મંજાર=નિર્ભયતા ) ને મારીને તેને ખાઇ ગયો; તેમજ શિયાળે ( મને ) શ્વાન ( અજ્ઞાન ) નું ભક્ષણ કર્યું. બીજી રીતે એવો પણ અર્થ ઘટાવવામાં આવે છે કે જીવ માયાને ખાઇને બ્રહ્મ થયો. તેમજ પંડિતોને વેદ ખાઇ ગયા અર્થાત્ પંડિતો વેદજ્ઞાનથી ભરમાઇ ગયા. વળી આદિ કોઇ દેશ જે બ્રહ્મ તેને જે જાણે તે બ્રાહ્મણ એવો માયાનો ઉપદેશ થયો. સદ્ગુરૂ કહે છે કે અજ્ઞાનતાના કારણથી આ સર્વ અનર્થ થઇ રહ્યો છે. એટલે કેઃ—" જાસે નાતા આદિકા, વિસરિ ગયો. સો ઠોર " એ કથન અનુસાર ( આત્મ–તત્વ ) પોતાના સાચા બંધુ " આત્મા " ના ઉપદેશને જે જાણે છે, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માને છે તે પુરૂષનું બાનું ઉત્તમ છે, ભાવ એવો છે કે જે પુરૂષો " अविभक्तं विभक्तेषु यः पश्यति स पश्यति " અર્થાત્ વિભક્તમાં અવિભક્તને જુએ છે તેજ જુએ છે, એવા પુરૂષોને ધર્મનું બાનું ધારણ કરવાનું શોભાસ્પદ જણાય છે. ( ૪ ) એ મોટા આશ્ચર્યની વાત જણાય છે કે એકજ દેડકાએ ( દાદુર અર્થાત્ ભ્રમે ) પાંચ સર્પો ( ભુજંગો ) ને અર્થાત્ જ્ઞાન, વિવેક, વૈરાગ્ય, શમ અને દમનો અહાર કર્યો. સદ્‌ગુરૂ કબીર સાહેબ કહે છે કે, પૂર્વોક્ત શુભાશુભ ગુણોને રહેવાના સ્થાન હૃદય રૂપ એકજ ઘર છે. વિશેષતા એ છે કે, તેમાં જે પ્રબલ હોય છે, તે પોતાના વૈરિયોને ( સદ્‌ગુણ યા દુર્ગુણને ) મારીને ભગાડે છે. એજ શુભાશુભ ગુણ દૈવી સમ્પત્તિ તથા આસુરી સમ્પત્તિના નામથી પણ પ્રસિદ્ધ છે.

ભાવાર્થઃ—

પુર્વોક્ત પ્રકારથી દેવાસુર સંગ્રામ સદૈવ થયા કરે છે. એટલા માટે મુમુક્ષુઓને ઉચિત છે કે, ઉક્ત શત્રુઓથી સદૈવ સચેત રહે.

---

શબ્દ. ૧૧૨. [ આત્મ દર્શન તથા આત્મ પરિચય. ]

મૂલઃ—

**હમરા એક બઢો રાજા રામ, જો નિરૂવારૈ સો નિર્બાન. ૧**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બ્રહ્મ બડા કિ જહાંસે આયા, બેદ બડાકી જિન્હિ ઉપજાયા. ૨
ઈ મન બડા કિ જેહિ મન માના, રામ બડા કિ રામહિં જાના. ૩
ભ્રમિ ભ્રમિ કબિરા ફિરૈ ઉદાસ, તીર્થ બડા કિ તીર્થકા દાસ. ૪

શબ્દાર્થઃ—

( ૧ ) કર્ત્તા અને કૃત્રિમ ( જડ ચેતન તથા કલ્પિતા કલ્પિત ) ને ભલી ભાંતિ જાણી લેવું એ એક મોટી સમસ્યા છે. એ કોયડાનો જે ઉકેલ કરે છે, તેજ મુક્ત થઇ શકે છે. ગીતામાં કહેલું છે કે " कश्चिन्मां वेत्ति तत्वतः " અર્થાત્ મને તત્વતઃ જાણનારા તો કોઇકજ ( ૨ ) બ્રહ્મા મોટા કે વેદ મોટા છે ? અથવા તેના પણ વિધાતા ( જનક ) આત્મ–દેવ મોટા છે ? ( ૩ ) શ્રુતિમાં કહ્યું છે તે પ્રમાણે મન રૂપી તરંગ મોટો છે કે, તેના પણ આશ્રય ભૂત અપાર–પારાવાર–ચેતન નો મહાસાગર મોટો છે ? એ પ્રમાણે ભક્તોના જ્ઞાન ધ્યાનના વિષય રૂપ રામ અવતાર મોટો છે કે, તેને પોતાના મનો મન્દિરમાં પ્રતિષ્ઠિત કરવાવાળા રામભક્ત મોટા છે ? " ભક્તિ કે બસ ભાઇ પ્રભુ તુમ ભક્તિ કે બસ ભાઇ " ઇત્યાદિ વચનો અનુસાર ભક્તિ દષ્ટિથી પણ રામ ભક્ત રામજીથી મોટા છે. ( ૪ ) સર્વ ભૂત હૃદય નિવાસી પ્રત્યક્ષ રામ ( ચેતનદેવ ) ને નહીં જાણવા વાળા અજ્ઞાની લોકો ( કબીરા ) રામનાં દર્શન કરવાને માટે અનેક તીર્થોમાં ભ્રમણ કર્યા કરે છે, અને ત્યાં પણ રામ મળતા નથી તે કારણથી સદેવ ઉદાસ ( ખિન્ન) અને નિરાસ રહ્યા કરે છે. કેમકે તેઓને એવું જાણવામાં નથી કે એ સ્થાવર તીર્થ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોટાં છે કે, તેને બનાવવાવાળાં જંગમ તીર્થ અને સાચા તીર્થદાસ ( સન્ત–સજ્જન ) મોટા છે ? એ જાણવું ખાસ આવશ્યક છે કે, એ સર્વ તીર્થો મહાત્માઓના તપ–અનુષ્ઠાનથી વિનિર્મિત થયાં છે. જેમકે:—બુદ્ધ ગયામાં બોધી વૃક્ષની નીચે ભગવાન બુદ્ધને બુદ્ધત્વનો લાભ થયો એ કારણથી તે સ્થલ–બુદ્ધ ગયા–તીર્થનું સ્થાન બની ગયું છે. એ પ્રકારે અન્યત્ર પણ જાણવું જોઇએ.

ભાવાર્થ:—

આત્મ જ્યોતિ સર્વની પ્રકાશક છે, એટલે તેનો જ સાક્ષાત્કાર કરવો જોઇએ.

---

શબ્દ. ૧૧૩. [ મનનું સામ્રાજ્ય. ]

મૂલ:—

ઝૂઠે જનિ પતિયાઉ હો, સુનુ સંત–સુજાના;
(તેરે) ઘટહી મેં ઠગ પૂર હૈ, મતિ ખોવ હુ અપના. ૧.
ઝૂઠેકા મંડાન હૈ, ધરતી અસમાના;
દસહૂં દિસા વાકિ ફંદ હૈ, જિવ ઘેરૈ આના. ૨.
જોગ જાપ તપ સંજમા, તીરથ વ્રત દાના;
નૌધા બેદ કિતેબ હૈં, ઝૂઠે કા બાના. ૩.
કાહૂ કે બંચનહિં ફુરૈ, કાહૂ કરઆતી;
માન બડાઈ લે રહૈ, હિન્દુ તુરૂક જાતી. ૪.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાત બ્યોંતે અસમાન કી, મુદતી નિયરાની;
બહુત ખુદી દિલ રાખતે, બૂડે બિનુ પાની. ૫.
કહંહિ કબીર કાસોં કહોં, સકલો–જગ અંધા;
સાંચા સોં ભાગા ફિરે, ઝુઠે કા બંદા. ૬.

શબ્દાર્થ:—

( ૧ ) સદ્ગુરૂ વિવેકી સંતજનોને ઉદ્દેશીને કહે છે કે, હે ! વિવેકી સંતો ! મનનો વિશ્વાસ ન કરિયે, કેમકે :—

" મન લોભી મન લાલચી, મન ચંચલ, મન ચોર;
મનકે મતે ન ચાલિયે, પલક પલક મન ઓર. "

અર્થાત્ મન લોભી અને લાલચુ છે, મન અતિ ચંચલ અને ચોરની માફક એકદમ સટકી જનારૂં છે, તેથી મનના મત પ્રમાણે ચાલવું ન જોઇએ. પળે પળે મનના અજબ રંગો પલટાયા કરે છે, કહે છે કે, તારા વટ ( હૃદય કમલ ) માં ઠગોનું નિવાસસ્થાન છે, "તનકે ભિતર મન ઉનહુ ન પેખા." અર્થાત્ શરીરમાં રહેલા મન–ઠગના ભેદની કોઇને સમજ પડી નહીં. આપણા જ્ઞાનાદિક ધનની ચોરી કરે છે, તેથી સાવધાન રહેવું જોઇએ. ( ૨ ) ધરતિથી માંડી આકાશ પર્યંત અસત્ ( ઝૂઠેકા ) નું મંડાણ મંડાયેલું છે, અર્થાત્ અસત્‌ની રચના રચાયેલી છે. અને તેનો દસે દિશાઓમાં ફેલાવો થયેલો છે, તેથી તે રચના, સર્વત્ર મનોમય ફેલાયેલી, સંકલ્પ વિકલ્પમાં પડેલા નરપશુઓને ફસાવતી રહે છે. ( ૩ ) યોગ, જપ, તપ, સંયમ, તીર્થ, વ્રત, દાન અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નવધાભક્તિ, તેમજ વેદ અને કિતાબ એ સર્વ અસત્ (જુઠાં) નો આશ્રય લેવા રૂપ જુઠાં બાનાં છે. અર્થાત્ ધર્માંધ લોકો ધર્મ અને દીનની દુહાઈ આપીને ધર્મનાં ઓથાં નીચે અનેક પ્રકારના અત્યાચાર કરતા રહે છે. ( ૪ ) કોઇને વચન સિદ્ધિ થાય છે તો કોઇની વાણીની કંઇ અસર પણ થતી નથી. હિંદુ અને મુસલમાનો પોતપોતાના ધર્મની માન બડાઇમાં મત્ત થઇ પડયા છે. ( ૫ ) વાતોમાં તો આકાશને પણ માપી કાઢે છે, પરંતુ તેમને એટલું પણ ભાન રહેતું નથી કે હવે મૃત્યુ તો નજીક આવી લાગ્યું છે. પોતાના અભિમાનમાં સર્વ રાતામાતા રહે છે, તેથી ભ્રમરૂપી વમળમાં પડીને ડૂબી મરે છે. ( ૬ ) કબીર સાહેબ કહે છે કે, જ્યાં સકળ જગત્ અજ્ઞાન અંધકારમાં દબાયેલું છે ત્યાં હું કોને કહું અને કોને સમજાવું. લોકો સત્નો પરિચય કરતાં નથી, તેનાથી ભાગ્યાં ફરે છે અને કેવળ અસત્નોજ આશ્રય લેવાવાળા છે. તેથી અનેક પ્રકારના અનર્થો વડે સંસારને કલુસિત બનાવી મૂકે છે.

---

## શબ્દ. ૧૧૪. [ તત્ત્વોપદેશ. ]

<u>મૂલઃ—</u>

સાર શબ્દ સે બાંચિ હો, માનહુ ઇતબારા હો. ટેક.
આદિ પુરૂષ એક વૃક્ષ હૈ, નિરંજન ડારા હો.
ત્રિ દેવા શાખા ભયે, પત્ર સંસારા હો. ૧.
બ્રહ્મા બેદ સહી કિયા, શિવ યોગ પસારા હો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિષ્ણુ માયા ઉત્પત કિયા, ઉરલે વ્યવહારા હો. ૨.
તીન લોક દસ હૂં દિસા, યમ રોકિન દ્વારા હો.
કીર ભયે સબ જીયરા, લિયે વિષ કા ચારા હો. ૩.
જયોતિ સ્વરૂપી હાકિમા, જિન અમલ પસારા હો.
કર્મકી બંસી લાયકે, પકર્યો જગ સારા હો. ૪.
અમલ મિટાવોં તાસુકા, પઠવોં ભવ પારા હો.
કહંહિં કબીર નિર્ભય કરોં, પરખો ટકસારા હો. ૫.

શબ્દાર્થ—

સાર શબ્દ એટલેઃ—

" સાર શબ્દ નિરનયકો નામા, જાતે હોય જીવકો કામા "

અર્થાત્ સાર શબ્દ એટલે નિર્ણયાત્મક વચન ( તત્વોપદેશ ) ને સારશબ્દ કહેવામાં આવે છે. તેનો વિચાર કરવાથી જીવ ભ્રમમાંથી બચી જાય છે. ( ૧ ) આદિ પુરૂષ ( જેમાં જગતનું ઉપાદાન કારણ રહેલું છે તે ) રૂપ એક વૃક્ષ છે. અને નિરંજન ( મન–વિશ્વનું મન ) એ તેની ડાળ–રૂપ છે. તેમાંથી માયા –પ્રકૃતિના ત્રણ ગુણોરૂપ ત્રણ દેવો ( બ્રહ્મા–વિશ્નુ–મહેશ ) એ તેની શાખાઓ થઇ. અને પાંદડાં રૂપ સકલ સંસાર થયો. ( ૨ ) બ્રહ્માએ વેદને ઉત્પન્ન કર્યા અને શિવે યોગનો પ્રસાર કર્યો. તેમજ વિષ્ણુએ યોગમાયાના આશ્રયથી જગતની ઉત્પત્તિ કરી. તેમાં ત્રણે લોક અને દશે દિશાઓમાં યમની મર્યાદા મૂકવામાં આવી. એ રીતે પીંડ અને બ્રહ્માંડની યોજના એક સરખી રીતે ઘડવામાં આવી. તેમાં સર્વ જીવો ( અજ્ઞાની લોકો ) કીડા સમાન થયા અને વિષને અમૃત સમજીને તેનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહાર કરવા લાગ્યા. (૪) જ્યોતિ સ્વરૂપ અધિકારી જેને નિરંજન અથવા મન કહેવામાં આવે છે તેણે પીંડ-બ્રહ્માંડમાં સર્વત્ર પોતાનો અમલ સ્થાપિત કર્યો. નિરંજનનું સ્વરૂપ કેવું છે તે જુઓઃ—

"મૈં સિરજોં મૈં મારઉં મૈં જારૌં મૈં ખાઉં:
જલ થલ મૈં હી રમિ રહ્યો મોર નિરંજન નાઉં."

× × × × ×

"એકલ નિરંજન સકલ સરીશ,
તામેં ભ્રમિ ભ્રમિ રહલ કબીરા."

(બીજક.)

× × × × ×

વળી તે સંબંધમાં યંજુર્વેદમાં પણ કહ્યું છે કેઃ— "दूरगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसंकल्पमस्तु ।" આ નિરંજને કર્મના નિયમની વાંસળી બજાવીને પોતાના અધિકારની મર્યાદામાં સર્વ જગતના જીવોને જકડી રાખ્યા છે. (૫) કબીર સાહેબ કહે છે કે, યદિ આપ લોકો મારી શિખામણને માનીને મનનું દાસત્વ છોડી વિશ્વબંધુ (રામદાસ) બની જાઓ તો હું તમારા ઉપરનું નિરંજનનું વર્તમાન આધિપત્ય ટાળી નાંખી તમોને સંસાર સાગરના પાર ઉતારી આપું. "ઇતનેમેં હરિ ના મિલે તો તુલસીદાસ જમાન" આ મારૂં કહેલું સિદ્ધાંત વાકય છે, તેની ખુબ પરિક્ષા કરી લ્યો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## શબ્દ. ૧૧૫. [ સ્વરૂપ વિસ્મૃતિનું વર્ણન. ]

મુલઃ—

સંતો ઐસી ભુલ જગમાંહીં, જાતે જીવ મિથ્યા મેં જાહીં. ટેક.
પહિલે ભુલે બ્રહ્મ અખંડિત, ઝાંઇ આપુહિ માની;
ઝાંઇમેં ભુલત ઇચ્છા કીન્હી, ઇચ્છા તે અભિમાની. ૧.
અભિમાની કર્તા હો બૈઠે, નાના ગ્રંથ ચલાયા;
વોહિ ભુલમેં સબ જગ ભુલા, ભૂલકા મર્મ ન પાયા. ૨.
લખ ચોરાસી ભુલતે કહિયે, ભુલતે જગ બિટમાયા:
જો હૈ સનાતન સોઇ ભુલા, અબ સો ભુલહિ ખાયા. ૩.
ભુલ મિટૈ ગુરૂ મિલૈ પારખી, પારખ દેહિં લખાઇ;
કહહિં કબીર ભુલકી ઔષધ, પારખ સબકી ભાઇ. ૪.

શબ્દાર્થ:—

(ટેક) હે સંતો ! જગતમાં એવી ભૂલ પડી ગઇ છે કે, એ ભૂલના કારણથી જીવો અસત્ માયા અને તેનાં કાર્ય (મીથ્યા) માં ફસાઇ પડયા છે. ( ૧ ) સર્વથી પહેલાં અખંડ બ્રહ્મ ભૂલ્યા. જેણે પોતાની છાયા (સ્ફુરણ) ને પોતાનું નિજરૂપ માની લીધું અને કહ્યું કે, " હું છું. " " आत्मा वा इदमेक एवाग्रआसोत् । नान्यत्किंचनमिषत् । स ऐक्षत लोकान्नुसृजाइति ।" ( ઐતરીયોપનિષદ્ અ.૧ ખં.૧ મં.૧ એ છાયા–પ્રતિબિંબ ( ઝાંઇ ) નાં કારણથી તેમાં એકથી અનેક થવાની ઇચ્છા ઉત્પન્ન થઇ અને કહ્યું કે, " एकोऽहं बहुस्याम् " " હું એકથી અનેક થઇ જાઉં. " એ ઇચ્છાના ક્રમમાં તેમાં અભિમાન અને અહંકાર ઉત્પન્ન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયો. "सोऽकामयत बहुस्यां प्रजायेयेति । सतपोऽतप्यत । स तपस्तप्त्वा, इदं सर्वमसृजत यदिदं किंच । ( તૈ. અ. ૨ વલ્લી મંત્ર ૩૦ ) ( ૨ ) એ અભિમાનથી તે કર્તા ( સૃજવાવાળા ) થઇ બેઠા, અને કેટલાક મત મતાંતર ચલાવ્યા. ભૂલની ઉત્પત્તિ તેનાથી ( ત્યાંથી ) શરૂ થઇ. તેથી તે ભૂલનો પ્રભાવ તેની સૃષ્ટિ પર પડયો, અને તે ભૂલનો મર્મ ( ભેદ ) કોઇને મળ્યો નહીં. ( ૩ ) ભૂલના પરિણામથી સર્વ લક્ષ ચોરાસીના ચક્કરમાં ફસાઇ ગયા જે સનાતન કહેવાય છે તે પોતે જ ભૂલ્યા એટલે તે ભૂલનું પરિણામ અધ્યાપ સુધી ભોગવવું પડે છે. ( ૪ ) આ ભૂલ તો જ્યારે સાચી પારખ કરનારા ગુરૂ મળે અને પારખ ભૂમિકા બતાવે ત્યારે જ મટી શકે. કબીર સાહેબ કહે છે કે, આ ભૂલની દવા ( ઔષધ ) તો કેવળ પારખ પદ ( આત્મ વિવેક ) છે. બીજી કોઇ દવા નથી.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

### શ્રીસયાજી સાહિત્યમાલામાં પ્રસિદ્ધ થયેલા

# ધર્મ, નીતિતત્ત્વ, તથા તત્ત્વજ્ઞાનના

## ગ્રંથો.

---

૧. (૬)—**હિંદુસ્તાનના દેવોઃ**—કે. રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ. E. E. O. Martin કૃત "Gods of India" નો અનુવાદ. ( ૧૯૧૭ ) કિં. ૪-૦-૦

૨. (૭)—**નીતિશાસ્ત્રઃ**—પ્રો. અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી, એમ્. એ., એલ એલ. બી. Reshdall's "Ethics" નામક ગ્રંથનું ગુજરાતી ભાષાંતર. (૧૯૧૮) કિં. ૦-૧૪-૦

૩. (૨૩)—**દીઘનિકાય ભાગ ૧ લાઃ**—કે. પ્રો. ચિંતામણ વૈજનાથ રાજવાડે, એમ. એ., બી. એસસી. પાલીભાષેંતીલ ભાષાંતર. મરાઠી (૧૯૧૮) ... કિં. ૦-૮-૦

૪. (૨૭)—**નીતિવિવેચનઃ**—મેસર્સ એ. જી. વિજરી, અતિસુખશંકર ક. ત્રિવેદી, અને મણિલાલ મો. ઝાલા. (૧૯૧૮–૧૯૨૬) કિં. ૦-૨-૦

૫. (૩૨)—**તુલનાત્મક ધર્મવિચારઃ**—મૂળશંકર માણેકલાલ યાજ્ઞિક બી. એ. Jevons કૃત "Comparative Religion" નો ગુજરાતી અનુવાદ. (૧૯૧૯) ... કિં. ૦- ૩-૦

૬. (૩૬)—**ધર્મનાં મૂળતત્ત્વોઃ**—રામપ્રસાદ કાશીપ્રસાદ દેસાઇ બી. એ. Stanley Cooks કૃત "Foundations of Religion" નો ગુજરાતી અનુવાદ (૧૯૧૯) ૦-૧૦-૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૭. (૩૭)—નૈતિક જીવન તથા નૈતિક ઉત્કર્ષ:—કાંતિલાલ કેશવરાય નાણાવટી એમ્. એ., સાલીકૃત " The Moral life and Moral worth" નો ગુજરાતી અનુવાદ (૧૯૧૯) કિં. ૦—૧૫—૦

૮. (૪૨)—વિવિધ ધર્મોનું રેખાદર્શનઃ-રામપ્રસાદ કાશીપ્રસાદ દેસાઇ. બી. એ., મેકયુલોક કૃત " Religion " નો ગુજરાતી અનુવાદ. (૧૯૨૦) ... કિં. ૧—૧૨—૦

૯. (૪૪)—ઉત્તર યુરોપની પુરાણકથા:—ગોરધનદાસ નૌતમરામ કાજી, બી. એ. હોફમેન કૃત " Northern Mythology" નો ગુજરાતી અનુવાદ. (૧૯૨૦) કિં. ૦—૧૪—૦

૧૦. (૧૦)—ઉદાસીપંથનાં નિતિવચનો:-પ્રો. અલ્બન જી. વિર્રા એમ. એ. (૧૯૨૩) ... કિં. ૧—૧૦—૦

૧૧. (૭૬)—નીતિવિવેચન:-કાંતિલાલ કેશવરાય નાણાવટી, એમ. એ. નીતિવિવેચનનું હિન્દી ભાષાંતર ( ૧૯૨૩ ) કિં. ૦—૭—૦

૧૨. (૮૦)—તુલનાત્મક ધર્મવિચારઃ-રાજરત્ન પંડિત આત્મારામ રાધાકૃષ્ણ. હિન્દી (૧૯૩૧)... ... કિં. ૧—૦—૦

૧૩. (૮૧)—સત્યમીમાંસા:-કે. હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રોફ. બી. એ. વિદ્યાભૂષણ Wildon Carr કૃત " The problem of Truth " ( સત્યના અર્થવિષયક વાદ ) નો ગુજરાતી અનુવાદ. (૧૯૨૩) કિં. ૧—૧—૦

૧૪ (૮૬)—અવતારરહસ્યઃ—શાંતિપ્રિય આત્મારામ પંડિત હિન્દી (૧૯૨૩) ... ... કિં. ૦—૧૪—૦

૧૫. (૯૭)—મનોધર્મવિદ્યાનાં મૂળતત્ત્વો:-હિંમતલાલ કલ્યાણરાય બક્ષી. બી. એ., W. Mcdougall કૃત " Psychlogy " નો ગુજરાતી અનુવાદ (૧૯૨૫) ૦—૧૧—૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૬૧. (૧૧૨)–**તત્ત્વજ્ઞાનાંતીલ કૂટ પ્રશ્નઃ**–દાજી નાગેશ આપટે. બી. એ., એલએલ. બી. Bertrand Russell કૃત " Problems of Philosophy " ચા **મરાઠી** અનુવાદ. ( ૧૯૨૬ ) ... ... કિં ૧–૦–૦

૭૧. (૧૧૮)–**સિદ્ધાન્તદર્શનઃ**–વે. શા. સે. છોટાલાલ નરભેરામ ભટ કલાદીપ. (૧૯૨૭) ... ... કિં. ૧–૧૧–૦

૮૧. (૧૨૨)—**પરિવર્તનવાદ**—દયાશંકર જેશંકર ધોળકિયા, બી. એ. Henry Bergson કૃત " Philoshopy of Change" નો ગુજરાતી અનુવાદ. (૧૯૨૮) ૦–૧૦–૦

૧૯. (૧૩૨)–**શ્રીમદ્ ભગવદ્ગીતાઃ**–(શ્રી શંકરાનંદી ટીકા સહિત) **ભાગ પેહેલો,** મોતિલાલ રવિશંકર ઘોડા, બી. એ.; એલએલ. બી. (૧૯૨૮) ... કિં. ૧–૮–૦

૨૦. (૧૩૫)–**રુદ્રી અષ્ટાધ્યાયીઃ**–પુરૂષોત્તમ જોગીભાઇ ભટ બી. એ., એલએલ. બી. (૧૯૨૦) ... કિં. ૧–૮–૦

૨૧. (૧૫૯)–**શ્રીમદ્ ભગવદ્ગીતા ભાગ ૨ઃ**–મોતીલાલ રવિશંકર ઘોડા. બી. એ., એલએલ. બી. (૧૯૨૮) કિં. ૧-૧૦-૦

૨૨. (૧૬૯)–**વૈયાસિક ન્યાયમાલાઃ**–વે. શા. સં. છોટાલાલ નરભેરામ ભટ, કલાદીપ (૧૯૨૮) ... કિં. ૧–૮–૦

૨૩. (૧૭૭)–**શ્રીમદ્ ભગવદ્ગીતા ભાગ ૩ઃ**–મોતીલાલ રવિશંકર ઘોડા બી. એ., એલએલ. બી. ... કિં. ૨–૨–૦

૨૪. (૧૭૯)–**સ્વયંપ્રેરણાઃ**–રવિશંકર અંબાશંકર છાયા બી. એ., એલએલ. બી., 'Auto-suggestion' નો અનુવાદ ( ૧૯૩૦ ) ... ... કિં. ૧–૧–૦

૨૫. (૧૮૨)–**ઋગ્વેદ સંહિતાઃ**–અષ્ટક પહેલું-પૂર્વાર્ધઃ–મોતિલાલ રવિશંકર ઘોડા બી. એ., એલએલ. બી. (૧૯૩૦) ... ... ... ... કિં. ૨–૦–૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨૬. (૧૮૬)–જાતકાંતીલ નિવડક ગોષ્ઠીઃ– પ્રથમાર્ધઃ– પ્રો. ચિંતામણ વિનાયક જોશી, એમ. એ. ૧૯૩૦ મરાઠી ... ... ... ... કિં. ૧–૧૨–

૨૭. (૧૯૨)–પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનઃ–કે. પ્રો. દત્તાત્રય ગો. કેતકર, એમ. એ. મરાઠી (૧૯૩૧) ... કિં. ૧–૧૨–૦

૨૮. (૧૯૫)–ઋગ્વેદ સંહિતાઃ–અષ્ટક પહેલુંઃ–ઉત્તરાર્ધઃ– મોતિલાલ રવિશંકર ઘોડા, બી.એ., એલએલ. બી. (૧૯૩૧) ... ... ... કિં. ૨–૯–૦

૨૯. (૧૯૬)–દીઘનિકાય ભાગ ૨ રા કે. પ્રો. ચિંતામણ વૈજનાથ રાજવાડે મરાઠી (૧૯૩૨) ... કિં. ૨–૮–૦

૩૦. (૨૦૦)––ધર્મોની બાલ્યાવસ્થાઃ–ચુનીલાલ મ. દેસાઇ. બી. એ. ' Childhood of Religions ' નો અનુવાદ (૧૯૩૨) ... ... ... કિં. ૧–૨–૦

૩૧. (૨૦૨)–બૌદ્ધધર્મ અર્થાત્ ધર્મચિકિત્સાઃ–રામચંદ્ર નારાયણ પાટકર, બી. એ. Mrs. Rhys Davis કૃત Buddhism નો અનુવાદ મરાઠી ( ૧૯૩૨ ) કિં. ૧–૦–૮

૩૨. (૨૦૫)–વીરશૈવ સંસ્કૃતિ;–રા. શંકર ગોવિંદ સાખરપેકર, સ્વામી શમસિંગ કરમાળેકરના મરાઠી પુસ્તકનો અનુવાદ (૧૯૩૨) કિં. ૦–૧૩–૦

૩૩. (૨૧૧)–સુલભનીતિશાસ્ત્રઃ–દાજી નાગેશ આપટે, બી. એ., એલએલ. બી. મરાઠી (૧૯૩૩) કિં. ૦–૧૧–૦

૩૪. (૨૧૩)–નીતિશાસ્ત્રપ્રબોધઃ–દાજી નાગેશ આપટે, બી. એ., એલએલ. બી. મરાઠી (૧૯૩૩) કિં. ૨–૦–૦

૩૫. (૨૧૯)–કબીર સાહેબનું બીજક રમૈની વિભાગઃ–પ્રાણલાલ પ્રભાશંકર બી. એસસી. (૧૯૩૩) કિં. ૧–૧૨–૦

P. P. Ac. Gunratnasuri M.S.                Jin Gun Aaradhak Trust

૩૬. (૨૨૮)–ફુન્ગમુનિ જ્ઞાનામૃત:–ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી પીએચ. ડી. ( ચિની ભાષામાંથી અનુવાદ ) હિન્દી (૧૯૩૩) કિં. ૧–૦–૦

૩૭. (૨૩૩)–ભગવાન બુદ્ધ ( ચરિત્ર વ ધર્મસારસંગ્રહ ):– કવિ રા. મા. ભાંબુરકર (મરાઠી) (૧૯૩૪) કિં. ૨-૦-૦

૩૮. (૩૩૪)–શ્રી ઋગ્ગવેદ સંહિતા અષ્ટક૨ પૂર્વાર્ધ:–મોતીલાલ રવિશંકર ઘોડા. (૧૯૩૫) કિં. ૨–૦–૦

૩૯. (૨૪૦)–જગાંતીલ વિદ્યમાન ધર્મ:–પ્રો. રા. બ. આઠવલે એમ. એ. (મરાઠી) (૧૯૩૫) કિં. ૨–૦–૦

૪૦. (૨૪૨)–જગતના વિદ્યમાન ધર્મો:–પ્રો. ગો. હ. ભટ એમ. એ. (૧૯૩૬) કિં. ૨–૩–૦

૪૧. (૨૪૩)–શ્રીઋગ્ગવેદ સંહિતા અષ્ટક૨ ઉત્તરાર્ધ:–મોતીલાલ રવિશંકર ઘોડા (૧૯૩૬) કિં. ૨–૪–૦

૪૨. (૨૪૪)–જગાંતીલ કાંહીં ધર્મપ્રવર્તક:–ડૉ. ભા. ચિં. લેલે. એમ. એ., પિએચ. ડી. (૧૯૩૭) કિં. ૨–૦–૦

૪૩. (૨૪૫)–કબીર સાહેબનું બીજક : શબ્દવિભાગ:– પ્રા. પ્ર. બક્ષી. (૧૯૩૭) કિં. ૧–૬–૦

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શુદ્ધિ–પત્ર.

| પૃષ્ઠ. | | લીંટી. | | અશુદ્ધ. | | શુદ્ધ. |
|---|---|---|---|---|---|---|
| ૨ | ... | ૨ | ... | રવ્યા | ... | રચ્યા. |
| ૪ | ... | ૩ | ... | રૂહ | ... | રૂધ |
| ૫ | ... | ૨૧ | ... | રચનીકો | ... | રચ નીકો |
| ૬ | ... | ૧૯ | ... | સૂર | ... | સૂરા |
| ૧૦ | ... | ૧૫ | ... | દ્વાર | ... | કાલ |
| ૧૭ | ... | ૩ | ... | કે | ... | કો |
| ,, | ... | ૨૦ | ... | ભય | ... | અંદેશા, સંશય, ડર |
| ૨૩ | ... | ૨૧ | ... | ન | ... | નહિ |
| ૨૮ | ... | ૧૫ | ... | પાટન | ... | પારન |
| ,, | ... | ૨૦ | ... | સમગુરૂ | ... | સતગુરૂ |
| ૨૯ | ... | ૮ | ... | માંસાહારનાં | ... | સગોત્રી, સહકુટુંબ મળી |
| ,, | ... | ૧૯ | ... | છોદી | ... | છોડી |
| ૩૧ | ... | ૨૦ | ... | મતિ | ... | જતિ |
| ,, | ... | ,, | ... | જાન | ... | જાના |
| ૩૩ | ... | ૯ | ... | આપ ન | ... | આપન |
| ૩૪ | ... | ૧૦ | ... | કરાવૈ | ... | કહાવૈ |
| ,, | ... | ૧૭ | ... | કૃષ્ટિ | ... | દૃષ્ટિ |
| ૩૬ | ... | ૪ | ... | ઉન ઇસકી | ... | ઉનઇસકી |
| ૩૯ | ... | ૭ | ... | અક્ષત | ... | અછત |
| ,, | ... | ૧૭ | ... | આપોઆપો | ... | આપોઆપ |
| ૪૩ | ... | ૯ | ... | વિટ માયા | ... | વિટમાયા |
| ૪૫ | ... | ૫ | ... | અર્થાવ | ... | અર્થાવૈ |
| ,, | ... | ૧૯ | ... | યોનિઓના | ... | યોગિઓના |
| ૪૭ | ... | ૧૩ | ... | સોપાવ | ... | સોપાવૈ |
| ૪૮ | ... | ૮ | ... | બીજ | ... | બીજૈ |
| ,, | ... | ૧૯ | ... | ગ | ... | ગૈ |
| ૫૦ | ... | ૮ | ... | ગરહુ | ... | ગહહુ |
| ૫૧ | ... | ૧૬ | ... | અબગ્રૂ | ... | અબધૂ |
| ૫૮ | ... | ૨૩ | ... | આત્મ-જ્ઞાનાનિ | ... | આત્મ–જ્ઞાનાદિ |

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

| પૃષ્ઠ. | લીંટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
| --- | --- | --- | --- |
| ૬૧ | ૨ | પાદકને | પાદપને |
| ૬૨ | ૫ | હોતા | રોતા |
| ૬૪ | ૧૨ | માફત | માફક |
| ૬૬ | ૨ | વણ્ય | વર્ણ્ય |
| " | " | અવણ્ય | અવર્ણ્ય |
| " | ૪ | (અશુભકર્માં) | ( શુભકર્મી ) |
| " | ૫ | (શુભકર્માં) | (અશુભકર્મી) |
| ૭૦ | ૧૦ | આહલે | ચહલે |
| ૭૨ | ૯ | હાદયમાંથી | હૃદયમાંથી |
| ૭૪ | ૫ | ધોં | ધોં |
| ૭૬ | ૪ | વળશો | મળશો |
| ૭૬ | ૮ | હસિજ્સ | હરિજ્મ |
| " | ૧૯ | નિવાન | નિવાસ |
| ૮૦ | ૧૬ | મ | મેં |
| ૮૭ | ૭ | બચ્ચું | બચ્યું |
| ૮૯ | ૨૨ | બચન | બચનન |
| ૯૩ | ૫ | વૃષ્ટિથી | દષ્ટિથી |
| " | ૨૦ | આસરામાં | સાસરામાં |
| ૯૫ | ૧૩ | મુયે | ગયે |
| ૧૦૪ | ૧૧ | વક્ષમાંથી | વૃક્ષમાંથી |
| ૧૦૬ | ૨ | અવાર | અપાર |
| " | ૨૮ | રહેવાવાવાળા | રહેવાવાળા |
| ૧૦૮ | ૧૦ | મોહકર | પોહકર |
| " | ૧૧ | " | " |
| ૧૦૯ | ૧૦ | બીગ રખાયા | બીગર ખાયા |
| ૧૧૦ | ૨ | તુચ્છ | અવાંછનીય |
| ૧૧૦ | ૧૫ | બ્રહ્યોપદેશ | બ્રહ્મોપદેશ |
| ૧૧૨ | ૧૬ | બ્રહ્યજ્ઞાની | બ્રહ્મજ્ઞાની |
| ૧૧૩ | ૪ | માકે | માટે |
| " | ૫ | અત્યંય | અત્યંત |
| " | ૧૭ | વાગા | વાડા |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
| --- | --- | --- | --- |
| ૧૧૯ | ૨૩ | અકર્પણ્ય | અકર્મણ્ય |
| ૧૨૦ | ૪ | નિહાસલ | નિશાસલ |
| ” | ૧૫ | અતે | અને |
| ૧૨૩ | ૭ | છોડિત | છોડિન |
| ૧૩૫ | ૪ | કરક | કરહુ |
| ૧૩૬ | ૭ | आह्मवत् | आत्मवत् |
| ” | ૮ | यश्यति | पश्यति |
| ૧૪૨ | ૨૨ | ભાતિક | ભૌતિક |
| ૧૪૪ | ૧૫ | श्रद्धा मयोऽयं | श्रद्धा मयोऽयं |
| ૧૪૭ | ૧૨ | ડાદિ | ડારિ |
| ૧૫૦ | ૨૧ | હેય | |
| ૧૫૨ | ૬ | (બઢાઈ=કાળ) | (બઢૈયા=સુતાર) |
| ” | ૧૭ | અજ્ઞ.નિઓ | અજ્ઞાનિઓની |
| ૧૫૪ | ૧૩ | जीवेहणं | जीवेदृण |
| ૧૫૬ | ૮ | યંત્રનું | યંત્રીનું |
| ” | ” | યંત્રી | યંત્ર |
| ” | ૯ | યંત્રીનું | યંત્રીનું |
| ” | ૧૪ | द्न्ताश्च | दन्ताश्च |
| ” | ૧૮ | અતે | અને |
| ” | ૨૦ | વાણીતે | વાણીને |
| ” | ૨૨ | બનાવ્યે | બનાવ્યો |
| ” | ૨૩ | મુખદુપી | મુખરૂપી |
| ૧૫૭ | ૯ | બ્રહ્માડમાં | બ્રહ્માંડમાં |
| ૧૫૯ | ૪ | વચનાનું આર | વચનાનું સાર |
| ૧૬૦ | ૨ | (...ઇશ્વ) | (...ઇશ્વર) |
| ” | ૧૬ | પ્રત્તિ પાદક | પ્રતિપાદક |
| ” | ૨૦ | एतस्मादात्मान | एतस्मादात्मन |
| ૧૬૧ | ૪ | નિખિક | નિખિલ |
| ૧૬૨ | ૬ | તૃષ્ણામ | તૃષ્ણામાં |
| ૧૬૫ | ૧૯ | સતો | સંતો |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૬૯ | ૧૫ | પ્ર તિમા | પ્રતિમા |
| ૧૭૪ | ૧૭ | પ્રાયો | ૦ |
| ૧૭૫ | ૧ | રામોનામ પાસના | રામનામોપાસના |
| ૧૮૪ | ૫ | ક્ષુદ્રિ | શુદ્રિ |
| ” | ૧૩ | સુસલમાન | મુસલમાન |
| ૧૮૭ | ૧૪ | ધર | ધર |
| ૧૮૮ | ૧૨ | હરદમે | હરદમ |
| ૧૮૯ | ૧૬ | મૃત | મૃગ |
| ” | ૨૧ | વડો | વડે |
| ૧૯૨ | ૮ | ઇન્ટ્રિયરૂપી | ઇન્દ્રિયરૂપી |
| ” | ૯ | મૂગોને | મૃગોને |
| ૧૯૬ | ૧૯ | એકવારી | અઁકવારી |
| ” | ૨૨ | સંત | સંતો |
| ૧૯૭ | ૨ | ધૃતકો | ઘૃતકો |
| ૨૦૮ | ૧૦ | હૃદયા | હૃદયા |
| ૨૧૨ | ૨ | પરહાત્માનું | પરમાત્માનું |
| ૨૧૬ | ૨૧ | બાંધલાઇ | બાંધિલઇ |
| ૨૧૮ | ૨ | માગ | માર્ગ |
| ૨૨૦ | ૨ | કલ્પિ | કલ્પિત |
| ” | ૩ | રહી. ને | રહીને |
| ” | ૪ | સમત્ત | સમજી |
| ” | ૨૧ | બાહ્ય | બાહ્ય |
| ” | ૨૩ | વિકટ | નિકટ |
| ૨૨૨ | ૧૮ | પ્રેમમકી | પ્રેમકી |
| ” | ” | ઉધર | ઉપર |
| ૨૨૩ | ૩ | સુપંથતે | સુપંથને |
| ” | ૨૧ | કબ ન | કવન |
| ” | ” | નિહારો | નિહોર |
| ૨૨૪ | ૨૧ | મગદ્ય | મગધ |
| ૨૫૦ | ૭ | સરીશ | સરીરા |
| ” | ૧૦ | યંજુર્વેદ | યજુર્વેદ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust